પાનાં : ૨૨+૮ કિંમત : રૂા. ૫-૦૦** તા. ૨૯ ઓક્ટોબર ૨૦૨૬ ગુરુવાર અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, ભૂજ અને મુંબઈથી પ્રગટ થતું દૈનિક

# ગુજરાત સમાચાર

અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ ▶ સંવત ૨૦૮૨ શકે ૧૯૪૮ આસો વદ - ૪ વર્ષ : ૯૪, અંક : ૨૯૪ ▶ ટે.નં.૨૫૫૦૮૦૦૧-૨-૩-૪ ▶ http://www.gujaratsamachar.com AHMEDABAD

મેનેજિંગ તંત્રી : શ્રેયાંસ શાંતિલાલ શાહ ▶ મુદ્રક અને પ્રકાશક : શ્રેયાંસ શાંતિલાલ શાહ ખાનપુર, અમદાવાદ-૧ ▶ RNI Reg. No. 1562/57/REG.No. GAMC-28/2025-2026 Valid upto 31 Dec., 2026 Posting at A'bad RMS 1 - 2 - 3 - 4

વાંચન વિશેષ

ધર્મલોક

Jio

## આભાર, ભારત.
## જિઓ તમે બનાવ્યું છે.

**79.62 લાખ શેરધારકો** સાથે,
જિયો દેશનું સૌથી મોટું શેરધારક પરિવાર બન્યું છે.

લિસ્ટિંગના દિવસે, જિયો ભારતની માર્કેટ કેપિટલાઇઝેશનની
દૃષ્ટિએ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ પછીની દેશની **બીજી સૌથી મોટી કંપની** બની.

આ ઐતિહાસિક સફરના સહભાગી બનવા બદલ આપ સૌનો હૃદયપૂર્વક આભાર.



આકાશ, અનંત અને ઈશા અંબાણી

**બેચ નંબર અને એક્સપાયર ડેટનો ઉલ્લેખ નહોતો**

# અમદાવાદમાં રૂપિયા ૬૦.૭૦ લાખનો માવાનો ૪૦,૫૦૦ કિલો જથ્થો સીઝ

અમદાવાદ, બુધવાર

અમદાવાદમાં દિવાળીના તહેવારો પહેલાં મીઠાઈ-ફરસાણમાં ભેળસેળ અને હાનિકારક તત્વોના ઉપયોગ અંગે કડક પગલાં લેવાની સૂચના મ્યુનિ.ની સ્થાયી સમિતિની ગત બેઠક દરમિયાન આપવામાં આવી હતી. જેના પગલે આજે મ્યુનિ.ના ફૂડ વિભાગે ગોમતીપુરના કોલ્ડ સ્ટોરેજમાં તપાસ કરતા માવાનો બેચ નંબર અને એક્સપાયરી ડેટ વગરનો ૪૦,૫૦૦ કિલોથી વધુનો જથ્થો મળી આવ્યો હતો. આશરે રૂ.૬૦.૭૦ લાખની કિંમતના આ જથ્થાને સીઝ કરી નમૂનાઓ લઈને તપાસ માટે પબ્લિક હેલ્થ લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે.

## ગોમતીપુરના કોલ્ડ સ્ટોરેજમાં રાધિકા ફૂડ પ્રોડક્ટ દ્વારા રજવાડી સ્વીટ (બજરંગી) અને ઈન્ડિયન ડેઝર્ટ (નીલકંઠ) બ્રાન્ડનો ૧૩૮૦ કટ્ટા જથ્થો રખવામાં આવ્યો હતો

અમદાવાદના ગોમતીપુર વિસ્તારમાં આવેલા કોલ્ડ સ્ટોરેજમાં મ્યુનિ.ની તપાસ દરમિયાન કુલ ૧.૦૨ લાખ કિલો માવાનો જથ્થો હોવાનું સામે આવ્યું હતું. જેમાં રાધિકા ફૂડ પ્રોડક્ટ કંપની દ્વારા રાખવામાં આવેલા ૪૦,૫૦૦ કિલો જથ્થામાં બેચ નંબર કે એક્સપાયરી ડેટ લખેલા નહોતા. પરિણામે રજવાડી સ્વીટ(બજરંગી) અને ઈન્ડિયન ડેઝર્ટ(નીલકંઠ) બ્રાન્ડના ૩૦-૩૦ કિલોના ૧૩૮૦ કટ્ટાનો આ જથ્થો સીઝ કરવામાં આવ્યો છે. મ્યુનિ.ના ફૂડ વિભાગના જણાવ્યા અનુસાર કોઈ પણ તૈયાર ખાદ્ય પદાર્થનું વેચાણ કરવામાં આવે ત્યારે તેમાં બેચ નંબર અને એક્સપાયર ડેટ લખવા કાયદા અનુસાર ફરજિયાત છે. આવી વિગતો ન હોય ત્યારે હાનિકારક બની ગયેલા ખાદ્ય પદાર્થો પણ વાનગીઓમાં સરળતાથી ઉમેરી દેવામાં આવે છે. દિવાળીના તહેવારોમાં મીઠાઈનું મોટા પ્રમાણમાં વેચાણ થાય છે. ત્યારે આગામી દિવસોમાં આખા શહેરમાં આવી તપાસ કરવામાં આવશે.

### અમદાવાદમાં જાહેર આરોગ્યને હાનિ કરતી મળેલી વસ્તુઓ

**નકલી**

| | |
|---|---|
| - ટોમેટો સોસ | - ગાયનું ઘી |
| - શુદ્ધ ઘી | - પનીર |
| - માવો | - બટર |

**ભેળસેળ**

| | |
|---|---|
| - ચીઝ, બટર | - ખાદ્યતેલ |
| - પાણી-પુરી | - મસાલા |
| - મીઠાઈ | - ફરસાણ |
| - ચટણી | - દૂધ |
| - ફાફડા | - જલેબી |





**૬૦થી વધુ વિક્રેતાઓના જથ્થાની તપાસ કરાશે**

## કોલ્ડ સ્ટોરેજમાં ૧.૦૨ લાખ કિલો માવાનો સંગ્રહ !, ૬ સેમ્પલ લેવાયા

અમદાવાદ, બુધવાર

ગોમતીપુરમાં આવેલા કોલ્ડ સ્ટોરેજમાં મ્યુનિ.ના ફૂડ વિભાગે કરેલી તપાસ દરમિયાન ૧.૦૨ લાખ કિલો માવાનો જથ્થો સંગ્રહ થયેલો હોવાનું સામે આવ્યું છે. જુદા જુદા કુલ ૬૦ વિક્રેતાઓ પૈકી ૮૦ ટકાથી વધારે જથ્થો માત્ર ૧૫ મુખ્ય વિક્રેતાઓની માલિકીનો છે. તમામ વિક્રેતાઓના જથ્થામાંથી સેમ્પલ લઈને તપાસ માટે મોકલવામાં આવશે. આજે મ્યુનિ. દ્વારા ૬ વિક્રેતાઓની માલિકીના જથ્થામાંથી સેમ્પલ લઈને પબ્લિક હેલ્થ લેબોરેટરીમાં મોકલાયા છે.

(૧) હસમુખભાઈ માવાવાળા
(૨) તુલસી માવા સેન્ટર
(૩) રજવાડી સ્વીટ (બજરંગી)
(૪) ઈન્ડિયન ડેઝર્ટ (નીલકંઠ)
(૫) પુરોહિત માવાવાળા
(૬) એસ.કે. માવાવાળા

## મીઠાઈમાં માવો ઉમેરવો કાયદેસર કે ગેરકાયદેસર? શું કહે છે ફૂડ વિભાગ...

મીઠાઈમાં માવો ઉમેરવો કાયદેસર છે કે ગેરકાયદેસર? તેવો સવાલ આજની ઘટના પછી સહુ કોઈને થાય. ત્યારે મ્યુનિ.ના ફૂડ વિભાગે આ અંગે સ્પષ્ટતા કરતા જણાવ્યું છે કે, માવો એટલે કે ખોયા દૂધમાંથી પાણીનો કેટલોક ભાગ દૂર કરીને બનાવવામાં આવે છે. માવો અને બરફી સહિતની મિઠાઈઓ એક સરખા નથી. ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ માવાને અલગ ગણાવ્યો છે. મીઠાઈમાં માવો ઉમેરવાથી તેના ઘટકો, મીઠાશ અને સ્વાદ બદલાઈ શકે છે. કાયદામાં ખોયા આધારિત મીઠાઈને અલગ ફૂડ કેટેગરી તરીકે બતાવવામાં આવી છે. ઘણા વિક્રેતાઓ ખર્ચ ઘટાડવા માટે મીઠાઈઓમાં માવો ભેળવે છે. ત્યારે તેમણે મીઠાઈનું વેચાણ કરતા પહેલાં ગ્રાહકો સમક્ષ આ બાબતનો સ્પષ્ટ ઉલ્લેખ કરવો જરૂરી છે. સ્પષ્ટ ઉલ્લેખ વગર ગ્રાહકોમાં ભ્રમ પેદા થઈ શકે છે.

**દિવાળીના તહેવાર પૂર્વે પોલીસની મોટી કાર્યવાહી**

# અમદાવાદમાં ફટાકડા ઉત્પાદનના તમામ યુનિટના લાયસન્સ રદ

અમદાવાદ,બુધવાર

અમદાવાદમાં ચાલતા ફટાકડા યુનિટના અનુસંધાનમાં પોલીસ દ્વારા આકરી કાર્યવાહીના ભાગરૂપે છ જેટલા ફટાકડા ઉત્પાદન યુનિટ પૈકી ચારના લાયસન્સ અંગાઉ સસ્પેન્ડ કરાયા હતા અને અન્ય બે યુનિટના લાયસન્સ હાલ મોકુફ રાખવામાં આવ્યા છે. સાથેસાથે ફટાકડા વેચાણના સ્ટોલને મંજૂરી આપવાની કામગીરીમાં ઝીણવટ રીતે તમામ બાબતોને ધ્યાનમાં રાખવામાં આવી રહી છે. જેમાં ફટાડકાનું કાયમી ધોરણે વેચાણ કરતા નવ એકમોના લાયસન્સ પણ રદ કરાયા છે.

## રામોલમાં અગાઉ બનેલી આગની ઘટના બાદ ચાર યુનિટના લાયસન્સ કાયમી સસ્પેન્ડ અને બેના પરવાના મોકૂફ

અમદાવાદમા ગત વર્ષે રામોલ પોલીસ સ્ટેશનની હદમાં ફટાકડાની ફેક્ટરીમાં લાગેલી આગની ઘટનાને લઈને ચાલુ વર્ષે પોલીસે તકેદારી રાખી છે. જેમાં અમદાવાદમાં ફટાકડાનું ઉત્પાદન કરતા કુલ છ યુનિટ કાર્યરત હતા. પરંતુ, આગની ઘટના બાદ કુલ ચાર યુનિટના લાયસન્સ કાયમી ધોરણ સસ્પેન્ડ કરાયા હતા અને જ્યારે બે યુનિટના લાયસન્સ સ્થગિત કરાયા છે. આમ હવે અમદાવાદમાં ફટાકડાનું ઉત્પાદન કરતા તમામ યુનિટ બંધ થયા છે.

સાથેસાથે કાયમી ધોરણે ફટાકડાનું વેચાણ કરતા ૧૪૫ દુકાનદારો પૈકી નિયમોનું ઉલ્લંઘન કરનાર ૯ એકમોના લાયસન્સ કાયમી ધોરણે રદ કરાયા છે. સાથેસાથે ૭ના લાયસન્સ હાલ મોકુફ કરાયા છે. જ્યારે ફટાકડા વેચાણ માટે જરૂરી બાંધકામના નિયમોનું પાલન ન કરનારા ૧૭ વેપારીઓને નોટિસ આપવામાં આવી છે.

જ્યારે તહેવારોમાં હંગામી ધોરણે ફટાડકાનું વેચાણ કરવા માટે ૯૬ અરજીઓ મળી હતી. જે પૈકી હાલ ૧૪ને મંજૂરી અપાઈ છે અને બાકીની અરજી પર કામગીરી ચાલુ છે. ત્યારે સ્થાનિક પોલીસ, ફાયરબ્રિગેડ અને અન્ય જરૂરી રિપોર્ટ સાથેના અભિપ્રાય બાદ મંજૂરી આપવામાં આવશે.

**બાંધકામ સાઈટ પર નિયમોના લીરેલીરાં**

# અમદાવાદમાં ગ્રીન નેટ લગાવ્યા વગર જ ચાલતી ૧૧ બાંધકામ સાઈટ સીલ

અમદાવાદ, બુધવાર

અમદાવાદમાં નિયમો નેવે મૂકી ધમધતી બાંધકામ સાઈટના લીધે વાયુ પ્રદૂષણ ચિંતાજનક રીતે વધી રહ્યું છે. તેવામાં આજે મ્યુનિ. દ્વારા ઉત્તમ-પશ્ચિમ ઝોનનમાં તપાસ હાથ ધરાઈ હતી. આ દરમિયાન યોગ્ય રીતે ગ્રીન નેટ લગાવ્યા વગર ચાલતી ૧૧ બાંધકામ સાઈટ સીલ કરાઈ હતી. જ્યારે એક બાંધકામ સાઈટને નોટિસ આપી રૂ.૨૫ હજાર દંડ ફટકારાયો હતો.

## થલતેજ અને ગોતાની ૪-૪, બોડકદેવની એક અને ચાંદલોડિયાની બે સાઈટ ઝપટે : ગેસ સિલિન્ડરનું મંજૂરી વગરનું ગોડાઉન સીલ

અમદાવાદ મ્યુનિ.ના એસ્ટેટ વિભાગ દ્વારા આજે ઉત્તર પશ્ચિમ ઝોનમાં વિવિધ બાંધકામ સાઈટની તપાસ હાથ ધરાઈ હતી. દરમિયાન ચાંદલોડિયા, ગોતા, થલતેજ, બોડકદેવ સહિતના વિસ્તારોમાં બાંધકામની ઉંચાઈ મુજબ પૂરતી ગ્રીન નેટ ન લગાવવા બદલ ૧૧ સાઈટ સીલ કરાઈ હતી. જેમાં હોસ્ટેલ, શાળા, રહેણાંક સ્કીમ, વગેરે જેવી સાઈટનો સમાવેશ થાય છે. બીજી બાજુ ગોતામાં ગ્રીન નેટ, સેફ્ટી નેટ, બેરિકેડના અભાવ તેમજ બિલ્ડિંગ મટીરિયલ રસ્તા અને ફૂટપાથ પર મૂકી દબાણ કરવા બદલ અતિથિ ગોકુળ નામની બાંધકામ સાઈટને નોટિસ આપી રૂ.૨૫ હજારનો દંડ ફટકારવામાં આવ્યો હતો. ગ્રીન નેટ મામલે અમુક સાઈટને નોટિસ અને બીજાને સીલ કરાતા મ્યુનિ.ની કામગીરીના માપદંડો સામે સવાલ ઉઠ્યા છે. જો કે ફક્ત ગ્રીન નેટ નહીં, પાણીના છંટકાવ માટે બાંધકામ સાઈટ પર મિસ્ટ સ્પ્રેયર, વાયુ પ્રદૂષણ માપવા એક્યુઆઈ સેન્સર, વ્હીલ વોશર વગેરે સાધનોની ચકાસણી કરાય તો જ વાયુ પ્રદૂષણ કાબૂમાં રાખી શકાશે. બીજી બાજુ ચાંદલોડિયામાં વગર પરવાનગીએ ચાલતું ગેસ ગોડાઉન પણ સીલ કરાયું હતું.

### કઈ સાઈટ સીલ કરાઈ?

| સાઈટ | વોર્ડ |
|---|---|
| સન સેતુ સ્કાય | થલતેજ |
| કાલા મોટાના | થલતેજ |
| આદિત્ય-૨ | થલતેજ |
| સોલા સ્પર્શ | થલતેજ |
| દેવ એક્ષ | બોડકદેવ |
| ધ સિગ્નેચર | ગોતા |
| સૌંદર્ય એલિના | ગોતા |
| અક્ષર ઈવારા | ગોતા |
| નિત્યમ ગ્લોરી | ગોતા |
| કલીરામ હોસ્ટેલ | ચાંદલોડિયા |
| એકલવ્ય સ્કૂલ | ચાંદલોડિયા |

**લોકોમાં ભયનું વાતાવરણ ઉભુ કરવા ધમકી અપાતી હતી**

# અમદાવાદમાં બોમ્બની ધમકીના ઈ-મેલમાં પાકિસ્તાન અને બાંગ્લાદેશનું કનેકશન ખુલ્યું

અમદાવાદ,બુધવાર

અમદાવાદ અને ગુજરાતના અન્ય શહેરોમાં કોર્ટ, સ્કૂલ કે સરકારી મિલકતો બોમ્બથી ઉડાવી દેવાના ખાલીસ્તાનના નામે કરવામાં આવતા ધમકી ભર્યા ઈ-મેઈલ કેસની તપાસમાં પાકિસ્તાન અને બાંગ્લાદેશ કનેકશન સામે આવ્યું છે. સાયબર ક્રાઈમે મેળવેલી ટેકનીકલ વિગતો તપાસતા જાણવા મળ્યું હતું કે ઈ-મેઈલ બાંગ્લાદેશના રંગપુર અને પાકિસ્તાનના લાહોરથી ઓપરેટ થયા હતા. ઉલ્લેખનીય છે કે અગાઉ સાયબર ક્રાઈમ સેલ દ્વારા ઈ-મેઈલ કેસમાં પશ્ચિમ બંગાળથી ઝડપાયેલા આરોપીની પુછપરછમાં પણ જાણવા મળ્યું હતું કે ભારતમાં હેક થયેલા બાંગ્લાદેશમાં ક્રિપ્ટોથી વેચાણ કરવામાં આવતા હતા.

## હેક થયેલા ઈ-મેલ આઈડી બાંગ્લાદેશમાં ક્રિપ્ટોથી વેચાણ થતા હતાં અને પાકિસ્તાનથી ભારતના અલગ અલગ આઈડી પર મોકલાતા હતાં

અમદાવાદ સ્થિત ગુજરાત હાઈકોર્ટ, મેટ્રો કોર્ટ, ઘી કાંટા કોર્ટ, ક્રિકેટ સ્ટેડિયમ, મ્યુનિસિપલ કોર્પોરેશનની ઓફિસ, એ વિવિધ શાળાઓમાં બ્લાસ્ટ કરવાના છે. તેવા બે ઈ-મેઈલ ૭ ઓક્ટોબર અને ૨૭ ઓક્ટોબરના રોજ આવ્યા હતા. સાયબર ક્રાઈમ સેલ દ્વારા આ બંને ગુના અનુસંધાનમાં ટેકનીકલ એનાલીસીસ કરવાની સાથે ઈ-મેઈલ ઓપરેટ થયાની વિગતો મંગાવવાં આવી હતી. જેમાં ચોંકાવનારો ખુલાસો થયો હતો કે ૭ ઓક્ટોબરના રોજ આવેલા ઈ-મેઈલ બાંગ્લાદેશ અને પાકિસ્તાનના રાવલપિંડીથી ઓપરેટ થયા હતા.જ્યારે ૨૭ ઓક્ટોબરના રોજ આવેલો ઈ-મેઈલ બાંગ્લાદેશના રંગપુર અને પાકિસ્તાનના લાહોરથી મોકલાયા હતા.

આ બંને ઈ-મેઈલ હેક થયેલા હતા અને ભારતમાંથી ક્રિપ્ટો દ્વારા નાણાં ચુકવીને બાંગ્લાદેશ સ્થિત આતંકી સંગઠન સાથે સંકળાયેલા લોકોએ ખરીદીને પાકિસ્તાનમાં આવેલા આતંકી સંગઠને આઈડી પાસવર્ડ આપીને મોકલાયા હતા. ત્યારબાદ ભારતમાં ભય ફેલાવવા માટે બોંબની ધમકી આપતા ઈ-મેઈલ કરવામાં આવતા હતા. જેમાં ખાલિસ્તાનના નામે મોટાભાગના ઈ-મેઈલ કરવામાં આવતા હતા. જેના કારણે સુરક્ષાના કારણોસર જ્યારે વિવિધ એજન્સીઓ બિલ્ડીંગ કે સ્કૂલ ખાલી કરાવતા સમય લોકોમાં ભય ફેલાતો હોવાથી ધમકી ભર્યા ઈ-મેઈલની પેટર્નનો ઉપયોગ પાકિસ્તાન દ્વારા કરવામાં આવે છે. અમદાવાદ સાયબર ક્રાઈમ સેલ દ્વારા થોડા મહિના પહેલા ધમકી ભર્યા ઈ-મેઈલના કેસમાં પશ્ચિમ બંગાળથી ઝડપાયેલા આરોપીની પુછપરછમાં જાણવા મળ્યું હતું કે તે હેક થયેલા ઈ-મેઈલ ચોક્કસ નેટવર્ક મારફતે બાંગ્લાદેશમાં આપતો હતો. જ્યાંથી તે ઈ-મેઈલ પાકિસ્તાનથી મળતી સુચના મુજબ ઓપરેટ થતા હતા. ટેલીગ્રામ અને વોટ્સએપ ગ્રુપ મારફતે આ ઈ-મેઈલના સોદા થતા હતા અને તેના બદલામાં ક્રિપ્ટોથી આર્થિક વ્યવહાર થતો હતો.




**અમદાવાદ મ્યુનિ.નું ટ્રાફિકનું અણઘડ આયોજન**

# ૧.૫ કિમીમાં ૩ બ્રિજ બનાવ્યા પછી પણ ૪ જંકશન પર કેપ્સુલ ડિઝાઈન!





અમદાવાદ, બુધવાર

અમદાવાદના મકરબા બ્રિજની ખામીવાળી ડિઝાઈન બાદ જંક્શન પરની કેપ્સુલ ફોર્મ્યુલા ચર્ચાની એરણે ચડી છે. ત્યારે પૂર્વમાં અજિત મિલ ચાર રસ્તાથી મેમ્કો સુધી માત્ર ૧.૫ કિલોમીટરના રોડ પર ટ્રાફિકના નામે ૩ ઓવર બ્રિજ બનાવ્યા પછી પણ નીચે આવતા ચાર જંક્શન પર કેપ્સુલ ડિઝાઈન બનાવવાની ફરજ પડી છે!

## ૧૨૦ મીટર પહોળા રોડ પર ટ્રાફિક થવા માટેનું મુખ્ય કારણ દબાણ, પણ તેને હટાવવાના બદલે પૈસાનું પાણી

અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા રસ્તા પરના ટ્રાફિકને લઈને રીતસર અણઘડ આયોજન કરી રહ્યું હોય તેવો કિસ્સો સામે આવ્યો છે. પૂર્વનો આ રોડ શહેરના સૌથી પહોળા ૧૨૦થી ૧૪૦ મીટરના રસ્તાઓમાં આવે છે. આખો રસ્તો લોકો માટે ખુલ્લો હોય તો ક્યારેય ટ્રાફિક થાય તેમ નથી. પરંતુ બંને તરફ વ્યાપક દબાણો છે. આ દબાણો હટાવવાના બદલે પહેલાં મ્યુનિ. તંત્ર દ્વારા મેમ્કો, બાપુનગર ચાર રસ્તા અને અજિત મિલ ચાર રસ્તા, એમ ત્રણ સ્થળે ઓવર બ્રિજ બનાવવામાં આવ્યા. આશરે ૫૦૦ કરોડથી વધુના આંધણ બાદ પણ ટ્રાફિકનો પ્રશ્ન હલ થયો નહીં. પરિણામે હવે નીચે આવતા ચાર જંક્શન પર કેપ્સુલ ફોર્મ્યુલા અમલી બનાવવામાં આવી છે. પતરાં લગાવીને બંધ કરી દેવામાં આવેલા ચારેય જંક્શનોના કારણે વાહન ચાલકો હેરાન થઈ ગયા છે.

આ આયોજન મ્યુનિ.ના સત્તાધીશોના ગેરવહીવટ અને અધિકારીઓના ભ્રષ્ટાચારનું પરિણામ હોવાના આક્ષેપ સાથે તહેવારો પહેલાં ચારેય જંક્શનો ખોલીને યોગ્ય પોલીસ બંદોબસ્ત સાથે ટ્રાફિક નિયમન કરવાની માંગ કરાઈ છે.

**સીઆરએસની ચકાસણી પૂર્ણ, પણ રિપોર્ટ બાકી**

# કાલુપુર રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નં.૯થી ૧૨ શરૂ થવા સામે પ્રશ્નાર્થ

અમદાવાદ, બુધવાર

કાલુપુર રેલવે સ્ટેશન પર બુલેટ ટ્રેનના કામને લઈ લાંબા સમયથી બંધ પડેલા પ્લેટફોર્મ નં.૯થી ૧૩ને શરૂ કરવા માટે આજે રેલવે સંરક્ષા કમિશનર દ્વારા નિરીક્ષણ કરાયું હતું. જોકે, નિરીક્ષણ પૂરું થવા છતાં આ ટ્રેક પર ટ્રેન ક્યારથી દોડશે તે અંગે હજુ સ્પષ્ટતા થઈ નથી. હવે સીઆરએસનો રિપોર્ટ અને મંજૂરીની પ્રક્રિયા પૂરી થયા બાદ જ રેલવે આખરી નિર્ણય લેશે.

## રેલવેના આયોજનના અભાવે દિવાળી પહેલાં પ્લેટફોર્મ શરૂ નહીં થઈ શકે તો ભારે ભીડથી અવ્યવસ્થા સર્જાશે

દિવાળીના હવે જૂજ દિવસો બાકી રહ્યાં છે. જેમ જેમ દિવાળી નજીક આવતાં શહેરમાં સ્કૂલ કોલેજોમાં વેકેશન શરૂ થવાના સાથે નોકરી-ધંધાઓમાં તહેવારોની રજાઓ જાહેર થયા બાદ લોકો માદરે વતન જવા નીકળી પડશે. આ સમયે શહેરના તમામ ટ્રાન્સપોર્ટેશન પર મુસાફરોની ખુબ ભીડ લાગી જશે. જેમાં ખાસ કરીને ટ્રેનમાં મુસાફરી સસ્તી, સરળ અને સમય બચાવ વાળી હોવાથી લોકોની ટ્રેનમાં મુસાફરી પ્રથમ પ્રાથમિક્તા હોય છે. જેને લઈ દિવાળીમાં વેકેશન અને રજાઓ પડતાની સાથે જ દરેક રેલવે સ્ટેશનો પર મુસાફરોની ભીડ લાગી જતી હોય છે. કાલપુર રેલવે સ્ટેશન પર પહેલાં ૧૨ પ્લેટફોર્મ શરૂ હતાં. પરંતુ બૂલેટ ટ્રેનની કામગીરીને કારણે લાંબા સમયથી આ પ્લેટફોર્મ બંધ કરીને અપગ્રેટ કરવામાં આવી રહ્યાં હતાં. હાલ આ પ્લેટફોર્મની તમામ પ્રકારની કામગીરી પૂર્ણ કરાઈ છે. આજે સીઆરએસની ટીમ દ્વારા કાલપુર સ્ટેશન પર રેલવે લાઈન નં.૧૬,૧૭ અને ૧૮ તેમજ પ્લેટફોર્મ નં.૧૦,૧૧,૧૨નું સુરક્ષા અને ટેક્નિકલ દ્રષ્ટિએ નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. ટ્રેક, પ્લેટફોર્મની સુવિધાઓ અને સુરક્ષાનાં માપદંડોની ચકાસણી બાદ દિવાળી પહેલાં તમામ ટ્રેક શરૂ થશે કે નહીં તે બાબતે સીઆરએસના રિપોર્ટ પર નિર્ભર રહેશે. રેલવેના સુત્રોના જણાવ્યાં પ્રમાણે, રિપોર્ટમાં શું તારણ આવે છે અને ક્યારે મંજૂરી મળે છે તેના આધારે જ ટ્રેન વ્યવહાર શરૂ કરવા અંગે નિર્ણય લેવાશે. એટલેકે, નિરિક્ષણ પૂર્ણ થવા છતાં મુસાફરોને દિવાળી પહેલાં ચારેય ટ્રેક પર ટ્રેન શરૂ થવા બાબતે સીઆરએસના નિર્ણય પર નિર્ભર રહેવું પડશે.

# આ વર્ષે પણ ધોકો, ૫ નવેમ્બરથી દિપાવલી પર્વનો પ્રારંભ

રાજકોટ,બુધવાર

સપ્તાહ પછી તા.૫ નવેમ્બરથી દિપાવલિ પર્વ શ્રુંખલાનો પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે આ વર્ષે પણ દરેક તહેવારની તિથિ બે-બે દિવસમાં આવતી હોવાથી આ વર્ષે પણ દિવાળી પછી તુરંત નૂતન વર્ષને બદલે ધોકો આવશે. દરમિયાન મંદી,મોંઘવારી અને નાણાભીડ વચ્ચે બજારમાં પર્વલક્ષી ચીજવસ્તુઓની ખરીદીનો ધમધમાટ શરુ થતા તેજીનો ચમકારો જોવા મળી રહ્યો છે.

નવરાત્રિથી જ એક તહેવાર બે દિવસમાં આવતો હોય તેવી સ્થિતિ છે. જેમ કે આઠમનો હવન બે દિવસ થયો અને દશેરા પણ ગુજરાતમાં તા.૨૦ના ઉજવાયા અને બંગાળી દુર્ગા મહોત્સવ મૂજબ તા.૨૧ના ઉજવાયા હતા. આ જ રીતે શરદ પુનમ પણ ગત રવિવારે ઉજવાય જે સોમવાર સવાર સુધી હતી.આ સિલસિલો દિવાળી તહેવારોમાં પણ જારી છે. દિપાવલિના ૭ પર્વોની માળા આ વર્ષે (૧) તા.૫ના ગુરુવારે એકાદશી સાથે વાકબારસ (સરસ્વતી પૂજા) તેમજ વસુબારસ (ગૌપૂજા)નો તહેવાર છે (૨) તા.૬ના શુક્રવારે ધનતેરસ અને ધન્વંતરી પૂજનનો છે જેમાં તેરસની તિથિ તા.૬ના સવારે ૧૦-૩૦ વાગ્યે શરુ થઈ તા.૭ના ૧૦-૪૭ વાગ્યા સુધી છે એટલે કે રાત્રિ-સાયંકાળ પૂજન તા.૬ના સાંજે ૬ પછી ઉત્તમ ગણાય છે. (૪) કાળી ચૌદશનું પર્વ તા.૭ના શનિવારે ઉજવાશે જે હનુમાનજી અને કાલી માતાને સમર્પિત હોય છે.આ દિવસે શનિવારનો ઉત્તમ સંયોગ પણ રચાયો છે. (૪) તા.૮ના રવિવાર દિપાવલી, લક્ષ્મીપૂજા, ચોપડાપૂજન ઉજવાશે અને આ જ દિવસે નર્ક ચતુર્દશી પણ ઉજવાશે. (૫) તા.૯ના પડતર દિવસ જે દિવાળી દેવપૂજા અને દિવાળી સ્નાન તરીકે ઉજવાશે. (૬) તા.૧૦ના મંગળવારે સાલમુબારક કે રામરામ કહીને એકબીજાને શુભેચ્છા આપવાનું પર્વ નૂતન વર્ષ કે બેસતુ વર્ષ અને આ દિવસે ગોવર્ધન પૂજા, અન્નકૂટ, બલિ પ્રતિપ્રદા ઉજવાશે. (૭) તા.૧૧ના ભાઈ-બહેનનો પરમપવિત્ર તહેવાર ભાઈબીજ, તેમજ યમ દ્વિતિયાનું પર્વ ઉજવાશે.

**નવરાત્રી સમયથી ચાલી આવતી બે-બે તિથિ દિવાળીમાં પણ યથાવત્**

પાનાં : ૨૨+૮ કિંમત : રૂા. ૫-૦૦** તા. ૨૯ ઓક્ટોબર ૨૦૨૬ ગુરુવાર અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, ભૂજ અને મુંબઈથી પ્રગટ થતું દૈનિક

# ગુજરાત સમાચાર

અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ ▸ સંવત ૨૦૮૨ શકે ૧૯૪૮ આસો વદ - ૪ વર્ષ : ૯૪, અંક : ૨૯૪ ▸ ટે.નં.૨૫૫૦૮૦૦૧-૨-૩-૪ ▸ http://www.gujaratsamachar.com AHMEDABAD

મેનેજિંગ તંત્રી : શ્રેયાંસ શાંતિલાલ શાહ ▸ મુદ્રક અને પ્રકાશક : શ્રેયાંસ શાંતિલાલ શાહ ખાનપુર, અમદાવાદ-૧ ▸ RNI Reg. No. 1562/57/REG.No. GAMC-28/2025-2026 Valid upto 31 Dec., 2026 Posting at A'bad RMS 1-2-3-4

**કમિટીના બે સભ્યોનો ભારે વિરોધ**

## યુએસ ફેડરલ રિઝર્વએ વ્યાજદર જાળવી રાખ્યો

વોશિંગ્ટન,તા.૨૮

યુએસ ફેડ રિઝર્વએ વ્યાજદરમાં કોઈ વધારો ન કરવાનો નિર્ણય લીધો છે. આમ વ્યાજદર અંગેની બજારની આતુરતાનો અંત આવ્યો છે. આના (અનુસંધાન ૧૩મે પાને)

**અમેરિકન ફેડ રિઝર્વની ડિસેમ્બરમાં યોજાનારી બેઠક પર બજારોની નજર**

**મોડી રાત્રે ત્રાટકેલા વાવાઝોડાએ આંધ્રના સમુદ્રી કાંઠાના વિસ્તારોને છ કલાક સુધી ઘમરોળ્યા**

# આંધ્રમાં અર્નબ વાવાઝોડાનું તાંડવ : આઠનાં મોત, ભારે તારાજી

નવી દિલ્હી, તા. ૨૮

અર્નબ નામનું વાવાઝોડું આંધ્ર પ્રદેશના સમુદ્રી કાંઠેથી પસાર થયું હતું, જેને પગલે ભારે નુકસાન થયું હતું. વીજળીના થાંભલા, અનેક વૃક્ષો, રોડને નુકસાન થયું હતું. જ્યારે વાવાઝોડા સાથે સંકળાયેલી વિવિધ ઘટનાઓમાં આઠ લોકો માર્યા ગયા હતા.

## ૧૦૦૦થી વધુ ગામડાઓમાં ભારે અસર, પાક નાશ પામ્યો : હજારો વૃક્ષો, વીજળીના થાંભલા અને મકાનો ધરાશાયી

કેટલાક વિસ્તારોમાં ભારે પવન સાથે વરસાદ પણ પડ્યો હતો. મોડી રાત્રે બે વાગ્યાથી સવારના આઠ વાગ્યા સુધી વાવાઝોડાએ અનેક વિસ્તારોમાં તારાજી સર્જી હતી. અનેક ઘરોમાં વીજળી ગુલ થઇ ગઇ હતી.

અર્નબ નામનું વાવાઝોડું ૨૮મી ઓક્ટોબરના આંધ્ર પ્રદેશના સમુદ્રી કાંઠે ત્રાટક્યું હતું, બાપટલા અને વિશાખાપટ્ટનમની વચ્ચે યનમના દક્ષિણમાં કાકીનાડા પાસે ત્રાટકવાની શરૂઆત થઇ હતી. આ દરમિયાન પવનની ગતિ પ્રતિ કલાક ૧૨૫થી ૧૪૦ કિમીની હતી. ત્રાટક્યા બાદ પણ વાવાઝોડાની ગતિ થોડી કલાકો સુધી યથાવત રહી હતી. જેને કારણે સમુદ્રી કાંઠાના વિસ્તારોમાં ભારે તારાજી સર્જાઇ હતી. પશુઓ, વૃક્ષો, માછીમારોની બોટ, વીજળીના થાંભલા, મકાનો તમામ વાવાઝોડાની અડફેટ આવ્યા હતા.

આંધ્ર પ્રદેશના અનેક મકાનોની છતો વાવાઝોડામાં ભારે પવનને કારણે ઉડી ગઇ હતી, જ્યારે નીંચાણવાળા વિસ્તારમાં પાણી ભરાયા હતા. ખાસ કરીને આંધ્ર પ્રદેશના કોનાસીમા ક્ષેત્રમાં વાવાઝોડા અર્નબની વધુ અસર જોવા મળી હતી. સમુદ્રના કાંઠેથી ૨૦,૦૦૦થી વધુ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. મોટાભાગના લોકો વાવાઝોડાને કારણે વૃક્ષો કે વીજળીના થાંભલા માથે પડવાથી મોતને ભેટ્યા છે. પશ્ચિમ ગોદાવરી જિલ્લામાં એક વ્યક્તિનું વૃક્ષ પડવાથી જ્યારે બીજાનું વીજળીનો થાંભલો પડવાથી મોત થયું હતું. કોનાસીમા જિલ્લામાં એક વ્યક્તિનું મકાન પડવાથી મોત નિપજ્યું હતું. (અનુસંધાન ૧૧મે પાને)

સારસ્વત બેંક
સારસ્વત કો-ઓપરેટિવ બેંક લિ. (શેડ્યુલ્ડ બેંક)
FIXED DEPOSIT
730 દિવસ માટે@
7.75%* p.a.
વરિષ્ઠ નાગરિકો માટે
7.30%* p.a.
અન્ય ગ્રાહકો માટે




### કાકીનાડા પાસે પ્રતિ કલાક ૧૪૦ કિમી ઝડપે ભારે વરસાદ સાથે ત્રાટકેલા વાવાઝોડાએ માછીમારોની અનેક બોટનો દાટ વાળ્યો

### સિંગાપોર જઇ રહેલું વેપારી જહાજ કાકીનાડાના સમુદ્ર કાંઠે ફસાયું

**૧.૧૭ કરોડથી વધુ કર્મચારીઓ અને પેન્શનરોને લાભ મળશે**

## કેન્દ્રીય કર્મચારીઓ અને પેન્શનરોને દિવાળીની ભેટ : ડીએમાં ૩ ટકાનો વધારો

(પીટીઆઇ) નવી દિલ્હી, તા. ૨૮

દિવાળીનાં તહેવાર પૂર્વે કેન્દ્રિય કેબિનેટે બુધવારે મોંઘવારી ભથ્થા (ડીએ) અને મોંઘવારી રાહત (ડીઆર)માં ત્રણ ટકાનાં વધારાને મંજૂરી આપી છે. આ નિર્ણયથી કેન્દ્ર સરકારનાં ૧.૧૭ કરોડથી વધુ કર્મચારીઓ અને પેન્શનરોને લાભ મળશે.

કેબિનેટનાં આ નિર્ણયની જાહેરાત કરતા માહિતી અને પ્રસારણ પ્રધાન અશ્વિની વૈષ્ણવે મોંઘવારીમાં વધારો કરવાનાં સરકારનાં નિર્ણયને દિવાળીની ભેટ ગણાવી હતી.

કેન્દ્ર સરકારનાં કર્મચારીઓ માટે ડીએ અને પેન્શનરો માટે ડીઆરમાં કરાયેલો આ વધારો ૧ જુલાઇ, (અનુસંધાન ૧૧મે પાને)

**કેબિનેટના નિર્ણય બાદ ડીએ ૬૦થી વધીને ૬૩ ટકા થયું : પહેલી જુલાઇ ૨૦૨૬થી અમલી ગણાશે**

**શેરબજારમાં જીયોની ઐતિહાસિક શરૂઆત : લાખો રોકાણકારોની દિવાળી વહેલી આવી**

# જિયો પ્લેટફોર્મ્સના શેરોના ધમાકેદાર લિસ્ટિંગ સાથે શેરધારકોને ૨૬.૮૧ ટકાનું માતબર વળતર

મુંબઈ તા.૨૮

જીયો પ્લેટફોર્મ્સ લિમિટેડના શેરબજારમાં પ્રવેશના પ્રથમ દિવસે કંપનીના શેરમાં નોંધપાત્ર ઉછાળો જોવા મળ્યો હતો. પ્રથમ ટ્રેડિંગ સત્રમાં કંપનીએ રોકાણકારોની સંપત્તિમાં રૂ.૨.૭૬ લાખ કરોડથી વધુનો ઉમેરો કર્યો હતો, જે આશરે ૨૯ અબજ ડોલર જેટલો થાય છે. ભારતીય કંપનીના શેરબજારમાં પ્રવેશના પ્રથમ દિવસે રોકાણકારોની સંપત્તિમાં થયેલો આ સૌથી મોટો ઉમેરો હોવાનું જણાવાયું છે. કંપનીના લિસ્ટિંગથી દેશભરના લાખો રોકાણકારોમાં દિવાળી પહેલાં ખુશીનો માહોલ સર્જાયો હતો.

ભારતમાં સૌથી મોટા કોર્પોરેટ જૂથ રિલાયન્સ ગ્રુપ દ્વારા આજે નવો ઈતિહાસ રચવામાં આવ્યો છે. આજે જિયો પ્લેટફોર્મ્સ લિમિટેડના શેરોમાં નસીબદાર શેરધારકોને અપેક્ષાથી પણ વધુ ૨૬.૮૧ ટકાનો લિસ્ટિંગ લાભ અપાવ્યો છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ડિજિટલ સર્વિસિઝ અને ટેલીકોમ સાહસ જિયો પ્લેટફોર્મ્સ લિમિટેડે સૌથી મોટો આઈપીઓ લાવીને અને ૧૩૮ કરોડ અરજીઓ, ૧૦૦ મીનિટમાં જ ઈસ્યુ છલકાઈ જવો, રૂ.૩૦,૨૧૩ કરોડના ઈસ્યુ સામે રૂ.૭.૪૦ લાખ કરોડ માટે ઈન્વેસ્ટરોની ડિમાન્ડ સાથે ૨૨.૨૦ ગણા રોકાણકારોના પ્રતિસાદનો વિશ્વ રેકોર્ડ સર્જ્યા બાદ આજે નવો ઈતિહાસ રચી ભારતની પ્રથમ સૌથી મોટી બે કંપનીઓમાં નંબર વન રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ બાદ નંબર ટુનું સ્થાન જિયો પ્લેટફોર્મ્સે મેળવ્યું છે. સાત દિવસમાં જ શેર દીઠ રૂ.૩૦૦ એટલે કે ૨૬.૮૧ ટકાનું જંગી વળતર મળતાં શેરધારકોમાં દિવાળી સુધરી ગયાની ખુશાલી જોવાઈ રહી હતી.

જિયો પ્લેટફોર્મ્સના શેરોનું ઈસ્યુ ભાવ રૂ.૧૧૧૯ સામે રૂ.૧૩૫૮ ભાવે ૨૧ ટકા પ્રીમિયમે નેશનલ સ્ટોક એક્સચેન્જ(એનએસઈ) અને બોમ્બે સ્ટોક એક્સચેન્જ (બીએસઈ) પર બ્લોકબસ્ટર લિસ્ટિંગ થયા બાદ શેર બપોર સુધી રૂ.૨૩૫થી રૂ.૨૪૫નો લિસ્ટિંગ ગેઈન અપાવી આ રેન્જમાં મજબૂત રહ્યા બાદ બપોરે બે વાગ્યા બાદ આઈપીઓમાં શેરોની ફાળવણી મેળવવાથી વંચિત રહી ગયેલા અને વર્તમાન શેરધારકોની પણ વધુ શેરો ખરીદવાની દોટના પરિણામે શેરનો ભાવ જોતજોતામાં રૂ.૧૪૦૦ની સપાટી પાર કરી જઈ એક તબક્કે એનએસઈ પર રૂ.૧૪૨૩.૯૦ની ઊંચાઈને આંબી ગયો હતો. જે અંતે ઈસ્યુ ભાવથી શેર દીઠ રૂ.૩૦૦ એટલે કે ૨૬.૮૧ ટકાનું આકર્ષક વળતર અપાવી રૂ.૧૪૧૭.૫૦ બંધ રહ્યો હતો.

લિસ્ટિંગ દિવસે દેશના શેર બજારના ઈતિહાસમાં સૌથી વધુ ટ્રેડિંગ વોલ્યુમનો વિક્રમ પણ આજે જિયો પ્લેટફોર્મ્સના નામે અંકિત થયો હતો. એનએસઈ પર આજે ૧૭૭૩.૩૨ લાખ શેરોના જંગી વોલ્યુમ સાથે રૂ.૨૪,૨૭૬.૨૪ કરોડનું ટ્રેડિંગ ટર્નઓવર નોંધાયું હતું. જ્યારે બીએસઈ પર ૧૬૭.૭૪ લાખ શેરોમાં રૂ.૨૨૯૫.૨૩ કરોડનું ટર્નઓવર થયું હતું. આમ એનએસઈ અને બીએસઈ મળીને જિયો પ્લેટફોર્મ્સમાં ૧૯૪૧.૦૬ લાખ શેરો એટલે કે ૧૯.૪૧ કરોડથી વધુ શેરોમાં મળીને રૂ.૨૬,૫૭૧.૪૭ કરોડનું વિક્રમી ટર્નઓવર નોંધાયું હતું. બીએસઈ પર શેર રૂ.૧૩૫૮ ભાવે લિસ્ટ થયા બાદ નીચામાં રૂ.૧૩૫૬.૪૦ અને ઉપરમાં રૂ.૧૪૨૩.૮૦ સુધી જઈ અંતે રૂ.૨૯૮.૩૫ એટલે કે ૨૬.૬૬ ટકા વધીને રૂ.૧૪૧૭.૩૫ બંધ રહ્યો હતો. નેશનલ સ્ટોક એક્સચેન્જ (એનએસઈ) પર શેરનો છેલ્લો ટ્રેડિંગ ભાવ ૧,૪૧૯ રહ્યો હતો. કંપનીનું બજારમૂલ્ય ૧૩.૦૬ લાખ કરોડને પાર થયું હતું,

દેશની સૌથી મૂલ્યવાન કંપની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ રૂ.૧૫,૬૭,૦૬૮ કરોડના માર્કેટ કેપિટલાઈઝેશન સાથે પ્રથમ ક્રમે રહી છે. જ્યારે જિયો પ્લેટફોર્મ્સ લિમિટેડ આજે ધમાકેદાર લિસ્ટિંગ થતાં રૂ.૧૩,૦૫,૩૮૦ કરોડના માર્કેટ કેપિટલાઈઝેશન સાથે બીજું સ્થાન હાંસલ કર્યું છે. ભારતી એરટેલ લિમિટેડ રૂ.૧૨,૧૫,૭૧૨ કરોડ માર્કેટ કેપિટલાઈઝેશન સાથે ત્રીજા સ્થાને આવી ગઈ છે. જ્યારે એચડીએફસી બેંક રૂ.૧૦,૫૭,૨૬૩ કરોડના માર્કેટ કેપ. સાથે ચોથા સ્થાને રહી છે. આઈસીઆઈસીઆઈ બેંક રૂ.૯,૮૯,૧૦૫ કરોડ માર્કેટ કેપિટલાઈઝેશન સાથે પાંચમાં સ્થાને પહોંચી છે. ટાટા ગ્રુપની ટાટા કન્સલ્ટન્સી સર્વિસિઝ-ટીસીએસ લિમિટેડ રૂ.૮,૯૦,૦૫૦ કરોડ સાથે છઠ્ઠા સ્થાને રહી છે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા રૂ.૮,૮૩,૨૦૦ કરોડ માર્કેટ કેપ. સાથે સાતમાં સ્થાને, બજાજ ફાઈનાન્સ રૂ.૫,૭૧,૦૭૬ કરોડ સાથે આઠમાં સ્થાને, લાર્સન એન્ડ ટુબ્રો રૂ.૫,૨૩,૦૧૮ કરોડ માર્કેટ કેપિટલાઈઝેશન રહેતાં નવમાં ક્રમે અને એલઆઈસી ઓફ ઈન્ડિયા રૂ.૪,૯૫,૧૮૪ કરોડ માર્કેટ કેપ. રહી ૧૦માં ક્રમે રહી છે. આ સાથે રિલાયન્સ ગ્રુપ કંપનીઓનું માર્કેટ કેપિટલાઈઝેશન પણ રૂ.૩૦,૧૮,૧૭૫ કરોડ સાથે સૌથી વધુ રહ્યું છે.




### રિલાયન્સ ગ્રુપ કંપનીઓનું માર્કેટ કેપિટલાઈઝેશન સર્વોચ્ચ રૂ.૩૦,૧૮,૧૭૫ કરોડ આંબી ગયું

| કંપનીનું નામ | શેરનો ભાવ (૨૮, ઓક્ટો) | માર્કેટ કેપિટલાઈઝેશન (રૂ.કરોડમાં) |
|---|---|---|
| રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ | રૂ.૧૧૫૮ | રૂ.૧૫,૬૭,૦૬૮ |
| જિયો પ્લેટફોર્મ્સ | રૂ.૧૪૧૮ | રૂ.૧૩,૦૫,૩૮૦ |
| જિયો ફાઈનાન્શિયલ | રૂ.૨૦૫ | રૂ.૧,૩૫,૪૬૪ |
| જસ્ટ ડાયલ લિ. | રૂ.૬૮૦ | રૂ.૫૮૦૮ |
| હેથવે કેબલ ડાટા | રૂ.૯.૨૩ | રૂ.૧૬૩૭ |
| ડેન નેટવર્ક લિ. | રૂ.૨૪.૪૧ | રૂ.૧૧૬૬ |
| રિલા. ઈન્ડ.ઈન્ફ્રા. | રૂ.૬૬૮ | રૂ.૧૦૧૭ |
| જીટીપીએલ હેથવે | રૂ.૫૪ | રૂ.૬૦૮ |
| ઈન્ફોમીડિયા લિ. | રૂ.૫.૩૦ | રૂ.૨૬.૬૫ |
| ગ્રુપનું કુલ માર્કેટ કેપ. રૂ.૩૦,૧૮,૧૭૫ કરોડ | | |

### જીયોના લિસ્ટિંગથી રોકાણકારોની સંપત્તિમાં રૂ.૨.૭૬ લાખ કરોડનો વધારો




### ટોચની વૈશ્વિક ટેલીકોમ કંપનીઓમાં છઠ્ઠા સ્થાને

(૧) ચાઈના મોબાઈલ ૨૧૯ અબજ ડોલર
(૨) વેરીઝોન ૧૮૨ અબજ ડોલર
(૩) સોફ્ટબેંક ગ્રુપ ૧૭૦ અબજ ડોલર
(૪) ટી-મોબાઈલ યુએસ ૧૫૭ અબજ ડોલર
(૫) એટીએન્ડટી ૧૪૧ અબજ ડોલર
(૬) જિયો પ્લેટફોર્મ્સ ૧૩૧ અબજ ડોલર
(૭) ડોઈશ ટેલીકોમ ૧૩૫ અબજ ડોલર-ઈન્ટ્રા-ડે માર્કેટ વોલેટીલિટી

**સપનાંઓની અવિરત યાત્રા, ચોરવાડથી જિયો સુધી... અનંત અંબાણીનું હૃદય સ્પર્શી સંબોધન**

## ડિજીટલ ઈન્ડિયાના વિઝન દ્વારા દેશને નવી દિશા આપવા બદલ વડાપ્રધાન મોદીની કાર્યપ્રણાલીની મુક્ત કંઠે પ્રશંસા

લિસ્ટિંગ સમારોહ દરમિયાન જીયો પ્લેટફોર્મ્સના ડિરેક્ટર અનંત અંબાણીએ કંપનીની સફળતાને લાખો ભારતીયોના વિશ્વાસ સાથે જોડીને રજૂ કરી હતી. તેમણે પોતાના સંબોધનની શરૂઆત આભારની લાગણીથી કરી હતી. તેમના જણાવ્યા અનુસાર, જીયો પર વિશ્વાસ મૂકનારા લાખો લોકોએ કંપનીની આ સફરને શક્ય બનાવી છે. તેમણે શેરબજારમાં વાગતી ઘંટડીને મંદિરની ઘંટડી સાથે સરખાવી હતી અને કહ્યું હતું કે તેમના માટે વ્યવસાય પૂજા સમાન છે. દરેક પૂજાનો અંત પ્રસાદ સાથે થાય છે અને આજે જીયોની સફળતા ભારત સાથે વહેંચવામાં આવી રહી છે, એવો ભાવ તેમણે વ્યક્ત કર્યો હતો.

આ ભવ્ય સિદ્ધિ પાછળ દાયકાઓનો સંઘર્ષ અને અતૂટ સંકલ્પ જોડાયેલાં છે. આ અવિરત સફરનાં મૂળ સૌરાષ્ટ્રના નાનકડા ચોરવાડ ગામમાં રોપાયાં હતાં. ચોરવાડમાં રહેતા એક સામાન્ય યુવાન જે એડનના પેટ્રોલ પંપ પર સામાન્ય વેતનથી નોકરી કરતો હતો. ના પૈસા હતા કે ના કોઈ ઓળખાણ. એ યુવાન એટલે રિલાયન્સના સ્વપ્નદ્રષ્ટા દાદાશ્રી ધીરુભાઈ અંબાણી. તેમની પાસે પૈસા ન હતા પરંતુ આંખોમાં અસીમ આકાશને આંબવાની હિંમત અને અસાધારણ સપનાં ધબકતાં હતાં.

તેમણે દુનિયાને બતાવ્યું કે એક સામાન્ય ભારતીય પણ અસાધારણ સપનાં જોઈ શકે છે અને તેને સાકાર પણ કરી શકે છે. જ્યારે અનંત અંબાણીએ ઉપરોક્ત સ્પીચ આપી ત્યારે સામે બેઠેલા અનંત અંબાણીના પિતા મુકેશ અંબાણીની આંખોમાં ઝળઝળીયાં આવી ગયા હતા.

મારા દાદા ધીરૂભાઈએ જોયેલા ઔદ્યોગિક ક્રાંતિના આ સ્વપ્નને આગળ ધપાવી મારા પિતા મુકેશભાઈ અંબાણીએ જામનગરની વેરાન અને ઉજ્જડ જમીન પર વિશ્વની સૌથી મોટી ઓઈલ રિફાઈનરી ઊભી કરી બતાવી. તેમણે વિશ્વ સમક્ષ ગૌરવભેર સાબિત કર્યું કે સંસાધનો અને ટેકનોલોજીમાં ભારત ક્યારેય કોઈનાથી પાછળ નહીં રહે.

બદલાતા સમય સાથે નવા ભારતના નિર્માણની




ધૂરા નવી પેઢીના ખભા પર આવી. ઈશા અને આકાશે દેશના દરેક સામાન્ય નાગરિકના હાથમાં સસ્તું અને ઝડપી ઈન્ટરનેટ પહોંચાડવાનું ક્રાંતિકારી સ્વપ્ન સેવ્યું, જેનું નામકરણ થયું ‘જિયો’..

જિયો માત્ર એક ટેલિકોમ નેટવર્ક બનીને ન રહ્યું, પણ કરોડો દેશવાસીઓ માટે સાચા અર્થમાં ડિજિટલ આશીર્વાદ સાબિત થયું. કોરોના લોકડાઉન દરમિયાન ઘરમાં બેસીને અવિરત ચાલતું બાળકોનું શિક્ષણ હોય, સેંકડો માઈલ દૂર રહેતી માતાનો વીડિયો કૉલ પર વહેતો સ્નેહ હોય, સરહદ પર માતૃભૂમિની રક્ષા કરતા જવાનના પરિવાર સાથેના ખબરઅંતર હોય કે પછી અંતરિયાળ વિસ્તારમાં ટેલિમેડિસિન દ્વારા દર્દીને જીવનદાન આપતો ડૉક્ટર હોય.

અનંત અંબાણીએ જીયોના ૫૩ કરોડ ગ્રાહકોને કંપનીના પરિવારના સભ્યો તરીકે સંબોધ્યા હતા.

જિયો અદ્રશ્ય રહીને ૫૩ કરોડથી વધુ દેશવાસીઓના રોજિંદા જીવન અને હૃદયના ધબકારા સાથે જોડાઈ ગયું.

અનંતે આ અભૂતપૂર્વ સફળતાનો શ્રેય પોતાના સુધી સીમિત ન રાખતાં, કાળઝાળ ગરમી, કડકડતી ઠંડી કે ધોધમાર વરસાદમાં જીવના જોખમે ટાવર પર ચડીને નેટવર્ક જીવંત રાખનારા લાખો ગ્રાઉન્ડ ટેકનિશિયનો, સમર્પિત ઈજનેરો અને ફિલ્ડ કર્મચારીઓને અર્પણ કર્યો. આ સાથે, ડિજિટલ ઇન્ડિયાના વિઝન દ્વારા દેશને નવી દિશા આપવા બદલ તેમણે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના દૂરંદેશી નેતૃત્વ પ્રત્યે આદરપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

દાદાનાં મહાન સપનાં, દાદી કોકિલાબેનના અમી આશીર્વાદ, પિતાનું અડગ માર્ગદર્શન અને માતા નીતાબેનના સંસ્કારોને ભાવપૂર્વક નમન કરતાં અનંતે વિશ્વાસ વ્યક્ત કર્યો કે આવનારી સદી ભારતની છે અને તેનું ભવિષ્ય દેશના ઊર્જાવાન યુવાનોના હાથમાં સલામત છે. આકાશ, ઈશા અને અનંત, શરીર ભલે ત્રણ હોય પણ રાષ્ટ્રનિર્માણનો આત્મા અને સંકલ્પ એક જ છે તેવી ખાતરી આપતાં તેમણે વિકસિત ભારતના નિર્માણનો પ્રણ દોહરાવ્યો હતો.

### મુકેશભાઈ અંબાણીએ જામનગરની વેરાન અને ઉજ્જડ જમીન પર વિશ્વની સૌથી મોટી ઓઈલ રિફાઈનરી ઊભી કરી બતાવી

## દાદા ધીરૂભાઈ અંબાણીએ દુનિયાને બતાવ્યું કે એક સામાન્ય ભારતીય પણ અસાધારણ સપનાં જોઈ શકે છે

## લિસ્ટિંગ દિવસે ૧૯.૪૧ કરોડથી વધુ શેરોમાં રૂ.૨૬,૫૭૨ કરોડનું ટ્રેડિંગ ટર્નઓવરનો પણ નવો રેકોર્ડ : બપોર બાદ ખરીદી આક્રમક બની : સાત દિવસમાં જ જંગી વળતરથી શેરધારકો ખુશખુશાલ



સુભાષબ્રિજ આરટીઓમાં અત્યાધુનિક એઆઇ કેમેરાથી સજ્જ ડ્રાઇવિંગ લાઇસન્સના ટેસ્ટ માટે સવારે સાતથી સાંજ સુધી મોટી સંખ્યામાં ટુવ્હીલ તથા કાર સહિત ફોર વ્હીલના ચાલકો આવતા હોય છે. જેમાં પ્રથમ ડ્રાઇવિંગના લાઇસન્સના નિયમો સૂચવતો વિડિયો જોયા પછી ટેસ્ટ ટ્રેકમાં ટુ વ્હીલર વાહન ચાલકોને ૬૦ સેકન્ડમાં વાહન ઉપરથી નીચે પગ અડકે નહી તે રીતે અંગ્રેજીનો આંઠડો પાડવાનો હોય છે. જ્યારે કાર સહિતની વાહનો ચાલકોને સાત મિનિટમાં રિવર્સ તથા અંગ્રજીનો આઠડો, બોક્સ પાર્કિંગ ઢાળ ચઢાવવા સહીતની પ્રક્રિયા સાત મિનીટની સમય મર્યાદામાં પુરી કરવાની હોય છે. (તસવીર : સુરેશ મિસ્ત્રી)

## સુભાષ બ્રિજ RTOમાં ૧૬ AI કેમેરા, પાંચ CCTVથી સર્વેલન્સ

# AI કેમેરાથી કારના લાયસન્સનો ટેસ્ટ લેવાતાં ૮૦ ટકા વાહન ચાલકો નાપાસ

અમદાવાદ, બુધવાર

કરોડો રૂપિયાની ખર્ચે બનેલી અત્યાધુનિક સુભાષબ્રિજ ખાતેની આરટીઓ કચેરીમાં ટુ-વ્હીલર અને ફોર વ્હીલના ડ્રાઈવિગ લાઈસન્સ ટેસ્ટ માટે ૧૬ એઆઇ કેમરા તથા પાંચ સીસીટીવી જેવા સર્વેલન્સ કેમેરા ગોઠવવામાં આવ્યા છે. જેનાથી ટ્રેકનું રેકોર્ડિંગ થાય છે. નાગરિકે કારનો ડ્રાઈવિંગ ટેસ્ટ આપતા પહેલા ફરજિયાત વિડિયો જોયા પછી જ ટેસ્ટ ટ્રેકમાં ટેસ્ટ આપવાનો હોય છે જે સાત મિનિટમાં પુરો કરવાનો હોય છે. જેમાં રિવર્સ, બોક્સ પાર્કિંગ સહિતની પ્રક્રિયા કરવાની હોય છે. આ ટેસ્ટમાં વિડિયો જોયા પછી પણ સુશિક્ષિત લોકો ભુલ કરતા હોવાથી સમય મર્યાદામાં ટેસ્ટ પુરો કરી શકતા નથી અને ૮૦ ટકા લોકો નાપાસ થાય છે.

## વિડીયો જોયા પછી કાર ચાલક સાત મિનિટમાં રિવર્સ, બોક્સ પાર્કિંગ સહિતની પ્રક્રિયા ૭ મિનિટમાં પૂર્ણ કરી શકતા નથી

રસ્તા ઉપર વાહન ચલાવતા પહેલા ડ્રાઈવિંગ લાઈસન્સ મેળવવું હવે પહેલાં જેટલું સરળ રહ્યું નથી. આધુનિક કરીને ૧૬ એઆઈ કેમેરા ઈલેક્ટ્રીક થાંભલાની માફક લગાવાયા છે ઉપરાંત સર્વેલન્સ માટે પાંચ સીસીટીવી કેમેરા ટેસ્ટ ટ્રેકના નિયમો સાથેનો વિડિયો જોયા પછી જ ટેસ્ટ ટ્રેકમાં ડ્રાઈવિંગ લાયસન્સનો ટેસ્ટ આપવાનો હોય છે.

### કાર ડ્રાઈવિંગ ટેસ્ટ એપોઈન્ટમેન્ટ માટે બે મહિનાનું લાંબુ વેઈટિંગ

સુભાષબ્રિજ આરટીઓમાં કાર સહિત ફોર વ્હીલના ડ્રાઈવિંગ ટેસ્ટમાં મોટા પ્રમાણમાં વાહન ચાલકો નાપાસ થતા હોવાથી ડ્રાઈવિંગ ટેસ્ટ એપોઈન્ટમેન્ટ માટે બે મહિનાનું વેઈટિંગ ચાલી રહ્યું છે. વેઈટિંગ ઘટાડવા માટે આરટીઓ તંત્ર દ્વારા પ્રથમ સવારથી સાંજ સુધી ૧૩૦ વાહન ચાલકો ડ્રાઈવિંગ ટેસ્ટ આપતા હતા જે સ્લોટમાં વધારો કરીને હવે ૧૬૦ વાહન ચાલકો સવારે ૭થી સાંજે સંધ્યા કાળ સુધી ટેસ્ટ આપી શકશે કારણ કે અંધારુ થયા બાદ એઆઇ કેમેરામાં વિઝન બરાબર પકડાતું નથી.

બનેલી સુભાષ બ્રિજ આરટીઓ કચેરીમાં લેવાતા ડ્રાઈવિંગ ટેસ્ટમાં કારચાલકો નાપાસ થઇ રહ્યા હોવાનું પ્રમાણ વધ્યું છે. નવી આરટીઓ કચેરીમાં ટુવ્હીલ અને કાર સહિતના ફોર વ્હીલ માટે અત્યાધુનિક એઆઇ કેમેરાથી સજ્જા ડ્રાઈવિંગ ટ્રેક બનાવવામાં આવ્યો છે. જેમાં ખાસ પણ છે. જેમાં ટુ વ્હીલર વાહન ચાલકોને ૬૦ સેકન્ડમાં વાહન ઉપરથી નીચે પગ અડકે નહી તે રીતે અંગ્રેજીનો આંઠડો પાડવાનો હોય છે.

જ્યારે કાર સહિત ફોર વ્હીલ ચાલક માટે એપોઈમેન્ટ લીધા પછી રજિસ્ટેશન કરાવી ટોકન મેળવીને ફરજિયાત ડ્રાઈવિંગ ટેસ્ટ માટે માર્ગદર્શન આપતો જેમાં સાત મિનિટમાં રિવર્સ તથા અંગ્રજીનો આઠડો ૯૦ સેકન્ડમાં બોક્સ પાર્કિંગ ૧૩૦ સેકન્ડમાં અને ૧૨૦ સેકન્ડમાં ઢાળ ચઢાવવાનો હોય છે. ટેસ્ટમાં ચાર રસ્તા ઉપર રખાયેલા ટ્રાફિક નિયમના ગ્રીન તથા રેડ સિગ્નલ પણ આવ છે તેમાં કેટલાક વાહન ચાલકો ભુલ કરી બેસે છે અને રેડ સિગ્નલમાં જતા નાપાસ થાય છે તેમજ સમય મર્યાદામાં ડ્રાઈવિંગ ટેસ્ટની પ્રક્રિયા પુરી કરી શકતા ન હોવાથી પણ નાપાસ થાય છે. આધુનિક બનાવાયેલી ડ્રાઈવિંગ ટેસ્ટમાં સુશિક્ષિત લોકો પણ ગોથે ચડે છે.

## IIT-RAMમાં પાર્કિંગ સુવિધા ન મળતા હોબાળો: તાળાબંધી કરાઈ

અમદાવાદ,બુધવાર

શહેરના પૂર્વમાં ખોખરા વિસ્તારમાં આવેલી અને સરકારની ગ્રાન્ટથી ચાલતી ઓટોનોમસ યુનિ.એવી ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી,રીસર્ચ એન્ડ મેનેજમેન્ટ એટલે કે આઈઆઈટીરામમાં વિદ્યાર્થીઓને પોતાના વાહનોનું કેમ્પસમાં પાર્કિંગ ન કરવા દેવાની બાબતે હોબાળો મચ્યો હતો.આ મુદ્દે એનએસયુઆઈના વિદ્યાર્થી નેતાઓએ ગઈકાલે ભારે હંગામો કર્યા બાદ પણ યુનિ.મેનેજમેન્ટે કોઈ નિર્ણય ન લેતા આજે સવારે તાળા બંધી કરવામા આવી હતી અને યુનિ.ના ગેઈટ પર તાળુ મારીને વિરોધ કરવામા આવ્યો હતો. જો કે હોબાળાને પગલે અંતે સાંજે પોલીસની મધ્યસ્થતામાં યુનિ.મેનેજમેન્ટ અને વિદ્યાર્થી નેતાઓ વચ્ચે બેઠક યોજાઈ હતી.જેમાં પાર્કિંગની સમસ્યા મુદ્દે નિરાકરણ લાવવા મુદ્દે ખાત્રી અપાઈ હતી.વિદ્યાર્થીઓની માંગણી છે કે હોસ્ટેલમાં રહેતા અને ભણવા આવતા વિદ્યાર્થીઓને કેમ્પસમાં પાર્કિંગની પુરતી સુવિધા આપવામા આવે.

### ગોતાના ગ્રેનાઈટ ગોડાઉનમાં આગ : લોકોના ટોળા એકત્ર

અમદાવાદ, બુધવાર

ગોતાના ગ્રેનાઈટ ગોડાઉનમાં આજે બપોરે ભીષણ આગ ફાટી નીકળતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ધુમાડાના ગોટેગોટા છવાઈ જતા લોકોના ટોળા એકત્ર થઈ ગયા હતા. જેને પગલે ફાયર બ્રિગેડના પાંચથી વધુ વાહનો ઘટનાસ્થળે દોડી ગયા હતા. કલાકો સુધી પાણીનો મારો ચલાવ્યા બાદ મોડી સાંજ સુધી માંડ આગ કાબૂમાં આવી હતી. ફાયર વિભાગના જણાવ્યા અનુસાર, મહાલક્ષ્મી ગ્રેનાઈટ નામના ગોડાઉન અને રામદેવ ડેકોર હાઉસમાં મોટી સંખ્યામાં ફાયબર મટીરિયલની વસ્તુઓ હોવાથી આગ વિકરાળ બની હતી. સદ્નસીબે જાનહાનિ ટળી હતી.


## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે "શ્રી રામ ડેવલોપર્સ" એ નામની ભાગીદારી પેઢીના વતી અને તરફથી તેના અધિકૃત ભાગીદાર શ્રી સંકેત રામચંદ્રભાઈ પટેલ, રહેવાસી-અમદાવાદનાએ જીલ્લા અમદાવાદના તાલુકા ઘાટલોડીયાના ગામ મોજે ઘુમાના (૧) બ્લોક નંબર-૮૧૬ ની ૧૧૮૩૮ ચોરસમીટર, તથા (૨) બ્લોક નંબર-૮૧૭ ની ૬૮૮૦ ચોરસમીટર મળી કુલ ૧૮૭૧૮ ચોરસમીટરના ક્ષેત્રફળની જમીન, જેને ટી. પી. સ્કીમ નંબર-૩ (ઘુમા) માં ફાઈનલ પ્લોટ નંબર-૨૪૧ ની ૧૧૨૩૧ ચોરસમીટર જમીન ફાળવેલી છે, તે બહુહેતુક બીનખેતીની જમીન પૈકી ૧/૨ હીસ્સાની પશ્ચિમ દિશા તરફની ૫૬૧૫.૫૦ ચોરસમીટર (બ્લોક નંબર-૮૧૬ ની ૧૧૮૩૮ ચોરસમીટર પૈકી ૧/૨ હીસ્સાની ૫૯૧૯ ચોરસમીટર તથા બ્લોક નંબર- ૮૧૭ ની ૬૮૮૦ ચોરસમીટર પૈકી ૧/૨ હીસ્સાની ૩૪૪૦ ચોરસમીટર મળી કુલ ૯૩૫૯ ચોરસમીટર) જમીન જેને સબપ્લોટ નંબર-૨ આપવામાં આવેલો છે તે જમીન સદરહુ ભાગીદારી પેઢીની સંપુર્ણ, સ્વતંત્ર, આગવી માલિકી અને કબજા ભોગવટાની (કેપ્રી ગ્લોબલ કેપીટલ લીમીટેડ, મુંબઈના બોજાને આધીન) બોજારહીત હોવાનું જણાવી સદરહુ જમીન અમારા અસીલને વેચાણ આપવાનુ નકકી કરેલુ છે અને અમારા અસીલે સદરહુ જમીન પરત્વેના ઉપરોકત ભાગીદારી પેઢીના ટાઈટલ્સ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે. તો સદરહુ જમીન ઉપર જો કેપ્રી ગ્લોબલ કેપીટલ લીમીટેડ સિવાય અન્ય કોઈ શખ્સનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય, તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોને તે બદલના પુરાવા સહીત લેખિત જાણ નીચેના સરનામે કરવી. જો તેમ કરવામાં નહીં આવે, તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો કે બોજો નથી અને હોય, તો તે જતો કરેલો છે, તેમ સમજી અમો ટાઈટલ્સ કલીયરન્સનું સર્ટીફીકેટ આપીશું અને ત્યારબાદ કોઈની તકરાર ચાલશે નહીં તથા અમારા અસીલ ધ્વારા સદરહુ જમીન ખરીદવાની કાર્યવાહી કરવામાં આવશે.

તારીખ:૨૮-૧૦-૨૦૨૬.

**જાની એન્ડ કંપની.**
**સોલીસીટર્સ, એડવોકેટસ એન્ડ કોર્પોરેટ એટર્નીઝ,**
હાઉસ "એમ", મોન્ડીયલ રીટેઈલ પાર્ક, ઈસ્કોન મંદિર અને રાજપથ કલબની વચ્ચે, એસ.જી. હાઈવે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૯.
ફોન નંબર : ૨૯૭૧૦૧૦૦, ૨૯૭૧૦૨૦૦


## આગામી વર્ષના બજેટમાં જનભાગીદારીનું નાટક

# મ્યુનિ.ના બજેટ માટે સૂચનો આપવા શહેરીજનોને માત્ર બે દિવસનો સમય

અમદાવાદ, બુધવાર

અમદાવાદ મ્યુનિ.ના વર્ષ ૨૦૨૭-૨૮ના ૨૦ હજાર કરોડથી વધુના સંભવિત બજેટમાં ફક્ત બે દિવસની જનભાગીદારી જોવા મળશે. આગામી બજેટ માટે મ્યુનિ.એ શહેરીજનો પાસેથી સૂચનો મંગાવ્યા છે. જો કે ત્રણ-ચાર મહિના સુધી બજેટની તૈયારી કરનાર મ્યુનિ.એ લોકોને તેમના સૂચનો આપવા ફક્ત બે દિવસ આપ્યા છે. ઉપરાંત માત્ર ઈમેઈલથી સૂચનો મોકલી શકાશે! જ્યારે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા બજેટ પહેલાં સૂચનો મોકલવા નાગરિકોને ૧૫થી ૨૦ દિવસ અપાય છે.

## ફક્ત ઈ-મેલથી જ સૂચનો મોકલી શકાશે: વોટ્સએપ અને લેખિત અરજી જેવા વિકલ્પોનો છેદ જ ઉડી ગયો

અમદાવાદ મ્યુનિ. દ્વારા નાણાંકીય વર્ષ ૨૦૨૭-૨૮ના બજેટ માટે શહેરીજનો પાસેથી સૂચનો મંગાવવામાં આવ્યા છે. દર વર્ષે સૂચનો મોકલવા ટેલિફોન, વોટ્સએપ, લેખિત અરજી જેવા વિવિધ વિકલ્પો અપાતા હોય છે. પરંતુ આ વખતે ફક્ત ઈમેઈલથી જ સૂચનો મોકલી શકાશે. એટલે વડીલો સહિતના લોકો જેમને ઈમેઈલ કરતા ન આવડતું હોય તેઓ સૂચનો મોકલી શકશે નહીં. અધૂરામાં પૂરું, ઈમેઈલ કરવા માટે પણ ૨૯ અને ૩૦ ઓક્ટોબર એમ ફક્ત બે દિવસ અપાયા છે. આ વાત તમામ લોકો સુધી પહોંચવામાં જ બે દિવસ નીકળી જશે. નોંધનીય છે કે, ગત વર્ષે બે-ચાર દિવસમાં જ શહેરીજનોએ ૨૦૬૭ સૂચનો મોકલી અધૂરા કામ અને અવ્યવસ્થા મામલે મ્યુનિ.નો કાન આમળ્યો હતો. જેમાં ૬૦થી ૭૦ ટકા સૂચનો ફક્ત રસ્તા, ગટર, પાણી, સફાઈ, ટ્રાફિક જેવી પ્રાથમિક સુવિધાઓને લગતા હતા. જો કે ફક્ત ૭૯૮ સૂચનો ઈમેઈલથી આવ્યા હતા. ત્યારે આ વખતે સૂચનોની સંખ્યા ઘટાડવા ફક્ત સોશિયલ મીડિયા મારફતે સૂચનો મંગાવી બે દિવસમાં જ આખી પ્રક્રિયા આટોપી લેવા કવાયત કરાઈ છે. વહીવટી પ્રક્રિયા અને મહત્વના નિર્ણયોમાં જનભાગીદારી નિશ્ચિત કરવાનું નર્યું નાટક કરાઈ રહ્યું હોય તેવું વર્તાય છે. ઉપરાંત આ સૂચનોનું કેટલું અમલ થાય છે, તેની પ્રજા સાક્ષી છે.

### લોકો કેવા સૂચનો મોકલે છે?

* તૂટેલા રસ્તા અને ફૂટપાથ
* ડ્રેનેજ અને સ્ટોર્મવોટર લાઈન
* સ્ટ્રી લાઈટ
* સફાઈ અને આરોગ્ય
* ટ્રાફિક નિયમન
* પાર્કિંગની સુવિધા
* કમ્યુનિટી હોલ
* ચિલ્ડ્રન પાર્ક બનાવવા
* ઓક્સિજન પાર્ક
* સિટી બસની અવ્યવસ્થા
* રમતગમતના નવા મેદાનો

## પોલીસે ૧.૪૭ લાખ મોબાઈલ ટ્રેસ કર્યા

# ગુજરાતમાં ચોરી-ગુમ થયેલા ૭૪ હજાર મોબાઈલ લોકોને પરત કરાયા

અમદાવાદ, બુધવાર

ગુજરાતમાં ગુમ અને ચોરી થયેલા મોબાઈલને કેન્દ્રસરકારના સીઈઆઈઆર પોર્ટલની મદદથી શોધવાની કામગીરી હાથ ધરાઈ છે. જેના પગલે અત્યારસુધી રાજ્યભરમાંથી ૨.૩૮ લાખ મોબાઈલ હેન્ડસેટ બ્લોક કરી ૧.૪૭ લાખ મોબાઈલ ટ્રેસ કરાયા હતાં. જ્યારે ૭૪ હજાર મોબાઈલ તેના માલિકને પરત કરાયા હોવાનો પોલીસ વિભાગનો દાવો છે.

## કેન્દ્રસરકારના સીઈઆઈઆર પોર્ટલની મદદથી રાજ્યભરમાંથી ૨.૩૮ લાખ મોબાઈલ હેન્ડસેટ બ્લોક કરાયાનો દાવો

ગુજરાતમાં ગુમ અને ચોરી થયેલા મોબાઈલ શોધવાની કામગીરીમાં પોલીસે અત્યાર સુધી કુલ ૨,૩૮,૫૩૩ મોબાઈલ હેન્ડસેટ બ્લોક કર્યા હતા. જે પૈકી ૧,૪૭,૪૨૭ મોબાઈલ ટ્રેસ કરાયા હતાં. જ્યારે ૭૪,૮૨૩ મોબાઈલ ફોન તેના મૂળ માલિકને પરત કરાયા હતાં. ગુમ થયેલા કે ચોરાયેલા મોબાઈલને શોધવા માટે ગુજરાત પોલીસ દ્વારા કેન્દ્ર સરકારના ટેલિકમ્યુનિકેશન વિભાગના સેન્ટ્રલ ઈક્વિપમેન્ટ આઈડેન્ટિટી રજિસ્ટર પોર્ટલનો ઉપયોગ કરવામાં આવે છે. આ પોર્ટલની મદદથી ગુમ કે ચોરાયેલા મોબાઈલ હેન્ડસેટને બ્લોક કરી શકાય છે. સાથે જ મોબાઈલના આઈએમઈઆઈ નંબર આધારે તેની ઓળખ કરીને ટ્રેસિંગની કામગીરી કરવામાં આવે છે. આ સમગ્ર પ્રક્રિયામાં ટેક્નોલોજીની મદદથી ગુમ થયેલા મોબાઈલને શોધીને તેના મૂળ સુધી પહોંચાડવામાં આવે છે. ૨૬ ઓક્ટોબર સુધીના આંકડા પ્રમાણે દેશમાં મોબાઈલ રિકવરીનો દર ૩૭.૪ ટકા રહ્યો હતો. જ્યારે ગુજરાતનો રિકવરી દર ૫૦.૭૫ ટકાએ પહોંચ્યો હતો. તેમાં પણ આણંદ, ડાંગ અને અમદાવાદની કામગીરી શ્રેષ્ઠ હતી.

## ગાંધી સ્મૃતિ અને સાબરમતી આશ્રમ ટ્રસ્ટ સહિતની

# ગુજરાતની બે ગાંધી સંસ્થાઓને શિક્ષણ વિભાગમાંથી દૂર કરાઈ

અમદાવાદ,બુધવાર

મહાત્મા ગાંધીના ઐતિહાસિક વારસાની જાળવણી કરતી ગુજરાતની બે વર્ષો જુની ગાંધી સંસ્થાઓને સરકારે શિક્ષણ વિભાગથી દૂર કરીને યુવા અને સાંસ્કૃતિક વિભાગ હસ્તક લઈ જવાનો નિર્ણય કર્યો છે.આ માટે શિક્ષણ વિભાગ દ્વારા ઠરાવ પણ કરી દેવામા આવ્યો છે.જે મુજબ આગામી વર્ષથી ગાંધી સ્મૃતિ ટ્રસ્ટ અને સાબરમતી આશ્રમ સુરક્ષા અને સ્મારક ટ્રસ્ટ સહિતની બે સંસ્થાનો વહિવટ યુવા અને સાંસ્કૃતિ વિભાગ હેઠળ થશે અને આ બંને સંસ્થાને આ વિભાગમાંથી ગ્રાન્ટ અપાશે.

## બંને સંસ્થાનો શિક્ષણ વિભાગ સંબંધિત વહીવટ યુવા અને સાંસ્કૃતિક વિભાગ હસ્તક તબદીલ કરાયો

ગુજરાતમાં અમદાવાદ ખાતેની સાબરમતી આશ્રમ સુરક્ષા અને સ્મારક ટ્રસ્ટ તેમજ રાજકોટની ગાંધી સ્મૃતિ ટ્રસ્ટ સહિતની બે ગાંધી સંસ્થાઓ છેલ્લા ૩૫ વર્ષથી શિક્ષણ વિભાગ હેઠળ ચાલી રહી છે.જેમાં અમદાવાદની સંસ્થાનો વહિવટ ૧૯૯૦માં અને રાજકોટની સંસ્થાનો વહિવટ ૧૯૯૨માં શિક્ષણ વિભાગ હેઠળ લેવામા આવ્યો હતો. બંને સંસ્થાઓને નિભાવ તેમજ કર્મચારીઓના પગાર -મહેનતાણા સહિતની ગ્રાન્ટ શિક્ષણ વિભાગમાંથી અપાય છે. પરંતુ આ બંને સંસ્થાઓમાં સ્કૂલ ન હોઈ અને શિક્ષણકાર્ય સંબંધીત કોઈ પણ કામગીરી થતી ન હોવાથી અંતે સરકારે આ બંને સંસ્થાઓને શિક્ષણ વિભાગમાંથી દૂર કરીને રમત-ગમત,યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ હેઠળ લઈ જવાનો નિર્ણય કર્યો છે.સરકારે આ માટે ઠરાવ પણ કરી દીધો છે.


## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, શ્રી કીર્તીભાઈ જીવણભાઈ ભરવાડ, રહેવાસી-નાડોલીયા, તા. કડી, જી. મહેસાણાનાએ જીલ્લા ગાંધીનગરના તાલુકા કલોલના ગામ મોજે રણછોડપુરાના નવા બ્લોક/સર્વે નંબર-૧૦૭ (જુના બ્લોક નંબર-૩૨ તથા તે આગાઉના જુના સર્વે નંબર-૨૯ ની કુલ ૭૨૮૪ ચોરસમીટર જમીન) ની કુલ ૭૨૧૧ ચોરસમીટર ખેતીની જમીન પૈકીની વગર વહેંચાયેલી ૫૦ % ના હિસ્સાની ૩૬૪૨ ચોરસમીટરના ક્ષેત્રફળની ખેતીની જમીન તેમની સંપુર્ણ, સ્વતંત્ર, આગવી માલિકી અને કબજા ભોગવટાની બોજારહીત હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનુ નકકી કરેલુ છે અને અમારા અસીલે સદરહુ જમીન પરત્વેના ઉપરોકત જમીનમાલીકોના ટાઈટલ્સ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે. તો સદરહુ જમીન ઉપર જો અન્ય કોઈ શખ્સનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય, તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોને તે બદલના પુરાવા સહીત લેખિત જાણ નીચેના સરનામે કરવી. જો તેમ કરવામાં નહીં આવે, તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો કે બોજો નથી અને હોય, તો તે જતો કરેલો છે, તેમ સમજી અમો ટાઈટલ્સ કલીયરન્સનું સર્ટીફીકેટ આપીશું અને ત્યારબાદ કોઈની તકરાર ચાલશે નહીં તથા અમારા અસીલ ધ્વારા સદરહુ જમીન ખરીદવાની કાર્યવાહી કરવામાં આવશે.

તારીખ : ૨૮-૧૦-૨૦૨૬.

**જાની એન્ડ કંપની.**
**સોલીસીટર્સ, એડવોકેટસ એન્ડ કોર્પોરેટ એટર્નીઝ,**
હાઉસ "એમ", મોન્ડીયલ રીટેઈલ પાર્ક, ઈસ્કોન મંદિર અને રાજપથ કલબની વચ્ચે, એસ.જી. હાઈવે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૯.
ફોન નંબર : ૨૯૭૧૦૧૦૦, ૨૯૭૧૦૨૦૦


### અમદાવાદ મ્યુનિ. કચેરીઓમાં હાથેથી લખેલી રસીદ બંધ

અમદાવાદ, બુધવાર

અમદાવાદના સિટી સિવિક સેન્ટર પર મિલકત વેરો, પ્રોફેશનલ ટેક્સ, જન્મ-મરણની નોંધણી, કમ્યુનિટી હોલની વગેરેની ફી ભર્યા બાદ લોકોને હાથેથી લખેલી પહોંચ આપી આવકના આંકડામાં ગોટાળો કરાતા હોવાની શક્યાતાના લીધે મ્યુનિ. દ્વારા મહત્વનો નિર્ણય કરાયો છે. સિવિક સેન્ટર પર કોઈ પણ નાગરિકે ફી કે દંડ પેટે પૈસા જમા કરાવે ત્યારે તેમને હાથેથી લખેલી પહોંચ આપી શકાશે નહીં. ફરજિયાતપણે ઓનલાઈન સોફ્ટવેરમાં રસીદ બનાવી તેને પ્રિન્ટ કરીને આપવી પડશે. જો કોઈ વિભાગ અથવા ઝોન દ્વારા લોકોને હાથેથી લખેલી પહોંચ આપવામાં આવશે, તો તેના માટે જે-તે ખાતાના અધિકારી સામે પગલાં લેવાશે.

## ૧૮૦ પટ્ટાવાળા લેવાના વિવાદાસ્પદ આયોજન બાદ હવે

# મ્યુનિ.ના વાહનો રિપેર કરવા માટે ૫૭ ટેકનિકલ સ્ટાફ આઉટસોર્સિંગથી લેવાશે

અમદાવાદ, બુધવાર

અમદાવાદ મ્યુનિ. કાયમી ભરતી પ્રક્રિયાને જાણે તિલાંજલિ આપી આઉટસોર્સિંગથી કર્મચારીઓ ભરવાની પરંપરાને આગળ ધપાવી રહ્યું છે. ૧૮૦ પટ્ટાવાળા બાદ હવે મ્યુનિ.ના વાહનો રિપેર કરવા માટે ૫૭ ટેકનિકલ સ્ટાફ પણ એજન્સીઓ પાસેથી આઉટસોર્સિંગથી લેવા ગોઠવણ કરી દેવાઈ છે. બે એજન્સીઓને રૂ. ૧.૪૨ કરોડ ચૂકવી કરાર આધારિત કર્મીઓ રાખવા મ્યુનિ.ની સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ દરખાસ્ત મુકાઈ છે.

## આઉટસોર્સિંગની પરંપરા આગળ ધપાવતા તંત્રએ પાંચ વર્ષમાં ૧૦ હજાર કર્મીઓ લેવા ૧૦૦ કરોડનો ખર્ચ કર્યો

અમદાવાદ મ્યુનિ.માં આરોગ્ય, એસ્ટેટ, ઈજનેર, ગાર્ડન વિભાગ સહિત મોટા ભાગના ખાતામાં આઉટસોર્સિંગથી કર્મચારીઓ કામ કરી રહ્યા છે. તેવામાં હવે સેન્ટ્રલ વર્કશોપમાં મ્યુનિ.ના વાહનો રિપેર કરવા ૫૭ ટેકનિકલ સ્ટાફ પણ કરાર આધારે લેવાશે. જેમાં એક કર્મીને રૂ. ૨૦,૮૦૬ પગાર ચૂકવાશે. એટલે ૫૭ કર્મીઓ પૂરા પાડવા મ્યુનિ. બે એજન્સીઓને વર્ષે રૂ. ૧.૪૨ કરોડ ચૂકવશે. નોંધનીય છે કે, કર્મચારીઓના રાજીનામા, નિવૃત્તિ અને અવસાન બાદ સેન્ટ્રલ વર્કશોપમાં વર્ષોથી ૩૮૫ જેટલી જગ્યા ખાલી પડી છે. જેના લીધે વાહનો, સાધનોના સમારકામ ખોરંભે ચડ્યા છે. પરંતુ કાયમી ભરતી કરવાની તસ્દી લેવાતી નથી. એહવાલો મુજબ મ્યુનિ.માં છેલ્લાં પાંચ વર્ષમાં ૧૦ હજાર કર્મીઓની આઉટસોર્સિંગથી નિમણૂક કરાઈ છે. જેની પાછળ ૧૦૦ કરોડનો ખર્ચ કરાયો છે. બીજી બાજુ માંડ બ હજાર કર્મીઓની ભરતી કરાઈ છે. હજી ગત અઠવાડિયે ૧૮૦ પટ્ટાવાળા માટે એજન્સીને પાંચ કરોડ ચૂકવવાની દરખાસ્ત પરત કરાઈ હતી. આઉટસોર્સિંગથી નિમણૂક કરાયેલા કર્મીઓને કામ શીખવવામાં અડધો સમય જતો રહે છે. ત્યાં તો એક-બે વર્ષમાં કરાર પૂરો થતા ફરી નવા કર્મીઓ આવતા હોવાથી એકડે એકથી શરૂઆત કરવી પડે છે. આ વહીવટી પ્રક્રિયામાં કામગીરી પર માઠી અસર પડે છે.

### અમદાવાદ મ્યુનિ.ના વધુ ૨૦ કર્મીઓએ રાજીનામા ધરી દીધા

અમદાવાદ જેવા શહેરમાં કામ કરવાનું લોકોનું સ્વપ્ન હોય છે. પરંતુ અમદાવાદ મ્યુનિ.માં ઉલટી ગંગા વહી રહી હોય તેમ કર્મચારીઓના રાજીનામા પડવાનો સિલસિલો યથાવત છે. સહાયક ટેકનિકલ સુપરવાઈઝર, સહાયક જુનિયર કલાર્ક, સહાય ગાર્ડન સુપરવાઈઝર, સહાયક ફિમેલ હેલ્થ વર્કર સહિત વધુ ૨૦ કર્મીઓએ રાજીનામા ધરી દીધા છે. કેટલાકે તો નિમણૂકના બે-ત્રણ મહિનામાં જ મ્યુનિ.ની નોકરી છોડી નાની-મોટી બીજી સરકારી નોકરી શોધી લીધી છે. છેલ્લાં છ મહિનામાં ૬૦થી વધુ કર્મીઓએ મ્યુનિ.ની નોકરી છોડી દીધી છે.

## કેટલીક ખાનગી કોલેજો વિવિધ મથાળા હેઠળ ફી ઉઘરાવે છે

# ટેકનિકલ કોલેજોએ નિયત ફીથી વધુ ફી લેવા મુદ્દે એફિડેવિટ આપવુ પડશે

અમદાવાદ,બુધવાર

ઈજનેરી-ફાર્મસી સહિતના વિવિધ ટેકનિકલ કોર્સની ખાનગી કોલેજોની ફીના રેગ્યુલેશન માટે ગુજરાતમાં છેલ્લા ૧૮ વર્ષથી ફી રેગ્યુલેશન કમિટી અને ફી રેગ્યુલેશન એક્ટ અસ્તિત્વમાં છે છતાં પણ હજુ ઘણી ખાનગી કોલેજો ફી રેગ્યુલેશન કમિટીના આદેશો અને ફી રેગ્યુલેશન એક્ટની જોગવાઈઓને ઘોળીને પી જતી હોઈ તેમ નિયત કરાયેલી ફી કરતા વધારાની ફી જુદા જુદા મથાળા હેઠળ વસુલે છે.આ બાબતે ફી રેગ્યુલેશન કમિટીને ઘણી કોલેજો સામે ફરિયાદો પણ મળી છે.જેને પગલે અંતે આટલા વર્ષો બાદ પ્રથમવાર ફી રેગ્યુલેશન કમિટીએ તમામ કોલેજોને નિયત ફીથી વધુ ફી લેવા મુદ્દે એફિડેવિટ આપવા આદેશ કર્યો છે.

## ફી રેગ્યુલેશન કમિટીએ તમામ કોલેજોને ૧૩ નવેમ્બર સુધીમાં ફરજિયાત એફિડેવિટ રજૂ કરવા આદેશ કર્યો

ગુજરાત સરકારે રાજ્યની પ્રોફેશનલ ટેકનિકલ એજ્યુકેશન કોલેજોના એડમિશન અને ફી નિર્ધારણ માટે ૨૦૦૭માં એક્ટ લાગુ કર્યો હતો.આ એક્ટ અંતર્ગત રાજ્યમાં આવેલી ડિગ્રી ઈજનેરી,ડિપ્લોમા ઈજનેરી, એમબીએ,એમસીએ, ડિગ્રી ફાર્મસી-ડિપ્લોમા ફાર્મસી, એમઈ,એમ ફાર્મ તેમજ આર્કિટેક્ચર સહિતના વિવિધ કોર્સની ખાનગી કોલેજોની દર ત્રણ વર્ષે નવી ફી કમિટી દ્વારા નક્કી કરવામા આવે છે. આ માટે નિવૃત્ત હાઈકોર્ટ જજની અધ્યક્ષતામાં રચાયેલી ફી રેગ્યુલેશન કમિટી દર ત્રણ વર્ષે નવું ફી માળખુ નક્કી કરે છે અને કમિટીએ નક્કી કરેલી ફીથી વધુ ફી કોલેજો વિદ્યાર્થીઓ પાસેથી લઈ શકતી નથી.

ફી રેગ્યુલેશન એક્ટ અંતર્ગત સ્પષ્ટ જોગવાઈઓ છતાં પણ ઘણી ખાનગી કોલેજો નક્કી કરેલી ફી કરતા વધુ વિવિધ હેડ-મથાળા હેઠળ વસુલતી હોવાની ફરિયાદો ફી કમિટીને મળી છે. કેટલીક ખાનગી કોલેજો એઆઈ, ઈન્ટરનેટ,સોફ્ટવેર, પર્સનાલિટી ડેવલપમેન્ટ સહિતના વિવિધ મથાળા હેઠળ લાખો રૂપિયાની ફી વિદ્યાર્થીઓ પાસેથી વસુલે છે.

આ બાબતે મળેલી ફરિયાદોને પગલે ફી કમિટીએ પ્રથમવાર તમામ ખાનગી કોલેજો પાસેથી વધુ ફી લેવા બાબતે એફિડેવિટ મંગાવ્યુ છે. ખાનગી કોલેજોએ ૧૩ નવેમ્બર સુધીમાં ફી કમિટીમાં એફિડેવિટ જમા કરવાનું રહેશે.જેમાં કોલેજોએ એ બાયંધરી આપવાની રહેશે કે નક્કી કરાયેલી ફી કરતા વધુ નથી લેતી અને જો અન્ય મથાળા હેઠળ ફી લેવાય છે તો તે પણ એફિડેવિટમાં તમામ વિગતો સાથે રજૂ કરવાનું રહેશે.જેમાં ટ્યુશન ફી ,લાયેબ્રેરી, સિક્યુરિટી ડિપોઝિટ તેમજ કમ્પ્યુટર ફી તેમજ લેબોરેટરી ફી ઉપરાંત અન્ય કયા મથાળા કેટલી વાર્ષિક ફી વિદ્યાર્થી પાસેથી લેવાય છે તે જણાવવાનું રહેશે અને આ ફી ભરવી ફરજીયાત છે કે વૈકલ્પિક તેમજ રીફંડેબલ છે કે નોન રિફંડેબલ તે સહિતની તમામ માહિતી સાથે એફિડેવિટ ૧૩ નવેમ્બર સુધીમાં જમા કરવાનું રહેશે.

## ભાણવડ પંથકમાં સરિસૃપોની અવર-જવર યથાવત્

# વિશાળકાય અજગર શિયાળનો શિકાર કરીને ગળી ગયો, સંવેદનશીલ રેસ્ક્યૂ

રાજકોટ,બુધવાર

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકામાં શિયાળનો શિકાર કરી ચૂકેલા વિશાળકાય અજગરનું સંવેદનશીલ રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું. તેને પકડતી વખતે બિનજરૂરી હેરાનગતિ ન થાય અને તેની પાચનની કુદરતી પ્રક્રિયામાં ખલેલ ન પહોંચે તેની તકેદારી રાખવામાં આવી હતી. તેને બેગમાં પૂરવાને બદલે ખુલ્લી વાનમાં લઈ જઈ બરડા ડુંગરના કુદરતી આવાસમાં મુક્ત કરવામાં આવ્યો હતો.



સેંકડો સરિસૃપોને બચાવી ચૂકેલા રેસ્ક્યુઅર અશોક ભટ્ટે જણાવ્યું કે, રાણપરડા ગામની વાડીમાં અજગર જોવા મળતાં સ્થાનિક લોકોએ જાણ કરતા તેઓ ઘટનાસ્થળે પહોંચ્યા ત્યારે અજગરે શિયાળનો શિકાર કર્યો હોવાનું જણાયું હતું. તેમની સામે પડકાર માત્ર તેને પકડવાનો નહોતો, પરંતુ પેટમાં રહેલો શિકાર બહાર ન નીકળી જાય અને અજગરને કોઈ નુકસાન ન થાય તે રીતે સુરક્ષિત સ્થળે પહોંચાડવાનો પણ હતો. સામાન્ય રીતે સાપને કોથળામાં મૂકીને લઈ જવામાં



આવે છે, પરંતુ આ કિસ્સામાં એનિમલ એમ્બ્યુલન્સ વાનનો ઉપયોગ કર્યો. રસ્તા પર પણ કસોટી થઈ!

કાચો રોડ હોવાથી વાનને માત્ર પાંચથી દસ કિલોમીટર પ્રતિ કલાકની ધીમી ઝડપે ચલાવી ધ્રૂજારીથી અજગરને તકલીફ ન પડે તથા ગળેલો શિકાર બહાર આવવાની શક્યતા ઊભી ન થાય તેની ખાસ તકેદારી રાખવામાં આવી હતી.

### શિયાળને પચાવવામાં ૧-૨ સપ્તાહનો સમય લાગે!

અજગર મધ્યમ કદના શિયાળને ગળી જાય પછી તેને પચાવવામાં ચોક્કસ કેટલા દિવસ લાગશે, એ સવાલ છે. એક સંશોધન અનુસાર, મોટા શિકારના પાચન માટે એકથી બે અઠવાડિયાંનો સમય લાગી શકે છે અને કેટલાક સંજોગોમાં તેનાથી વધુ સમય પણ લાગી શકે છે. આ સમય શિકારના કદ અને વજન, અજગરના પોતાના કદ, આસપાસના તાપમાન અને અન્ય પર્યાવરણીય પરિબળો પર આધારિત છે.

### શિકાર ગળતાં શરીરનું તાપમાન ૩૫ ડિગ્રી સુધી પહોંચે!

એક સર્વેક્ષણમાં અજગરની શિકાર ગળ્યા પછીની સ્થિતિનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. શરીરના તાપમાન અને હિલચાલ પર નજર રખાઈ હતી. શિકાર પહેલાં શરીરનું સરેરાશ તાપમાન ૨૭.૫૬ ડિગ્રી સેલ્સિયસ હતું, જે શિકાર ગળ્યા પછી વધીને ૩૫.૫ ડિગ્રી સેલ્સિયસ થયું હતું. જે દર્શાવે છે કે મોટા શિકારને પચાવવા દરમિયાન અજગરના શરીરમાં મહત્ત્વપૂર્ણ શારીરિક ફેરફારો થાય છે.

### નાના-મોટા સસ્તન પ્રાણીઓ અજગરનો ખોરાક

ગત જાન્યુઆરીમાં અજગરના ખોરાક અંગે અભ્યાસ થયો હતો. સંશોધકોએ તમિલનાડુની મોયાર નદીની ખીણમાં અજગરના મળના ૩૧ નમૂનાઓનું પરીક્ષણ કર્યું હતું. તેમાંથી ૧૧ નમૂનાઓમાં વાળના આધારે શિકાર બનેલા પ્રાણીઓની ઓળખ કરવામાં આવતા ખિસકોલી, નોળિયો, હરણ, લંગૂર, જંગલી બિલાડી અને જંગલી ભૂંડ સહિત આઠ પ્રકારનાં સસ્તન પ્રાણીઓના શિકારના પુરાવા મળ્યા હતા.

## મહામહેનતે ઓહ્યા કરેલું મારણ અજગરે પરત ન કાઢવું પડે એ રીતે કોથળાને બદલે ખુલ્લી વાનમાં લઈ જઈ કુદરતી આવાસમાં મુક્ત કરાયો




જીતવાનો મોકો મળે સોનાના સિક્કા અને ઘણું બધું®

કેશ ડિસ્કાઉન્ટ ₹3 000~ સુધી

ઇંસ્ટન્ટ ડિસ્કાઉન્ટ ₹10 000^ સુધી — SBI card | HDFC BANK | pine labs

ઓછું ડાઉન પેમેન્ટ ₹6 999^ થી શરૂ

કોર્પોરેટ ઓફર ₹2 200~ સુધી

For bulk / institutional inquiries, please write to us at : institutionalsales@heromotocorp.com | Available in CSD

India's First 5 Year Warranty* *Conditions apply

Hero GoodLife

Also Available on: Flipkart amazon.in

Hero MotoCorp Ltd. Regd. Office: The Grand Plaza, Plot No.2, Nelson Mandela Road, Vasant Kunj Phase - II, New Delhi - 110070, India. I CIN: L35911DL1984PLC017354 I For further information, contact your nearest Hero MotoCorp authorized outlet or visit us on www.HeroMotoCorp.com. Accessories and features shown may not be a part of standard fitment. Always wear a helmet while riding a two-wheeler. ~Offer amount and combination of offer may vary for model/variant and states and it is applicable on select models only, for a limited time period or till stock lasts. Cash discount & Corporate offer are exclusive and can't be availed together ^Finance/Card offer are at the sole discretion of the financier/bank, Subject to their respective T&Cs, Offer available only on limited stores. ®Limited period offer, T&C apply.

TOLL FREE 1800 266 0018

Authorised Dealers: AHMEDABAD: Ambavadi: Shradha Hero: 9289922563; Bopal: Raj Hero: 9289233435; CTM: Rajdeep Hero: 9289922511; Gota: Shradha Hero: 9289922209; Laldarwaja: Shradha Hero: 9289922209; Maninagar (Kankaria): Rajdeep Hero: 9289922511; Narol: Rajdeep Hero: 9289922511; Navrangpura: Bikes Hero: 9289922253; Nikol: Mann Hero: 9875090031 RTO Circle: Chiraniya Hero 9289235287; Sanand: Bikes Hero: 9289923089; Sarkhej: Raj Hero: 9289233435; ANAND: Chikhodra Road: Prakash Hero : 9289922237; Lambhvel Road: Legacy Hero: 9289923138; ANJAR: Shiv Shakti Hero: 9821739780; ANKLESHWAR: Anas Hero : 9289922241; AMRELI: Navnit Hero : 9289922254; BARDOLI: Vamdote Hero : 9289923136; BHARUCH: Vimco Hero : 9289922428; BHAVNAGAR: Chitra: Patel Hero: 9289922512; Crescent Circle: Capital Hero : 9289922238; BHUJ: K.D. Hero : 9289922480; BOTAD: Patel Hero: 9289923201; CHIKHLI: Supreme Hero: 9289922542; DAHOD: Shree Laxminarayan Hero: 9289922242; GANDHIDHAM: Quality Hero : 9289922248; GANDHINAGAR: Nanda Hero : 9289922236; GODHRA: Century Hero: 9104400559; GONDAL: Everest Hero : 9289922694; HALVAD: Shreeji Hero : 9289923041; HIMMATNAGAR : Harsolia Motors : 9289923821 JAMNAGAR: Saru Section Road: Karan Hero : 9289922670; Hapa: Gokul Hero: 9289923051; JAMKHAMBHALIA: Ashok Hero : 9289922610; JUNAGADH: Jagdish Hero: 9289922239; MEHSANA: Nagalpur: Umiya Hero : 9289922249; Radhanpur Road: Umiya Hero : 9289922249; KALOL: Shakti Hero: 9289922809; KAMREJ: Shubham Hero: 9289922750; MAHUVA: Vinay Hero: 9289922825; MODASA: Pavan Hero : 9289922826; MORBI: Jai Ganesh Hero : 9289922481; NAVSARI: Metro Hero : 9289922250; NADIAD: Horizon Hero : 9289922247; NARMADA: Rajpipla: Anas Hero : 9289922241; PALANPUR: Sarthi Hero : 9289923155; Shiv Hero : 9289922243; PATAN: Sarthi Hero : 9289922426; PORBANDAR: Jayshree Hero : 9289922494; RAJKOT: Gondal Road: Jay Kay Hero : 9289922715; Vavdi: Perfect Hero : 9289922235; 150 Ft Ring Road: Jai Ganesh Hero : 9289923067; Rajkot: Kuvadva Road Gopinath Mobility : 7490904512; SILVASA : Anil Motors : 9289924306 SURAT: Adajan Road: Jalaram Hero : 9289923027; Surat: Tapi Motors : 7069726000; Katargam: Sadguru Hero : 9289922982; Puna-Kumbharia Road: Shivani Hero : 9289922755; Udhna: Sadguru Hero: 9289923809; Ring-Road: GK Hero : 9289923810; Varracha: Rajdeep Hero: 9821737620; SURENDRANAGAR: Jai Ganesh Hero : 9289923144; VADODARA: Pandya Bridge: Century Hero : 9289922210; Nizampura: Century Hero: 9289922210; Subhanpura: Century Hero :9289922210; Bahucharaji Road, Karelibagh: Kumar Hero : 9289922208; Dandia Bazar: Kumar Hero: 9289922208; O P Road: Kumar Hero : 9289922252; Gotri : Kumar Hero: 9289922252; Makarpura: Jaydeep Hero : 9289923199; VAPI: Metro Hero : 9289922251; Shanti Hero : 9289923190; VISNAGAR: Auto World Hero : 9289923055; VERAVAL: Jagdish Hero : 9289922300; VALSAD: Shanti Hero : 9289922234; UNA: Modheshwary Hero : 9289922596; VYARA: Wheel Hero : 9289922732

Cheil 33547/26

મુખ્યમંત્રીની સુરક્ષામાં ફરજ બજાવતા હતા

# ગાંધીનગરમાં PSIએ સર્વિસ રિવોલ્વરથી લમણે ગોળી મારી આપઘાત કરી લીધો

ગાંધીનગર, બુધવાર

ગાંધીનગરના સેક્ટર-૨૭ પોલીસ લાઈનમાં સરકારી ક્વાર્ટરમાં રાજ્યના મુખ્યમંત્રીની સુરક્ષામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેક્ટરએ પોતાની જ સર્વિસ રિવોલ્વરથી લમણે ગોળી મારીને આત્મહત્યા કરી લીધી છે. આ બનાવની જાણ થતા જ પોલીસ બેડામાં ભારે ચકચાર મચી ગઈ છે અને ઉચ્ચ પોલીસ અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.

## સેક્ટર-૨૭ પોલીસ લાઈન સરકારી ક્વાર્ટરમાં જ ઘરકંકાસથી કંટાળીને જીવન ટૂંકાવ્યાનું પ્રાથમિક અનુમાન



ગાંધીનગરના સેક્ટર-૨૭ પોલીસ લાઈનમાં સરકારી ક્વાર્ટરમાં રહેતા અને મુખ્યમંત્રીની સુરક્ષા બંદોબસ્તમાં ફરજ બજાવતા પીએસઆઈ તન્વીરસિંહ જી. ઝાલા દ્વારા આજે પોતાના ઘરે અચાનક પોતાની જ સર્વિસ પિસ્તોલથી લમણે ગોળી મારીને આત્મઘાતી પગલું ભરી લેવામાં આવ્યું હતું. ગોળીનો અવાજ સાંભળીને આસપાસના લોકો અને સહકર્મીઓ તુરંત જ તેમના રૂમ તરફ દોડી આવ્યા હતા, પરંતુ ત્યાં સુધીમાં ઘણું મોડું થઈ ગયું હતું અને પીએસઆઈનું મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે સેક્ટર-૨૧ પોલીસે જણાવ્યું હતું કે, મૃતક પીએસઆઈ તન્વીરસિંહ ઝાલાના પરિવારમાં પત્ની અર્ચના અને બે બાળકો છે. છેલ્લા કેટલાક સમયથી પતિ-પત્ની વચ્ચે ઘરેલુ કંકાસ ચાલી રહ્યો હતો અને આજે પણ સવારના કોઈ બાબતે ઝઘડો થયો હતો, જેનાથી આવેશમાં આવીને તેમણે આ અંતિમ પગલું ભરી લીધું હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. મૂળ બનાસકાંઠા જિલ્લાના કુડા ગામના વતની એવા તન્વીરસિંહ ઝાલા વર્ષ ૨૦૧૭ની બેચમાં ડાયરેક્ટ પીએસઆઈ તરીકે પોલીસ ખાતામાં જોડાયા હતા અને લાંબા સમયથી ગાંધીનગર ખાતે પોતાની સેવાઓ આપી રહ્યા હતા. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ગાંધીનગર એસપી સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડ્યો છે. આ સમગ્ર મામલે પરિવારજનો, નિકટના મિત્રો અને સહકર્મીઓની પૂછપરછ કરવામાં આવી રહી છે તેમજ ટેકનિકલ પુરાવાઓ એકત્ર કરવા માટે એફએસએલની મદદ પણ લેવામાં આવી રહી છે.

## વાત વાતમાં

# એક માળિયાની ગઝલ!

બિચારા કવિઓને એમની આસપાસની દુનિયામાંથી વિષયો મળતા નથી! જ્યારે અમને તો અમારા ઘરના માળિયામાંથી જ ગઝલ સૂઝે છે!

(આમ તો માળિયે મુકાઈ ગયેલી એક જૂની ગઝલની પેરોડી છે... ઇર્શાદ!)

* * *

હો ઊંચી હવેલી
કે નાનકડું ઘર
છે સરખી વ્યથા
માળિયે... માળિયે....

* * *

કરોળિયાનાં જાળાં
ગરોળીઓનાં ઈંડાં
ભમરીઓનાં ઘર
કે બદમાશ વંદા...
છે એ જ જીવસૃષ્ટિ
માળિયે... માળિયે....

* * *

હો પતિ માળિયે
કે ઘરનોકર ગયો,
ફરક છે ઘણો
માળિયે, માળિયે....
ઠપકો પતિને ને
મસકો નોકરને
કહો, તુલના જ ક્યાં ?
માળિયે... માળિયે....

* * *

કોઈ પ્યાલો કે બરણી
જૂનો ડોયો કે ગળણી
કંઈ ખીંટી, વળગણી
કંઈ દોરી સરકણી
બેઠી છે મળવા
યાદો પુરાણી...
રિપીટ કરે છે
જૂની કહાણી...
છે એ જ 'રિ-મિક્સ'
માળિયે... માળિયે....

* * *

આંખો રડે છે
નાક પણ દદડે છે
ગળે બાઝે ડૂમો
હોઠ પણ ના ખૂલે
'ઈમોશન્સ' કરે છે
જે જગ્યાઓ અહીં
છે એની કદર ક્યાં ?
માળિયે... માળિયે....

* * *

ઝાપટી-ઝૂપટીને
ફરી ત્યાં જ મુકો
ફ્લેશ-બેકમાં જઈને
પ્રેઝન્ટમાં આવો
છે વાર્ષિક વિઝિટ ?
કે એન્યુઅલ ઈન્સ્પેક્શન ?
બંધ છે ગઠરીયાં...
માળિયે... માળિયે....

- મન્નુ શેખચલ્લી

NCBના આંકડાએ ડ્રગ્સનું ડરામણું ચિત્ર રજૂ કર્યું

# ગુજરાતમાં સિન્થેટિક ડ્રગ્સનું નેટવર્ક વિસ્તર્યું : નવી પેઢી નશાના સકંજામાં

અમદાવાદ,બુધવાર

ગુજરાતમાં નશીલા પદાર્થોના કાળા કારોબાર હવે ફુલીફાલી રહ્યો છે. નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોના અહેવાલે જ ગુજરાતમાં ડ્રગ્સનું ડરામણું ચિત્ર રજૂ કર્યુ છે. સુરક્ષા એજન્સીઓની કડક કાર્યવાહી છતાં પણ ગુજરાતમાં ડ્રગ્સ માફિયાઓ વધુ સક્રિય થયા હોવાના પુરાવા મળી રહ્યા છે. છેલ્લા ત્રણ વર્ષના આંકડા દર્શાવે છે કે, યુવાપેઢીને બરબાદ કરતા ચરસ અને અફીણ કરતાં ઘાતક સિન્થેટિક્સ ડ્રગ્સના સપ્લાયમાં મોટાપાયે વધારો થયો છે.

## ડ્રગ્સ માફિયાઓએ ફાર્માસ્યુટિકલ નશાનું નવું બજાર ઉભું કર્યું, માત્ર એક જ મહિનામાં ૧૬૧૩ કિલો 'કોડિન' જપ્ત

સુરક્ષા એજન્સીઓએ કરેલી કામગીરીના અહેવાલ જ સાબિત કરે છે કે ડ્રગ્સ નેટવર્કની પકડ ગુજરાતમાં મજબૂત થઈ રહી છે. વર્ષ ૨૦૨૨ માં યુવા પેઢી માટે સૌથી ઘાતક ગણાતા એમ્ફિટેમાઈન ટાઈપ સ્ટિમ્યુલન્ટ્સ ૨૨૩.૭૮ કિલો જપ્ત કરાયુ હતું. જે વર્ષ ૨૦૨૪માં ત્રણ ગણી વધીને ૮૦૮ કિલોએ પહોંચી ગઈ છે.આ જ પ્રમાણે હાશિશની પણ રેકોર્ડબ્રેક ઘૂસણખોરી થઈ રહી છે. વર્ષ ૨૦૨૨માં ૯૩૩.૯૭ કિલો ચરસ ઝડપાયું હતું, જે વર્ષ ૨૦૨૪માં સીધું ૩,૭૧૬ કિલોના ભયજનક સ્તરે પહોંચી ગયું છે.

અફીણની હેરાફેરી પણ વધી છે. વર્ષ ૨૦૨૨ ના ૧૧.૪૮ કિલો અફીણ પકડાયુ હતું. જ્યારે ૨૦૨૪ માં આ પકડાયેલો જથ્થો સીધો ૩૨૦ કિલો થયો હતો. જે સ્થાનિક સ્તરે વધતી માંગ તરફ ઈશારો કરે છે.કાયદાના ડર વગર ડ્રગ્સ માફિયાઓ ફાર્માસ્યુટિકલ નશાનું નવું બજાર ઊભું કરી રહ્યા છે. વર્ષ ૨૦૨૫

**ચરસ-અફીણના સપ્લાયમાં ઉછાળો,નશીલી દવાના બજારમાં તેજી, ઈન્ટરનેશનલ ડ્રગ્સ માફિયાનો ડોળો ગુજરાત પર મંડાયો**

ના માત્ર જાન્યુઆરી મહિનાના એક જ ડેટામાં ચોંકાવનારો ખુલાસો થયો છે કે માત્ર ૩૧ દિવસમાં ૧,૬૧૩ કિલો કોડીન જપ્ત કરાયું હતું. નોંધનીય છેકે, નશીલી સિરપ અને દવાઓમાં કોડિન વપરાય છે. આ આંકડો દર્શાવે છે કે કાયદાકીય સકંજા વચ્ચે પણ નશીલી દવાઓનું ગેરકાયદેસર બજાર તેજીથી ધમધમી રહ્યું છે.યુવા પેઢી આજે નશાના બંધાણી બન્યાં છે.

એનસીબીઆ આંકડા સ્પષ્ટ ચેતવણી આપે છે કે માત્ર ડ્રગ્સ પકડવા પૂરતું નથી, પરંતુ ગુજરાતના યુવાધનને બચાવવા માટે આ આંતરરાષ્ટ્રીય સપ્લાય ચેઈનના મૂળિયાં કાપવા અત્યંત અનિવાર્ય બન્યાં છે.

આ સ્થિતી જોતા એ વાત નક્કી છેકે, આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ માફિયાઓનો ડોળો હાલ ગુજરાત પર મંડરાયેલો છે.

# 'કોંગ્રેસ મુક્ત ભારત'ને બદલે ખુદ ભાજપ જ કોંગ્રેસયુક્ત બની ગયો છે

(પ્રતિનિધિદ્વારા) વડોદરા,બુધવાર

**વડોદરા શહેર ભાજપમાં આંતરિક વિખવાદ શમવાનું નામ લેતો નથી. વોર્ડ નંબર-૭ના પ્રમુખની નિમણૂકથી શરૂ થયેલો વિવાદ હવે પોસ્ટરબાજી અને કાર્યકર્તાઓની નારાજગી સુધી પહોંચ્યો છે. શહેરના ભાયલી, વાસણા, ઓ.પી. રોડ, ખાતે ગઈકાલે રાત્રે લાગેલાં પોસ્ટરોમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ''કોંગ્રેસ મુક્ત ભારત''ના વિચારનો ઉલ્લેખ કરીને ભાજપ પોતે જ કોંગ્રેસયુક્ત બની ગયું હોવાનો કટાક્ષ કરવામાં આવ્યો છે. ''ભાજપ સુધારો, લોકશાહી બચાવો'' જેવા સૂત્રો સાથે લાગેલાં આ પોસ્ટરોએ પક્ષના સંગઠનમાં ચાલી રહેલા આંતરિક અસંતોષને ફરી ચર્ચામાં લાવી દીધો છે.**

## શહેર ભાજપના કાર્યકરોમાં ઊકળતા અસંતોષની લાગણી હવે જાહેર પોસ્ટરોમાં છલકાવા માંડી

અગાઉ વોર્ડ નંબર-૭ના પ્રમુખની નિમણૂકને લઈને વિવાદ થયો હતો. ત્યારબાદ એક કાર્યકરે પણ પક્ષમાં વહાલા-દવલાની નીતિ અપનાવાતી હોવાના આક્ષેપો કર્યા હતા. હવે જાહેર સ્થળોએ લાગેલાં પોસ્ટરોના કારણે ભાજપની સંગઠનાત્મક કાર્યપદ્ધતિ સામે ફરી સવાલો ઊભા થયા છે.

બીજી તરફ, ભાજપ દ્વારા આજે નવલખી મેદાનથી ''લોકતંત્ર બચાવો, અરાજકતા હટાવો'' યાત્રા કાઢવામાં આવનાર છે. યાત્રામાં મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ જોડાય તે માટે ગઈકાલે શક્તિ કેન્દ્રના કાર્યકર્તાઓની બેઠક યોજાઈ હતી. જોકે, આ બેઠકમાં પ્રદેશના મહામંત્રીએ જ વડોદરા ભાજપની હાલની સ્થિતિ અંગે નારાજગી વ્યક્ત કરતાં સંગઠનની અંદર ચાલી રહેલી ખેંચતાણ સપાટી પર આવી હતી.

આ બેઠકમાં કેટલાક કાર્યકર્તાઓની નારાજગી પણ સામે આવી હતી. કેટલાક કાર્યકર્તાઓએ કટાક્ષ કરતાં જણાવ્યું હતું કે, અમે ગ્રેજ્યુએટ નથી, એટલે તમે ભણેલા-ગણેલાને યાત્રામાં બોલાવજો. કાર્યકર્તાઓની આ ટિપ્પણી સંગઠનમાં પોતાની અવગણના થતી હોવાની લાગણી અને અસંતોષ દર્શાવે છે.

વડોદરા ભાજપમાં હાલમાં વિવિધ હોદ્દાઓ પર નિમણૂકોને લઈને કોના માણસને સ્થાન મળ્યું અને કોને પડતા મૂકવામાં આવ્યા તેની ચર્ચાઓ ચાલી રહી છે. કોઈ કાર્યકર્તાની નિમણૂક રદ થાય કે તેને હોદ્દાથી દૂર રાખવામાં આવે તો તેની પાછળ ચોક્કસ ધારાસભ્યની નારાજગી કે જૂથબંધી જવાબદાર હોવાની ચર્ચાઓ છે.શિક્ષણ સમિતિના હોદ્દાઓ માટે થયેલી પસંદગીથી શરૂ થયેલો વિવાદ હવે પ્રદેશ સ્તર સુધી પહોંચ્યો છે.

# મુખ્ય શિક્ષકોની આંતરિક જિલ્લા બદલી કાર્યક્રમ જાહેર: પ્રક્રિયા ઓફલાઈન કરાશે

અમદાવાદ,બુધવાર

રાજ્યની સરકારી પ્રાથમિક સ્કૂલોના મુખ્ય શિક્ષકો-આચાર્યોની જિલ્લા આંતરિક બદલી માટે નો કાર્યક્રમ અંતે પ્રાથમિક શિક્ષણ વિભાગ દ્વારા આજે જાહેર કરી દેવાયો છે.જે મુજબ ૩ નવેમ્બરે પ્રથમ તબક્કો અને ૪ નવેમ્બરે સામાન્ય તબક્કો યોજાશે. જિલ્લા આંતરિક અરસ પરસ બદલી માટે ૩૦ ઓક્ટોબરથી પાંચ નવેમ્બર સુધી અરજી કરી શકાશે. જ્યારે તાલુકા કક્ષાએથી જિલ્લા આંતરિક અરસ પરસ બદલી માટે અરજીઓને જિલ્લા કક્ષાએ ૧૬ નવેમ્બરે રજૂ કરવામા આવશે. ૧૭ નવેમ્બરે આંતરિક અરસ પરસ બદલ કેમ્પ યોજાશે. સરકારે આ આંતરિક જિલ્લા બદલી અને અરસપરસ બદલી માટેની પ્રક્રિયા ઓફલાઈન પદ્ધતિથી કરવાનો આદેશ કર્યો છે. જિલ્લાઓમાં થયેલ ભરતીના રેશિયો પર અસર ન થાય અને સેમિ ડાયરેકટ ભરતી અંતર્ગત સંખ્યામાં ફેરફાર ન થાય તે માટે હાલ જિલ્લા અરસ પરસ બદલીને મંજૂરી હાલ નથી અપાઈ.

## અવસાન નોંધ

**પટેલ :** સ્વ. મધુબેન ધીરૂભાઈ પટેલનું બેસણું, ૮/૨૯ ગવર્મેન્ટ'ઈ' કોલોની, કેયુર મેડીકલની સામે, બાપુનગર, સવારે ૯થી ૧૧.૩૦

**વાચકોએ નોંધ લેવી કે કોઈપણ જાહેરખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઈ બાંયેધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પૂરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.**

**- જાહેરખબર મેનેજર**

લોક પ્રકાશન લી. અમદાવાદ વતી મુદ્રક, પ્રકાશક શ્રી શ્રેયાંસ શાંતિલાલ શાહે (૧) પ્રજાબંધુ પ્રેસ, ખાનપુર, અમદાવાદ-૩૮૦૦૦૧. (૨) નીલગીરી પ્રેસ, સેટેલાઈટ, અમદાવાદ- ૩૮૦૦૫૯ ખાતે છાપ્યું અને ગુજરાત સમાચાર ભવન, ખાનપુર ખાતેથી પ્રસિધ્ધ કર્યું. અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ
Regd. NI. GAMC 28

Owned by Lok Prakashan Limited for Ahmedabad Edition, Printer & Publisher Shri Shreyansh S. Shah Printed at (1) prajabandhu press, khanpur, Ahmedabad-380001 (2) Nilgiri press, satelite,Ahmedabad- 380059 and Published from Gujarat Samachar Bhavan Khanpur, Ahmedabad. Founder Editor: Lt. Shantilal A.Shah
Regd.NI.GAMC 28

## રાષ્ટ્રીય એકતા

(છેલ્લા પાનાનું ચાલુ)

સંસ્થાઓ પર થોપી દેવાયો છે. ૩ હજાર ગામોનો ખર્ચ ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ ઉઠાવશે જ્યારે ૩ હજાર ગામોનો ખર્ચ ગુજકોમાસોલના ખાતામાંથી ઉધારાશે. અન્ય સહકારી સંસ્થાને પણ જવાબદારી સોંપાઈ છે. વિપક્ષે એવો મુદ્દો ઉઠાવ્યો છેકે, જે નાણાં ખેડૂતો, પશુપાલકોના કલ્યાણ અને ગ્રામ્ય વિકાસ માટે વાપરવાના હોય, તેનો ઉપયોગ સત્તાધારી પક્ષ પોતાની છબી ચમકાવવાના નામે રાજકીય રોટલા શેકવા કરી રહ્યો છે. આજે ગુજરાતના ગામડાં પરેશાન છે અને ખેતી બેહાલ છે. જગતના તાતની સ્પષ્ટ માંગ છે કે તેમને કોઈના 'ભાષણ' નથી જોઈતા, પરંતુ પાકના પોષણક્ષમ ભાવ અને તાકીદે આર્થિક વળતરની રાહત જોઈએ છે. દુષ્કાળની પરિસ્થિતી વચ્ચે ખેડૂતોના આંસુ લૂછવા માટે સરકાર પાસે પૈસા નથી, તો ભાષણો અને ગુણગાન ગાવા માટે સહકારી તિજોરીઓ ખોલી દેવાઈ છે. કોંગ્રેસે એવી પણ માંગ કરી છેકે, ૩૧મી ઓક્ટોબરના કાર્યક્રમો પાછળ કુલ કેટલો ધુમાડો કરાયો તેનો સત્તાવાર હિસાબ સરકાર જાહેર કરે.

## ઓપરેશન ગંગાજળ

(છેલ્લા પાનાનું ચાલુ)

ગ્રામ પંચાયતોના વિવિધ વિકાસ કામો, ગ્રાન્ટની ફાળવણી અને સરકારી યોજનાઓના અમલીકરણમાં મોટા પાયે આર્થિક ગેરરીતિ તેમજ લાંચ-રુશ્વતના આક્ષેપો થયા હતા. સ્થાનિક અરજદારો, ચૂંટાયેલા પ્રતિનિધિઓ તેમજ નાગરિકોએ સરકારને પુરાવા સાથે લેખિત ફરિયાદો કરી હતી. આ ફરિયાદોને પગલે ઉચ્ચ કક્ષાએથી વિશેષ તપાસ સમિતિની રચના કરીને ખાતાકીય તપાસ હાથ ધરવામાં આવી હતી. આખરે સરકારે આ પગલુ ભર્યુ હતું. ભ્રષ્ટ અધિકારીઓને નોકરીમાંથી હાંકી કાઢવા'ઓપરેશન ગંગાજળ' અભિયાન હાથ ધરાયુ છે જે અંતર્ગત અત્યાર સુધીમાં કુલ ૮૫ જેટલા અધિકારી અને કર્મચારીઓ સામે કાયદાકીય અને વહીવટી પગલાં ભરીને ઘરભેગા કરાયાં છે.

## ગુજરાતમાં આજથી

(છેલ્લા પાનાનું ચાલુ)

વરસાદની આગાહી પણ કરવામાં આવી છે. જમ્મુ ઉપર સર્જાયેલા સાયક્લોનિક સર્ક્યુલેશન અને રાજસ્થાન પર સર્જાયેલા અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશનની અસર તળે ગુજરાતમાં ત્રણ દિવસ વરસાદ વરસવાની શક્યતા છે.




## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, (૧) સ્વ. અરવિંદભાઈ નારણભાઈના વારસદારો તરીકે (અ) જયાબેન અરવિંદભાઈ પટેલ, રહેવાસી-અમદાવાદના (બ) બીનાબેન તે અરવિંદભાઈ પટેલની દિકરી તે મિનેષભાઈ પટેલની પત્ની, રહેવાસી-અમદાવાદના (ક) વિજયભાઈ અરવિંદભાઈ પટેલ, રહેવાસી-અમદાવાદના (ડ) છાયાબેન તે અરવિંદભાઈ પટેલના દિકરી તે પ્રકાશભાઈ પટેલની પત્ની, રહેવાસી-અમદાવાદના (૨) સ્વ. રમેશભાઈ નારણભાઈના વારસદારો તરીકે (અ) મીનાબેન રમેશભાઈ પટેલ, રહેવાસી-અમદાવાદના (ક) પીનાબેન તે રમેશભાઈ પટેલની દિકરી, રહેવાસી-યુ.એસ.એના (ડ) અલ્પેશભાઈ રમેશભાઈ પટેલ, રહેવાસી-ન્યુયોર્કના (૩) પરેશભાઈ નટવરભાઈ, રહેવાસી-અમદાવાદનાએ રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ અમદાવાદના સબ-ડિસ્ટ્રીકટ અમદાવાદ-૯(બોપલ)ના તાલુકા ઘાટલોડીયાના ગામ મોજે થલતેજની સીમના ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર-૧ (થલતેજ)ના ફાઈનલ પ્લોટ નંબર-૩૨(સર્વે/બ્લોક નંબર-૯૩/૨)ની કુલ ૧૫૦૯ ચોરસમીટરની જમીન પૈકી ૫૦૬ ચોરસમીટરની બિનખેતીની જમીન ઉપર નિલકંઠ ઓનર્સ એસોસીએશન દ્વારા મુકવામાં આવેલ સ્કીમ કે જે 'સુરભી એપાર્ટમેન્ટ' તરીકે ઓળખાય છે. જેમાં આવેલ દુકાન નંબર-૧ ની બાંધકામવાળી મિલકત તથા એસોસીએશનના શેર સર્ટીફીકેટના તથા સભ્યપદના હક્કો, તેમજ એસોસીએશનની સહિયારી મિલકતો તથા સગવડતાઓમાંના વરાડે પડતા હક્કો સહિતની મિલકત એસોસીએશનના સભાસદ તરીકે તેઓની સંપુર્ણ, સંયુકત, સહિયારી માલિકી અને કબજા ભોગવટાની બોજારહીત હોવાનું જણાવી સદરહુ મિલકતના તેઓના ટાઈટલ્સ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના અભિપ્રાય અંગેના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે અને Darman Hetul Buildcon LLP એ નામની મર્યાદીત જવાબદારી ધરાવતી ભાગીદારી પેઢીને રી-ડેવલપમેન્ટ માટે આપવાનું નક્કી કરેલ છે તો સદરહુ મિલકત ઉપર કે કોઈપણ ભાગ ઉપર કોઈપણ શખ્સ, બોજો, ચાર્જ, લીયન હોય કે અન્ય કોઈનો કોઈપણ પ્રકારના દાવાદુવી હોય કે લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, હોય કે કોઈના કોઈપણ પ્રકારના બાનાખત કે અન્ય કોઈ ટ્રાન્સફર કરારના કે અન્ય કોઈ રીતે કોઈ હિત સંબંધથી પ્રાપ્ત થતાં હક્કો હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૭(સાત)માં તે બદલના પુરાવા સહિત(પુરાવા સિવાયના વાંધા ધ્યાન ઉપર લેવામાં આવશે નહિ) લેખિત જાણ પત્ર દ્વારા નીચેના સરનામે કરવી અને જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ મિલકત ઉપરના હક્કો જતા (વેવ) કરેલ છે, તેમ સમજી અમો સદરહુ મિલકતના ટાઈટલ કલીયરન્સના અભિપ્રાય અંગેનું પ્રમાણપત્ર આપીશું અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહિ. તેની નોંધ લેશો.

તારીખ ૨૮-૧૦-૨૦૨૬

**હિતેષ એમ. રાવલ**
**એડવોકેટ,**
**એચ. એમ. રાવલ એન્ડ કંપની,**
**એડવોકેટ્સ,**
ડી-બ્લોક, ગ્રાઉન્ડ ફલોર, સત્યમ કોર્પોરેટ સ્કવેર, એસ્ટ્રલ હાઉસ સામે, ઓફ સિંધુભવન રોડ, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૪.
ફોનઃ (ઓફીસ) ૨૬૭૬૨૦૪૦.

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ અમદાવાદના સબ-ડિસ્ટ્રીકટ અને તાલુકા સાણંદના ગામ મોજે ગોરજની સીમના સર્વે નંબર-૧૧૫ પૈકી ખાતા નંબર-૨૭૬ વાળી કુલ ૩૦૦૦ ચોરસમીટર જમીન પૈકી વગર વહેંચાયેલ ૧૫૦૦ ચોરસમીટરના ક્ષેત્રફળની જુની શરતની ખેતીની જમીન નાગરભાઈ પોપટભાઈ કોળી પટેલે તેઓની સંપૂર્ણપણે સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની તથા તમામ બોજા રહિત હોવાનું જણાવી અમારી પાસેથી સદરહુ જમીનના ટાઇટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. તો સદરહુ જમીન ઉપર જો કોઇનો કોઇપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય તો તે તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોને તે બદલના પુરાવા સહિત લેખિતમાં જાણ નીચેના સરનામે કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ જમીન ઉપર અન્ય કોઇપણ વ્યક્તિનો કોઇપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો નથી અને હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ માની અમો ટાઇટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટ આપીશું અને ત્યારબાદ કોઇની કોઇપણ જાતની તકરાર ચાલશે નહી.

ફાઇલ નંબર-૧૦૪૨૩
તારીખ : ૨૯-૧૦-૨૦૨૬

**શરદ એન. દરજી**
**(એડવોકેટ એન્ડ નોટરી)**
**(એમ.કોમ., એલ.એલ.બી.)**
ઓફીસ : બી-૫૦૧, સત્યમેવ કોમ્પલેક્ષ, ન્યુ ગુજરાત હાઈકોર્ટ સામે, એસ.જી. હાઈવે, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦
ફોન નંબર : ૦૭૯-૨૬૪૬૯૮૦૦

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, હીમાંશુભાઈ ગોવીંદભાઈ, રહેવાસી-અમદાવાદનાએ રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અમદાવાદના સબ-ડીસ્ટ્રીકટ અને તાલુકા માંડલના ગામ મોજે સીતાપુરની સીમના રી-સર્વે અનુસારના સર્વે/બ્લોક નંબર-૨૭૩(જુના સર્વે/બ્લોક નંબર-૧૦૬૯ કે જેના જુના સર્વે/બ્લોકનંબર-૬૦૨/૨ તથા ૬૧૦/૧)ના ખાતા નંબર-૭૧૭ની હે-આરે-ચોમી ૨-૦૩-૪૯ યાને કે ૨૦૩૪૯ ચોરસમીટરની ખેતીની જમીન તેમની સંપૂર્ણ, સ્વતંત્ર, માલિકી અને કબજા ભોગવટાની હોવાનું જણાવી સદરહુ જમીન અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે તથા અમારા અસીલે સદરહુ જમીન અંગેના ઉપરોક્ત જમીનમાલિકના ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના અભિપ્રાય અંગેના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે અને અમારા અસીલે રજુ કરેલ ઉપરોક્ત જમીનમાલિકનું સંમતિપત્ર તેમજ અમારા અસીલની સુચના અને સંમતિ અનુસાર આ જાહેર નોટીસ પ્રસિદ્ધ કરાવેલ છે તો સદરહુ જમીન ઉપર કે તેના કોઈપણ ભાગ અંગે કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, દાવાદુવી હોય કે લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, બોજો, લીયન હોય કે સદરહુ જમીન ઉપર કોઈના કોઈપણ પ્રકારના બાનાચિઠ્ઠી, બાનાખત કે અન્ય કોઈ ટ્રાન્સફર કરારના કે અન્ય કોઈ રીતે કોઈ હિત સંબંધથી પ્રાપ્ત થતાં હક્કો હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન- ૭(સાત)માં તે બદલના પુરાવા સહિત(પુરાવા સિવાયના વાંધા ધ્યાન ઉપર લેવામાં આવશે નહિ) લેખિત જાણ પત્ર દ્વારા નીચેના સરનામે કરવી અને જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ જમીન ઉપર કે તેના કોઈપણ ભાગ અંગે કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, દાવાદુવી કે લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, બોજો, લીયન કે કોઈના કોઈપણ પ્રકારના બાનાચિઠ્ઠી, બાનાખત કે અન્ય કોઈ ટ્રાન્સફર કરારના કે અન્ય કોઈ રીતે કોઈ હિત સંબંધથી પ્રાપ્ત થતાં હક્કો નથી અને હોય, તો તે જતા (વેવ) કરેલ છે, તેમ સમજી અમો સદરહુ જમીનના ટાઈટલ કલીયરન્સના અભિપ્રાય અંગેનું પ્રમાણપત્ર આપીશું તથા અમારા અસીલ સદરહુ જમીનના વેચાણની કાર્યવાહી પુર્ણ કરશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં. તેની નોંધ લેશો.

તારીખ ૨૮-૧૦-૨૦૨૬

**હિતેષ એમ. રાવલ**
**એડવોકેટ,**
**એચ. એમ. રાવલ એન્ડ કંપની,**
**એડવોકેટ્સ,**
ડી-બ્લોક, ગ્રાઉન્ડ ફલોર, સત્યમ કોર્પોરેટ સ્કવેર, એસ્ટ્રલ હાઉસ સામે, ઓફ સિંધુભવન રોડ, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૪.
ફોનઃ (ઓફીસ) ૨૬૭૬૨૦૪૦.

## જાહેર નોટિસ

જત રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ સબ-ડિસ્ટ્રીક્ટ અમદાવાદ-૬ (નરોડા) ના તાલુકા અસારવાના મોજે - સૈજપુર બોઘા ની સીમના મિલકત કાર્ડ નં.૮૪૨૧૬ ના વોર્ડ સૈજપુર ના સીટી સર્વે નં.૧૦૬૩/અ/૧ (જુના સર્વે નં. ૪૫ પૈકી ના ટી.પી સ્કીમ નં.૪૭ ના ફાઈનલ પ્લોટ નં.૫૭) ની ૫૯૧૬ ચો.મી. ના ક્ષેત્રફળવાળી બીનખેતીની જમીન MANTRA BUILDCON એ નામની ભાગીદારી પેઢીની માલિકી, કબજા-ભોગવટાની બોજાઓથી મુક્ત ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ આવેલી છે તેમ જણાવી તેઓએ અમારી પાસે સદરહુ જમીનના ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ હોવાના અભિપ્રાય અંગેના સર્ટીફીકેટ ની માંગણી કરેલ છે તો સદરહુ જમીનમાં કોઈ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો હોય તો દિન-૭ (સાત) માં પ્રમાણીત પુરાવા સહિત લેખીતમાં રજી.એ.ડી. થી જાણ કરવી (પ્રમાણિત પુરાવા વગરનાં વાંધા ધ્યાને લેવાશે નહી) અને જો તેમ કરવામાં કસુર થશે તો કોઈ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો ઈત્યાદી નથી અને જો હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ સમજી ટાઈટલ કલીયરન્સના અભિપ્રાય અંગેનું સર્ટીફીકેટ આપીશું ત્યારબાદ કોઈની કોઈ તકરાર ચાલશે નહી.

**દિનેશ બી. પટેલ, એડવોકેટ**
ઓફીસ : સી-૪૦૪, રેવતી પ્લાઝા, ભક્તિ સર્કલ પાસે, એસ. પી. રીંગ રોડ, ન્યુ નિકોલ, અમદાવાદ - ૩૮૦૦૪૯.
મો. નં. ૯૮૭૯૦ ૫૭૨૯૦.

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, કમળાબેન ઈશ્વરભાઈ પટેલ, રહેવાસી-અમદાવાદનાએ રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અમદાવાદના સબ-ડીસ્ટ્રીકટ અને તાલુકા માંડલના ગામ મોજે સીતાપુરની સીમના રી-સર્વે અનુસારના સર્વે/બ્લોક નંબર-૨૫૮(જુના સર્વે/બ્લોક નંબર-૧૦૮૫ કે જેના જુના સર્વે/બ્લોક નંબર-૬૨૭/૩)ના ખાતા નંબર-૧૨૦૨ની હે-આરે-ચોમી ૧-૨૯-૬૬ યાને કે ૧૨૯૬૬ ચોરસમીટરની ખેતીની જમીન તેમની સંપૂર્ણ, સ્વતંત્ર, આગવી માલિકી અને કબજા ભોગવટાની હોવાનું જણાવી સદરહુ જમીન અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે તથા અમારા અસીલે સદરહુ જમીન અંગેના ઉપરોક્ત જમીનમાલિકના ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના અભિપ્રાય અંગેના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે અને અમારા અસીલે રજુ કરેલ ઉપરોક્ત જમીનમાલિકનું સંમતિપત્ર તેમજ અમારા અસીલની સુચના અને સંમતિ અનુસાર આ જાહેર નોટીસ પ્રસિદ્ધ કરાવેલ છે તો સદરહુ જમીન ઉપર કે તેના કોઈપણ ભાગ અંગે કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, દાવાદુવી હોય કે લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, બોજો, લીયન હોય કે સદરહુ જમીન ઉપર કોઈના કોઈપણ પ્રકારના બાનાચિઠ્ઠી, બાનાખત કે અન્ય કોઈ ટ્રાન્સફર કરારના કે અન્ય કોઈ રીતે કોઈ હિત સંબંધથી પ્રાપ્ત થતાં હક્કો હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭(સાત)માં તે બદલના પુરાવા સહિત(પુરાવા સિવાયના વાંધા ધ્યાન ઉપર લેવામાં આવશે નહિ) લેખિત જાણ પત્ર દ્વારા નીચેના સરનામે કરવી અને જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ જમીન ઉપર કે તેના કોઈપણ ભાગ અંગે કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, દાવાદુવી કે લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, બોજો, લીયન કે કોઈના કોઈપણ પ્રકારના બાનાચિઠ્ઠી, બાનાખત કે અન્ય કોઈ ટ્રાન્સફર કરારના કે અન્ય કોઈ રીતે કોઈ હિત સંબંધથી પ્રાપ્ત થતાં હક્કો નથી અને હોય, તો તે જતા (વેવ) કરેલ છે, તેમ સમજી અમો સદરહુ જમીનના ટાઈટલ કલીયરન્સના અભિપ્રાય અંગેનું પ્રમાણપત્ર આપીશું તથા અમારા અસીલ સદરહુ જમીનના વેચાણની કાર્યવાહી પુર્ણ કરશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં. તેની નોંધ લેશો.

તારીખ ૨૮-૧૦-૨૦૨૬

**હિતેષ એમ. રાવલ**
**એડવોકેટ,**
**એચ. એમ. રાવલ એન્ડ કંપની,**
**એડવોકેટ્સ,**
ડી-બ્લોક, ગ્રાઉન્ડ ફલોર, સત્યમ કોર્પોરેટ સ્કવેર, એસ્ટ્રલ હાઉસ સામે, ઓફ સિંધુભવન રોડ, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૪.
ફોનઃ (ઓફીસ) ૨૬૭૬૨૦૪૦.

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે,રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ અમદાવાદના સબ-ડિસ્ટ્રીકટ અમદાવાદ-૧૪(વસ્ત્રાલ)ના તાલુકા દસ્ક્રોઈના ગામ મોજે હીરાપુરની સીમના નવા બ્લોક નંબર-૨૬૮(જુના બ્લોક નંબર-૮૯૩બ)ની કુલ ૧૬૬૨૦ ચોરસમીટર જુની શરતની ખેતીની જમીન(૧)વિષ્ણુભાઈ ભીખાભાઈ દેસાઈ,(૨)જેરામભાઈ ભીખાભાઈ દેસાઈ (નંબર-૧ તથા ૨ વ.વ.૫૦%ના હિસ્સેદાર),(૩)વાસુભાઈ રામાભાઈ દેસાઈ,(૪)અલ્પેશ વાસુભાઈ દેસાઈ તથા (૫)શ્વેતા અલ્પેશ દેસાઈ(નંબર-૩ થી ૫ વ.વ.૫૦%ના હિસ્સેદાર)એ તેઓની સંપુર્ણપણે સંયુક્ત, માલિકી, કબજા,ભોગવટાની તમામ બોજા રહીત હોવાનું જણાવી અમારી પાસેથી સદરહુ જમીનના ટાઈટલ્સ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના પ્રમાણપત્ર ની માંગણી કરેલ છે. તો સદરહુ જમીન ઉપર જો કોઈનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ,હક્ક,હીત,હીસ્સો, દાવો કે બોજો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭(સાત)માં અમોને તે બદલના જરૂરી પુરાવાઓ સહીત લેખિતમાં જાણ નીચેના સરનામે કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈપણ વ્યક્તિનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ,હક્ક, હીત,હીસ્સો,દાવો કે બોજો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ માનીને અમો સદરહુ જમીનનું ટાઈટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટ આપીશુ અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં.

તારીખ - ૨૯/૧૦/૨૦૨૬

**કૌશિક.જી.પટેલ**
**(એડવોકેટ એન્ડ નોટરી)**
**(બી.એસ.સી.,એલ.એલ.બી.)**
ઓફીસ :-૧૨.બીજો માળ, જે. બી. આર. આર્કેડ,આર.કે.રોયલ હોલની બાજુમાં, સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦.
મો.નં.૯૮૨૪૬૭૮૭૬૯

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, ડિસ્ટ્રીક્ટ મહેસાણા રજીસ્ટ્રેશન સબ-ડિસ્ટ્રીકટ તથા તાલુકા સતલાસણાનાં ગામ મોજે ફતેપુરાની સીમનાં ખાતા નંબર- ૧૦૧ નાં (એ) સર્વે નંબર- ૬૧૬ (જુના સર્વે/બ્લોક નંબર- ૭૧ પૈકી ૨)નાં ક્ષેત્રફળ- ૪૪૬૩ સમચોરસમીટર જુની શરતની ખેતીની જમીન તથા (બી) સર્વે નંબર- ૬૫૫ (જુના સર્વે/બ્લોક નંબર- ૧૧૯ પૈકી ૨)નાં ક્ષેત્રફળ- ૫૬૪૯ સમચોરસમીટર જુની શરતની ખેતીની જમીન, (૧) ઠાકોર કેશાજી નરભાજી, (૨) ઠાકોર નટવરજી નરભાજી, (૩) ઠાકોર લાલાજી નરભાજી તથા (૪) ઠાકોર રેવાજી નરભાજી, સર્વે ઠેકાણું : ફતેપુરાગઢ, ખોડામલી, મહેસાણાનાંએ તેઓનાં સંયુક્ત માલીકી કબજા ભોગવટા તથા ખુદખેડમાં તથા તમામ પ્રકારનાં બોજાઓથી મુક્ત આવેલ હોવાનું જણાવી ઉપરોકત પૈકી નંબર-૪ નાંએ અમારી પાસે ઉપરોકત જમીનનાં ટાઈટલ કલીયરન્સ સર્ટિફીકેટની માંગણી કરેલ છે. સબબ સર્વે શખ્સો, વ્યક્તિ, પેઢી, બેંક, નાણાંકીય સંસ્થા કે અન્ય કોઈપણ કે જેઓ વેચાણ, વારસો, ભેટ, લાયસન્સ, કબજો, ગીરો, લીયન, ચાર્જ, ભરણપોષાણ, ઈઝમેન્ટ, અદલાબદલો, ડેવલપર કે ફાઈનાન્સર તરીકે કે બાનાખત કરાર, પાવર ઓફ એટર્ની, કબજા કરાર, સમજૂતી કરાર, હુકમનામું કે અન્ય કોઈ લખાણ હેઠળ કે કોર્ટ કાર્યવાહી હેઠળ કે કુટુંબના સભ્ય કે વારસદાર તરીકે કે બીજી કોઈપણ રીતે ઉપરોકત જમીન પર હક્ક, દાવો કે અલાખો ધરાવતા હોય તેમણે તેની લેખિત જાણ પુરાવાની સર્ટીફાઈડ નકલ સાથે આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત)ની અંદર નીચેના સરનામે સ્પીડ પોસ્ટથી કરવી. જો તેમ કરવામાં નહીં આવે તો ઉપરોક્ત જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિસ્સો પોષાતો નથી અને પોષાતો હોય તો તે જતો યાને કે વેઈવ (WAIVE) કરેલ છે તેમ સમજી મુદ્દત વિત્યે ઉપરોકત જમીનનું ટાઈટલ કલીયરન્સ સર્ટિફીકેટ ઈશ્યુ કરવામાં આવશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં જેની આથી નોંધ લેવી.

તારીખ : ૨૮/૧૦/૨૦૨૬,
ફાઈલ નંબર- ૨૪૦૦૮/૪+૫

**B R PATEL & Co.**
**Advocates, Solicitors & Corporate Attorney's**
15, Dolly apartment, Ambawadi Circle, Ahmedabad-380006.
Phone : 26466400, 26466401

છેતરપિંડી કેસમાં પોલીસે સોનું મુદ્દામાલ તરીકે કબજે લીધું હતું

# કચ્છના ગાંધીધામ પોલીસ સ્ટેશનમાં મુદ્દામાલનું ૨૦૫ ગ્રામ સોનું ગાયબ

ગાંધીધામ, તા ૨૮

કચ્છના ગાંધીધામ-એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાંથી છેતરપિંડી કેસના મુદ્દામાલનું ૨૦૫ ગ્રામ સોનુ ગાયબ થયું હોવાની સત્તાવાર પોલીસ ફરિયાદ નોંધાઈ છે. વર્ષ ૨૦૧૩માં ગાંધીધામમાં સોની પાસેથી તે સમયે રૂ. ૪.૭૦ લાખની કિંમતનું સોનુ પરત આપવા ગાંધીધામ કોર્ટે ડિસેમ્બર-૨૦૨૫માં હૂકમ કર્યો હતો. પરંતુ, પોલીસ સ્ટેશનમાંથી સોનાના ઢાળિયાનો પત્તો ન લાગતાં મામલો હાઈકોર્ટમાં પહોંચ્યો હતો. હાઈકોર્ટમાં કન્ટેમ્પ્ટ પિટિશનની સુનાવણીના એક દિવસ અગાઉ ૨૭ ઓક્ટોબરે પૂર્વ કચ્છ એસપીના લેખિત હુકમ બાદ ગાંધીધામ એ ડિવિઝન પોલીસે તત્કાલીન ક્રાઈમ રાઈટર હેડ (હાલ નિવૃત્ત-ઉ.વ. ૬૯) મરતાજી શકરાજી નિનામા સામે ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમની કલમો હેઠળ ઉચાપત કર્યા અંગેનો ગુનો નોંધ્યો છે.

## હાઈકોર્ટમાં કન્ટેમ્પ્ટ પિટિશનની સુનાવણીના એક દિવસ પૂર્વે નિવૃત્ત ક્રાઈમ રાઈટર હેડ સામે ઉચાપતનો ગુનો નોંધાયો

ગાંધીધામમાં આવેલા મહાકાલી જ્વેલર્સના પ્રફુલ્લભાઈ જયંતીભાઈ સોની અને બિપીનભાઈ બાબુભાઈ આડેસરા સામે વર્ષ ૨૦૧૨ની ૧૮ ડિસેમ્બરે રાધાબેન પુરણસિંહ ચૌહાણે સોના-ચાંદીના દાગીના પરત નહીં આપવા બદલ છેતરપિંડી, વિશ્વાસઘાત અને ધમકી સહિતની કલમો હેઠળ ફરિયાદ નોંધાવી હતી. ગુનાની તપાસ દરમિયાન તત્કાલીન પી.એસ.આઈ જે.પી. સોલંકીએ ૩૧ જાન્યુઆરી, ૨૦૧૩ના રોજ પ્રફુલ્લ સોની પાસેથી ૨૦૫ ગ્રામ ૯૦૦ મિલિગ્રામનો સોનાનો ઢાળિયો, જેની કિંમત રૂ.૪.૭૦ લાખ હતી તે મુદ્દામાલ તરીકે જપ્ત કર્યો હતો. તે સમયના ગાંધીધામ એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં કાર્યવાહી બાદ સોનાના ઢાળિયાનો મુદ્દામાલ સીલ કરીને ક્રાઈમ રાઈટર હેડ મરતાજી નિનામાને સોંપવામાં આવ્યો હતો. તા. ૨૭ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ ગાંધીધામ પોલીસ સ્ટેશનના વર્તમાન પી.આઈ. એમ.જે. રાઠોડે નોંધાવેલી ફરિયાદ મુજબ નિનામાએ મુદ્દામાલ જમા કરાવવાના ચલાન મુજબ સોનાનો ઢાળિયો જમા નહીં કરાવી તેની ઉચાપત કરી અંગત ઉપયોગ કર્યો હોવાની ફરિયાદ ગાંધીધામ-એ પોલીસ સ્ટેશનમાં જ નોંધવામાં આવી છે.

### ૨૦૧૩માં ફરિયાદ નોંધાઈ ત્યારે ૪.૭૦ લાખની કિંમતનું સોનું વર્તમાન બજારમાં ૩૦ લાખનું

ગાંધીધામ પોલીસ સ્ટેશનમાં સોની વેપારી સામે છેતરપિંડીની ફરિયાદ ૩૧-૧-૨૦૧૩ના રોજ નોંધાવાઈ હતી ત્યારે ૨૦૫ ગ્રામ, ૯૦૦ મિલિગ્રામ સોનાની કિંમત ૪.૭૦ લાખ ગણાવવામાં આવી હતી. ફરિયાદ નોંધાયાને ૧૩ વર્ષ અને ૯ મહિના જેટલો સમય થયો છે. આજની તારીખે ફરિયાદ મુજબના ૨૦૫ ગ્રામ, ૯૦૦ મિલિગ્રામ સોનાની બજારકિંમત ૩૦.૩૮ લાખ ગણી શકાય.

નરોડા જીઆઈડીસીમાં આવેલી કંપનીના

# ડાયરેક્ટરના નામે મેસેજ કરી ૮૦ લાખ ટ્રાન્સફર કરાવી લીધા

અમદાવાદ,બુધવાર

શહેરના નરોડા જીઆઈડીસીમાં આવેલી એક કંપનીના કંપની સેક્રેટરીને વાયરસ વાળી ઝીપ ફાઈલ મોકલીને કોમ્પ્યુટર અને વોટ્સએપનો કંટ્રોલ મેળવીને વોટ્સએપમાં રહેતો ડાયરેક્ટરનો મોબાઈલ નંબર બદલીને તેમના નામે મેસેજ કરીને ૮૦ લાખ રૂપિયા ટ્રાન્સફર કરાવીને છેતરપિંડી કરવામાં આવી હોવાની ફરિયાદ સાયબર ક્રાઈમ સેલમાં નોંધવામાં આવી છે. જે અંગે પોલીસે બેંકના ટ્રાન્જેક્શનના આધારે તપાસ શરૂ કરી છે.

## વાયરસ વાળી ઝિપ ફાઈલ મોકલી કોમ્પ્યુટર અને વોટ્સએપનો કંટ્રોલ મેળવીને કારસ્તાન આચર્યું

નરોડા જીઆઈડીસીમાં આવેલી એક કંપનીમાં સોનિકા જૈન નામની મહિલા કંપની સેક્રેટરી તરીકે ફરજ બજાવે છે. જે તેમની કંપનીના ડાયરેક્ટર કપુરચંદ ગર્ગની સુચના મુજબ એકાઉન્ટ અને અન્ય કામગીરી કરે છે. ગત ૨૬મી ઓક્ટોબરના રોજ સોનિકા જૈનને કંપનીના ડાયરેક્ટર કપુરચંદનો વોટ્સએપ મેસેજ આવ્યો હતો કે એક કંપનીને અરજન્ટમાં ૮૦ લાખનું પેમેન્ટ કરવાનું છે. સાથેસાથે એકાઉન્ટની વિગતો હતી. આ મેસેજ કપુરચંદનો હોવાનું માનીને સોનિકા જૈને ૮૦ લાખ રૂપિયા ટ્રાન્સફર કરી આપ્યા હતા. તે દિવસે સાંજે કપુરચંદે ઓફિસ પર આવીને ૮૦ લાખના પેમેન્ટનું પુછતા સોનિકાએ તેમના વોટ્સએપ મેસેજ અંગે જાણ કરી હતી. પરંતુ, કપુરચંદે આવો મેસેજ કર્યો ન હોવાનું કહેતા તપાસ કરી ત્યારે જાણવા મળ્યું હતું કે વોટ્સએપ નંબર બદલી નખાયો હતો.

## રાષ્ટ્રીય અભિલેખાગાર સેન્ટરના અભિલેખપાલને ત્રણ વર્ષની સજા

અમદાવાદ,બુધવાર

રાજકોટમાં આવેલી જમીનના જૂના બ્રિટિશ લેન્ડ રેકોર્ડ્સ અને સીઆરઓ રેકોર્ડ્સની પ્રમાણિત નકલો મેળવવા માટે રૂ.૧૫ હજારની લાંચ લેતા ૧૪ વર્ષ પહેલા પકડાયેલા રાષ્ટ્રીય અભિલેખાગાર રેકોર્ડ સેન્ટરના અભિલેખપાલ સતધારી લાલ સાહુને અત્રેની સીબીઆઈ સ્પેશ્યલ કોર્ટે ત્રણ વર્ષની સજા ફટકારતો ચુકાદો જાહેર કર્યો છે. સીબીઆઈ કોર્ટે જણાવ્યું કે, પ્રસ્તુત કેસમાં આરોપી લાંચની રકમ લેતા પકડાયેલો હોવાનું પુરવાર થયુ છે.

પડતર પ્રશ્નો મામલે સરકાર સામે લડતના મંડાણ

# વનરક્ષકોએ પાટનગર માથે લીધું માસ સીએલ બાદ હવે હડતાળ

અમદાવાદ,બુધવાર

ગાંધીનગર સ્થિત સત્યાગ્રહ છાવણી ખાતે રાજ્યભરમાંથી ઉમટેલા હજારો વન રક્ષક કર્મચારીઓએ પડતર માંગણીઓ મુદ્દે સરકાર સામે આરપારની લડાઈ શરૂ કરી દીધી છે. ફોરેસ્ટ ગાર્ડ અને ફોરેસ્ટર વચ્ચેની ગ્રેડ પે વિસંગતતા, વિશેષ જોખમ ભથ્થું અને મોંઘવારી ભથ્થા મુજબ રજા પગારની ગણતરી જેવી આ થક માંગણીઓ સાથે કર્મચારીઓ ધરણાં પર બેઠા છે. માસ સીએલ બાદ હવે અચોક્કસ મુદતની હડતાળ શરૂ કરી છે.

## ગીરમાં સિંહો અને વન્યજીવોની સુરક્ષા જોખમમાં વૃક્ષારોપણ, નર્સરીની જાળવણી ખોરંભે મૂકાશે

વન કર્મચારીઓની માંગ છેકે, રેન્જ ફોરેસ્ટરની જગ્યાઓ પર ભરતી બંધ છે તે શરૂ કરો. સીધી ભરતીને બદલે અધિકારીઓને પ્રમોશન આપો.અનુભવી અધિકારી અને કર્મચારીઓને પ્રમોશનની તક જ મળતી નથી. લાંબા સમયથી અટવાયેલી બદલીના પ્રશ્નોનો ઉકેલ આવતો નથી. અન્ય પડતર પ્રશ્નો લાંબા સમયથી ઉકેલાતાં નથી. સરકાર માત્ર આશ્વાસન આપે છે પણ નક્કર પગલાં લેતી નથી. વન રક્ષકોએ ચીમકી ઉચ્ચારી છે કે જ્યાં સુધી તેમની ન્યાયિક માંગણીઓનો ઉકેલ નહીં આવે, ત્યાં સુધી તેઓ પીછેહઠ કરવાના નથી.

માસ સીએલ બાદ જંગલના અસલી ચોકીદાર વન રક્ષકોએ સ્પષ્ટ ચીમકી આપી છે કે જ્યાં સુધી સરકાર દ્વારા તેમની આ તમામ માંગણીઓ સંતોષવામાં નહીં આવે, ત્યાં સુધી હડતાળ અનિશ્ચિત મુદત સુધી ચાલુ જ રહેશે.વન રક્ષકોનુ આંદોલન વધુ ચાલે તો, ખાસ કરીને ગીરના જંગલોમાં સિંહો સિંહ, દીપડા અને અન્ય વન્યજીવોની સુરક્ષા ભગવાન ભરોસે મૂકાશે. આગ જેવી ઘટનાઓ સમયે જો વન રક્ષકો ફરજ પર નહીં હોય તો જંગલને મોટુ નુકશાન થઇ શકે છે.

બે પ્રવેશ રાઉન્ડ બાદ

# આયુર્વેદ-હોમિયોપેથીમાં ૭૯ પ્રવેશ રદ : વિદ્યાર્થીઓ મેરિટમાંથી બાકાત

અમદાવાદ,બુધવાર

ધો.૧૨ સાયન્સ પછીના નીટ આધારીત ચાર કોર્સીસમાંથી આયુર્વેદ અને હોમિયોપેથીમાં બે રાઉન્ડ પુરા થઈ ગયા છે ત્યારે અગાઉ બે રાઉન્ડમાં પ્રવેશ કન્ફર્મ કરાવનારા ૭૯ વિદ્યાર્થીએ પ્રવેશ રદ કરાવી દીધો છે.જેથી આ વિદ્યાર્થીઓને મેરિટમાંથી દૂર કરી દેવાયા છે અને નિયમ મુજબ આ વિદ્યાર્થીઓની સિક્યુરિટી ડિપોઝિટ પણ જપ્ત કરાઈ છે.

આયુર્વેદ અને હોમિયોપેથીમાં આ વર્ષે પ્રથમવાર મેડિકલ અને ડેન્ટલની પ્રવેશ પ્રક્રિયાથી અલાયદી પ્રવેશ પ્રક્રિયા સાથે અલગ એડમિશન રજિસ્ટ્રેશન કરાવવામા આવ્યુ છે અને અલગ મેરિટ લિસ્ટ પણ જાહેર કરાયુ છે.જો કે ૭૦ ટકાથી વધુ વિદ્યાર્થીઓ મેડિકલ-ડેન્ટલ અને આયુર્વેદ-હોમિયોપેથીના મેરિટ લિસ્ટમાં કોમન છે.કારણકે આ ચારેય કોર્સમાં પ્રવેશ નીટના આધારે જ થાય છે. આયુર્વેદ અને હોમિયોપેથીમાં સ્ટેટ ક્વોટાની ઓનલાઈન કેન્દ્રિય પ્રવેશ પ્રક્રિયામાં બે રાઉન્ડ પુરા થઈ ગયા છે.બે રાઉન્ડ બાદ હાલ ત્રીજા રાઉન્ડ માટેનું ચોઈસ ફિલિંગ પણ પુરુ થઈ ગયુ છે. બે રાઉન્ડમાં પ્રવેશ મેળવી ચુકેલા વિદ્યાર્થીઓમાંથી વધુ ૭૯ વિદ્યાર્થીએ પ્રવેશ રદ કરાવ્યો છે.અગાઉ પણ ઘણા વિદ્યાર્થીએ પ્રવેશ રદ કરાવ્યો હતો અને અનેક વિદ્યાર્થીએ પ્રવેશ મળ્યા બાદ કન્ફર્મ કરાવ્યો ન હતો. ૭૯ વિદ્યાર્થીએ પ્રવેશ રદ કરાવતા આ વિદ્યાર્થીઓની ૧૦ હજારની સિક્યુરિટી ડિપોઝિટ જપ્ત કરાઈ છે અને મેરિટમાંથી દૂર કરી દેવામા આવ્યા છે. પ્રવેશ રદને લીધે ખાલી પડેલી આ બેઠકો હવે ત્રીજા રાઉન્ડમાં ભરાશે.

ક્રિપ્ટોમાં રોકાણના નામે આબાદ છેતરપિંડી થઈ

# ત્રાગડના આધેડને ફેસબૂક ઉપર મહિલા સાથે મિત્રતા ભારે પડી, ૯૦ લાખ ગુમાવ્યાં

અમદાવાદ,બુધવાર

શહેરના ત્રાગડ વિસ્તારમાં રહેતા અને જમીન દલાલીનું કામ કરતા આધેડને ફેસબુક પર એક યુવતી સાથે મિત્રતા થઈ હતી. જેમાં યુવતીએ વિશ્વાસ કેળવીને ક્રિપ્ટોમાં રોકાણથી ફાયદો થશે તેમ કહીને તેની સાયબર ગેંગ સાથે સંકળાયેલા વ્યક્તિ સાથે ફોન પર વાત કરીને પાંચ દિવસના ટ્રાયલ ટ્રેડિંગમાં જ એક કરોડનો નફો મળ્યાનું કહીને તે નાણાં ઉપાડવા માટે વિવિધ ચાર્જના નામે તેમજ સસ્પેન્ડ થયેલા વોલેટને રીએક્ટીવેટ કરવા માટે કુલ ૯૦ લાખ જેટલી માતબર રકમ લઈને છેતરપિંડી કરી હોવાની ફરિયાદ સાયબર ક્રાઈમ સેલમાં નોધવામાં આવી છે.

## પાંચ દિવસના ટ્રેડિંગમાં એક કરોડનો નફો બતાવીને તે ઉપાડવા માટે વિવિધ ચાર્જીસના નામે નાણાં પડાવ્યા

શહેરના ત્રાગડ વિસ્તારમાં રહેતા ૪૫ વર્ષીય હેનીષ (નામ બદલેલ છે) નામનો વ્યક્તિ જમીન દલાલીનું કામ કરે છે. થોડા મહિના પહેલા ફેસબુક પર તેની ઓળખ માધુરી મહેતા નામની યુવતી સાથે થઈ હતી અને તેણે મિત્રતા કેળવીને સામાન્ય વાતચીત કરીને વોટ્સએપ નંબરની આપ-લે કરી હતી. માધુરીએ તેને જણાવ્યું હતું કે તે એક કંપનીમાં ક્રિપ્ટો ટ્રેડીંગ કરે છે. જેમાં સારો નફો કમાઈ છે. બાદમા તેણે ચાર્લી નામના વ્યક્તિનો મોબાઈલ નંબર આપ્યો હતો અને ચાર્લીએ કંપનીની વેબસાઈટની લીંક મોકલીને શરૂઆતના રોકાણ પર એક કરોડનો નફો અપાવ્યો હતો. જે એકાઉન્ટમાં હતો. ત્યારબાદ આ નફો મેળવવા માટે ઈન્કમ ટેક્ષ અને વોલેટ એક્સચેંજના નામે કુલ ૭૦ લાખ રૂપિયા જમા કરાવ્યા હતા. જે નાણાં નફા સાથે પરત મળશે તેવી ખાતરી આપી હતી. બાદમાં તેમને જણાવવામાં આવ્યું હતું કે તેમનું વોલેટ મનીલોન્ડરીંગ અને ગેરકાયદે નાણાંકીય વ્યવહારના અનુસંધાનમાં સસ્પેન્ડ થઇ ગયું છે. જેથી આ વોલેટ રીકવર કરવા માટે તમારે બીજા ૨૦ લાખ રૂપિયા જમા કરાવવા પડશે. આ સમયે માધુરીએ ફરીથી મિત્રતાનો ખોટો ફાયદો ઉઠાવીને વિશ્વાસ અપાવ્યો હતો. જેથી હેનીષે ૨૦ લાખ જમા કરાવ્યા હતા. પરંતુ, એકાઉન્ટ એક્ટીવેટ થયું નહોતું. આ સમયે માધુરીએ આચંકો આપતા કહ્યું હતું કે ચાર્લીએ નોકરી છોડી છે.

છેવટે હેનીષને શંકા જતા તેણે સેબીની ઓફિસમાં જઈને ક્રિપ્ટોની કંપની અંગે તપાસ કરી ત્યારે જાણવા મળ્યું હતું કે તેની સાથે ફેસબુકથી મિત્રતા કેળવીને સાયબર ફ્રોડ કરવામાં આવ્યો છે. આ અંગે સાયબર ક્રાઈમ સેલ દ્વારા ટેકનીકલ એનાલીસીસના આધારે તપાસ શરૂ કરવામાં આવી છે.











## બેસણું

**સ્વ. દિનેશભાઈ છગનલાલ મંકોડિયા**
તા. 28-10-2026, બુધવારના રોજ શ્રીજી ચરણ પામેલ છે.
સદ્‌ગતની પ્રાર્થનાસભા તા. 29-10-26, ગુરુવારના રોજ બપોરે 4-00 થી સાંજે 6-00 વાગ્યા સુધી રાખેલ છે.

સ્થળ : ક્લાઉડ ૯ એપાર્ટમેન્ટ્સ, બેન્કવેટ હોલ, ઝાંસીની રાણીના સ્ટેચ્યુની સામે, માણેકબાગ પાસે, અમદાવાદ.

ગં. સ્વ. જયશ્રીબેન દિનેશભાઈ મંકોડિયા
શ્રી નિશિતભાઈ દિનેશભાઈ મંકોડિયા
શ્રીમતી કોમલબેન નિશિતભાઈ મંકોડિયા
ચિ. અનુરૂપ નિશિતભાઈ મંકોડિયા
શ્રીમતી નમ્રતાબેન ઈશાનભાઈ જારેચા
શ્રી ઈશાનકુમાર પ્રવિણભાઈ જારેચા

લિ.
શ્રી કિશોરભાઈ છગનલાલ મંકોડિયા
શ્રીમતી હર્ષાબેન કિશોરભાઈ મંકોડિયા
શ્રી મુકેશભાઈ છગનલાલ મંકોડિયા
શ્રીમતી દક્ષાબેન મુકેશભાઈ મંકોડિયા

સાસરા પક્ષનું બેસણું સાથે રાખેલ છે. (પરસોત્તમદાસ રતનશી સોનેજી)

ફર્મ : શ્રીજી કૃપા, અમદાવાદ

## બેસણું



અમારા પૂજ્ય માતુશ્રી **શારદાબેન પ્રમોદકુમાર સંઘવી**
તા.૨૮/૧૦/૨૦૨૬ના રોજ અરિહંત શરણ પામેલ છે. સ્વર્ગસ્થશ્રીની પ્રાર્થના સભા તા.૨૯/૧૦/૨૦૨૬, ગુરુવારના રોજ સવારે ૦૯:૦૦ થી ૧૧:૦૦ રાખેલ છે

**સ્થળ : અન્નપૂર્ણા હોલ, ધરણીધર દેરાસર, વિકાસ ગૃહ રોડ, વિકાસ ગૃહ સ્કૂલ પાસે, પાલડી, અમદાવાદ.**

પ્રમોદકુમાર કાંતિલાલ સંઘવી પરિવાર

હિતેશ પ્રમોદકુમાર સંઘવી (FSL) (પુત્ર) — યોગિતા હિતેશ સંઘવી (પુત્રવધુ)
અમીષ પ્રમોદકુમાર સંઘવી (પુત્ર) — આરતી અમીષ સંઘવી (પુત્રવધુ)
પીના હતીશકુમાર શાહ (પુત્રી) — હતીશકુમાર ધીરજલાલ શાહ (જમાઈ)
બિના સંદીપકુમાર ધોળકીયા (પુત્રી) — સંદીપકુમાર પ્રાણલાલ ધોળકીયા (જમાઈ)
રીના વિરલકુમાર શાહ (પુત્રી) — વિરલકુમાર અનિલભાઈ શાહ (જમાઈ)
રાજ, જાનવી, નિશી, રાજવી, અમન, દિયા, કશિશ

પિયરપક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.
શિવલાલ સાકળચંદ શાહ (પાળીયાદવાળા)

## બેસણું



અમારા પૂજ્ય
**સ્વ. પ્રશાંત (રાજુભાઈ) બિપીનચંદ્ર પટેલ** (કડવાપોળ)
તા.૨૫-૧૦-૨૦૨૬, રવિવારના રોજ શ્રીજીચરણ પામેલ છે.
પ્રભુ તેમના દિવ્ય આત્માને શાંતિ આપે તેવી પ્રાર્થના. સદ્‌ગતની પ્રાર્થના સભા આજે તા. ૨૯-૧૦-૨૦૨૬, ગુરુવારે સવારે ૮.૩૦ થી ૧૧.૦૦ કલાકે રાખેલ છે.

સ્થળ - ડી. કે. પટેલ હોલ, ગ્રાઉન્ડ ફ્લોર, નવરંગ સર્કલ પાસે, ફ્રેન્ડસ કૉલોની રોડ, નારણપુરા, અમદાવાદ.

લિ. ગં.સ્વ. ગ્રીષ્મા પ્રશાંતભાઈ પટેલ
બિપીનચંદ્ર વલ્લભભાઈ પટેલ — પ્રજ્ઞાબેન બિપીનચંદ્ર પટેલ
શૈલ પ્રશાંતભાઈ પટેલ — ધારા મંથનકુમાર પટેલ
સમસ્ત વલ્લભભાઈ લલ્લુભાઈ પટેલ પરિવાર

ફર્મ: GALAXY SIGN • NINE EVENTS & PRODUCTION HOUSE

પિયર પક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.

## બેસણું



અમારા આત્મિય સ્વજનશ્રી
**સૌભાગ્યચંદ્ર શિવલાલ શાહ**
તા. ૨૫-૧૦-૨૦૨૬ના રોજ અરિહંતશરણ થયેલ છે.
સદ્‌ગતનું બેસણું (પ્રાર્થના સભા) તા. ૩૦-૧૦-૨૦૨૬, શુક્રવારે સવારે ૯-૦૦ થી ૧૧-૦૦ કલાકે રાખેલ છે.

સ્થળ: અન્નપૂર્ણા હોલ, વિકાસગૃહ રોડ, પાલડી, અમદાવાદ.

શિવલાલ નરસિંહદાસ શાહ
સ્વ. લાલચંદ શિવલાલ શાહ
સ્વ. રતિલાલ શિવલાલ શાહ

પૂર્ણિમા સૌભાગ્યચંદ્ર શાહ
કેયુર સૌભાગ્યચંદ્ર શાહ
જાગૃતિ કેયુર શાહ
કુશલ કેયુર શાહ

અમારા બનેવી સ્વ. સૌભાગ્યચંદ્રનું બેસણું ઉપરોક્ત સમયે અને સ્થળે રાખેલ છે.
વકતા પરિવાર



## બેસણું

અમારા સ્નેહીશ્રી **હિમાંશુભાઈ રજનીકાન્ત શાહ**
તા.૨૭-૧૦-૨૦૨૬, મંગળવારના રોજ અવસાન પામેલ છે. તેઓનું બેસણું તા.૨૯-૧૦-૨૦૨૬, ગુરૂવારના રોજ સવારે ૯-૦૦ થી ૧૧-૦૦ કલાકે રાખેલ છે.

સ્થળ : શ્રી ચંદ્રમોલેશ્વર હોલ, રંગસાગર ફ્લેટની બાજુમાં, પી.ટી.કોલેજ રોડ, ચંદ્રનગર, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭.

લી.
**નીતાબેન હિમાંશુભાઈ શાહ**
દિશા શ્રીયમ શાહ — શ્રીયમ હિમાંશુ શાહ
ચેતના પરાગ શાહ — સ્વ. પરાગ શાહ
CA રૂનલ પ્રિયમ શાહ — CA પ્રિયમ પરાગ શાહ
CA ઉમંગી નિકેત ફડીયા — નિકેત ફડીયા
ગીરાબેન, છાયાબેન, પક્ષાબેન, પ્રીતિબેન, દિસિબેન

અમારા જમાઈનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.
સ્વ. શાંતિલાલ પોપટલાલ પરિવાર
મુકેશ શાંતિલાલ શાહ
અજય શાંતિલાલ શાહ

ફર્મ : હિમાંશુ ટ્રેડીંગ-શ્રીયમ ટ્રેડીંગ



## બેસણું

સ્વ. સુરેન્દ્રભાઈ ચંદ્રકાન્તભાઈ પટેલના સુપુત્ર
**સચીન**
નું તા.૨૮/૧૦/૨૦૨૬ ને બુધવારે અકાળે અવસાન થયેલ છે.
સદ્‌ગતનું બેસણું તા.૨૯/૧૦/૨૦૨૬ ને ગુરુવારના રોજ સવારે ૯ થી ૧૧ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ: સનશાઈન બૅન્કવેટ, રત્નાકર હેલસ્યોનની બાજુમાં, પ્રેરણાતીર્થ દેરાસર પાસે, જોધપુર, અમદાવાદ

દક્ષાબેન સુરેન્દ્રભાઈ પટેલ
સપન સુરેન્દ્રભાઈ પટેલ — બીજલ સચીનભાઈ પટેલ
કિંજલ સપન પટેલ — દેવર્ષિ - યશ - હેતાંશ
ઉદાંત - હીર
શ્રી ચંદ્રકાન્ત મણીલાલ પટેલ પરિવાર (ખેડાવાળા)

સાસરીપક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.
સ્વ. બિપીનભાઈ ફકીરચંદ શાહ પરિવાર



## બેસણું

અમારા પૂજ્ય માતૃશ્રી
**અરવિંદાબેન નંદલાલ જાની**
*(ભૂતપૂર્વ આચાર્ય શ્રી નરોડા કુમાર શાળા)*
*તા. ૨૬-૧૦-૨૦૨૬ ને સોમવારના રોજ સ્વર્ગવાસ પામેલ છે.*
સદ્‌ગતનું બેસણું તા. ૨૯-૧૦-૨૦૨૬ ને ગુરૂવારે સવારે ૯ થી ૧૧ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજની વાડી, *નેશનલ હેન્ડલૂમની બાજુમાં, નરોડા રોડ, અમદાવાદ.*

ભરતભાઈ નંદલાલ જાની (પુત્ર)
દર્શનભાઈ નંદલાલ જાની (પુત્ર)
વસંતિકા (વૈશાલી) ભરતભાઈ જાની (પુત્રવધુ)
સેક્રેટરી, અમદાવાદ સ્મોલ કોઝિસ કોર્ટ બાર એસોસિએશન

આશાબેન નંદલાલ જાની (પુત્રી)
સોનલબેન પ્રદીપકુમાર ઉપાધ્યાય (પુત્રી)
પ્રદીપકુમાર નટવરલાલ ઉપાધ્યાય (જમાઈ)
મો.: ૯૯૯૮૪૪૬૯૦૬, ૯૯૭૯૫૭૮૦૨૫

સમસ્ત જાની પરિવાર



## બેસણું

અમારા માતૃશ્રી
**સુશીલાબેન છોટુભાઈ પટેલ**
(નિવૃત આચાર્ય) તા. ૨૫/૧૦/૨૦૨૬ ને રવિવારના રોજ દેવલોક પામેલ છે. સદ્‌ગતનું બેસણું તા. ૨૯/૧૦/૨૦૨૬ ગુરૂવારના રોજ સવારે ૮ થી ૧૧ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : મા શક્તિ પાર્ટી પ્લોટ, ઈમેજ સ્કુલની બાજુમાં, ઘોડાસર, અમદાવાદ- ૩૮૦૦૫૦

લિ.
દિપકભાઈ છોટુભાઈ પટેલ — બીનાબેન દિપકભાઈ પટેલ
ઉમેશભાઈ છોટુભાઈ પટેલ — કીર્તીબેન ઉમેશભાઈ પટેલ
પાર્થ દિપકભાઈ પટેલ — હીમાલી પાર્થ પટેલ
શિવમ ઉમેશભાઈ પટેલ — ભક્તિ શિવમ પટેલ
ખુશ પાર્થ પટેલ — શિરીષભાઈ ડાહ્યાભાઈ પટેલ
ડાહ્યાભાઈ ભગવાનદાસ પટેલ — નિકુંજ ચંદ્રકાન્ત પંચોલી

ફર્મ : પલક કેમ ● પલક ઈન્ફ્રા ● મહાકાળી કેમીકલ ● ત્વસ્ત્ર ઈન્ફ્રાસ્પેસ

## દુઃખદ અવસાન



અમારા પૂજ્ય માતુશ્રી **વસુમતીબેન અમૃતલાલ કક્કડનું**
તા.૨૭-૧૦-૨૦૨૬નાં રોજ દુઃખદ અવસાન થયેલ છે.
સદ્‌ગતની ઈચ્છા અનુસાર લૌકિક ક્રિયા તથા બેસણું રાખેલ નથી.

નિવાસ સ્થાન- A-702, GHB ફ્લેટ "બંધન", અંકુર બસ સ્ટેન્ડ પાસે, નારણપુરા, અમદાવાદ

લી. સ્વ. અમૃતલાલ રામજીભાઈ કક્કડ
અભિજીત અમૃતલાલ કક્કડ | હિનાબેન અભિજીત કક્કડ | યશ અભિજીત કક્કડ

ફર્મ
સાંઈ ઈલેક્ટ્રોનીકસ ઈકવી. કું. ● શક્તિ સેલ્સ સીન્ડીકેટ
કક્કડ એન્ડ કું. ● વેસ્ટર્ન ઈન્ડીયા મેન્યુ. એન્ડ ટ્રેડીંગ કું.
અમદાવાદ. (મો) 9825064310, 9712900789

## જાહેર નોટિસ

**મોજે - ગોલાણા**

ડિસ્ટ્રીકટ આણંદ રજીસ્ટ્રેશન સબ-ડિસ્ટ્રીકટ ખંભાત તાલુકાના મોજે-ગોલાણા ગામની સીમના (એ) સર્વે નં.૫૬૪ની હે.આરે.ચો.મી.:૦-૭૦-૮૨, (બી) સર્વે નં. ૬૫૬/પૈકી ૨૧ ની હે.આરે.ચો.મી. : ૦-૩૫-૪૧, (સી) સર્વે નં. ૫૭૫ ની હે.આરે.ચો.મી. :૦-૯૦-૦૪, (ડી) સર્વે નં. ૬૫૬/પૈકી ૯૦ ની હે.આરે.ચો.મી.:૦-૩૫-૪૧, (ઈ) સર્વે નં. ૬૫૬/પૈકી ૮૩ની હે.આરે.ચો.મી. : ૦-૩૫-૪૧,(એફ) સર્વે નં. ૬૫૬/પૈકી ૭૫ ની હે.આરે.ચો.મી. : ૦-૩૫-૪૧ ની ખેતીની જમીન શકિતસિંહ વિસુભા ઉર્ફે વિષ્ણુભા વાઘેલાની સ્વતંત્ર માલિક કબજા ભોગવટાની આવેલી તથા (જી) સર્વે નં.૫૭૬ ની હે.આરે.ચો.મી.:૦-૭૭-૯૦, (એચ) સર્વે નં. ૫૭૭ ની હે.આરે.ચો.મી. :૦-૭૮-૯૧, (આઈ) સર્વે નં. ૫૭૮ ની હે .આરે.ચો.મી.:૦-૮૦-૯૪, (જે) સર્વે નં.૫૭૯/૧ ની હે.આરે.ચો.મી.:૦-૩૬-૪૨, (કે) સર્વે નં. ૫૭૯/૨ ની હે.આરે.ચો.મી. :૦-૩૬-૪૨,(એલ) સર્વે નં. ૫૮૦ની હે.આરે.ચો.મી. :૦-૯૯-૧૫ તથા (એમ) સર્વે નં. ૬૫૬/પૈકી ૨૦ ની હે.આરે.ચો.મી. : ૦-૩૫-૪૧ ની ખેતીની જમીન નિરમાબેન અરવિંદભાઈ સંઘવીની પાસેથી શકિતસિંહ વિસુભા ઉર્ફે વિષ્ણુભા વાઘેલાએ તા.૦૬-૦૮-૨૦૨૬ ના રોજ અ.નં.૨૩૪૫ થી નોંધાયેલ વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખેલ. તેવી જમીન તેઓની સ્વતંત્ર માલિકી, કબજા, ભોગવટાની તમામ પ્રકારના બોજાઓથી તેમજ કાનુની વિવાદોથી મુક્ત હોવાનું જણાવીને અમારી પાસે ટાઈટલ્સ કલીયરન્સ અંગેના અભિપ્રાયની માંગણી કરેલ છે, સદરહુ જમીન ઉપર કોઈનો બોજો, ચાર્જ, ખેડહક્ક, ગણોતહક્ક, ઈઝમેન્ટ રાઈટસ કે અન્ય કોઈપણ પ્રકારનો કબજા હક્ક કે લાગભાગ યાને હક્ક હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૧૫ માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો સદર જમીનમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વીત્યે સદર જમીનનું ટાઈટલ કલીયરન્સ અંગેનાં અભિપ્રાયનું પ્રમાણપત્ર આપીશું અને તે પછીથી કોઈનો કોઈપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહી.

તા.૨૯-૧૦-૨૦૨૬
**મનીષ કનુભાઈ પટેલ, એડવોકેટ,**
**ચિરાગ દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**અમીત દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**હેત શંકરભાઈ પટેલ, એડવોકેટ,**
**BALCHANDBHAI ASSOCIATES**
ઠે. એ / ૨૦૨, સેકન્ડ ફ્લોર, એસ. જી. બીઝનેશ હબ, ગોતા ઓવરબ્રિજ પાસે, એસ.જી. હાઈવે, ગોતા, અમદાવાદ.
મો.૯૮૭૯૩૪૪૩૩૩

## જાહેર નોટિસ

**મોજે - ગોલાણા**

ડીસ્ટ્રીકટ આણંદ રજીસ્ટ્રેશન સબ-ડીસ્ટ્રીકટ ખંભાત તાલુકાના મોજે-ગોલાણા ગામની સીમનાં (એ) સર્વે નંબર : ૬૫૬/પૈકી ૬૨ ની જમીન કે જેનો સીટી સર્વે કચેરી : ખંભાત, સીટી સર્વે વોર્ડ : ગોલાણા (બીનખેતી) માં સમાવેશ કરીને ફાળવી આપેલ સીટી સર્વે નંબર : NA656/p62 ની ચો.મીટર : ૩૫૪૧, (બી) સર્વે નંબર : ૬૫૬/પૈકી ૭૦ ની જમીન કે જેનો સીટી સર્વે કચેરી : ખંભાત, સીટી સર્વે વોર્ડ : ગોલાણા (બીનખેતી) માં સમાવેશ કરીને ફાળવી આપેલ સીટી સર્વે નંબર : NA656/p70 ની ચો.મીટર : ૩૫૪૧,(સી) સર્વે નંબર : ૬૫૬/પૈકી ૬૬ ની જમીન કે જેનો સીટી સર્વે કચેરી : ખંભાત, સીટી સર્વે વોર્ડ : ગોલાણા (બીનખેતી) માં સમાવેશ કરીને ફાળવી આપેલ સીટી સર્વે નંબર : NA656/p66 ની ચો.મીટર : ૩૫૪૧ તથા (ડી) સર્વે નંબર : ૬૫૬/ પૈકી ૬૧ ની જમીન કે જેનો સીટી સર્વે કચેરી : ખંભાત, સીટી સર્વે વોર્ડ : ગોલાણા (બીનખેતી) માં સમાવેશ કરીને ફાળવી આપેલ સીટી સર્વે નંબર : NA656/p61 ની ચો.મીટર : ૩૫૪૧ ની બિનખેતીની જમીન ધવલભાઈ કાંતીભાઈ ભરવાડ, (ઈ) સર્વે નંબર: ૬૧૬ ની જમીન કે જેનો સીટી સર્વે કચેરી : ખંભાત, સીટી સર્વે વોર્ડ : ગોલાણા (બીનખેતી) માં સમાવેશ કરીને ફાળવી આપેલ સીટી સર્વે નંબર : NA616 ની ચો.મીટર : ૩૧૯૭૦ની બિનખેતીની જમીન વિશ્વજીતસિંહ અશોકસિંહ વાઘેલા, (એફ) સર્વે નં.૧૬૩ ની જમીનનો કે જેનો સીટી સર્વે કચેરી : ખંભાત, સીટી સર્વે વોર્ડ : ગોલાણા (બીનખેતી) માં સમાવેશ કરીને ફાળવી આપેલ સીટી સર્વે નં. NA163/p2 ની ચો.મી.૧૯૯૩૧ ની બિનખેતીની જમીન રાજેન્દ્રસિંહ જામુભા વાઘેલામાલિકી, કબજા, ભોગવટાની તમામ પ્રકારના બોજાઓથી તેમજ કાનુની વિવાદોથી મુક્ત હોવાનું જણાવીને અમારી પાસે ટાઈટલ્સ કલીયરન્સ અંગેનાં અભિપ્રાયની માંગણી કરેલ છે, સદરહુ જમીન ઉપર કોઈનો બોજો, ચાર્જ, બાનાહક્ક, ડેવલપમેન્ટ હક્ક કે અન્ય કોઈપણ પ્રકારનો કબજા હક્ક કે લાગભાગ યાને હક્ક હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૧૫ માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો સદર જમીનમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વીત્યે સદર જમીનનું ટાઈટલ કલીયરન્સ અંગેનાં અભિપ્રાયનું સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે અને તે પછીથી કોઈનો કોઈપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહી.

તા.૨૯-૧૦-૨૦૨૬
**મનીષ કનુભાઈ પટેલ, એડવોકેટ,**
**ચિરાગ દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**અમીત દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**હેત શંકરભાઈ પટેલ, એડવોકેટ,**
**BALCHANDBHAI ASSOCIATES**
ઠે. એ / ૨૦૨, સેકન્ડ ફ્લોર, એસ. જી. બીઝનેશ હબ, ગોતા ઓવરબ્રિજ પાસે, એસ.જી. હાઈવે, ગોતા, અમદાવાદ.
મો.૯૮૭૯૩૪૪૩૩૩

## જાહેર નોટિસ

જત ડિસ્ટ્રિક્ટ સબડિસ્ટ્રિક્ટ અમદાવાદ, તાલુકો દશક્રોઈના મોજે હીરાપુર ગામની સીમના ખાતા નં. ૧૩૨૩ માં ચાલતા સર્વે નં. ૩૩૫ (જુનો સર્વે/બ્લોક નં. ૪૮૨) ની ૧૩૧૬ ચો.મી., આકાર રૂ. ૧.૪૦ વાળી જૂની શરતની ખેતીની જમીન ચેતનાબેન જિગ્નેશભાઈ પટેલ, દ્રષ્ટિ જિગ્નેશભાઈ પટેલ તથા દ્રિજ જિગ્નેશભાઈ પટેલ નાઓની સયુક્ત માલિકીની અને કબજા ભોગવટાની હોવાનું જણાવી મજકુર જમીન અંગે ટાઈટલ કલીયરન્સ સર્ટીફિકેટની અમારી પાસે માંગણી કરેલ છે તો જે કોઈ વ્યક્તિ કે જેને આ જમીનમાં કોઈપણ પ્રકારનો લાગ, ભાગ, હક્ક, હિસ્સો, બોજો, વિગેરે ધરાવતા હોય તો, તેમણે તે અંગેની લેખિત જાણ દિન-૭માં લેખિત પુરાવા સહીત નીચેના સરનામે કરવી. જો તેમ કરવામાં નહિ આવે તો આ જમીનમાં અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગ, ભાગ, હક્ક, હિસ્સો કે બોજો નથી અને જો હોય તો તે જતો કરેલ છે તેમ માની આ જમીન અંગે ટાઈટલ કલીયરન્સ સર્ટીફિકેટ આપી દેવામાં આવશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહિ જેની નોંધ લેવી.

અમદાવાદ
તા. ૨૮.૧૦.૨૦૨૬
**મહેશ જી. પટેલ**
**વિવેક એમ. હિરપરા, એડવોકેટસ**
ટી-૧, સત્યમ પ્લાઝા, ત્રીજો માળ, રસપાન ડી- માર્ટ રોડ, નિકોલ, અમદાવાદ- ૩૮૨૩૫૦
મો. નં. 98250 32254
મો. નં. 96015 16484

## જાહેર નોટિસ

**મોજે - ગોલાણા**

ડિસ્ટ્રીકટ આણંદ રજીસ્ટ્રેશન સબ-ડિસ્ટ્રીકટ ખંભાત તાલુકાના મોજે-ગોલાણા ગામની સીમના(એ) સર્વે નં.૬૫૬/પૈકી ૧૨ ની હે.આરે.ચો.મી. : ૨- ૪૨-૮૧ તથા (બી) સર્વે નં. ૭૫ ની હે.આરે.ચો.મી. : ૨-૦૨-૩૪ ની ખેતી જમીન વાઘેલા પ્રદિપસિંહ બળવંતસિંહ તથા (સી) સર્વે નં. ૨૦૦ ની હે.આરે.ચો.મી.: ૦-૪૩-૫૦ ની ખેતીની જમીન જગદીશસિંહ ખોડુભા વાઘેલાની માલિકી કબજા ભોગવટાની તમામ પ્રકારના બોજાઓથી તેમજ કાનુની વિવાદોથી મુક્ત હોવાનું જણાવીને અમારી પાસે ટાઈટલ્સ કલીયરન્સ અંગેના અભિપ્રાયની માંગણી કરેલ છે, સદરહુ જમીન ઉપર કોઈનો બોજો, ચાર્જ, ખેડહક્ક, ગણોતહક્ક, ઈઝમેન્ટ રાઈટસ કે અન્ય કોઈપણ પ્રકારનો કબજા હક્ક કે લાગભાગ યાને હક્ક હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૧૫ માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો સદર જમીનમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વીત્યે સદર જમીનનું ટાઈટલ કલીયરન્સ અંગેનાં અભિપ્રાયનું પ્રમાણપત્ર આપીશું અને તે પછીથી કોઈનો કોઈપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહી.

તા.૨૯-૧૦-૨૦૨૬
**મનીષ કનુભાઈ પટેલ, એડવોકેટ,**
**ચિરાગ દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**અમીત દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**હેત શંકરભાઈ પટેલ, એડવોકેટ,**
**BALCHANDBHAI ASSOCIATES**
ઠે. એ / ૨૦૨, સેકન્ડ ફ્લોર, એસ. જી. બીઝનેશ હબ, ગોતા ઓવરબ્રિજ પાસે, એસ.જી. હાઈવે, ગોતા, અમદાવાદ.
મો.૯૮૭૯૩૪૪૩૩૩

## જાહેર નોટિસ

**મોજે - ગોલાણા**

ડિસ્ટ્રીકટ આણંદ રજીસ્ટ્રેશન સબ-ડિસ્ટ્રીકટ ખંભાત તાલુકાના મોજે-ગોલાણા ગામની સીમના (એ) સર્વે નં.૬૫૬/પૈકી ૯૪ ની કુલ જમીન પૈકી હે.આરે.ચો.મી. : ૧-૮૨-૧૦, (બી) સર્વે નં.૬૫૬/પૈકી ૯૩ ની હે.આરે.ચો.મી. : ૧-૪૧-૬૪ તથા,(સી) સર્વે નં. ૬૫૬/પૈકી ૯૭ ની હે.આરે.ચો.મી. : ૧-૪૧-૬૪ તથા (ડી) સર્વે નં. ૬૫૬ પૈકી ૯૫ ની હે.આરે.ચો.મી. : ૨-૬૩-૦૫ ની ખેતીની જમીન વાઘેલા દિગ્વીજયસિંહ રતનસિંહ ની સ્વતંત્ર માલિકી, કબજા, ભોગવટાની તમામ પ્રકારના બોજાઓથી તેમજ કાનુની વિવાદોથી મુક્ત હોવાનું જણાવીને અમારી પાસે ટાઈટલ્સ કલીયરન્સ અંગેના અભિપ્રાયની માંગણી કરેલ છે, સદરહુ જમીન ઉપર કોઈનો બોજો, ચાર્જ, ખેડહક્ક, ગણોતહક્ક, ઈઝમેન્ટ રાઈટસ કે અન્ય કોઈપણ પ્રકારનો કબજા હક્ક કે લાગભાગ યાને હક્ક હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૧૫ માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો સદર જમીનમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વીત્યે સદર જમીનનું ટાઈટલ કલીયરન્સ અંગેનાં અભિપ્રાયનું પ્રમાણપત્ર આપીશું અને તે પછીથી કોઈનો કોઈપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહી.

તા.૨૯-૧૦-૨૦૨૬
**મનીષ કનુભાઈ પટેલ, એડવોકેટ,**
**ચિરાગ દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**અમીત દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**હેત શંકરભાઈ પટેલ, એડવોકેટ,**
**BALCHANDBHAI ASSOCIATES**
ઠે. એ / ૨૦૨, સેકન્ડ ફ્લોર, એસ. જી. બીઝનેશ હબ, ગોતા ઓવરબ્રિજ પાસે, એસ.જી. હાઈવે, ગોતા, અમદાવાદ.
મો.૯૮૭૯૩૪૪૩૩૩

## જાહેર નોટિસ

**મોજે - ભાડજ**

ડીસ્ટ્રીકટ અમદાવાદ રજીસ્ટ્રેશન સબ-ડીસ્ટ્રીકટ અમદાવાદ - ૮ (સોલા) ઘાટલોડીયા તાલુકાના મોજે - ભાડજ ગામની સીમના બ્લોક નં. ૨૩૦ બ ની હે.આરે.ચો.મી. ૦-૩૪-૪૦ની ખેતીની જમીન (૧) વિનોદભાઈ ભીખાભાઈ પટેલ (૪૦% ના હિસ્સેદાર), (૨) યશવંતભાઈ ભીખાભાઈ પટેલ (૫% ના હિસ્સેદાર), (૩) પ્રહલાદભાઈ મણીલાલ હીરદાસ પટેલ (૧૫% ના હિસ્સેદાર), (૪) રામાભાઈ અંબાલાલ પટેલ (૧૫% ના હિસ્સેદાર) તથા (૫) કમલેશકુમાર રમેશભાઈ પટેલ (૨૫% ના હિસ્સેદાર)ની સંયુક્ત માલિકી, કબજા, ભોગવટાની તમામ પ્રકારના બોજાઓથી તેમજ કાનુની વિવાદોથી મુક્ત હોવાનું જણાવીને અમારી પાસે ટાઈટલ્સ કલીયરન્સ અંગેના અભિપ્રાયની માંગણી કરેલ છે, સદરહુ જમીન ઉપર કોઈનો બોજો, ચાર્જ, ખેડહક્ક, ગણોતહક્ક, ઈઝમેન્ટ રાઈટસ કે અન્ય કોઈપણ પ્રકારનો કબજા હક્ક કે લાગભાગ યાને હક્ક હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૭ માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો સદર જમીનમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વીત્યે સદર જમીનનું ટાઈટલ કલીયરન્સ અંગેનાં અભિપ્રાયનું પ્રમાણપત્ર આપીશું અને તે પછીથી કોઈનો કોઈપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહી.

તા.૨૯-૧૦-૨૦૨૬
**મનીષ કનુભાઈ પટેલ, એડવોકેટ,**
**ચિરાગ દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**અમીત દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**હેત શંકરભાઈ પટેલ, એડવોકેટ,**
**BALCHANDBHAI ASSOCIATES**
ઠે. એ / ૨૦૨, સેકન્ડ ફ્લોર, એસ. જી. બીઝનેશ હબ, ગોતા ઓવરબ્રિજ પાસે, એસ.જી. હાઈવે, ગોતા, અમદાવાદ.
મો.૯૮૭૯૩૪૪૩૩૩

## જાહેર નોટિસ

**મોજે-ઝુંડાલ**

ડીસ્ટ્રીકટ ગાંધીનગર રજીસ્ટ્રેશન સબ - ડીસ્ટ્રીકટ ગાંધીનગર (ઝોન - ૨) - ગાંધીનગર તાલુકાના મોજે-ઝુંડાલ ગામની સીમના મુળ સર્વે નં. ૭૪/૧/અ ની કુલ ચો.મી.૮૦૪૩ ની જમીન કે જેનો ટી.પી. સ્કીમ નં. ૪૧૦ માં સમાવેશ કરીને ફાળવેલ ફાઈનલ પ્લોટ નં. ૧૦૪ ની ચો.મી.૪૮૨૬ ને સીટી સર્વે વોર્ડ : ઝુંડાલ (બિનખેતી) ના સીટી સર્વે નં. NA74/1/અ/p1 ની બિનખેતીની જમીન (૧) મણીલાલ સોમાભાઈ, (૨) કમળાબેન સોમાભાઈ, (૩) કોકીલાબેન સોમાભાઈ, (૪) જયેશકુમાર મરઘાભાઈ પટેલ, (૫) ડાહીબેન તે ચીમનભાઈ પટેલના પત્ની, (૬) પંકજભાઈ ચીમનભાઈ પટેલ, (૭) ઉષાબેન કાન્તિભાઈ પટેલની વિધવા, (૮) દિવ્યાબેન કાન્તિભાઈ પટેલ તથા (૯) અમનકુમાર કાન્તિભાઈ પટેલની સંયુક્ત માલિકી, કબજા, ભોગવટાની તમામ પ્રકારના બોજાઓથી તેમજ કાનુની વિવાદોથી મુક્ત હોવાનું જણાવીને અમારી પાસે ટાઈટલ્સ કલીયરન્સ અંગેના અભિપ્રાયની માંગણી કરેલ છે, સદર મીલકતમાં કોઈનો કોઈપણ પ્રકારનો બોજો, ચાર્જ, લીયન, બાના હક્ક, ડેવલપમેન્ટ હક્ક, કબજા હક્ક કે લાગભાગ યાને હક્ક હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૭ માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો સદર મીલકતમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વીત્યે સદર મીલકતનું ટાઈટલ કલીયરન્સ અંગેના અભિપ્રાયનુ સર્ટીફિકેટ ઈસ્યુ કરી દઈશું અને તે પછીથી કોઈનો કોઈપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહી.

તા.૨૯-૧૦-૨૦૨૬
**મનીષ કનુભાઈ પટેલ, એડવોકેટ,**
**ચિરાગ દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**અમીત દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**હેત શંકરભાઈ પટેલ, એડવોકેટ,**
**BALCHANDBHAI ASSOCIATES**
ઠે. એ / ૨૦૨, સેકન્ડ ફ્લોર, એસ. જી. બીઝનેશ હબ, ગોતા ઓવરબ્રિજ પાસે, એસ.જી. હાઈવે, ગોતા, અમદાવાદ.
મો.૯૮૭૯૩૪૪૩૩૩

## જાહેર નોટિસ

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ ગાંધીનગર, સબ-ડીસ્ટ્રીકટ અને તાલુકે કલોલના મોજે-નાંદોલીની સીમમાં આવેલ એકત્રીત બ્લોક નંબર - ૧૮૭ (જુના બ્લોક નંબર - ૨૦૫ વિગેરે) ની બીનખેતીની જમીન 'કલ્હાર કો.ઓપ.હાઉસીંગ સોસાયટી લી. 'વિભાગ- ૨' (રજી.નં. ઘ-૧૬૮૨૭ તા.૦૩/૦૨/૧૯૯૭) ની માલિકીની અને તેમાં આવેલ 'કલ્હાર - ૨' નામે ઓળખાતી યોજનામાં આવેલ પ્લોટ/યુનિટ નંબર -૫૪ ક્ષેત્રફળ ૯૧૭ સમચોરસમીટરની બિનખેતીની જમીન તથા તેના ઉપર આવેલ બાંધકામવાળી મિલકત આરતી ધર્મેશ શાહ, ઠેકાણુ : અમદાવાદનાએ સોસાયટીના સભાસદ-એલોટી-ટ્રાન્સફરી-શેરહોલ્ડર તરીકે તેઓની માલિકી કબજા ભોગવટાની તેમજ તમામ પ્રકારના બોજાઓથી મુક્ત આવેલ હોવાનુ જણાવી અમારી પાસે ટાઇટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે તો સદર જમીન/મિલકતમાં કોઈનો હક્ક, હિત, હિસ્સો આવેલ હોય તો દિન-૭ (સાત) ની અંદર પ્રમાણીત પુરાવા સહીત રજી.એ.ડી.થી જાણ કરવી (પુરાવા વગરના વાંધાઓ ધ્યાને લેવામાં આવશે નહી) અને જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો કોઈનો હક્ક, હિત, સબંધ નથી અને હોય તો તે વેવ કરેલ છે તેમ માનીને ટાઇટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપવામાં આવશે ત્યારબાદ કોઈની કોઇ તકરાર ચાલશે નહી.

**VIJAY Y. CHAUGULE & CO.**
**વિજય વાય. ચૌગુલે, એડવોકેટ**
૪૨૫ થી ૪૨૮, દેવનંદન મોલ, સન્યાસ આશ્રમની સામે, એલીસબ્રીજ, અમદાવાદ ૩૮૦૦૦૬
ફોન નં.: ૮૭૮૦૬ ૪૮૯૪૩

## જાહેર નોટિસ

**મોજે - ગોલાણા**

ડિસ્ટ્રીકટ આણંદ રજીસ્ટ્રેશન સબ-ડિસ્ટ્રીકટ ખંભાત તાલુકાના મોજે-ગોલાણા ગામની સીમના (એ) સર્વે નં.૨૨૫ ની હે.આરે.ચો.મી. ૦-૨૧-૨૫, (બી) સર્વે નં. ૨૧૭ ની હે.આરે.ચો.મી.૦-૨૮-૩૩ તથા,(સી) સર્વે નં. ૨૨૮+૨૫૩+૨૫૪/૧ ની હે.આરે.ચો.મી. : ૧-૦૫-૨૨ ની ખેતીની જમીન રાજેન્દ્રસિંહ જામુભા વાઘેલાની સ્વતંત્ર માલિકી, કબજા, ભોગવટાની તમામ પ્રકારના બોજાઓથી તેમજ કાનુની વિવાદોથી મુક્ત હોવાનું જણાવીને અમારી પાસે ટાઈટલ્સ કલીયરન્સ અંગેના અભિપ્રાયની માંગણી કરેલ છે, સદરહુ જમીન ઉપર કોઈનો બોજો, ચાર્જ, ખેડહક્ક, ગણોતહક્ક, ઈઝમેન્ટ રાઈટસ કે અન્ય કોઈપણ પ્રકારનો કબજા હક્ક કે લાગભાગ યાને હક્ક હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૧૫ માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો સદર જમીનમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વીત્યે સદર જમીનનું ટાઈટલ કલીયરન્સ અંગેનાં અભિપ્રાયનું પ્રમાણપત્ર આપીશું અને તે પછીથી કોઈનો કોઈપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહી.

તા.૨૯-૧૦-૨૦૨૬
**મનીષ કનુભાઈ પટેલ, એડવોકેટ,**
**ચિરાગ દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**અમીત દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**હેત શંકરભાઈ પટેલ, એડવોકેટ,**
**BALCHANDBHAI ASSOCIATES**
ઠે. એ / ૨૦૨, સેકન્ડ ફ્લોર, એસ. જી. બીઝનેશ હબ, ગોતા ઓવરબ્રિજ પાસે, એસ.જી. હાઈવે, ગોતા, અમદાવાદ.
મો.૯૮૭૯૩૪૪૩૩૩

## જાહેર નોટિસ

**મોજે - ગોલાણા**

ડિસ્ટ્રીકટ આણંદ રજીસ્ટ્રેશન સબ-ડિસ્ટ્રીકટ ખંભાત તાલુકાના મોજે-ગોલાણા ગામની સીમના (એ) સર્વે નં. ૨૦૯ ની હે.આરે.ચો.મી. : ૦-૫૫-૬૪, (બી) સર્વેનં. ૨૧૦ની હે.આરે.ચો.મી. :૦-૫૯-૬૯ તથા,(સી) સર્વે નં. ૨૧૧ ની હે.આરે.ચો.મી. :૦-૬૦-૭૦, (ડી) સર્વે નં.૨૩૨ ની હે.આરે.ચો.મી. : ૦- ૩૫-૪૧, (ઈ) સર્વે નં. ૧૯૫+૧૯૬+૧૯૭ની હે.આરે.ચો.મી. :૧-૮૦-૦૯ તથા (એફ) સર્વે નં. ૨૦૧ ની હે.આરે.ચો.મી. : ૦-૪૪-૫૨ ની ખેતીની જમીન અશોકસિંહ દિલીપસિંહ વાઘેલાની સ્વતંત્ર માલિકી, કબજા, ભોગવટાની તમામ પ્રકારના બોજાઓથી તેમજ કાનુની વિવાદોથી મુક્ત હોવાનું જણાવીને અમારી પાસે ટાઈટલ્સ કલીયરન્સ અંગેના અભિપ્રાયની માંગણી કરેલ છે, સદરહુ જમીન ઉપર કોઈનો બોજો, ચાર્જ, ખેડહક્ક, ગણોતહક્ક, ઈઝમેન્ટ રાઈટસ કે અન્ય કોઈપણ પ્રકારનો કબજા હક્ક કે લાગભાગ યાને હક્ક હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૧૫ માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો સદર જમીનમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વીત્યે સદર જમીનનું ટાઈટલ કલીયરન્સ અંગેનાં અભિપ્રાયનું પ્રમાણપત્ર આપીશું અને તે પછીથી કોઈનો કોઈપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહી.

તા.૨૯-૧૦-૨૦૨૬
**મનીષ કનુભાઈ પટેલ, એડવોકેટ,**
**ચિરાગ દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**અમીત દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**હેત શંકરભાઈ પટેલ, એડવોકેટ,**
**BALCHANDBHAI ASSOCIATES**
ઠે. એ / ૨૦૨, સેકન્ડ ફ્લોર, એસ. જી. બીઝનેશ હબ, ગોતા ઓવરબ્રિજ પાસે, એસ.જી. હાઈવે, ગોતા, અમદાવાદ.
મો.૯૮૭૯૩૪૪૩૩૩

## જાહેર નોટિસ

**મોજે-સરગાસણ**

ડીસ્ટ્રીકટ ગાંધીનગર રજીસ્ટ્રેશન સબ - ડીસ્ટ્રીકટ ગાંધીનગર (ઝોન - ૨) ગાંધીનગર તાલુકાના મોજે-સરગાસણ ગામની સીમના મુળ સર્વે નં. ૪૨૪/૦૦૧ ની કુલ ચો.મી.૫૭૪૬ ની જમીન કે જેનો ટી.પી. સ્કીમ નં. ૨૯ માં સમાવેશ કરીને ફાળવેલ ફાઈનલ પ્લોટ નં. ૧૦૬ ની જમીનને સીટી સર્વે વોર્ડ : સરગાસણ (બીનખેતી) માં સમાવેશ કરીને ફાળવેલ સીટી સર્વે નં. NA424 / 001/p1 ની ચો.મી. ૩૪૧૫ ની બિનખેતીની જમીન DIYA SPACE - એ નામની ભાગીદારી પેઢીની સ્વતંત્ર માલિકી, કબજા, ભોગવટાની તમામ પ્રકારના બોજાઓથી તેમજ કાનુની વિવાદોથી મુક્ત હોવાનું જણાવીને તેના વહીવટકર્તા ભાગીદારે અમારી પાસે ટાઈટલ્સ કલીયરન્સ અંગેના અભિપ્રાયની માંગણી કરેલ છે, સદર જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો બોજો, ચાર્જ, લીયન, બાના હક્ક, કબજા હક્ક કે લાગભાગ યાને હક્ક હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૭ માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો સદર જમીનમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વીત્યે સદર જમીનનું ટાઈટલ કલીયરન્સ અંગેના અભિપ્રાયનુ પ્રમાણપત્ર આપીશું અને તે પછીથી કોઈનો કોઈપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહી.

તા.૨૯-૧૦-૨૦૨૬
**મનીષ કનુભાઈ પટેલ, એડવોકેટ,**
**ચિરાગ દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**અમીત દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**હેત શંકરભાઈ પટેલ, એડવોકેટ,**
**BALCHANDBHAI ASSOCIATES**
ઠે. એ / ૨૦૨, સેકન્ડ ફ્લોર, એસ. જી. બીઝનેશ હબ, ગોતા ઓવરબ્રિજ પાસે, એસ.જી. હાઈવે, ગોતા, અમદાવાદ.
મો.૯૮૭૯૩૪૪૩૩૩

## જાહેર નોટિસ

**મોજે - બોડકદેવ**

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમદાવાદ સબ - ડીસ્ટ્રીકટ અમદાવાદ -૩ (મેમનગર) ઘાટલોડીયા તાલુકાના મોજે - બોડકદેવ ગામની સીમનાં સર્વે નં.૧૫૦/૧, ૧૫૦/૨, ૧૫૧/૧, ૧૫૨, ૧૫૩/૨ પૈકીની જમીન કે જેનો ટી.પી.સ્કીમ નં.૨૧૩ માં સમાવેશ કરીને ફાળવેલ ફાઈનલ પ્લોટ નં.૭૪, ૭૫, ૭૬/૧ (ઔડા દ્વારા મંજૂર કરેલ પ્લાન મુજબ ૧૦૦+ ૧૦૧/૧ + ૧૦૨/૧ + ૧૦૪) ની બિનખેતીની જમીન ઉપર અંબિકા સ્મૃતિ કો.ઓ.હા.સો.લી., વિભાગ-૧ આવેલ છે, જે 'શાશ્વત બંગ્લોઝ' ના નામથી ઓળખાય છે. તેમાં આવેલ સબ-પ્લોટ નં.૧૪ ની ચો.વાર :૨૦૧૫ ના ખુલ્લા પ્લોટવાળી મીલકત અંગે સબ-રજીસ્ટ્રાર કચેરી સમક્ષ તા.૨૮-૦૭-૨૦૦૫ ના રોજ અનુ.નં. ૫૭૯૭ થી નોંધાયેલ અસલ એલોટમેન્ટનો દસ્તાવેજ તથા તા.૩૦-૦૬-૨૦૦૬ ના રોજ અનુ.નં.૬૮૮૬ થી નોંધાયેલ અસલ સુધારા દસ્તાવેજ સદર સોસાયટી તરફથી આપવામાં આવેલ તા.૨૦-૦૮-૨૦૦૭ ના રોજના અસલ શેર સર્ટીફીકેટ નં.૩૮, શેર નં.૧૮૬ થી ૧૯૦ ખોવાઈ / ગુમ થઈ ગયાનું હોવાનું જણાવી તેના ઉપર કોઈપણ બેન્ક, સંસ્થા, વ્યકિત, નાણાકીય ધિરાણ કરતા એકમ વિગેરેનો કોઈપણ જાતનો બોજો, ચાર્જ, હકક ઉપસ્થિત કરેલ નથી. તેમ હાલના માલિક શર્મા ગીરીરાજ કિશોર મેઘશ્યામ એચ.યુ.એફ. જણાવે છે તો સદર મીલકતનાં અસલ દસ્તાવેજ તથા શેર સર્ટીફીકેટ આધારે કોઈનો કોઈપણ જાતનો હક્ક, દાવો, બોજો ચાર્જ હોય તો દિન-૭ માં નીચેના સરનામે જાણ કરવી, તે પછીથી કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો તકરાર ચાલશે નહિ.

અમદાવાદ
તા.૨૯-૧૦-૨૦૨૬
**મનીષ કનુભાઈ પટેલ, એડવોકેટ,**
**ચિરાગ દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**અમીત દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**હેત શંકરભાઈ પટેલ, એડવોકેટ,**
**BALCHANDBHAI ASSOCIATES**
ઠે. એ / ૨૦૨, સેકન્ડ ફ્લોર, એસ. જી. બીઝનેશ હબ, ગોતા ઓવરબ્રિજ પાસે, એસ.જી. હાઈવે, ગોતા, અમદાવાદ.
મો.૯૮૭૯૩૪૪૩૩૩

# ડોલર સામે રૂપિયામાં ઘટાડો: જો કે પાઉન્ડ તથા યુરોના ભાવમાં પીછેહટ દેખાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ) મુંબઈ,બુધવાર

મુંબઈ કરન્સી બજારમાં આજે રૂપિયા સામે ડોલરના ભાવ ફરી ઉંચકાતાં રૂપિયો દબાણ હેઠળ જોવા મળ્યો હતો. શેરબજારમાં પીછેહટ તથા વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવમાં ફરી આગેકૂચના પગલે કરન્સી બજારમાં રૂપિયો દબાણ હેઠળ રહ્યો હોવાનું બજારના સૂત્રો જણાવી રહ્યા હતા. દરમિયાન, ડોલરના ભાવ રૂ.૯૫.૧૨ વાળા આજે સવારે રૂ.૯૫.૦૨ ખુલ્યા પછી નીચામાં ભાવ રૂ.૯૫.૦૦ થયા પછી ભાવ વધી ઉંચામાં રૂ.૯૫.૨૬ થઈ ૯૫.૨૨ રહ્યા હતા.

## વિશ્વ બજારમાં ડોલરનો ગ્લોબલ ઈન્ડેક્સ ઉંચકાયાના નિર્દેશો

ડોલરના ભાવ આજે ૧૦ પૈસા વધી જતાં ડોલર સામે રૂપિયો ૦.૧૧ ટકાના ઘટાડા પર રહ્યો હતો. દરમિયાન, વિશ્વ બજારમાં ડોલરનો વૈશ્વિક ઈન્ડેક્સ આજે ઉંચામાં ૧૦૨.૪૯ થઈ ૧૦૨.૪૦ રહ્યાના સમાચાર હતા. અમેરિકાના ફેડરલ રિઝર્વની મિટિંગ પર વિશ્વ બજારના ખેલાડીઓની નજર રહી હતી.

દરમિયાન, મુંબઈ કરન્સી બજારમાં આજે રૂપિયા સામે બ્રિટીશ પાઉન્ડના ભાવ જો કે ૧૬ પૈસા ઘટયા હતા પાઉન્ડના ભાવ નીચામાં રૂ.૧૨૬.૩૨ થઈ રૂ.૧૨૬.૫૧ રહ્યા હતા. યુરોપીયન કરન્સી યુરોના ભાવ રૂપિયા સામે જોકે નજીવો ત્રણ પૈસાનો ઘટાડો દર્શાવતા હતા. યુરોના ભાવ નીચામાં રૂ.૧૦૫.૬૮ થઈ છેલ્લે બંધ ભાવ રૂ.૧૦૫.૯૬ રહ્યા હતા. જાપાનની કરન્સી આજે રૂપિયા સામે ૦.૦૩ ટકા પ્લસમાં રહી હતી જ્યારે ચીનની કરન્સી રૂપિયા સામે ૦.૧૧ ટકા પ્લસમાં રહી હોવાનું બજારના સૂત્રો જણાવી રહ્યા હતા. મુંબઈ બજારમાં આજે ડોલરમાં ઈમ્પોર્ટરોની તથા ઓઈલ કંપનીઓની લેવાલી જળવાઈ રહ્યાનું બજારના જાણકારો જણાવી રહ્યા હતા.

**ફોરેક્સ ભાવ**

| | |
|---|---|
| ડોલર | રૂા. ૯૫.૨૨ |
| પાઉન્ડ | રૂા. ૧૨૬.૫૧ |
| યુરો | રૂા. ૧૦૫.૯૬ |
| યેન | રૂા. ૦.૬૦ |
| બ્રેન્ટ ક્રૂડ | ૧૧૫ ડોલર |

# NBFC દ્વારા ધિરાણ પૂરા પાડવામાં સાવચેતીનું વલણ: લોન વસૂલીમાં ઝડપ

મુંબઈ, તા. ૨૮

ચોમાસાની નબળાઈને કારણે ગ્રામ્ય આવક પર અસરના એંધાણ બાદ દેશની નોન-બેન્કિંગ ફાઈનાન્સ કંપનીઓ (એનબીએફસીસે) દૂકાળગ્રસ્ત વિસ્તારોમાં ધિરાણ પૂરા પાડવાનું લગભગ અટકાવી દીધું છે એટલુ જ નહીં અગાઉ પૂરી પડાયેલી લોન્સની રિકવરી પર પણ સખત નજર રાખવાનું શરૂ કરી દીધું છે.

વર્તમાન વર્ષમાં દેશમાં નૈઋત્યના ચોમાસામાં વરસાદ સામાન્ય કરતા ૧૩ ટકા નીચો રહ્યો છે. ૨૦૧૫ બાદ વર્તમાન વર્ષનું ચોમાસુ સૌથી નબળુ રહ્યું છે. રવી મોસમમાં પાકપાણી નીચા ઊતરવાના અંદાજ મુકાઈ રહ્યા છે.

કૃષિ ક્ષેત્રમાં નીચી આવકથી બોરોઅરોની લોન રિપેમેન્ટની ક્ષમતા ઘટાડશે. નબળા વરસાદને કારણે એનબીએફસીસ કૃષિ લોન ઉપરાંત અન્ય ધિરાણ છૂટા કરવામાં પણ સાવેચેતી ધરાવી રહ્યા છે.

### રવી મોસમમાં પાક નીચો ઊતરવાનો અંદાજ

દેશના અનેક રાજ્યોએ અસંખ્ય જિલ્લાને દૂકાળગ્રસ્ત જાહેર કર્યા છે. આ હકીકતને ધ્યાનમાં રાખી ધિરાણદારોએ આ જિલ્લાઓમાં ધિરાણ પ્રવૃત્તિ ઘટાડી નાખી અથવા તો સ્થગિત કરી નાખી છે, એમ એક એનબીએફસીસના પ્રવકતાએ જણાવ્યું હતું.

અનેક ધિરાણદારોએ તો મૂલ્યથી લોનના પ્રમાણમાં ઘટાડો કરવાનું શરૂ કરી દીધું છે એટલું જ નહીં વસૂલીની પ્રક્રિયાને પણ સખત બનાવી દીધી હોવાનું જાણવા મળી રહ્યું છે. દૂકાળગ્રસ્ત વિસ્તારોમાં લોન બુક વિસ્તારવાનો હાલમાં કોઈ અર્થ નહીં હોવાનું પણ અન્ય એક એનબીએફસીના સુત્રોએ જણાવ્યું હતું.

## સોના-ચાંદી બજાર

**અમદાવાદ**

ચાંદી ચોરસા ૧૯૫૫૦૦-૧૯૭૫૦૦
ચાંદી રૂપુ ૧૯૫૩૦૦-૧૯૭૩૦૦
ચાંદી સિક્કા જુના ૨૪૦૦-૨૭૦૦
સોનું (૯૯.૯) ૧૪૪૫૦૦-૧૪૭૫૦૦
સોનું (૯૯.૫) ૧૪૪૨૦૦-૧૪૭૨૦૦
હોલમાર્ક ૧૪૪૫૫૦

**મુંબઈ**

ચાંદી ૧૯૩૪૪૨
સોનું (૯૯.૫) ૧૪૨૧૩૬
સોનું (૯૯.૯) ૧૪૨૭૦૭

**રાજકોટ**

ચાંદી ૧૯૬૩૦૦
૨૪ કેરેટ ૧૦ ગ્રામ ૧૪૮૯૦૦
સીક્કા (૧ ગ્રામ)૧૫૦૦૦
૨૨ કેરેટ ૧૦ ગ્રામ ૧૩૨૫૦૦

## રાજકોટ છેલ્લા ભાવ

રાજકોટ સીંગતેલ લુઝ ૧૭૫૦
રાજકોટ મગફળી ૧૮૧૦-૧૮૨૦
સોનુ ૨૪ કેરેટ ૧૪૮૯૦૦
૧ કિલો ચાંદી ૧૯૬૩૦૦

## NSE સૌથી વધુ વધ્યા

| કંપની | બંધ ભાવ | વધારો (ટકામાં) |
|---|---|---|
| એપોલો હોસ્પિ. | ૮૧૩૭.૦૦ | ૪.૪૩ |
| લાર્સન | ૩૮૦૧.૩૦ | ૩.૭૨ |
| ટ્રેન્ટ | ૨૯૧૩.૯૦ | ૩.૩૧ |
| SBI લાઈફ | ૧૬૬.૭૦ | ૨.૦૬ |
| ઈન્ડિગો | ૪૬૯૦.૦૦ | ૨.૦૩ |

## ચીમનભાઈ માર્કેટ

**૨૦ કિલો**

બટાકા દેશી ૧૦૦-૨૦૦
બટાકા ડીસા ૧૫૦-૩૫૦
ડુંગળી મહારાષ્ટ્ર ૮૦૦-૧૧૦૦
ડુંગળી એમપી ૮૦૦-૯૬૦

## છેલ્લા ભાવ

મુંબઈ ચાંદી ૧૯૩૪૪૨
મુંબઈ સોનું (૯૯.૫) ૧૪૨૧૩૬
મુંબઈ સોનું (૯૯.૯) ૧૪૨૭૦૭
અમ. ચાંદી ૧૯૭૫૦૦
અમ. સોનું (૯૯.૯) ૧૪૭૫૦૦
અમ. સોનું (૯૯.૫) ૧૪૭૨૦૦
અમ. સિંગતેલ નવો ડબો ૩૧૫૦
અમ. કપાસિયા નવો ૨૭૮૦

## BSE સૌથી વધુ વધ્યા

| કંપની | બંધ ભાવ | વધારો (ટકામાં) |
|---|---|---|
| લાર્સન | ૩૮૦૫.૦૦ | ૩.૬૮ |
| ટ્રેન્ટ | ૨૯૦૮.૦૦ | ૨.૭૯ |
| SBI | ૯૫૬.૭૫ | ૧.૨૩ |
| એક્સિસ બેંક | ૯૫૬.૭૫ | ૧.૧૪ |
| ઈન્ડિગો | ૧૨૨૦.૦૦ | ૧.૧૩ |

## NSE સૌથી વધુ ઘટયા

| કંપની | બંધ ભાવ | ઘટાડો (ટકામાં) |
|---|---|---|
| ઈન્ફોસીસ | ૧૧૨૩.૧૫ | ૩.૪૩ |
| રિલાયન્સ | ૧૧૫૮.૦૦ | ૩.૧૯ |
| ONGC | ૨૨૪.૮૯ | ૨.૧૬ |
| ટેક મહિન્દ્રા | ૧૭૭૬.૬૦ | ૧.૫૫ |
| ભારતી એરટેલ | ૧૯૪૮.૧૦ | ૧.૫૫ |
| કોલ ઈન્ડિયા | ૩૯૨.૦૦ | ૧.૫૧ |
| ઈટરનલ | ૩૨૬.૦૦ | ૧.૫૧ |
| TCS | ૨૪૬૦.૦૦ | ૧.૪૮ |
| બજાજ પીન | ૧૬૫૨.૪૦ | ૧.૪૭ |
| HCL ટેક | ૧૪૦૦.૫૦ | ૧.૩૭ |
| ટાટા સ્ટીલ | ૧૬૯.૨૭ | ૧.૨૫ |
| BEL | ૩૬૩.૩૫ | ૧.૨૫ |
| નેસ્લે | ૧૧૬૮.૦૦ | ૧.૦૬ |

## અમદાવાદના બજારો

**તેલતેલીબિયા**

સિંગતેલ નવો ડબો (૧૫ કિલો) ૨૯૫૦-૩૧૫૦
સિંગતેલ નવો ડબ્બો (૧૫ લીટર) ૨૯૫૦
કપાસીયાતેલ નવો ડબો (૧૫ કિલો) ૨૫૮૦-૨૭૮૦
રાઈસબ્રાન્ડ (૧૫ કિલો) ૨૫૦૦
સોયાબીન નવો ડબો ૨૬૦૦
દિવેલ ૨૮૫૦
પામોલીન જુનો ડબો ૨૩૨૦
પામોલીન નવો ડબો ૨૪૫૦
કોપરેલ ૪૪૦૦
વનસ્પતિ ૨૦૦૦-૨૨૦૦
મોળું સરસીયું ૨૯૫૦
તીખું સરસીયું ૩૧૦૦
સનફ્લાવર ૨૬૮૦
મકાઈ તેલ ૨૪૫૦

## BSE સૌથી વધુ ઘટયા

| કંપની | બંધ ભાવ | ઘટાડો (ટકામાં) |
|---|---|---|
| રિલાયન્સ | ૧૧૫૮.૫૦ | ૩.૪૬ |
| ઈન્ફોસીસ | ૧૧૨૩.૧૫ | ૩.૩૪ |
| ટેક મહિન્દ્રા | ૧૭૭૪.૦૦ | ૧.૮૩ |
| TCS | ૨૪૫૮.૦૦ | ૧.૬૮ |
| આરતી એરટેલ | ૧૯૫૦.૦૦ | ૧.૪૨ |
| ટાટા સ્ટીલ | ૧૬૯.૧૫ | ૧.૩૭ |
| બજાજ ફીન | ૧૬૫૯.૦૦ | ૧.૨૫ |
| ઈટરનલ | ૩૨૬.૫૦ | ૧.૨૧ |
| BEL | ૩૬૩.૭૫ | ૧.૨૦ |
| HCL ટેક | ૧૪૦૦.૦૦ | ૧.૧૩ |
| ICICI બેંક | ૧૩૭૪.૩૦ | ૧.૦૨ |
| કોટક બેંક | ૪૪૦.૦૦ | ૦.૬૪ |
| ટાઈટન | ૪૩૪૦.૦૦ | ૦.૬૨ |

## અમદાવાદ ફુલ બજાર

ગુલાબ ૧૫૦-૧૬૦
ટગર ૨૫૦-૩૦૦
ડમરો ૧૦-૧૫
લીલી ૩-૫
હજારી ગલ ૩૦૦-૫૦૦

# રિયલ એસ્ટેટમાં સંસ્થાકીય રોકાણમાં ૬૮ ટકા હિસ્સો વિદેશી રોકાણકારોનો

મુંબઈ, તા. ૨૮

દેશના રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં સપ્ટેમ્બર ત્રિમાસિકમાં આવેલા સંસ્થાકીય ઈન્વેસ્ટમેન્ટસમાં ૬૮ ટકા હિસ્સો વિદેશી રોકાણકારોનો રહ્યો હોવાનું એક રિપોર્ટમાં જણાવાયું છે.

સપ્ટેમ્બર ત્રિમાસિકમાં દેશમાં રિઅલ એસ્ટેટ ક્ષેત્રે આવેલા સંસ્થાકીય ઈન્વેસ્ટમેન્ટમાંથી બાવન ટકા ઈન્વેસ્ટમેન્ટ ડેટા સેન્ટરોમાં થયું છે.

સપ્ટેમ્બર ત્રિમાસિકમાં સંસ્થાકીય ઈન્વેસ્ટમેન્ટમાં ત્રિમાસિક ધોરણે ૧૨ ટકા અને વાર્ષિક ધોરણે ૨૦ ટકા વધારો થઈ તે ૨.૧૦ અબજ ડોલર રહ્યાનું પણ રિપોર્ટમાં જણાવાયું હતું.

વિદેશી રોકાણમાં ત્રિમાસિક ધોરણે ૬૪ ટકા અને વાર્ષિક ધોરણે ૧૩૪ ટકા વધારો જોવા મળ્યો છે.

## કંપની પરિણામ

### અદાણી એન્ટર.ના નફામાં ગાબડું

સપ્ટેમ્બર ત્રિમાસિક અંતે અદાણી એન્ટરપ્રાઈઝનો નફો ૫૫ ટકા ઘટીને રૂ. ૧,૪૯૨ કરોડ રહ્યો હતો, જે ગયા વર્ષના સમાન ક્વાર્ટરમાં રૂ. ૩,૩૦૪ કરોડ હતો. આ સમય દરમિયાન કંપનીની આવકો ૭૫% વધીને રૂ. ૩૭,૨૧૫ કરોડ થઈ હતી.

### મારૂતિ ના નફામાં ઘટાડો

સપ્ટેમ્બર ત્રિમાસિક અંતે મારૂતિ સુઝુકી ઈન્ડિયાનો નફો વાર્ષિક ધોરણે ૨૬%નો ઘટીને રૂ. ૨,૪૬૬.૧ કરોડ થયો છે, જ્યારે કંપનીની ત્રિમાસિક આવક ૨૬% વધીને રૂ. ૫૩,૩૫૫.૫ કરોડ થઈ છે.કંપનીએ સૂચિત સમયમાં ૬,૯૬,૬૫૪ યુનિટ્સનું અત્યાર સુધીનું સૌથી વધુ ત્રિમાસિક કુલ વેચાણ કર્યું હતું.

### લાર્સનનો નફો વધ્યો

સપ્ટેમ્બર ત્રિમાસિક અંતે લાર્સન એન્ડ ટુબ્રોનો નફો ૩૩ ટકા વધીને રૂ. ૫૨૦૨.૧૦ કરોડ થયો હતો. કંપનીની કન્સોલિડેટેડ આવક વાર્ષિક ધોરણે ૧૬% વધીને રૂ. ૭૮,૭૫૦ કરોડ થઈ છે. જ્યારેઆંતરરાષ્ટ્રીય આવક રૂ. ૪૫,૮૭૦ કરોડ રહી છે, જે કુલ આવકના ૫૮% જેટલી થાય છે.

### અદાણી પોર્ટ્સનો નફો વધ્યો

સપ્ટેમ્બર ત્રિમાસિક અંતે અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોનનો નફો ૧૮ ટકા વધીને રૂ. ૩૬૮૨ કરોડ રહ્યો હતો. કંપનીની આવકો ૨૪% વધીને રૂ. ૧૧,૩૪૦ કરોડ રહી હતી.

### અરવિંદનો નફો વધ્યો

સપ્ટેમ્બર ત્રિમાસિક અંતે અરવિંદ લિમિટેડનો નફો વધીને રૂ. ૧૫૧.૬૦ કરોડ રહ્યો હતો. કંપનીની આવક ૨૩% વધીને રૂ.૨,૯૧૮.૬૨ કરોડ રહી હતી.

### સિપ્લાનો નફો ઘટયો

સપ્ટેમ્બર ત્રિમાસિક અંતે સિપ્લાનો નફો ૩૫% ઘટીને રૂ. ૮૭૮ કરોડ થયો હતો. જ્યારે આવકો બે ટકા ઘટીને રૂ. ૭૪૦૪ કરોડ રહી હતી.

### સાકર હેલ્થનો નફો વધ્યો

સપ્ટેમ્બર ત્રિમાસિક અંતે સાકાર હેલ્થ કેરનો નફો ૧૪૯ ટકા વધીને રૂ. ૧૧.૩૦ કરોડ થયો હતો. કંપનીની આવક ૫૨ ટકા વધીને રૂ. ૮૭.૪૧ કરોડ રહી હતી.

### સીટી પલ્સનો નફો વધ્યો

સપ્ટેમ્બર ત્રિમાસિક અંતે સીટી પલ્સ મલ્ટી વેન્ચર્સનો નફો વધીને રૂ. ૨૩.૪૯ કરોડ થયો હતો. કંપનીની આવકો પણ વધીને રૂ. ૧૬૧૩.૭૫ કરોડ રહી હતી.

### HPCLનો નફો ઘટયો

સપ્ટેમ્બર ત્રિમાસિક અંતે સરકારી માલિકીની હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન (HPCL)ના નફામાં ૬%નો ઘટાડો થતા રૂ. ૩,૬૨૫ કરોડ રહ્યો હતો. કંપનીની આવક ૨૬% વધીને રૂ. ૧,૩૯,૧૧૩ કરોડ રહી હતી.

### IHCLનો નફો વધ્યો

સપ્ટેમ્બર ત્રિમાસિક અંતે ઈન્ડિયન હોટલ્સ કંપનીનો (IHCL) નફો ૧૯% વધીને રૂ. ૩૭૯ કરોડ થયો હતો. કંપનીની આવક વધીને રૂ. ૨,૪૮૪ કરોડ થઈ છે.

### મહિન્દ્રા ફાઈ.નો નફો વધ્યો

સપ્ટેમ્બર ત્રિમાસિક અંતે મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ફાઈનાન્શિયલ સર્વિસિસનો નફો ૫૫% વધીને રૂ. ૯૧૧ કરોડનો નફો થયો છે. કંપનીની વ્યાજની ચોખ્ખી આવક ૨૧% વધીને રૂ. ૩,૪૧૩ કરોડ થઈ છે.

## કેશ એન્ડ ફ્યુચર ઓપ્શન સ્ટ્રેટેજીસ

**ફ્યુચર માર્કેટ**

- વોલ્ટાસ : (૧૦૨૦)નો નવેમ્બર માસનો ફ્યુચર ૧૦૨૦ ઉપર ૯૯૦નો સ્ટોપલોસ રાખી ખરીદો. આગામી દિવસોમાં ટાર્ગેટ -૧ ૧૦૪૦, ટાર્ગેટ -૨ ૧૦૬૫ સુધી સુધારાની શક્યતા છે.

- કેઈન્સ ટેકનોલોજીસ ઈન્ડિયા : (૩૦૫૮)નો નવેમ્બર માસનો ફ્યુચર ૩૦૫૮ નીચે ૩૧૫૦ સ્ટોપલોસ રાખી વેચો. આગામી દિવસોમાં ટાર્ગેટ -૧ ૨૯૭૫, ટાર્ગેટ -૨ ૨૯૨૫ સુધી ઘટાડાની શક્યતા છે.

**કેશ માર્કેટ**

શેશાસ્યી પેપર : બોર્ડસ : (૨૦૨) ૨૦૨ ઉપર ૧૯૪ સ્ટોપલોસ રાખી ખરીદો. આગામી દિવસોમાં ટાર્ગેટ -૧ ૨૦૮, ટાર્ગેટ -૨ ૨૨૦ સુધી સુધારાની શક્યતા છે.

- ટાટા કમ્યુનિકેશન્સ : (૧૬૮૧) ૧૬૮૧ નીચે ૧૭૫૦ સ્ટોપલોસ રાખી વેચો. આગામી દિવસોમાં ટાર્ગેટ -૧ ૧૬૪૫, ટાર્ગેટ -૨ ૧૬૨૫ સુધી ઘટાડાની શક્યતા છે.

- નિલેશ કોટક

### અમેરિકામાં ક્રૂડતેલનો સ્ટોક ૨૦૦ લાખ બેરલ્સ ઘટ્યો

# સોના-ચાંદીમાં ફરી તેજીનો ચમકારો: ક્રૂડ પણ ઉંચકાયું: પ્લેટીનમમાં બેતરફી વધઘટ

(વાણિજ્ય પ્રતિનિધિ) મુંબઈ,બુધવાર

મુંબઈ ઝવેરી બજારમાં આજે સોના-ચાંદીમાં ભાવ આંચકા પચાવી ફરી ઉંચકાયા હતા. સામે પ્લેટીનમના ભાવ આરંભમાં નીચા ખુલ્યા પછી ઝડપી ઉંચકાયા હતા. વિશ્વ બજારમાં કિંમતી ધાતુઓના ભાવ ઉછળતાં ઘરઆંગણે ઈમ્પોર્ટ કોસ્ટ ઉંચી જતાં દેશના ઝવેરી બજારોમાં આજે ભાવ નવેસરથી ઉછળતા જોવા મળ્યા હતા.મુંબઈ કરન્સી બજારમાં આજે રૂપિયા સામે ડોલરના ભાવ ઉંચકાતાં તેની અસર પણ ઝવેરી બજાર પર દેખાઈ હતી.

## ઈરાન પ્રેરિત હુથી જૂથે સાઉદી અરેબિયાની મોટી ઓઈલ રિફાઈનરી પર હુમલો કરતાં વિશ્વ બજારમાં ફરી અજંપો

દરમિયાન, વિશ્વ બજારમાં સોનાના ભાવ ઔંસના ૪૦૦૯થી ૪૦૧૦ વાળા વધી ઉંચામાં ભાવ ૪૦૭૦થી ૪૦૭૧ થઈ ૪૦૪૮થી ૪૦૪૯ ડોલર રહ્યા હતા. વિશ્વ બજાર પાછળ ઘરઆંગણે અમદાવાદ ઝવેરી બજારમાં આજે સોનાના ભાવ ૧૦ ગ્રામના રૂ.૧૫૦૦ વધી ૯૯૫ના ભાવ રૂ.૧૪૭૨૦૦ તથા ૯૯૯ના ભાવ રૂ.૧૪૭૫૦૦ બોલાયા હતા. દરમિયાન, અમદાવાદ ચાંદીના ભાવ આજે કિલોના રૂ.૨૦૦૦ ઉછળી રૂ.૧૯૭૫૦૦ બોલાયા હતા. વિશ્વ બજારમાં સોના પાછળ ચાંદીના ભાવ ઔંસના ૫૩.૩૦ વાળા વધી ઉંચામાં ભાવ ૫૪.૫૩ થઈ ૫૩.૮૩થી ૫૩.૮૪ ડોલર રહ્યા હતા. વિશ્વ બજારમાં અમેરિકાના ફોરેક્સ રિઝર્વની મિટિંગ પર નજર વચ્ચે આજે સોનામાં નીચા મથાળે ફંડોની લેવાલી જોવા મળી હતી. વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવ આંચકા પચાવી ફરી વધતાં તેની ઈમ્પેક્ટ પણ વૈશ્વિક સોનાના ભાવ પર દેખાઈ હતી. મુંબઈ બુલિયન બજારમાં આજે સોનાના ભાવ જીએસટી વગર રૂ.૧૩૦૦થી ૧૪૦૦ વધી ૯૯૫ના ભાવ રૂ.૧૪૨૧૩૬ તથા ૯૯૯ના ભાવ રૂ.૧૪૨૭૦૭ રહ્યા હતા જ્યારે મુંબઈ ચાંદીના ભાવ જીએસટી વગર રૂ.૧૦૦૦ વધી રૂ.૧૯૩૪૪૨ રહ્યા હતા. મુંબઈ સોના-ચાંદીમાં જીએસટી સાથેના ભાવ આ ભાવથી ૩ ટકા ઉંચા રહ્યા હતા. દરમિયાન, જીએસટી સાથેના ભાવ ૩ ટકા ઉંચા રહ્યા હતા. મુંબઈ બજારમાં પ્લેટીનમના ભાવ ૧૦ ગ્રામના રૂ.૬૧૪૧૮ વાળા આજે સવારે રૂ.૫૬૧૬૭ ખુલ્યા પછી ફરી ઉછળી રૂ.૬૧૭૦૬ બંધ રહ્યા હતા.

વિશ્વ બજારમાં પ્લેટીનમના ભાવ ઔંસના ૧૫૦૮ વાળા વધી ૧૫૫૦ થઈ ૧૫૪૪થી ૧૫૪૫ ડોલર રહ્યા હતા જ્યારે પેલેડીયમના ભાવ ઔંસના ૧૦૨૦ વાળા ઉંચામાં ભાવ ૧૦૪૩ થઈ ૧૦૨૫થી ૧૦૨૬ ડોલર રહ્યા હતા. વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવ ફરી ઉંચકાયા હતા. બ્રેન્ટ ક્રૂડના ભાવ ૧૧૪.૮૪ વાળા વધી ૧૧૬.૩૫ થઈ ૧૧૫.૩૫ ડોલર રહ્યા હતા. યુએસ ક્રૂડના ભાવ ઉંચામાં ૧૦૨.૨૪ થઈ ૧૦૧.૭૮ ડોલર હતા. દરમિયાન, ઈરાન પ્રેરિત હાઉથી જૂથે સાઉદી અરેબિયાની મોટી ઓઈલ રિફાઈનરી પર હુમલો કર્યાના સમાચાર હતા. અમેરિકામાં ક્રૂડતલનો સ્ટોક ૨૦૩ લાખ બેરલ્સ ઘટયો હોવાનું અમેરિકન પેટ્રોલિયમ ઈન્સ્ટીટયુટે જણાવ્યું હતું. આની અસર વૈશ્વિક ક્રૂડના ભાવ પર દેખાઈ હતી.

### બજાજ ઓટોનો નફો વધ્યો

સપ્ટેમ્બર ત્રિમાસિક અંતે બજાજ ઓટોનો નફો વાર્ષિક ધોરણે ૬૧.૯% વધીને રૂ. ૩,૪૩૬.૧૦ કરોડ થયો હતો.

સૂચિત સમયમાં કંપનીની આવક વાર્ષિક ધોરણે ૫૯.૭% વધીને રૂ.૨૫,૧૨૫.૫૬ કરોડ થઈ હતી.

કંપનીની નિકાસ વાર્ષિક ધોરણે ૪૧%ના જંગી ઉછાળા સાથે ૭,૭૮,૫૨૮ યુનિટ્સ પર પહોંચી હતી. કંપનીનું સ્થાનિક વેચાણ વાર્ષિક ધોરણે ૪% વધીને ૭,૭૦,૩૫૬ યુનિટ્સ થયું હતું.


## જાહેર નોટિસ

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અમદાવાદ સબ-ડીસ્ટ્રીક્ટ અમદાવાદ-૩ (મેમનગર)ના સાબરમતી તાલુકાના મોજે ગામ શેખપુર-ખાનપુરની સીમના ટી.પી.સ્કીમ નંબર-૧૯ ફાઈનલ પ્લોટ નંબર-૨૬૨ પૈકીના સબ પ્લોટ નંબર-૨, સીટી સરવે નંબર-૪૫૩૮ તથા ૪૫૪૨ ની બિનખેતીની જમીન ઉપર ''પૂર્વા એપાર્ટમેન્ટ કો.ઓ.હા.સો.લી.'' કે જે ''પારૂલ એપાર્ટમેન્ટ'' તે આવેલ છે સદરહુ સોસાયટીએ મેસર્સ સેફ્રોન ડેવલપર્સ એ નામની ભાગીદારી પેઢીની સાથે સદરહુ સોસાયટીનું રીડેવલપમેન્ટ કરવાનું નક્કી કરેલ છે અને તે અંગેનો ડેવલપમેન્ટનો કરાર તા. ૧૩-૧૨-૨૦૨૩ ના રોજ રજી. નંબર-૧૪૬૭૬ થી નોંધાયેલ છે અને રીડેવલપમેન્ટ મુજબ કુલ ૨૮ ફ્લેટ બાંધવાના છે અને સદરહુ સ્કીમ ''પારૂલ ગ્રેસીયસ'' તરીકે ઓળખાશે. તે પૈકી ત્રીજા માળે આવેલ યુનિટ નંબર-૩૦૪ ની સ.ચો.ફુટ ૨૯૨૯ સુપર બિલ્ટઅપ એરીયા જેનો કાર્પેટ એરીયાસ.ચો.મી. ૧૩૨.૪૪ તથા બાલ્કનીસ.ચો.મી. ૧૩.૬૩ તથા વોશ એરીયા ૪.૫૯ તથા જમીનમાં વગર વહેંચાયેલ સ.ચો.મી. ૪૪.૨૫ ના હિસ્સા સહિતની મીલકત (૧) વિનોદચંદ્ર કાંતિલાલ શાહ (૨) સમીર વિનોદચંદ્ર શાહ (૩) કોષા સમીર શાહને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. તો સદરહુ મીલકત ઉપર કોઈપણ વ્યક્તિ, બેંક કે નાણાકીય સંસ્થાનો કે બીજા કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ કે હક્ક હિસ્સો કે બોજો હોય તો દિન-૭ માં પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહિ આવે તો સદરહુ મીલકતમાંનો કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વીતે સદરહુ મીલકતનું ટાઈટલ કલીયરન્સ અંગેના અભિપ્રાયનું પ્રમાણપત્ર આપીશું અને તે પછીથી કોઈનો કોઈપણ જાતનો વાંધો કે તકરાર ચાલશે નહિ.

તા. ૨૮-૧૦-૨૦૨૬

**રૂપેશ એ. ભગત (એડવોકેટ એન્ડ નોટરી)**
**જીજ્ઞેશ એ. ભગત (એડવોકેટ એન્ડ નોટરી)**
**માનવ જે. ભગત (એડવોકેટ)**
**ફોર ભગત એસોસીએટસ**
સરનામું : ૩૦૨-એ/બી, શીલ કોમ્પ્લેક્ષ, આગમન કોમ્પ્લેક્ષની પાછળ, મીઠાખળી, અમદાવાદ.
ટે.નં.(૦૭૯)૨૬૪૦૬૮૨૫

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને ખબર આપવામાં આવે છે કે, (૧) રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અમદાવાદ સબ ડીસ્ટ્રીક્ટ અમદાવાદ-૮ (સોલા) તાલુકા સાબરમતીના મોજે ચાંદલોડીયાની સીમના (૧) મૂળ સરવે/બ્લોક નંબર ૨૩૩/૪/૧ ની ૪૦૪૭ ચોરસમીટરની જમીન કે જેનો સમાવેશ ટાઉનપ્લાનીંગ સ્કીમ નંબર ૪૫ (ચાંદલોડીયા-ગોતા) માં થવાથી ઓરીજીનલ પ્લોટ નંબર ૪૬ પૈકીની ૪૦૪૭ ચોરસમીટર અને ફાઈનલ પ્લોટ નંબર ૪૬/૨ ની ૨૪૩૦ ચોરસમીટરની જમીન ફાળવવામાં આવેલ છે મજકુર સરવે/બ્લોક નંબર ૨૩૩/૪/૧ ની જમીનને જીલ્લા અમદાવાદના સીટી સરવે ઓફિસ: નગર રચના અમદાવાદ, વોર્ડ ચાંદલોડીયા (બીનખેતી) ના શીટ નંબરNA ૯૯ નો સીટી સરવે નંબર NA૨૩૩/૪/૧ ની ૪૦૪૩ ચોરસમીટર આપવામાં આવેલ છે. તે પૈકી ટી.પી. કપાતની ૧૬૧૭ ચોરસમીટર જમીન બાદ કરતા બાકી રહેતી ૨૪૩૦ ચોરસમીટરની બહુહેતુક ઉપયોગની બીનખેતીની જમીન તારીખ ૧૦-૯-૨૦૨૬ ના રોજના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નંબર ૧૯૮૮ થી તથા (૨) મૂળ સરવે/બ્લોક નંબર ૨૩૩/૪/૨ ની ૫૧૬૦ ચોરસમીટરની જમીન કે જેનો સમાવેશ ટાઉનપ્લાનીંગ સ્કીમ નંબર ૪૫ (ચાંદલોડીયા-ગોતા) માં થવાથી ઓરીજીનલ પ્લોટ નંબર ૪૬ પૈકીની ૫૧૬૦ ચોરસમીટર અને ફાઈનલ પ્લોટ નંબર ૪૬/૩ ની ૩૧૦૨ ચોરસમીટરની જમીન ફાળવવામાં આવેલ છે સદરહુ બીનખેતીના ફાઈનલ પ્લોટની જમીનને સરવે/બ્લોક નંબર ૨૩૩/૪/૨ પૈકી ૨ ની ૩૧૦૨ ચોરસમીટરની જમીન અપવામાં આવેલ છે. તેવા સરવે/બ્લોક નંબર ૨૩૩/૪/૨ પૈકી ૨-ફાઈનલ પ્લોટ નંબર ૪૬/૩ ની ૩૧૦૨ ચોરસમીટરની બહુહેતુક ઉપયોગની બીનખેતીની જમીન તારીખ ૧૦-૯- ૨૦૨૬ ના રોજના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નંબર ૧૯૮૭૫ થી આઈ માર્ક ઈન્ફ્રાસ્ટ્રક્ચર એલએલપી ( (I MARK INFRA-STRUCTURE LLP) એ વેચાણ રાખેલ છે અને એ રીતે મજકુર જમીનો સદરહુ પેઢી ધરાવે છે. તેઓએ સદરહુ જમીનો સદરહુ પેઢીની કુલ સ્વતંત્રમાલીકી, પ્રત્યક્ષકબજા ભોગવટાની તેમજ સર્વે પ્રકારના બોજાઓથી મુક્ત હોવાનું જણાવી ટાઈટલ ચકાસણીની કામગીરી અમોને સોંપેલી છે. સર્વે શખ્સો, વ્યક્તિ, પેઢી, બેંક, નાણાંકીય સંસ્થા કે અન્ય કોઈપણ કે જેઓ વેચાણ, વારસો, ભેટ, લાયસન્સ, કબજો, ગીરો, લીયન, ચાર્જ, ટ્રસ્ટ, ભરણપોષણ, ઈઝમેન્ટ, રીલીઝ, અદલાબદલો, ડેવલપર, બીલ્ડર, ઓર્ગેનાઈઝર, કોંન્ટ્રાક્ટર, પ્રોજેક્ટ કન્સલટન્ટ, કે ફાઈનાન્સર તરીકે, કે બાનાખતના કરાર, ભાડાચીઠ્ઠી ભાડા કરાર, પાવર ઓફ એટર્ની, કબજા કરાર, સમજુતી કરાર, હુકમનામું કે કોર્ટ કાર્યવાહી હેઠળ, અન્ય કોઈ લખાણ હેઠળ કે કુટુંબના સભ્ય/સહવારસ, સગીર કે અગાઉ ગુજરનારના વારસદાર તરીકે કે મજકુર જમીનોના જુના દસ્તાવેજો-ટાઈટલ ડીડ્સ બાબતે કે રેવન્યુ રેકર્ડમાં થયેલ વખતોવખતના ફેરફારો બાબતે કે બીજી કોઈપણ રીતે સદરહુ જમીન પર સીધો કે આડકતરો હક્ક, દાવો, કે અલાખો ધરાવતા હોય તેમણે તેની લેખિત જાણ પુરાવા સાથે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ સાતની અંદર નીચેના સરનામે કરવી. નહિતર આવા હક્ક, દાવા કે અલાખા પર કોઈપણ જાતનું લક્ષ આપ્યા સિવાય અને જતા (waive) કરેલા તેવું ગણી સદરહુ જમીનોનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફિકેટ આપવામાં આવશે. ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તકરાર ચાલશે નહીં.

**મેસર્સ એચ. દેસાઈ એન્ડ કંપની**
**એડવોકેટસ એન્ડ સોલીસીટર્સ,**
૨૦૨, સેકન્ડ ફ્લોર, ટાઈટેનીયમ વન, રાજપથ ક્લબની પાસે, એસ.જી.હાઈવે, અમદાવાદ-૩૮૦૦૫૯
ફાઈલ નંબર-૩૫/૨૦૨૫/HHD/KHD

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અમદાવાદ સબ ડીસ્ટ્રીક્ટ તથા તાલુકા ધોળકા મોજે ગામ સીમેજની સીમના ખાતા નંબર ૧૩૯૬ બ્લોક નંબર ૫૧૬ (જુના બ્લોક નંબર ૯૨૩ જુના સર્વે નંબર ૮૮૫) ની કુલ હે.આરે.ચો.મી ૩-૫૬-૧૩ પૈકી અમો વેચાણ આપનારના હક્ક તથા હિસ્સાની હે.આરે.ચો.મી ૧-૧૮-૭૧ ની જુની શરતની ખેતીની જમીન., મયુરભાઈ ખોડાભાઈ ગોહિલ તથા શંકરભાઈ ડાહ્યાભાઈ પરમારના કુલ સ્વતંત્ર સંયુક્ત માલીકી અને કબજા ભોગવટાની હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે., અને અમારા અસીલએ અમારી પાસે સદર જમીનના ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. સદર જમીન ઉપર ઘી મોડાસર સેવા સહકારી મંડળી લીમીટેડના બોજા સિવાય અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હીત, હીસ્સો, દાવો, અલાખો, બોજો, ચાર્જ, લીયન હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૭(સાત) માં અમોને લેખિત પુરાવાઓ સહીત રજી.એ.ડી.થી નીચે જણાવેલ સરનામે જાણ કરવી અને જો તેમ કરવામાં કસુર થશે તો મુદત વીતે સદર જમીનમાં અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હીત, હીસ્સો, દાવો, અલાખો, બોજો, ચાર્જ, લીયન નથી અને જો હોય તો જતો કર્યો છે તેમ સમજી સદર જમીનનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે., અને ત્યારબાદ અમારા અસીલ સદર જમીન વેચાણ લેવાની કાર્યવાહી હાથ ધરશે., અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં, તેની જાહેર જનતાએ નોંધ લેવી.

તા. ૨૮/૧૦/૨૦૨૬

**Kavya Manish Shah, Advocate**
910, Sun Avenue One, Shyamal-Manekbaug Road, Ahmedabad 380 015.
Ph.no.- 87809 42447

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અમદાવાદ સબ ડીસ્ટ્રીક્ટ તથા તાલુકા ધોળકા મોજે ગામ પીસાવાડાની સીમના ખાતા નંબર ૨૫૨ બ્લોક નંબર ૯૩૫ (જુના બ્લોક નંબર ૮૬૫ પૈકી જુના સર્વે નંબર ૭૬૮ અ+બ, ૭૬૯, ૭૮૭ તથા ૭૮૪) ની કુલ હે.આરે.ચો.મી ૨-૧૭-૪૬ ની જુની શરતની ખેતીની જમીન., લીલાબેન તે શીવુભાઈ ચીકાભાઈના વિધવા, સરદારસિંહ શીવુભાઈ, વિક્રમસિંહ શીવુભાઈ તથા કૈલાશબેન શીવુભાઈના કુલ સ્વતંત્ર સંયુક્ત માલીકી અને કબજા ભોગવટાની હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે., અને અમારા અસીલએ અમારી પાસે સદર જમીનના ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. સદર જમીન ઉપર ઘી પીસાવાડા સેવા સહકારી મંડલી લીમીટેડ તથા બેન્ક ઓફ ઈન્ડીયા પીસાવાડાના બોજા સિવાય અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હીત, હીસ્સો, દાવો, અલાખો, બોજો, ચાર્જ, લીયન હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૭(સાત) માં અમોને લેખિત પુરાવાઓ સહીત રજી.એ.ડી.થી નીચે જણાવેલ સરનામે જાણ કરવી અને જો તેમ કરવામાં કસુર થશે તો મુદત વીતે સદર જમીનમાં અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હીત, હીસ્સો, દાવો, અલાખો, બોજો, ચાર્જ, લીયન નથી અને જો હોય તો જતો કર્યો છે તેમ સમજી સદર જમીનનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે., અને ત્યારબાદ અમારા અસીલ સદર જમીન વેચાણ લેવાની કાર્યવાહી હાથ ધરશે., અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં, તેની જાહેર જનતાએ નોંધ લેવી.

તા. ૨૮/૧૦/૨૦૨૬

**Kavya Manish Shah, Advocate**
910, Sun Avenue One, Shyamal-Manekbaug Road, Ahmedabad 380 015.
Ph.no.- 87809 42447

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ અમદાવાદ, સબ-ડિસ્ટ્રીકટ અમદાવાદ-૩ (મેમનગર), તાલુકો ઘાટલોડીયાના ગામ મોજે મેમનગરની સીમનાં ખાતા નંબર-૪૬૭ ના સર્વે બ્લોક નંબર- ૧૯૧/૧ ની હે-આરે-ચોમી ૦-૧૧-૫૯ યાને કે ૧૧૫૯ ચોરસમીટરની આકાર રૂા.૩-૦૬ પૈસાવાળી ખેતીની જમીન તથા પોતખરાબા (અ) ની ૦-૦૯-૬૬ યાને કે ૯૬૬ ચોરસમીટર ખેતીની જમીન મળી કુલ હે. આરે. ચો.મી.૦-૨૧-૨૫ યાને કે ૨૧૨૫ ચોરસમીટર જમીન પૈકી કાન્તીભાઈ વલ્લભભભાઈ કાનાણીની વણવહેંચાયેલા હીસ્સાની ૮૫૦ ચોરસમીટર ખેતીની જમીન (જેને હવે પછી આ જાહેરનોટીસમાં સદરહુ જમીન તરીકે સંબોધવામાં આવશે) તેના માલીક કાન્તીભાઈ વલ્લભભાઈ કાનાણી, રહેવાસી અમદાવાદનાએ તેઓની સંપૂર્ણ, સ્વતંત્ર માલિકી તથા કબજા ભોગવટાની અને તમામ પ્રકારના બોજાઓથી મુકત હોવાનું જણાવી સદરહુ જમીન અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે અને અમારા અસીલે સદરહુ જમીનના ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે અને સદરહુ મિલકતના માલીકના સંમતિપત્ર અને સુચના અનુસાર આ જાહેરનોટીસ પ્રસીધ્ધ કરાવેલ છે તો સદરહુ જમીન ઉપર કોઈપણ વ્યક્તિ, બેંક, પેઢી કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોને તે બદલના પુરાવા સહીત લેખિત જાણ નીચેના સરનામે રજીસ્ટર્ડ સ્પીડ પોસ્ટ થી કરવી, જો તેમ કરવામાં નહિ આવે તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો કે બોજો નથી અને હોય તો તે જતો યાને વેવ કરેલો છે, તેમ સમજી અમો સદરહુ જમીનનું ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ આપીશું અને અમારા અસીલ દ્વારા સદરહુ જમીન ખરીદવાની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

તારીખ: ૨૮-૧૦-૨૦૨૬
કાન્તીભાઈ વલ્લભભાઈ કાનાણી

**HEMANG H. RANA**
**Advocate & Mediator**
**BHARGAVI THAKKAR**
**HENITA RANA & ASSOCIATES**
**ADVOCATE**
OFFICE: A-1320, WEST BANK, Near Vallabh Sadan, Ashram Road, Ahmedabad 380009.
Phone: 00 91 94 26 40 73 80



# ગુજરાત સમાચાર ક્લાસિફાઈડ્સ

ટચુકડી જાહેરખબર
CLASSIFIEDS
Call : 8799236001/2/3

## નોકરી વિષયક ટચુકડી જાહેરખબર

**સ્ટાફ — ઑફિસસ્ટાફ**

જોઈએ છે રિસેપ્સનિસ્ટ. ગુજરાત ચાઈલ્ડ કેર હોસ્પિટલ, શ્યામલ. 9924116209

Required Receptionist & Admin Staff for Well-known Coaching Institute at Maninagar. Graduation Must. 8734026175

**મેડીકલ — કેમીસ્ટ-ફાર્માસીસ્ટ**

જોઈએ છે pharmacist મેડીકલ દુકાન માટે સરખેજ અમદાવાદ 7742432472

**જનરલ — ગૃહ કાર્ય**

જોઈએ છે અમેરીકામાં રસોઈ, ઘરકામ માટે બહેન/ ભાઈ, મો. 7043531358

**20% થી 40% ડાઈલ્યુટ ફોસ્ફોરિક એસીડની, દર મહિને ૧૦૦૦ મેટ્રીક ટન ની જરુરીયાત છે.**
રસ ધરાવતી પાર્ટીઓએ સંપર્ક કરવો.
**એસ.એ. ફાર્માકેમ પ્રાઈવેટ લિ.**
Mail us : arun@sapharmachem.com

**ડ્રાઈવર**

જોઈએ છે ડ્રાઈવર 3/ 4 વ્હીલર લોડીંગ વ્હીકલ લાયસન્સ સાથે રહેવાની સગવડ છે. સરખેજ-સાણંદ રોડ, શાંતિપુરા પાસે. 9737049448

## પ્રાઈમ પ્રોપર્ટી ટચુકડી જાહેરખબર

**સેટેલાઈટ — ભાડે આપવાનું છે**

ભાડે આપવાનો છે Flat 3 Bedroom ફુલી ફર્નિશ, Ratnakar- 3, સર્વન્ટ રૂમ સાથે પ્રેરણાતીર્થ, સેટેલાઈટ Broker- 9825050052

**બોપલ-ઘુમા — વેચવાનું છે**

વેચવાનો છે, ફ્લેટ, 1.5 B H K, બાલ્કનીવાળો રોડ સાઈડ કોર્નર બોપલ. સંપર્ક- 8866105899

**નારણપુરા — ભાડે આપવાનું છે**

ભાડે આપવાનો છે શોરૂમ, 960 સ્કેવર ફીટનો, પહેલે માળ, 124, Rudram skyline, અર્જુન આઈકોનીક સામે, નારણપુરા. 9724316318

ભાડે આપવાનો છે શોરૂમ, 1100 સ્કેવર ફીટનો, પહેલે માળ, 125, Rudram skyline, અર્જુન આઈકોનીક સામે, નારણપુરા. 9724316318

**ઘાટલોડીયા — વેચવાનું છે**

વેચવાનું છે ટેનામેન્ટ 140 વાર પ્લોટમાં, રોડ ટચ ઘાટલોડિયા 9825066112

વાંચકોએ નોંધ લેવી કે કોઈપણ જાહેરખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઈ બાંયેધરી આપતા નથી. વાંચકોએ પોતાની રીતે પૂરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.
- જાહેરખબર મેનેજર

### નાણાકીય વર્ષ ૨૭ના પ્રથમ અર્ધવાર્ષિક ગાળા દરમિયાન

# LNG આયાત બિલ ૨૩% વધીને ૮.૫ અબજ ડોલર

અમદાવાદ, તા. ૨૮

પશ્ચિમ એશિયાના સંઘર્ષને કારણે કિંમતો વધવા અને પુરવઠો ખોરવાતા, ભારતે નાણાકીય વર્ષ ૨૭ના પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં પ્રવાહી સ્વરૂપે આયાત થતા હાઈડ્રોકાર્બન (કુદરતી ગેસ)ની માત્ર ૪.૪% વધુ ખરીદી કરી હોવા છતાં, વધારાના ૧.૬ અબજ ડોલર અથવા ૨૩% વધુ ચૂકવણી કરવી પડી છે. પેટ્રોલિયમ પ્લાનિંગ એન્ડ એનાલિસિસ સેલના ડેટા અનુસાર, એપ્રિલ-સપ્ટેમ્બર દરમિયાન ભારતનું એલએનજી આયાત બિલ એક વર્ષ અગાઉના ૬.૯ અબજ ડોલરથી વધીને ૮.૫ અબજ ડોલર થઈ ગયું છે. આ વધારો એવા સમયે થયો છે જ્યારે સ્થાનિક ગેસ ઉત્પાદનમાં ઘટાડો થઈ રહ્યો છે અને દેશનો અડધાથી વધુ વપરાશ આયાત દ્વારા પૂરો કરવામાં આવી રહ્યો છે.

## પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં સ્થાનિક ગેસનું ઉત્પાદન ૪.૪% ઘટીને ૧૬,૮૦૪ મિલિયન સ્ટાન્ડર્ડ ક્યુબિક મીટર થયું હતું, જેના પરિણામે આયાત પરની નિર્ભરતા ૫૦.૧% થી વધીને ૫૨.૩% થઈ

ઊર્જા કન્સલ્ટન્સી રાઈસ્ટેડ એનર્જીના જણાવ્યા મુજબ, દક્ષિણ એશિયાનો એલએનજી આયાત ખર્ચ આ વર્ષે વધીને ૨૩.૧ અબજ ડોલર થવાનો અંદાજ છે, જે સંઘર્ષ પહેલાં ૧૭.૩ અબજ ડોલર અંદાજવામાં આવ્યો હતો. આ વધારો વૈશ્વિક એલએનજી ખર્ચમાં અંદાજિત ૧૮%ના વધારા કરતાં ઘણો વધારે છે.

ભારતનું એલએનજી આયાત બિલ : એપ્રિલ-સપ્ટેમ્બર દરમિયાન વધીને ૮.૫ અબજ ડોલર થયું, જે એક વર્ષ અગાઉ ૬.૯ અબજ ડોલર હતું. એપ્રિલ-સપ્ટેમ્બરમાં વધીને ૧૮,૧૮૯ મિલિયન સ્ટાન્ડર્ડ ક્યુબિક મીટર થઈ હતી, જે એક વર્ષ અગાઉ ૧૭,૪૧૪ મિલિયન સ્ટાન્ડર્ડ ક્યુબિક મીટર હતી.

પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં ૪.૪% ઘટીને ૧૬,૮૦૪ મિલિયન સ્ટાન્ડર્ડ ક્યુબિક મીટર થયું હતું. વૈશ્વિક




એલએનજી આયાતકારો ૨૦૨૬માં ૬૦.૭ મિલિયન ટન ઓછો ગેસ ખરીદવા છતાં ઓછામાં ઓછા ૩૯ અબજ ડોલર વધુ ખર્ચ કરશે તેવો અંદાજ છે.

આ દબાણ ભારતના આયાતના આંકડાઓમાં પહેલેથી જ સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. એપ્રિલ-સપ્ટેમ્બર દરમિયાન એલએનજીની ખરીદી એક વર્ષ અગાઉના ૧૭,૪૧૪ મિલિયન સ્ટાન્ડર્ડ ક્યુબિક મીટરથી વધીને ૧૮,૧૮૯ મિલિયન સ્ટાન્ડર્ડ ક્યુબિક મીટર થઈ હતી. એકલા સપ્ટેમ્બર મહિનામાં જ, આયાત જથ્થામાં ૮.૫% ઘટીને ૨,૯૫૭ મિલિયન સ્ટાન્ડર્ડ ક્યુબિક મીટર થવા છતાં દેશે લગભગ ૧.૨ અબજ ડોલર ખર્ચ્યા હતા.

આ દરમિયાન, પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં સ્થાનિક ગેસનું ઉત્પાદન ૪.૪% ઘટીને ૧૬,૮૦૪ મિલિયન સ્ટાન્ડર્ડ ક્યુબિક મીટર થયું હતું, જેના પરિણામે આયાત પરની નિર્ભરતા ૫૦.૧% થી વધીને ૫૨.૩% થઈ ગઈ. કુલ વપરાશ ૩૪,૭૬૯ મિલિયન સ્ટાન્ડર્ડ ક્યુબિક મીટર પર લગભગ યથાવત રહ્યો હતો.

એવો અંદાજ છે કે ૨૦૨૬માં વૈશ્વિક એલએનજી આયાતકારો ૬૦.૭ મિલિયન ટન ઓછો ગેસ ખરીદશે તેમ છતાં ઓછામાં ઓછા ૩૯ અબજ ડોલર વધુ ખર્ચ કરશે. સંઘર્ષ પહેલાં કુલ વૈશ્વિક આયાત બિલ ૨૧૭.૮ અબજ ડોલર રહેવાનો અંદાજ હતો, જે હવે વધીને ૨૫૬.૩ અબજ ડોલર સુધી પહોંચી શકે છે.

અંદાજો અનુસાર, હોર્મુઝની ખાડીમાં અવરોધોને કારણે કતાર અને યુએઈ તરફથી થતો એલએનજી પુરવઠો માર્ચથી ડિસેમ્બર ૨૦૨૬ સુધી ઉપલબ્ધ નહીં રહે તેમ માનવામાં આવે છે. દક્ષિણ એશિયાના ખરીદદારો મુખ્યત્વે આયાતમાં ઘટાડો કરીને આનો પ્રતિસાદ આપી રહ્યા છે, જેમાં પાકિસ્તાન ભારત કરતાં વધુ તીવ્રતાથી ખરીદીમાં ઘટાડો કરી રહ્યું છે.

યુરોપ સંપૂર્ણ ખર્ચમાં સૌથી મોટા વધારાનો સામનો કરી રહ્યું છે. માંગમાં ૨.૪ કરોડ ટનનો ઘટાડો થવા છતાં તેનું એલએનજી બિલ ૧૨ અબજ ડોલર વધીને ૭૯ અબજ ડોલર થવાનો અંદાજ છે. આ વર્ષે ડિલિવરી માટે નિર્ધારિત મૂળ ૨.૪૭ કરોડ ટન કતારી LNGમાંથી યુરોપિયન ક્ષેત્ર ૨.૦૬ કરોડ ટન ગુમાવી શકે છે. જોકે, પૂર્વ એશિયાની સ્થિતિ પ્રમાણમાં વધુ સારી છે, જ્યાં આયાત ખર્ચ ૯૫.૩ અબજ ડોલરથી માત્ર ૯.૭% વધીને ૧૦૪.૬ અબજ ડોલર થવાનો અંદાજ છે.

# ઈન્ફ્રા. પ્રોજેક્ટ્સમાં કોસ્ટ ઓવર રન, ખર્ચમાં રૂ. ૩,૨૧,૯૭૬ કરોડનો વધારો

અમદાવાદ, તા. ૨૮

સપ્ટેમ્બર ૨૦૨૬ના સરકારી અહેવાલ મુજબ, રૂ. ૧૫૦ કરોડ કે તેથી વધુ ખર્ચ ધરાવતા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સમાં આશરે રૂ. ૩,૨૧,૯૭૬ કરોડનો સંચિત ખર્ચ વધારો (કોસ્ટ ઓવરરન) નોંધાયો છે.

આ અહેવાલમાં ૧૭ કેન્દ્રીય મંત્રાલયો અને વિભાગો હેઠળ ચાલી રહેલા ૧,૮૫૩ પ્રોજેક્ટ્સની સમીક્ષા કરવામાં આવી હતી.

તેમનો કુલ સુધારેલો ખર્ચ રૂ. ૩૭,૫૫,૮૦૩ કરોડ થયો હતો, જ્યારે તેનો મૂળ અંદાજિત ખર્ચ રૂ. ૩૪,૩૩,૮૨૭ કરોડ હતો. જોકે, કેટલા પ્રોજેક્ટ્સમાં આ ખર્ચ વધારો થયો છે તેની ચોક્કસ સંખ્યા અહેવાલમાં દર્શાવવામાં આવી નથી.

આ પ્રોજેક્ટ્સ પાછળનો સંચિત ખર્ચ રૂ. ૧૭.૭૩ લાખ કરોડ પર પહોંચ્યો છે, જે કુલ પ્રોજેક્ટ ખર્ચના ૪૭.૨૧ ટકા જેટલો છે. લગભગ ૬૫૪ પ્રોજેક્ટ્સ (૩૫ ટકા)માં ૮૦ ટકાથી વધુ ભૌતિક પ્રગતિ (ફિઝિકલ પ્રોગ્રેસ) નોંધાઈ છે, જ્યારે ૩૩૮ પ્રોજેક્ટ્સ (૧૮ ટકા)માં ૮૦ ટકાથી વધુ નાણાકીય કામગીરી પૂર્ણ થઈ ચૂકી છે.

કુલ ૧,૮૫૩ પ્રોજેક્ટ્સમાંથી ૭૮૦ પ્રોજેક્ટ્સ રૂ. ૧,૦૦૦ કરોડ કે તેથી વધુ ખર્ચ ધરાવતા મેગા પ્રોજેક્ટ્સ હતા, જ્યારે ૧,૦૭૩ પ્રોજેક્ટ્સ રૂ. ૧,૦૦૦ કરોડથી ઓછી કિંમતના મેજર પ્રોજેક્ટ્સ હતા. આર્થિક બાબતોના વિભાગની હાર્મોનાઈઝ્ડ માસ્ટર લિસ્ટ હેઠળ ટ્રાન્સપોર્ટ એન્ડ લોજિસ્ટિક્સ ક્ષેત્રમાં સૌથી વધુ ૧,૩૨૦ ચાલુ પ્રોજેક્ટ્સ હતા, જેનો સંયુક્ત ખર્ચ રૂ. ૨૦.૦૭ લાખ કરોડ છે.

પ્રોજેક્ટ્સની ભૌતિક અને નાણાકીય પ્રગતિ સામાન્ય રીતે એકસાથે આગળ વધી રહી છે, જેમાં મોટાભાગના પ્રોજેક્ટ્સ શરૂઆતના (૦-૨૦ ટકા) અને અંતિમ (૮૧-



૧૦૦ ટકા) તબક્કામાં કેન્દ્રિત છે. ૮૧-૧૦૦ ટકાની શ્રેણીમાં નાણાકીય પ્રગતિ કરતાં ભૌતિક પ્રગતિ વધુ રહી છે, જ્યારે શરૂઆતના તબક્કામાં પ્રારંભિક ખર્ચના વલણને કારણે ભૌતિક પ્રગતિની સરખામણીએ નાણાકીય ખર્ચ પ્રમાણમાં વધુ નોંધાયો હતો.

સૌથી વધુ હિસ્સો રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રાલયનો રહ્યો હતો, જેમાં કુલ પ્રોજેક્ટ્સના ૫૩ ટકા એટલે કે ૯૭૪ પ્રોજેક્ટ્સ સામેલ હતા, જેનો સુધારેલો ખર્ચ કુલ ખર્ચના ૨૫ ટકા એટલે કે રૂ. ૯.૪૬ લાખ કરોડ હતો. રેલવે મંત્રાલય પાસે રૂ. ૭.૨૧ લાખ કરોડના ૨૮૪ પ્રોજેક્ટ્સ (૧૫ ટકા) હતા, જ્યારે કોલસા મંત્રાલય હસ્તક રૂ. ૨.૨૨ લાખ કરોડના ૧૨૧ પ્રોજેક્ટ્સ (૬ ટકા) સામેલ હતા.

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ, ઊર્જા, આવાસ અને શહેરી બાબતો તેમજ જળ સંસાધન મંત્રાલયો અને વિભાગો અનુક્રમે ૧૧૫, ૧૦૬, ૪૯ અને ૩૫ પ્રોજેક્ટ્સ પર કામ કરી રહ્યા હતા, જેનો ખર્ચ અનુક્રમે રૂ. ૪.૩૦ લાખ કરોડ, રૂ. ૬.૪૦ લાખ કરોડ, રૂ. ૩.૪૧ લાખ કરોડ અને રૂ. ૧.૯૫ લાખ કરોડ હતો. બાકીના ૧૬૯ પ્રોજેક્ટ્સ (૯ ટકા)નો સંયુક્ત ખર્ચ રૂ. ૨.૬૨ લાખ કરોડ નોંધાયો હતો.

## સૌથી વધુ હિસ્સો રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રાલયનો, જેમાં કુલ પ્રોજેક્ટ્સના ૫૩ ટકા એટલે કે ૯૭૪ પ્રોજેક્ટ્સ સામેલ

# વર્તમાન નાણાં વર્ષમાં દેશની બેન્કોમાં NPAમાં સાધારણ વધારો થવાની વકી

મુંબઈ, તા. ૨૮

નાણાં વર્ષ ૨૦૨૭માં દેશની બેન્કિંગ વ્યવસ્થામાં નોન પરફોર્મિંગ એસેટસ (એનપીએ)માં સાધારણ વધારો થવાની શકયતા રહેલી છે.

## લાંબા ગાળા સુધી સુધર્યા બાદ એસેટ કવોલિટી સામાન્ય સ્તરે

સતત સુધારા બાદ નાણાં વર્ષ ૨૦૨૬માં એસેટ કવોલિટી સામાન્ય સ્તરે આવી ગઈ છે પરંતુ ધિરાણ વૃદ્ધિ મક્કમ હોવાનું ઈક્રાના એક રિપોર્ટમાં જણાવાયુ હતું. ગત નાણાં વર્ષમાં બેન્કોની નફાશક્તિ પણ ઊંચી રહી હતી.

નાણાં વર્ષ ૨૦૨૨માં બેન્કોની એનપીએ જે રૂપિયા ૧.૮૦ લાખ કરોડ હતી તે નાણાં વર્ષ ૨૦૨૫ તથા ૨૦૨૬માં ઘટી રૂપિયા ૯૦,૦૦૦ કરોડ પર આવી ગઈ હતી, પરંતુ વર્તમાન નાણાં વર્ષના અંતે તે સાધારણ વધી રૂપિયા એક લાખ કરોડ પહોંચવા ધારણાં છે.

નવી ગ્રોસ એનપીએ ઊભી થવાની ટકાવારી જે નાણાં વર્ષ ૨૦૨૬માં ૦.૮૦ ટકાના સ્તરે હતી તે વર્તમાન નાણાં વર્ષના અંતે યથાવત રહેશે.

ખાનગી ક્ષેત્રની બેન્કોની નવી એનપીએ જે નાણાં વર્ષ ૨૦૨૬માં રૂપિયા ૧.૨૦ લાખ કરોડ રહી હતી તે નાણાં વર્ષ ૨૦૨૭માં સહેજ ઊંચી રહી ૧.૩૦ લાખ કરોડ રહેવાની રિપોર્ટમાં ધારણાં મૂકવામાં આવી છે.

અનસિકયોર્ડ તથા એમએસએમઈ લોનના ઊંચા સ્તરને પરિણામે ખાનગી બેન્કોની નવી એનપીએની ટકાવારી ૧.૬૦થી ૧.૮૦ ટકા રહેવાનો અંદાજ છે. નાણાં વર્ષ ૨૦૨૭માં બેન્કોની નફાશક્તિ સ્થિર રહેવા અપેક્ષા છે જ્યારે એસેટ પર વળતર ૧.૨૭થી ૧.૩૪ ટકા રહેવા ધારણાં છે. ધિરાણ વૃદ્ધિ, માર્જિન વિસ્તરણ તથા નીચા ધિરાણ ખર્ચ અર્નિંગ્સને ટેકો આપશે.

વર્તમાન નાણાં વર્ષમાં બેન્કોની ધિરાણ વૃદ્ધિનું સ્તર ૧૫.૧૦થી ૧૫.૯૦ ટકા રહેવા વકી છે.

# તહેવારોની મોસમ પૂર્વે ક્રેડિટ કાર્ડ જારી કરવાની માત્રામાં વધારો

મુંબઈ, તા. ૨૮

તહેવારોની મોસમ નજીક આવવા સાથે દેશમાં ક્રેડિટ કાર્ડસ માટેની માગમાં પણ વધારો જોવાયો છે. રિઝર્વ બેન્કના ડેટા પ્રમાણે સપ્ટેમ્બરમાં બેન્કો દ્વારા કુલ ૧૨.૬૦ લાખ ક્રેડિટ કાર્ડસનો ઉમેરો કરાયો છે.

## ઓનલાઈન ખરીદીમાં કાર્ડસનો ઉપયોગ ગ્રાહકો માટે લાભકારક




સપ્ટેમ્બરમાં જારી થયેલા ક્રેડિટ કાર્ડસની સંખ્યા ૨૦૨૬માં કોઈ એક મહિનાની બીજી મોટી સંખ્યા છે. તહેવારો પહેલા ક્રેડિટ કાર્ડસ જારી કરવાની આક્રમક નીતિને કારણે આ વધારો જોવા મળ્યો હોવાનું રિઝર્વ બેન્કના સુત્રોએ જણાવ્યું હતું.

આ અગાઉ જુલાઈમાં ૧૨.૭૦ લાખ નવા ક્રેડિટ કાર્ડસ ઉમેરાયા હતા. સપ્ટેમ્બર ત્રિમાસિક ગાળામાં એકંદરે ૩૭.૩૦ લાખ નવા કાર્ડસ ઉમેરાયા હતા જે ગયા વર્ષના સમાન ગાળાની સરખામણીએ ૪૭ ટકા વધુ હતા. ૨૦૨૫ના સપ્ટેમ્બર ત્રિમાસિકમાં ૨૫.૪૦ લાખ નવા ક્રેડિટ કાર્ડસ ઉમેરાયા હતા.

દેશમાં ક્રેડિટ કાર્ડસનો એકંદર આંક ૧૨.૫૩ કરોડ પહોંચી ગયો છે. તહેવારોની મોસમ દરમિયાન ઈ-કોમર્સ દ્વારા કરાતી વિવિધ ઓફરોનો લાભ લેવા પણ ક્રેડિટ કાર્ડસ માટેની માગમાં વધારો થતો હોય છે.

ઓનલાઈન પેમેન્ટસમાં કેશબેક ઓફર કાર્ડસના ઉપયોગમાં વધારા માટેનું એક કારણ બની રહ્યું હોવાનું પણ સુત્રોએ વધુમાં જણાવ્યુ હતું.

# ૧૦૦માંથી ઓછામાં ઓછા ૧૫ IPOમાં રિટેલ સેગમેન્ટ ઓછું ભરાયું

મુંબઈ, તા. ૨૮

જિઓ પ્લેટફોર્મના ઈનિશિઅલ પબ્લિક ઓફરિંગ્સ (આઈપીઓ)ને સંસ્થાકીય ઉપરાંત રિટેલ રોકાણકારો તરફથી જે પ્રકારનો પ્રોત્સાહક પ્રતિસાદ અપાયો હતો તેવી જ સ્થિતિ દરેક આઈપીઓમાં જોવા મળતી નથી.

## ઊંચા મૂલ્યાંકનો તથા ગ્રે માર્કેટમાં નબળા પ્રીમિયમને કારણે રિટેલ રોકાણકારો દૂર રહ્યા

વર્તમાન વર્ષમાં આવેલા ૧૦૦ જેટલા મેઈનબોર્ડ આઈપીઓમાંથી ઓછામાં ઓછા ૧૫ આઈપીઓ એવા જોવા મળ્યા છે જેમાં રિટેલ સેગમેન્ટ સંપૂર્ણ રીતે ભરાયો નહતો. આ ૧૫ આઈપીઓમાં એજ ફાઈનાન્સ, ક્લીન મેક્સ, રાજપુતાના સ્ટેનલેસ વગેરેનો સમાવેશ થાય છે.

ઊંચા મૂલ્યાંકનો તથા નબળી નાણાંકીય કામગીરીને કારણે રિટેલ રોકાણકારો આ આઈપીઓથી દૂર રહ્યા હોવાનું માનવામાં આવે છે, એમ એક એનાલિસ્ટે જણાવ્યું હતું. જાહેર ભરણાંમાં નાણાં નાખતા પહેલા રિટેલ રોકાણકારો જે ભરણાંના ખાનગીમાં કેવા પ્રીમિયમ બોલાઈ રહ્યા છે તેને ધ્યાનમાં લેતા હોય છે.

કોઈપણ ભરણાંમાં રિટેલ રોકાણકારો માટે મૂલ્યાંકનો મહત્વના બની રહે છે. ઊંચા મૂલ્યાંકનો વચ્ચે ગ્રે માર્કેટ પ્રીમિયમ આકર્ષક ન જણાતા હોય તેવા ભરણાંથી રિટેલ રોકાણકારો દૂર રહે છે.

દેશમાં પ્રાઈમરી માર્કેટમાં રિટેલ રોકાણકારો તાજેતરમાં સક્રિય બન્યા છે ખરા પરંતુ તેઓ રોકાણમાં પસંદગી ધરાવતા હોય છે.

સારી અને ગ્રે માર્કેટમાં ઊંચા પ્રીમિયમ સાથેની કંપનીઓમાં રિટેલ રોકાણકારોના નાણાં ઠાલવતા ખચકાતા નથી.




સપ્ટેમ્બરમાં પ્રાઈમરી માર્કેટમાં રિટેલ ઈન્વેસ્ટરોનું રૂપિયા ૫૬૫૦ કરોડનું રોકાણ આવ્યું હતું જ્યારે જુલાઈમાં આ આંક રૂપિયા ૬૭૯૦ તથા ઓગસ્ટમાં રૂપિયા ૫૮૨૫ કરોડ રહ્યો હતો એમ એનાલિસ્ટે જણાવ્યું હતું.

વર્તમાન ૨૦૨૬ના વર્ષમાં રિટેલ રોકાણકારોએ પ્રાઈમરી માર્કેટમાં રૂપિયા ૨૨૦૦૦ કરોડથી વધુ ઠાલવ્યા છે.

# સપ્ટેમ્બર માસમાં સ્થાનિક હવાઈ મુસાફરોની સંખ્યામાં ૬.૫%નો ઘટાડો

અમદાવાદ, તા. ૨૮

સપ્ટેમ્બરમાં સ્થાનિક હવાઈ મુસાફરોની સંખ્યામાં વાર્ષિક ધોરણે ૬.૪૯%નો ઘટાડો નોંધાયો છે, જે ગયા વર્ષે સમાન મહિનામાં ૧.૨૬૪ કરોડથી ઘટીને આ વર્ષે સપ્ટેમ્બરમાં ૧.૧૮૨ કરોડ થઈ ગઈ છે. ઓગસ્ટ મહિનામાં નોંધાયેલા ૧.૨૧૩ કરોડ મુસાફરોની સરખામણીએ માસિક ધોરણે પણ ટ્રાફિકમાં ૨.૫૬%નો ઘટાડો થયો છે, જે એવિએશન માર્કેટમાં મંદી દર્શાવે છે તેમ ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન દ્વારા જાહેર કરાયેલા આંકડા પરથી જાણવા મળે છે.

## ૨૦૨૬ના પ્રથમ નવ મહિના દરમિયાન મુસાફરોની સંખ્યા ગયા વર્ષના સ્તર કરતાં ઓછી

૨૦૨૬ના પ્રથમ નવ મહિના દરમિયાન મુસાફરોની સંખ્યા ગયા વર્ષના સ્તર કરતાં ઓછી રહી છે. જાન્યુઆરીથી સપ્ટેમ્બર વચ્ચે સ્થાનિક એરલાઈન્સે ૧૨.૨૩૫ કરોડ મુસાફરોને પ્રવાસ કરાવ્યો હતો, જે ગયા વર્ષે આ જ સમયગાળાના ૧૨.૩૩૭ કરોડ મુસાફરોની સરખામણીએ ૦.૮૨%નો ઘટાડો દર્શાવે છે.

આ ઘટાડાએ બજારમાં સ્પર્ધાત્મક પરિસ્થિતિને પણ નવો આકાર આપ્યો છે. ઈન્ડિગોએ બજાર પર પોતાનો દબદબો વધુ મજબૂત કર્યો છે; તેનો માર્કેટ શેર ઓગસ્ટના ૬૫%થી વધીને સપ્ટેમ્બરમાં ૬૫.૪% થયો છે. એર ઈન્ડિયા ગ્રૂપનો હિસ્સો પણ નજીવો વધીને ૨૬.૭%થી ૨૬.૮% થયો છે.

ઈન્ડિગોએ સપ્ટેમ્બરમાં ૭૭.૩ લાખ મુસાફરોને સેવા આપી હતી, જે ઓગસ્ટમાં ૭૮.૯ લાખ હતી. એર ઈન્ડિયા અને એર ઈન્ડિયા એક્સપ્રેસ ધરાવતા એર ઈન્ડિયા ગ્રૂપે ૩૧.૭ લાખ મુસાફરોનું વહન કર્યું હતું, જે અગાઉના મહિને ૩૨.૩ લાખ હતું.

# ઓકટોબરમાં રિઝર્વ બેન્ક દ્વારા ૧૮.૨૦ અબજ ડોલરનું નેટ વેચાણ

મુંબઈ, તા. ૨૮

ડોલર સામે ઘસાતા રૂપિયાને ટેકો પૂરો પાડવા રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)એ વર્તમાન મહિનાના પ્રથમ પખવાડિયામાં સ્પોટ તથા ફોરવર્ડમાં ૧૮.૨૦ અબજ ડોલરનું નેટ વેચાણ કર્યુ છે.

વર્તમાન કેલેન્ડર વર્ષના કોઈ એક મહિનામાં રિઝર્વ બેન્ક દ્વારા ડોલરનું આ સૌથી મોટું વેચાણ છે.

આ અગાઉ નવેમ્બર ૨૦૨૪માં ૨૦.૪૭ અબજ ડોલરનું નેટ વેચાણ કરાયુ હતું.

નબળા મૂડી પ્રવાહ, એફપીઆઈની વેચવાલી તથા વધી રહેલી વેપાર ખાધ વચ્ચે ઓકટોબરનું આ વેચાણ ચૂકવણીની સમતુલા નેગેટિવ રહ્યાનું સૂચવે છે.

રૂપિયો જે ૯ ઓકટોબરના ડોલર સામે ૯૬.૭૩ની નીચી સપાટીએ જોવાયો હતો તે રિઝર્વ બેન્કની દરમિયાનગીરી બાદ સુધરી બુધવારે ૯૫.૨૨ બંધ આવ્યો હતો.

# જાપાનની ભારતમાં રૂ. ૧૦ લાખ કરોડના રોકાણ અંગે વિચારણા

અમદાવાદ, તા. ૨૮

જાપાન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને મિત્સુબિશીના કોર્પોરેટ સલાહકારના નેતૃત્વ હેઠળ જાપાની ઉદ્યોગના ૩૨ સભ્યોના એક પ્રતિનિધિમંડળે અહીંના ટોચના નીતિ ઘડવૈયાઓ સાથે મુલાકાત કરી હતી. તેમણે આગામી થોડા વર્ષોમાં ભારતના ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રોમાં રૂ. ૮થી ૧૦ લાખ કરોડના રોકાણની દરખાસ્ત મૂકી છે.

આ ખાતરી એવા સમયે આવી છે જ્યારે ભારત લાંબા ગાળાના મૂડીરોકાણની શોધમાં છે અને દેશમાંથી મૂડીના પ્રવાહને બહાર જતો અટકાવવા માંગે છે. જાપાની જૂથની આ મુલાકાત એવા સમયે થઈ છે જ્યારે નાણાકીય વર્ષ ૨૭ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં જાપાન ભારત માટે પ્રત્યક્ષ વિદેશી રોકાણનો સૌથી મોટો સ્ત્રોત બનીને ઊભરી આવ્યું છે. તેણે સિંગાપોર, મોરિશિયસ અને અમેરિકા જેવા પરંપરાગત સ્ત્રોત દેશોને પણ પાછળ છોડી દીધા છે.

સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, ચર્ચા દરમિયાન પ્રતિનિધિઓએ પ્રોજેક્ટ્સ માટે ઝડપી મંજૂરી, કરવેરા નિયમોમાં સ્પષ્ટતા (ટેક્સ પ્રિડિક્ટેબિલિટી) અને કુશળ માનવબળના વધુ મોટા વર્ગની ઉપલબ્ધતાની માંગ કરી હતી.

### રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, આઈટી, ઓઈલ-ગેસ શેરો પાછળ

# સેન્સેક્સ ૯૯૫ પોઈન્ટના કડાકા બાદ ઓટો, ફાર્મા શેરોમાં તેજીએ અંતે સેન્સેક્સ ૩૫૩ ઘટ્યો

(ગુજરાત સમાચાર પ્રતિનિધિ) મુંબઈ, બુધવાર

ભારતીય શેર બજારોમાં આજે ટ્રેડિંગનો આરંભ આઈટી-સોફ્ટવેર સર્વિસિઝ, ટેકનોલોજી હેવીવઈટ શેરોમાં ધબડકા સાથે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શેરમાં ફંડોના હેમરિંગે આંચકા સાથે થયા બાદ ફંડોએ કોર્પોરેટ પરિણામોમાં લાર્સન એન્ડ ટુબ્રો સાથે ઓટોમોબાઈલ કંપનીઓ બજાજ ઓટો સહિતના રિઝલ્ટ પાછળ બજારમાં મોટું ગાબડું પૂર્યું હતું. વિશ્વ બજારમાં ક્રુડ ઓઈલના ભાવ વધ્યામથાળેથી ફરી ઘટી આવતાં અને યુરોપ, એશિયાના બજારોમાં રિકવરીના સપોર્ટે ફંડોએ ઘટાડે શોર્ટ કવરિંગ કર્યું હતું. જો કે ક્રુડ ઓઈલના ભાવ મોડી સાંજે ફરી વધી આવ્યા હતા. જિયો પ્લેટફોર્મ્સ લિમિટેડના શેરોનું લિસ્ટિંગ આજે બજારનું પ્રમુખ આકર્ષણ બન્યું હતું. જેને લઈ આજે જિયોમાં તોફાની તેજી સામે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શેરો હેજ કર્યાની ચર્ચા હતી. સેન્સેક્સ આરંભમાં ૯૯૫.૧૦ પોઈન્ટના કડાકે નીચામાં ૭૨૬૦૩.૫૬ સુધી ખાબક્યો હતો. જે ઘટ્યામથાળેથી ફંડોની ઓટો, હેલ્થકેર, બેંકિંગ ફ્રન્ટલાઈન શેરોમાં તેજીએ મોટો ઘટાડો પચાવી અંતે ૩૫૨.૬૪ પોઈન્ટ ઘટીને ૭૩૨૪૬.૦૩ બંધ રહ્યો હતો. જ્યારે નિફટી ૫૦ સ્પોટ પણ આરંભમાં કડાકામાં નીચામાં ૨૨૪૯૭.૭૦ સુધી ખાબકી રિકવર થતો જઈ અંતે ૫૦.૯૦ પોઈન્ટ ઘટીને ૨૨૬૯૮.૮૫ બંધ રહ્યો હતો. જિયો પ્લેટફોર્મ્સના શેરોનું આજે ધમાકેદાર લિસ્ટિંગ થવા સાથે જિયોના રૂ.૧૩.૦૫ લાખ કરોડના માર્કેટ કેપ.નો બજારમાં ઉમેરો થતાં રોકાણકારોની સંપતિ એટલે કે બીએસઈમાં લિસ્ટેડ કંપનીઓનું એક્ત્રિત માર્કેટ કેપિટલાઈઝેશન આજે એક દિવસમાં રૂ.૧૨.૮૭ લાખ કરોડ વધીને રૂ.૪૭૨.૬૩ લાખ કરોડ રહ્યું હતું.

### જિયો પ્લેટફોર્મ્સના લિસ્ટિંગ સામે રિલાયન્સમાં વેચવાલીએ રૂ.૪૨ તૂટ્યો : લાર્સન રૂ.૧૩૫ ઉછળ્યો

જિયો પ્લેટફોર્મ્સના ધમાકેદાર લિસ્ટિંગ સાથે ફંડોએ મોટી ખરીદી કર્યા સામે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝમાં હેજરૂપી વેચવાલી કરતાં શેર રૂ.૪૧.૫૦ તૂટીને રૂ.૧૧૫૮.૫૦ બંધ રહ્યો હતો. ભારતી એરટેલ રૂ.૨૮ ઘટીને રૂ.૧૯૫૦ રહ્યો હતો. લાર્સન એન્ડ ટુબ્રો સારા પરિણામે રૂ.૧૩૫ વધીને રૂ.૩૮૦૫, ટ્રેન્ટ રૂ.૭૯ વધીને રૂ.૨૯૦૮, મારૂતી સુઝુકી રૂ.૯૫.૧૫ વધીને રૂ.૧૧,૫૫૦ રહ્યા હતા.

### હેલ્થકેર શેરોમાં ફંડોની તેજી : પિરામલ ફાર્મા રૂ.૩૪ ઉછળ્યો : સિન્જેન, આરતી ડ્રગ્ઝ, એફડીસી વધ્યા

હેલ્થકેર-ફાર્માસ્યુટિકલ્સ કંપનીઓના શેરોમાં આજે ફંડોએ આજે પિરામલ ગ્રુપ કંપની પિરામલ ફાર્મામાં મોટી ખરીદી કરતાં શેર રૂ.૩૪.૩૫ ઉછળીને રૂ.૨૩૨.૮૦ રહ્યો હતો. સિન્જેન રૂ.૪૫.૭૦ ઉછળીને રૂ.૪૧૧.૭૦, આરતી ડ્રગ્ઝ રૂ.૪૪.૩૦ ઉછળીને રૂ.૪૪૭.૭૦, એસએમએસ ફાર્મા રૂ.૩૪.૭૦ વધીને રૂ.૪૭૭, એફડીસી રૂ.૨૨.૭૦ વધીને રૂ.૩૭૬.૬૫, વન ગ્લોબલ રૂ.૨૪.૭૦ વધીને રૂ.૪૬૮.૭૫, બાયોકોન રૂ.૧૬.૨૦ વધીને રૂ.૩૫૦, અપોલો હોસ્પિટલ રૂ.૩૪૦ વધીને રૂ.૮૧૪૦, બ્લુજેટ રૂ.૨૧.૫૫ વધીને રૂ.૫૧૭.૯૫ રહ્યા હતા. બીએસઈ હેલ્થકેર ઈન્ડેક્સ ૫૨૨.૦૨ પોઈન્ટ ઉછળીને ૪૯૪૩૧.૮૫ બંધ રહ્યો હતો.

### ઓટો શેરોમાં ફરી તેજી : બોશ રૂ.૨૪૮૧, એક્સાઈડ રૂ.૧૫, ટીવીએસ રૂ.૧૬૦, આઈશર રૂ.૧૪૦ વધ્યા

ઓટોમોબાઈલ કંપનીઓના શેરોમાં આજે ફંડોએ બજાજ ઓટો સહિતના ત્રિમાસિક પરિણામોએ મોટી ખરીદી કરી હતી. બોશ રૂ.૨૪૮૧.૨૫ વધીને રૂ.૪૭,૯૮૧.૨૫, એક્સાઈડ ઈન્ડસ્ટ્રીઝ રૂ.૧૫.૩૫ વધીને રૂ.૩૫૪.૦૫, ટીવીએસ મોટર રૂ.૧૬૦.૨૦ વધીને રૂ.૪૨૩૯, સોના બીએલડબલ્યુ રૂ.૩૦ વધીને રૂ.૮૮૦, મધરસન રૂ.૩.૨૫ વધીને રૂ.૧૬૦.૯૦, આઈશર મોટર્સ રૂ.૧૪૦ વધીને રૂ.૭૨૯૦, અશોક લેલેન્ડ રૂ.૨.૫૦ વધીને રૂ.૧૪૪.૫૦, હ્યુન્ડાઈ મોટર રૂ.૨૧ વધીને રૂ.૧૮૭૫ રહ્યા હતા. બીએસઈ ઓટો ઈન્ડેક્સ ૭૫૦.૭૦ પોઈન્ટ ઉછળીને ૫૬૫૯૩.૨૨ બંધ રહ્યો હતો.

### બેંકિંગ-ફાઈનાન્સ શેરોમાં ઘટાડે આકર્ષણ : આઈડીએફસી ફર્સ્ટ બેંક, એયુ બેંક, ઈન્ડસઈન્ડ વધ્યા

બેંકિંગ-ફાઈનાન્સ શેરોમાં આજે ઘટાડે ફંડો લેવાલ બન્યા હતા. આઈડીએફસી ફર્સ્ટ બેંક રૂ.૨.૧૦ વધીને રૂ.૭૩.૫૦, એયુ સ્મોલ બેંક રૂ.૨૪ વધીને રૂ.૮૭૯, ઈન્ડસઈન્ડ બેંક રૂ.૨૦.૯૦ વધીને રૂ.૮૫૧.૯૦, ફેડરલ બેંક રૂ.૫.૪૦ વધીને રૂ.૩૪૬.૪૦, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા રૂ.૧૧.૬૫ વધીને રૂ.૯૫૬.૭૫, એક્સિસ બેંક રૂ.૧૩.૮૦ વધીને રૂ.૧૨૨૦, એચડીએફસી બેંક રૂ.૫.૯૦ વધીને રૂ.૬૮૫.૯૦ રહ્યા હતા. બીએસઈ બેંકેક્સ ઈન્ડેક્સ ૨૯૨.૮૮ પોઈન્ટ વધીને ૬૧૦૦૬.૩૩ બંધ રહ્યો હતો.

### આઈટી શેરોમાં હેમરિંગ : કેપિલેરી રૂ.૫૨, માસ્ટેક રૂ.૭૯, ટીસીએસ રૂ.૪૨, ઈન્ફોસીસ રૂ.૩૯ તૂટ્યા

આઈટી-સોફ્ટવેર સર્વિસિઝ, ટેકનોલોજી શેરોમાં આજે ફંડોએ આરંભથી જ મોટું સેલિંગ કરતાં ફ્રન્ટલાઈન શેરોમાં કડાકો બોલાયો હતો. કેપિલેરી રૂ.૫૨.૪૫ તૂટીને રૂ.૫૨૬.૭૫, માસ્ટેક રૂ.૭૯.૧૦ તૂટીને રૂ.૧૪૫૮.૧૫, ઓનવર્ડ ટેકનોલોજી રૂ.૨૦.૨૫ ઘટીને રૂ.૩૮૫.૭૦, જેનેસીસ ઈન્ટરનેશનલ રૂ.૭.૨૦ ઘટીને રૂ.૧૮૯.૫૦, ટીસીએસ રૂ.૪૨ ઘટીને રૂ.૨૪૫૮, ટેક મહિન્દ્રા રૂ.૩૩ ઘટીને રૂ.૧૭૭૪, ઈન્ફોસીસ રૂ.૩૮.૮૦ ઘટીને રૂ.૧૧૨૩.૧૫, સાસ્કેન રૂ.૬૧.૯૦ તૂટીને રૂ.૧૮૪૦.૪૦, ડિજીટાઈડ રૂ.૨.૦૫ ઘટીને રૂ.૬૮.૦૫, એમ્ફેસીસ રૂ.૭૨.૯૫ ઘટીને રૂ.૨૫૦૭.૬૫, સિએન્ટ રૂ.૨૬ ઘટીને રૂ.૧૧૫૬.૨૦ રહ્યા હતા. બીએસઈ આઈટી ઈન્ડેક્સ ૫૩૮.૩૯ પોઈન્ટ તૂટીને ૨૯૯૦૬.૭૦ બંધ રહ્યો હતો.

### કન્ઝયુમર ડયુરેબલ્સ શેરોમાં આકર્ષણ : વોલ્ટાસ રૂ.૬૪, બ્લુ સ્ટાર રૂ.૮૧, અંબર રૂ.૧૮૫ ઉછળ્યા

કન્ઝયુમર ડયુરેબલ્સ કંપનીઓના શેરોમાં પણ ફંડોએ આજે ઘટાડે લેવાલી કરી હતી. વોલ્ટાસ રૂ.૬૩.૯૦ વધીને રૂ.૧૦૧૨.૧૦, બ્લુ સ્ટાર રૂ.૮૦.૮૦ વધીને રૂ.૧૫૯૮, ક્રોમ્પ્ટન રૂ.૬.૫૦ વધીને રૂ.૨૦૩, અંબર એન્ટરપ્રાઈસીઝ રૂ.૧૮૫ વધીને રૂ.૬૨૧૫, કલ્યાણ જવેલર્સ રૂ.૯ વધીને રૂ.૫૧૦, હવેલ્સ રૂ.૧૫.૮૫ વધીને રૂ.૧૦૨૧, ડિક્સન ટેકનોલોજી રૂ.૧૨૧.૦૫ વધીને રૂ.૧૧,૩૬૧ રહ્યા હતા. બીએસઈ કન્ઝયુમર ડયુરેબલ્સ ઈન્ડેક્સ ૩૮૧.૩૯ પોઈન્ટ વધીને ૫૫૩૯૦ બંધ રહ્યો હતો.

## નિફટી ૫૧ પોઈન્ટ ઘટ્યો: જિયો પ્લેટફોર્મ્સનું રૂ.૧૩.૦૫ લાખ કરોડ માર્કેટ કેપ. ઉમેરાતા રોકાણકારોની સંપતિ વધીને રૂ.૪૭૨.૬૩ લાખ કરોડ

### રિલાયન્સ પાછળ ઓઈલ-ગેસ ઈન્ડેક્સ ૫૧૭ પોઈન્ટ તૂટ્યો : પેટ્રોનેટ, બીપીસીએલ, ઓએનજીસી ઘટ્યા

ફંડોની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શેરમાં મોટી વેચવાલીએ આજે બીએસઈ ઓઈલ-ગેસ ઈન્ડેક્સ ૫૧૬.૮૪ પોઈન્ટ ગબડીને ૨૪૨૬૧.૯૭ બંધ રહ્યો હતો. પેટ્રોનેટ એલએનજી રૂ.૧૦.૧૦ ઘટીને રૂ.૨૮૪.૯૦, બીપીસીએલ રૂ.૮.૩૦ ઘટીને રૂ.૨૮૭, ઓએનજીસી રૂ.૪.૬૦ ઘટીને રૂ.૨૨૪.૪૦, એચપીસીએલ રૂ.૫.૨૦ ઘટીને રૂ.૩૪૭.૮૦ રહ્યા હતા.

### મેટલ-માઈનીંગ શેરોમાં ફંડોનું પ્રોફિટ બુકિંગ : સેઈલ, જિન્દાલ સ્ટેનલેસ, એપીએલ અપોલો ઘટ્યા

મેટલ-માઈનીંગ શેરોમાં પણ ફંડોનું આજે પ્રોફિટ બુકિંગ થયું હતું. સેઈલ રૂ.૯.૭૦ તૂટીને રૂ.૧૬૧.૮૦, જિન્દાલ સ્ટેનલેસ રૂ.૨૬.૭૦ ઘટીને રૂ.૬૮૨.૮૫, એપીએલ અપોલો રૂ.૪૫ ઘટીને રૂ.૨૧૬૫, ટાટા સ્ટીલ રૂ.૨.૩૫ ઘટીને રૂ.૧૬૯.૧૫ રહ્યા હતા. બીએસઈ મેટલ ઈન્ડેક્સ ૨૬૪.૩૧ પોઈન્ટ ઘટીને ૩૭૬૫૮.૭૪ બંધ રહ્યો હતો.

### સ્મોલ, મિડ કેપ શેરોમાં ઉછાળે પ્રોફિટ બુકિંગ : ૨૨૦૯ શેરો પોઝિટીવ છતાં ૨૧૩૩ નેગેટીવ બંધ

સ્મોલ, મિડ કેપ શેરોમાં ફંડોની આજે આરંભિક કડાકામાં વ્યાપક વેચવાલી બાદ ઘટાડે પસંદગીની ખરીદી નીકળ્યા છતાં ગઈકાલની તુલનાએ બજારમાં વેચવાલી રહેતાં માર્કેટબ્રેડથ સાધારણ પોઝિટીવ રહી હતી. બીએસઈમાં કુલ ટ્રેડિંગ થયેલી ૪૫૬૫ સ્ક્રિપોમાંથી વધનારની સંખ્યા ૨૨૦૯ અને ઘટનારની સંખ્યા ૨૧૩૩ રહી હતી.

### FPIs/FIIની કેશમાં રૂ.૮૭૨ કરોડની ચોખ્ખી ખરીદી : DIIની શેરોમાં રૂ.૬૪૩ કરોડની ચોખ્ખી ખરીદી

ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરો-એફપીઆઈઝ, એફઆઈઆઈઝની આજે બુધવારે કેશ સેગ્મેન્ટમાં રૂ.૮૭૧.૮૩ કરોડના શેરોની ચોખ્ખી ખરીદી કરી હતી. કુલ રૂ.૧૬,૮૩૪.૫૩ કરોડની ખરીદી સામે કુલ રૂ.૧૫,૯૬૨.૭૦ કરોડની વેચવાલી કરી હતી. સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો-ડીઆઈઆઈની પણ આજે રૂ.૬૪૩.૩૫ કરોડના શેરોની ચોખ્ખી ખરીદી રહી હતી. કુલ રૂ.૧૭,૨૪૦.૯૦ કરોડની ખરીદી સામે કુલ રૂ.૧૬,૫૯૭.૫૫ કરોડની વેચવાલી કરી હતી.

### શેરોમાં રોકાણકારોની સંપતિ-માર્કેટ કેપિટલાઈઝેશન રૂ.૧૨.૮૭ લાખ કરોડ વધીને રૂ.૪૭૨.૬૩ લાખ કરોડ

જિયો પ્લેટફોર્મ્સના શેરોનું આજે ધમાકેદાર લિસ્ટિંગ થવા સાથે જિયોના રૂ.૧૩.૦૫ લાખ કરોડના માર્કેટ કેપ.નો બજારમાં ઉમેરો થતાં રોકાણકારોની સંપતિ એટલે કે બીએસઈમાં લિસ્ટેડ કંપનીઓનું એક્ત્રિત માર્કેટ કેપિટલાઈઝેશન આજે એક દિવસમાં રૂ.૧૨.૮૭ લાખ કરોડ વધીને રૂ.૪૭૨.૬૩ લાખ કરોડ રહ્યું હતું.

# સ્પોર્ટ્સ રાઉન્ડ અપ

ઈશાન કિશન નંબર ત્રણ અને શ્રેયસ ઐયર નવમાં ક્રમે ગબડ્યો : ટોપ ટેનમાં તિલક વર્માનો પણ સમાવેશ

## અભિષેક શર્મા ICC ટી-૨૦ રેન્કિંગમાં નંબર વન બન્યો

## જાન્સેન ટેસ્ટ ઓલરાઉન્ડર્સ અને બોલર્સમાં ટોચ પર

### જાડેજાના ચાર વર્ષ સુધી નંબર વન ટેસ્ટ ઓલરાઉન્ડર તરીકેના વર્ચસ્વનો અંત : હજુ કમબેકની તક : મિચેલ સ્ટાર્કના ટેસ્ટ ક્રિકેટના નંબર વન બોલર તરીકેના દબદબા પર પણ બ્રેક લાગી

દુબઈ, તા. ૨૮

અભિષેક શર્માએ ન્યૂઝીલેન્ડ સામેની ત્રીજી ટી ૨૦માં આક્રમક સદી ફટકારતા આજે જાહેર થયેલા આઈ. સી. સી. ટી ૨૦ બેટિંગ રેન્કિંગમાં ફરી નંબર-૧નું સ્થાન મેળવી લીધું છે. બીજી તરફ, ભારતીય ઓલરાઉન્ડર રવીન્દ્ર જાડેજાનું ટેસ્ટ ક્રિકેટમાં વિશ્વના નંબર-૧ ઓલરાઉન્ડર તરીકેનું ચાર વર્ષથી વધુ સમયનું વર્ચસ્વ હવે સમાપ્ત થયું છે. દક્ષિણ આફ્રિકાનો માર્કો જાન્સેન ટેસ્ટ ઓલરાઉન્ડરોના રેન્કિંગમાં જાડેજાને પાછળ છોડી નંબર વન બન્યો છે.

**અભિષેકના ૮૯૭ પોઈન્ટ**

અભિષેક શર્માએ ન્યૂઝીલેન્ડ સામે વેલિંગ્ટનમાં રમાયેલી ત્રીજી ટી ૨૦માં માત્ર ૩૮ બોલમાં ૧૧૩ રન ફટકાર્યા હતા. તેણે માત્ર ૩૫ બોલમાં સદી પૂરી કરીને ભારતીય ક્રિકેટમાં પોતાની આક્રમક બેટિંગની ક્ષમતાનો ફરી પરિચય કરાવ્યો. તેની ઈનિંગ્સમાં નવ ચોગ્ગા અને ૧૧ છગ્ગાનો સમાવેશ હતો. ભારતે ૧૯૯ રનનો લક્ષ્યાંક માત્ર ૧૩.૨ ઓવરમાં ચાર વિકેટ ગુમાવીને હાંસલ કર્યો અને પાંચ મેચની શ્રેણીમાં ૩-૦ની અજેય સરસાઈ પ્રાપ્ત કરી છે. અભિષેક ૮૯૭ રેટિંગ પોઈન્ટ સાથે પ્રથમ સ્થાને પહોંચ્યો છે. જ્યારે પાકિસ્તાનનો સાહિબઝાદા ફરહાન ૮૮૩ પોઈન્ટ સાથે બીજા ક્રમે છે. ઈશાન કિશન ૮૬૬ પોઈન્ટ સાથે ત્રીજા સ્થાને સરકી ગયો છે. અભિષેકે અગાઉ જુલાઈ ૨૦૨૫માં પ્રથમ વખત ટી ૨૦ બેટિંગ રેન્કિંગમાં ટોચનું સ્થાન મેળવ્યું હતું. ત્યારબાદ ઈશાન કિશને જુલાઈ ૨૦૨૬માં તેને પાછળ છોડ્યો હતો. જોકે, ન્યૂઝીલેન્ડ સામેની આ યાદગાર સદીએ અભિષેકને ફરી વિશ્વના નંબર-૧ બેટર તરીકે સ્થાપિત કર્યો છે.

**ટોપ 10 - T20**

| ક્રમ | બેટસમેન | પોઈન્ટ |
|---|---|---|
| ૧. | અભિષેક શર્મા | ૮૯૭ |
| ૨. | સાહિબઝાદા | ૮૮૩ |
| ૩. | કિશન | ૮૬૬ |
| ૪. | બ્રુક | ૭૯૩ |
| ૫. | બટલર | ૭૮૯ |
| ૬. | બ્રેવિસ | ૭૮૯ |
| ૭. | સોલ્ટ | ૭૭૫ |
| ૮. | હોપ | ૭૫૯ |
| ૯. | શ્રેયસ | ૭૫૮ |
| ૧૦. | તિલક વર્મા | ૭૨૪ |



**શ્રેયસનું અસમાન ફોર્મ**

જો કે શ્રેયસ ઐયર તેના સાતત્ય વગરના ફોર્મને લીધે ટી ૨૦ રેન્કિંગમાં નવમા ક્રમે ગબડ્યો છે. શ્રેયસે તેની કારકિર્દીની પ્રથમ ટી ૨૦ આંતર રાષ્ટ્રીય સદી ફટકારતા વેસ્ટ ઈન્ડિઝ સામેની શ્રેણીની શરૂઆતમાં અણનમ ૧૦૨ રન બનાવીને પોતાની બેટિંગની ક્ષમતા સાબિત કરી હતી. પરંતુ ટી ૨૦ ક્રિકેટમાં સતત સારો દેખાવ જાળવી રાખવો કેટલો પડકારજનક છે, તેનું આ ઉદાહરણ છે. ન્યૂઝીલેન્ડ સામેની છેલ્લી બે ઈનિંગ્સમાં શ્રેયસ માત્ર સાત અને પાંચ રન જ બનાવી શક્યો. પરિણામે, તે ચાર સ્થાન નીચે સરકીને નવમા ક્રમે પહોંચી ગયો છે. એક મોટી ઈનિંગ્સ ખેલાડીને રેન્કિંગમાં ઉપર લઈ જઈ શકે છે, તો થોડા નબળા દેખાવ તેની સ્થિતિને અસર કરી શકે છે. ભારત માટે જો કે સારી વાત છે કે અભિષેક અને ઈશાન બંને ટોચના ત્રણ બેટરોમાં સામેલ છે. આ ઉપરાંત, શ્રેયસ અને તિલક વર્મા પણ ટોચના દસમાં સ્થાન ધરાવે છે. ન્યૂઝીલેન્ડ સામેની શ્રેણીની બાકીની બે મેચમાં ભારતીય બેટરો પોતાનું સ્થાન વધુ મજબૂત કરવા પ્રયત્ન કરશે.

**ટેસ્ટ બેટ્સમેન**

| ક્રમ | બેટ્સમેન | પોઈન્ટ |
|---|---|---|
| ૧. | બ્રુક | ૮૬૧ |
| ૨. | બવુમા | ૮૧૮ |
| ૩. | રૂટ | ૮૧૬ |
| ૪. | હેડ | ૮૧૩ |
| ૫. | સ્મીથ | ૭૯૮ |

**ટેસ્ટ ઓલરાઉન્ડર**

| ક્રમ | ખેલાડી | પોઈન્ટ |
|---|---|---|
| ૧. | જાન્સેન | ૪૫૧ |
| ૨. | જાડેજા | ૪૨૨ |
| ૩. | મહેડી | ૩૧૯ |
| ૪. | મુલ્ડર | ૩૦૯ |
| ૫. | સ્ટાર્ક | ૨૫૭ |

* સુંદર સાતમા ક્રમે

**ટેસ્ટ બોલર**

| ક્રમ | બોલર | પોઈન્ટ |
|---|---|---|
| ૧. | જાન્સેન | ૮૭૬ |
| ૨. | સ્ટાર્ક | ૮૬૧ |
| ૩. | હેનરી | ૮૬૧ |
| ૪. | રોબિન્સન | ૮૫૬ |
| ૫. | બુમરાહ | ૮૫૩ |

**ઓસ્ટ્રેલિયા સામે ફોર્મ**

ટી ૨૦ રેન્કિંગની જેમ ટેસ્ટ ક્રિકેટના રેન્કિંગમાં પણ ફેરફાર જોવા મળ્યો છે. ભારતના અનુભવી ઓલરાઉન્ડર રવીન્દ્ર જાડેજાએ ટેસ્ટ ક્રિકેટના નંબર-૧ ઓલરાઉન્ડર તરીકેનું સ્થાન ગુમાવ્યું છે. દક્ષિણ આફ્રિકાના ૨૬ વર્ષીય માર્કો જાન્સેને આઈ. સી. સી. ના ટેસ્ટ ઓલ રાઉન્ડર રેન્કિંગમાં જાડેજાને પાછળ છોડીને પ્રથમ સ્થાન મેળવ્યું છે.

જાડેજા ચાર વર્ષથી વધુ સમયથી આ સ્થાન પર હતો. જાન્સેને ઓસ્ટ્રેલિયા સામે ગ્કેબેરહામાં રમાયેલી બીજી ટેસ્ટમાં બેટ અને બોલ બંનેથી પ્રભાવશાળી દેખાવ કર્યો હતો. તેણે બેટિંગમાં ૮૫ રન બનાવ્યા હતા અને ઓસ્ટ્રેલિયાની પ્રથમ ઈનિંગ્સમાં પાંચ વિકેટ ઝડપી હતી. તેના આ પ્રદર્શનથી દક્ષિણ આફ્રિકાને ટેસ્ટ શ્રેણી ૧-૧થી બરાબર કરવામાં મદદ મળી હતી. આ પ્રદર્શનના આધારે જાન્સેન ટેસ્ટ ઓલરાઉન્ડરોના રેન્કિંગમાં પ્રથમ વખત નંબર-૧ બન્યો છે. તેના ૪૫૧ રેટિંગ પોઈન્ટ છે

**સ્ટાર્ક સાથે સ્પર્ધા**

જાન્સેને ટેસ્ટ બોલરોની રેન્કિંગમાં પણ ટોચનું સ્થાન મેળવ્યું છે અને ઓસ્ટ્રેલિયાના મિચેલ સ્ટાર્કને પાછળ છોડ્યો છે. જાન્સેન ટેસ્ટ બેટિંગ રેન્કિંગમાં પણ ૧૩ સ્થાન આગળ વધીને ૫૬મા ક્રમે પહોંચ્યો છે. હજુ આના પછીનું રેન્કિંગ આવશે તેમાં પણ ટેસ્ટ ઓલરાઉન્ડરના રેન્કિંગમાં જાન્સેન જ તેનો રેન્ક જાળવશે કે કેમ તે જોવું રસપ્રદ નીવડશે કેમ કે હાલ ચાલતી ઓસ્ટ્રેલિયા સામેની ત્રીજી ટેસ્ટમાં પણ પ્રથમ ઈનિંગમાં જાન્સેને અડધી સદી ફટકારી છે. તો બીજી તરફ સ્ટાર્કે પ્રથમ ઈનિંગમાં છ વિકેટ ઝડપી હોઈ તે જાન્સેનનો બોલિંગમાં નંબર વન પુન: લઈ શકે છે.

જાડેજાને પણ ન્યુઝીલેન્ડ સામે બે ટેસ્ટની શ્રેણી રમવાની હોઈ તે પણ જો સારો દેખાવ કરશે તો ફરી ઓલ રાઉન્ડરના ટેસ્ટ રેન્કિંગમાં નંબર વન બની શકે તેવી તક મેળવશે.

**બવુમાની છલાંગ**

આઈ. સી. સી. ના ટેસ્ટ બેટિંગ રેન્કિંગમાં દક્ષિણ આફ્રિકાના કેપ્ટન ટેમ્બા બવુમાએ ચાર સ્થાનની છલાંગ લગાવીને બીજું સ્થાન મેળવ્યું છે. ઑસ્ટ્રેલિયા સામેની બીજી ટેસ્ટમાં તેણે પ્રથમ ઈનિંગ્સમાં ૧૭૯ રન બનાવ્યા હતા. ઈંગ્લેન્ડનો હેરી બ્રૂક આ યાદીમાં પ્રથમ સ્થાને છે.

---

હરમનપ્રીત સિંઘની આગેવાની હેઠળની ટીમ જીતવા માટે ફેવરિટ

## એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી : આજે ભારત અને ચીનની પુરુષ હોકી ટીમ વચ્ચે ટક્કર

જાલંધર, તા.૨૮

ડિફેન્ડિંગ ચેમ્પિયન ભારતીય પુરુષ હોકી ટીમ આવતીકાલે ચેમ્પિયન્સ ટ્રોફીની બીજી મેચમાં ચીન સામે ટકરાશે. છેલ્લી બે ટુર્નામેન્ટમાં અજેય રહેલી ભારતીય ટીમને સતત ત્રીજા ટાઈટલની આશા છે. ચીનની ટીમ યુવા છે અને તેઓ કેટલાક નવા ખેલાડીઓ સાથે આ ટુર્નામેન્ટમાં ભાગ લેવા માટે આવ્યા છે. ભારતે પ્રથમ મેચમાં ૧૩-૦થી બાંગ્લાદેશને હરાવ્યું હતુ અને આવતીકાલે ચીન સામે જીતવા માટે પણ યજમાન ટીમ હોટફેવરિટ મનાય છે. જાલંધરમાં સાંજે ૭.૦૦ વાગ્યાથી મેચનો પ્રારંભ થશે. ભારતીય પુરુષ હોકી ટીમે સતત બીજી વખત એશિયન ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો અને ૨૦૨૮ના લોસ એંજલસ ઓલિમ્પિક માટે ક્વોલિફાય કરી લીધું છે. પાકિસ્તાને સલામતિના કારણોસર ભારતમાં યોજાનારી ટુર્નામેન્ટમાંથી ખસી જવાનો નિર્ણય લીધો હતો. આ પછી બાંગ્લાદેશને તક આપવામાં આવી હતી. જેઓની સામે ભારતે પ્રથમ મેચમાં જીત હાંસલ કરી હતી.




ભારતીય હોકી ખેલાડી નિલાકાંતા શર્માએ જાહેરાત કરી છે કે, એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી તેની કારકિર્દીની આખરી ટુર્નામેન્ટ બની રહેશે. તેની જાહેરાત બાદ સાથી ખેલાડીઓએ તેને અનોખી રીતે વધાવી લીધો હતો.

**નિવૃત્તિની અટકળો વચ્ચે મનદીપે ફોર્મ બતાવ્યું**

એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીની ટીમની જાહેરાત થઈ ત્યારે જણાવવામાં આવ્યું હતુ કે, મનદીપ સિંઘ, જર્મનપ્રીત સિંઘ, અમિત રોહિદાસ અને નિલાકાંતા શર્મા આ ટુર્નામેન્ટની સાથે કારકિર્દી પર પૂર્ણવિરામ મુકશે. જોકે, આ ખેલાડીઓ તેમની નિવૃત્તિના અહેવાલો અંગે આશ્ચર્ય વ્યક્ત કર્યું હતુ. મનદીપે તો બાંગ્લાદેશ સામે ગોલહેટ્રિક ફટકારીને તેને નિવૃત્તિ તરફ ધકેલી રહેલા ટીકાકારોને જવાબ આપી દીધો છે. નિલાકાંતાએ તેની આ આખરી ટુર્નામેન્ટ હોવાની જાહેરાત કરી છે. જોકે જર્મનપ્રીત અને અમિત રોહિદાસે તો રમતાં રહેવાનો નિર્ધાર વ્યક્ત કર્યો છે.

**ચીન લડાયક દેખાવ કરી શકે**

ચીનની ટીમે એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીની પ્રથમ મેચમાં એશિયન ગેમ્સના સિલ્વર મેડલિસ્ટ મલેશિયાને હંફાવ્યું હતુ. મલેશિયાએ આખરે ૫-૪થી ભારે સંઘર્ષ બાદ વિજય મેળવ્યો હતો. જોકે ચીનની ન્યૂ લૂક ટીમે તેના અસરકારક દેખાવના કારણે આગવો પ્રભાવ પાડ્યો છે અને તેઓની રમત જોઈને ભારતીય ટીમ મેનેજમેન્ટ સજાગ બની ગયું છે. ભારતીય ટીમના કોચ ફલ્ટોને કહ્યું કે, ચીન સાવ નવા જ ખેલાડીઓને લઈને આ ટુર્નામેન્ટ રમવા માટે આવ્યું છે. અમને તેમની રમત અંગે વધુ કંઈ ખબર નથી. જોકે તેમની મલેશિયા સામેની મેચના વિડિયો જોઈને અમે અભ્યાસ કરીશું અને તૈયારી સાથે બીજી મેચમાં ઉતરીશું.

---



યાદવ પર ડોપિંગ પ્રતિબંધ મૂકાયો હતો

## પેરા એશિયન ગેમ્સના ભૂતપૂર્વ ગોલ્ડ મેડલિસ્ટ નીરજ યાદવની આત્મહત્યા

નવી દિલ્હી: પેરા એશિયન ગેમ્સના ભૂતપૂર્વ ગોલ્ડ મેડલિસ્ટ નીરજ યાદવે તેના ઘરે જ ઝેરી દવા પીને આત્મહત્યા કરતાં સનસનાટી મચી ગઈ છે. તેણે પેરા એશિયન ગેમ્સ ૨૦૧૮ અને ૨૦૨૩માં કુલ મળીને ત્રણ ગોલ્ડ મેડલ જીત્યા હતા. જોકે ત્યાર બાદ તે ડોપિંગમાં સપડાયો હતો અને તેના પર ડોપિંગ પ્રતિબંધ મૂકાતા તે જાપાન એશિયન ગેમ્સમાં ભાગ લઈ શક્યો નહતો. પોલીસને આત્મહત્યાના મામલામાં પ્રણય સંબંધ પણ કારણભૂત હોવાની શંકા છે. યાદવ તેની પાછળ પત્ની અને ત્રણ વર્ષની પુત્રીને વિલાપ કરતા મૂકી ગયા છે. સાત વર્ષની ઉંમરે પોસ્ટ-પોલિયો રેસિડ્યુઅલ પેરાલિસિસ થઈ જતાં દિવ્યાંગ બનેલા નીરજે ત્યાર બાદ ભાલા ફેંકમાં એફ૫૫ કેટેગરીની સ્પર્ધામાં ભાગ લેવાનું શરુ કર્યું હતુ. તેણે ૨૦૧૮માં જકાર્તામાં અને ૨૦૨૩માં હાંગઝોઉમાં ભાલા ફેંક-ચક્ર ફેંકમાં કુલ ત્રણ ગોલ્ડ જીત્યા હતા.

---

મોલિનેક્સ ૧.૧૦ કરોડ રૂપિયા સાથે સૌથી મોંઘી ખેલાડી

## WPL : મિની હરાજીમાં પાંચ ફ્રેન્ચાઈઝીએ રૂા. ૬.૨૫ કરોડમાં ૨૫ ખેલાડીને ખરીદી

### કિરન નવગીરે રૂા. ૭૫ લાખ સાથે સૌથી મોંઘી ભારતીય

કોચી, તા.૨૮

બીસીસીઆઈની મહિલા પ્રીમિયર લીગની મિની હરાજીમાં પાંચ ફ્રેન્ચાઈઝીએ કુલ ૨૫ ખેલાડીઓને કરારબદ્ધ કરવા માટે રૂપિયા ૬.૨૫ કરોડનો ખર્ચ કર્યો હતો. ઓસ્ટ્રેલિયાની સોફી મોલિનેક્સ આ મિની હરાજીની સૌથી મોંઘી ખેલાડી બની હતી. તેને રૂપિયા ૧.૧૦ કરોડમાં યુપી વોરિયર્ઝે ટીમમાં સામેલ કરી હતી. જ્યારે ભારતની કિરણ નવગીરે સૌથી મોંઘી ભારતીય ખેલાડી બની હતી, જેણે દિલ્હી કેપિટલ્સે રૂપિયા ૭૫ લાખમાં કરારબદ્ધ કરી હતી. ગુજરાત જાયન્ટ્સે રૂ. ૮૦ લાખમાં ત્રણ ખેલાડીઓને, મુંબઈ ઈન્ડિયન્સે ૭૦ લાખ રૂપિયામાં છ ખેલાડીને કરારબદ્ધ કરી હતી. બેંગલુરુએ ૧.૧૦ કરોડમાં ચાર અને દિલ્હીએ ૧.૦૫ કરોડમાં ચાર ખેલાડીને પોતપોતાની ટીમમાં સમાવી હતી. સૌથી મોટા પર્સ સાથે હરાજીમાં ઉતરેલા યુપી વોરિયર્સે રૂ. ૨.૯૦ કરોડમાં આઠ ખેલાડીને પોતાની ટીમમાં સામેલ કરી હતી. યુપીની ટીમમાં મોલિનેક્સની સાથે સ્નેહ રાણા અને ગ્રેસ હેરિસ પણ જોડાઈ હતી. બેંગલુરુએ જોનાસેન અને તેજલ હિસાબનીસને ગુજરાતે કમાલિનીને ટીમમાં સામેલ કરી હતી.



### યુપી વોરિયર્સે સૌથી વધુ રૂ. ૨.૯૦ કરોડમાં આઠ ખેલાડીને પોતાની ટીમમાં સામેલ કરી

---

## પી. ક્રિશ્ના ન્યુઝીલેન્ડ સામેની વન ડેમાં નહિ રમે



નવી દિલ્હી, તા.૨૮

ભારતીય ફાસ્ટ બોલર પ્રસીધ ક્રિષ્ના ઈજાના કારણે તારીખ ૪ નવેમ્બરથી શરૂ થઈ રહેલી ન્યુઝીલેન્ડ સામેની વન ડે શ્રેણી ગુમાવશે તે નિશ્ચિત બની ગયું છે. બોર્ડના સૂત્રોએ જણાવ્યું છે કે, તે સ્નાયુ ખેંચાવાની ઈજાના કારણે હજુ પણ પરેશાન છે. સંપૂર્ણ ફિટ ન હાવાના કારણે ટીમ મેનેજમેન્ટે તેને મેદાન પર ઉતારવાનું જોખમ લેવા માંગતું નથી. હાલની સ્થિતિમાં પ્રસિધ ક્રિષ્નાના સ્થાને જમ્મુ-કાશ્મીરના ફાસ્ટ બોલર અકિબ નબીને વન ડે ટીમમાં સ્થાન આપવામાં આવે તેવી શક્યતા છે. પ્રસિધ ક્રિષ્નાને વિન્ડિઝ સામેની શ્રેણીની બીજી ગુવાહાટી વન ડેમાં સ્નાયુ ખેંચાવાના કારણે ઈજા થઈ હતી.

---

૧૦૬ રનના દેવા સામે આસામના બીજી ઈનિંગમાં ૬૫/૭

## રણજી ટ્રોફી : આસામ સામે સૌરાષ્ટ્રની ટીમ આઉટરાઈટ વિજય મેળવવાની નજીક

### આર્ય દેસાઈના ૧૩૨* : ૧૦૭ રનના દેવા સામે ગુજરાતના બીજી ઈનિંગમાં ૨૨૭/૩

અમદાવાદ, તા.૨૮

હેત્વિક કોટકના ૮૦ અને પ્રેરક માંકડના ૭૬ રન બાદ પાર્થ ભુતે માત્ર ૭ રનમાં છ વિકેટ ઝડપી તરખાટ મચાવતા સૌરાષ્ટ્રની ટીમે ઘરઆંગણે રમાઈ રહેલી આસામ સામેની મેચમાં આઉટરાઈટ વિજય મેળવવા તરફ આગેકૂચ કરી હતી.

આસામના ૨૮૧ના સ્કોર સામે સૌરાષ્ટ્રે ૩૮૭નો સ્કોર કર્યો હતો અને ૧૦૬ રનની સરસાઈ મેળવી હતી. આ પછી આસામનો બીજી ઈનિંગમાં ધબડકો થતાં તેઓ ત્રીજા દિવસની રમતના અંતે સાત વિકેટે ૬૫ રનના સ્કોર પર ફસડાયા હતા. હવે તેઓ માત્ર ૪૧ રનની જ સરસાઈ ધરાવે છે.

આજે ત્રીજા દિવસે હેત્વિક(૬૫*) અને અર્પિત વસાવડા (૧૨*)એ સૌરાષ્ટ્રના ૧૫૬/૪ સ્કોરને આગળ ધપાવ્યો હતો. યજમાન ટીમે વધુ ૨૩૧ રન ઉમેરતા બાકીની છ વિકેટ ગુમાવી હતી. હેત્વિકે ૮૦, અર્પિત વસાવડાએ ૩૭, પ્રેરક માંકડે ૯૨ બોલમાં ૧૦ ચોગ્ગા સાથે ૭૬, સમર ગજ્જરે ૩૬, પાર્થ ભુતે ૭, અર્થ યાદવે ૭૭ બોલમાં ૪૬* અને જયદેવ ઉનડકટે ૨૬ રન નોંધાવ્યા હતા. મોહિત ઠાકુરને ચાર વિકેટ મળી હતી.



આસામની બીજી ઈનિંગ પર પાર્થ ભુતનું પ્રભુત્વ જોવા મળ્યું હતુ. તેણે ૯માંથી પાંચ મેડન ઓવર નાંખતા સાત રન આપી છ વિકેટ ઝડપી હતી. જાડેજાને એક વિકેટ મળી હતી. સિબસંકર રોય ૩૨ રને રમતમાં હતો.

**આર્ય દેસાઈની સદી : મેચ ડ્રો ભણી**

પૂણેમાં ચાલી રહેલી મેચમાં ગુજરાત સામે મહારાષ્ટ્રે પ્રથમ ઈનિંગમાં ૧૦૭ રનની સરસાઈ મેળવી હતી. ગુજરાતના ૨૨૩ સામે મહારાષ્ટ્રે આજે ત્રીજા દિવસે ૨૭૮/૯થી આગળ રમવાનું શરુ કર્યું હતુ અને તેઓ ૩૩૦માં ઓલઆઉટ થયા હતા. તનય સંઘવીની આખરી વિકેટ વિશાલ જયસ્વાલે ઝડપી હતી. ગુજરાતની બીજી ઈનિંગમાં આર્ય દેસાઈએ પાંચ છગ્ગા અને ૧૪ ચોગ્ગા સાથે ૧૬૪ બોલમાં નોટઆઉટ ૧૩૨ રન કર્યા હતા. અભિષેક દેસાઈના ૬, વેદાંત ત્રિવેદીના ૧૧, મનન હિંગરાજીયાના ૩૩ અને જયમીત પટેલના ૨૯* રન હતા.

**બરોડા સામે જમ્મુ-કાશ્મીર ફોલોઓન**

અમદાવાદ : બરોડાના ૬૧૬ સામે જમ્મુ-કાશ્મીરે ઓપનર કામરાન ઈકબાલના ૧૨૧ અને નવમા ક્રમના બેટ્સમેન ઉમરાન મીરના ૧૦૧ને સહારે ૩૦૩ રન કર્યા હતા. અતીત શેઠે ૬૧ રનમાં ચાર અને ભાર્ગવ ભટ્ટે ૫૫ રનમાં ત્રણ વિકેટ મેળવી હતી. ફોલોઓન થયા બાદ જમ્મુ-કાશ્મીરે બીજી ઈનિંગમાં ખજુરિયા (૫)ની વિકેટ ગુમાવતા ૮ રન કર્યા હતા. આજે ગુરુવારે મેચનો આખરી દિવસ છે.

---

મુંબઈની ટીમને જીતની હેટ્રિક સર્જવાની તક

## મુશીર ખાનની રણજી મેચમાં સદી અને છ વિકેટ : રવિ શાસ્ત્રીની બરોબરી કરી

### છેલ્લે મુંબઈ તરફથી શાસ્ત્રીએ ૧૯૯૦-૯૧ની સિઝનમાં એક રણજી મેચમાં સદી ને પાંચ વિકેટની સિદ્ધિ મેળવી હતી

મુંબઈ, તા.૨૮

મુંબઈના ઓલરાઉન્ડર મુશીર ખાને હરિયાણા સામેની રણજી મેચમાં સદી બાદ ઈનિંગમાં પાંચ કે વધુ વિકેટ ઝડપવાની સિદ્ધિ હાંસલ કરીને ધુરંધર ઓલરાઉન્ડર રવિ શાસ્ત્રીની બરોબરી કરી હતી. તે આવી સિદ્ધિ હાંસલ કરનારો મુંબઈનો છઠ્ઠો ખેલાડી બન્યો છે. મુશીર અગાઉ છેલ્લે મુંબઈ તરફથી આવી સિદ્ધિ રવિ શાસ્ત્રીએ ૧૯૯૦-૯૧ની સિઝનમાં મેળવી હતી. નોંધપાત્ર છેક, મુશીર ભારતીય ક્રિકેટર સરફરાઝ ખાનનો ભાઈ છે.

મુશીરના ઓલરાઉન્ડ દેખાવને સહારે મુંબઈ સતત ત્રીજા આઉટ રાઈટ વિજયનો તખ્તો તૈયાર કરી લીધો છે. મુંબઈના ૪૩૦ સામે હરિયાણા ૨૭૦માં સમેટાતા ફોલોઓન થયુ હતુ. જે પછી તેમણે બે વિકેટે ૭૩ રન કર્યા છે. નિશાંસ સિદ્ધુ ૨૨ અને યશવર્ધન દલાલ ૧૩ રને રમતમાં હતા. રાણા રિટાયર્ડ હર્ટ થયો હતો.



મુંબઈ તરફથી પ્રથમ ઈનિંગમાં મુશીરે ૧૦૯ રન ફટકાર્યા હતા. અંગકૃશ રઘુવંશીના ૧૧૪ રન હતા. નિશાંત સિદ્ધુના ૧૦૫* છતાં હરિયાણા ૨૭૦માં સમેટાયું હતુ. મુશીરે ૮૫ રનમાં છ અને તનુષ કોતિયને ૭૦ રનમાં ત્રણ વિકેટ ઝડપી હતી.

---

ત્રીજી વન ડે : ભારતે ૧૩૨નો ટાર્ગેટ ૧૭ ઓવરમાં પાર પાડ્યો

## ભારતની મહિલા ટીમે વન ડે શ્રેણીમાં પણ ઝિમ્બાબ્વેનો ૩-૦થી વ્હાઈટવોશ કર્યો

### પ્લેયર ઓફ ધ મેચ વૈષ્ણવીની પાંચ વિકેટ : પ્રતીકા રાવલ પ્લેયર ઓફ ધ સિરીઝ




વડોદરા, તા.૨૮

સ્મૃતિ મંધાનાની કેપ્ટન્સી હેઠળ ભારતની મહિલા ટીમે ત્રીજી અને આખરી વન ડેમાં ૩૩ ઓવર બાકી હતી ત્યારે ઝિમ્બાબ્વેને આઠ વિકેટથી પરાજય આપ્યો હતો. ઝિમ્બાબ્વેની ટીમ માત્ર ૧૩૧ રનમાં જ ખખડી ગઈ હતી. જવાબમાં ભારતે માત્ર ૧૭ જ ઓવરમાં બે વિકેટે ૧૩૩ રન નોંધાવીને મેચ જીતી લીધી હતી. આ સાથે ભારતે ટી-૨૦ બાદ વન ડે શ્રેણીમાં પણ ઝિમ્બાબ્વેનો ૩-૦થી વ્હાઈટવોશ કર્યો હતો.

લેફ્ટ આર્મ સ્પિનર વૈષ્ણવી શર્માને ૩૯ રનમાં પાંચ વિકેટ ઝડપવા બદલ પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવી હતી. જ્યારે શ્રેણીમાં કુલ ૨૨૦ રન નોંધાવનારી પ્રતીકા રાવલ પ્લેયર ઓફ ધ સિરિઝ બની હતી.

વડોદરામાં રમાયેલી શ્રેણીની ત્રીજી અને આખરી વન ડેમાં ટોસ જીતીને બેટિંગ પસંદ કરનારી ઝિમ્બાબ્વેની ટીમ તરફથી ઓપનર મુપાચિક્વાએ સર્વાધિક ૩૭ રન તેમજ કેપ્ટન જોસેફિના ન્કોમોએ ૩૫ રન નોંધાવ્યા હતા. વૈષ્ણવીએ ૧૦ ઓવરમાં ૧ મેડન સાથે ૩૯ રનમાં પાંચ વિકેટ ઝડપી હતી. ક્રાંતિ ગૌડ અને સયાલી સાતઘરેએ ૨-૨ વિકેટ ઝડપી હતી.

જવાબમાં ભારતે શ્રેણીમાં નિષ્ફળ રહેલી કેપ્ટન મંધાનાને ઓપનિંગમાં ઉતારી નહતી. યાસ્તિકા ભાટિયા ઈનિંગના પહેલા જ બોલે ૦ પર આઉટ થઈ હતી. પ્રતીકા રાવલે ૫૬ બોલમાં ચાર ચોગ્ગા અને ત્રણ છગ્ગા સાથે ૫૯* રન નોંધાવ્યા હતા. શેફાલીએ ૨૬ બોલમાં ૬ ચોગ્ગા અને ત્રણ છગ્ગા સાથે અણનમ ૫૧ રન ફટકાર્યા હતા.

---

નિર્ણાયક ટેસ્ટ : રેનશોના ૭૪, ગ્રીન ૬૫

## સાઉથ આફ્રિકાના ૩૨૯ રન સામે ઓસ્ટ્રેલિયાના ૪ વિકેટે ૩૩૦ રન

### ઈંગ્લિશ (૮૫*)અને કેરી (૫૧*) વચ્ચે ૧૪૫* રનની ભાગીદારી

કેપ ટાઉન, તા. ૨૮

ઓપનર રેનશોના ૭૪ રન અને તેની કેમરૂન ગ્રીન (૬૫) સાથેની ત્રીજી વિકેટની ૧૨૬ રનની ભાગીદારીની મદદથી ઓસ્ટ્રેલિયાએ સાઉથ આફ્રિકા સામે ત્રીજી અને નિર્ણાયક ટેસ્ટમાં બીજા દિવસની રમતના અંતે ૪ વિકેટે ૩૩૦ રન બનાવ્યા હતા. સાઉથ આફ્રિકા ગઈકાલે પ્રથમ દિવસે પ્રથમ ઈનિંગમાં ૩૨૯ રનમાં ઓલ આઉટ થયું હતું.



ઓસ્ટ્રેલિયા તરફથી રેનશો અને હેડે (૪૧) પ્રથમ વિકેટની ૫૮ રનની ભાગીદારી નોંધાવી હતી. લાબુશેન (૦) રને આઉટ થયો હતો. ૫૮ રનના સ્કોરે બે વિકેટ પડી હતી. તે પછી ૧૮૪ અને ૧૮૫ રને અનુક્રમે ત્રીજી અને ચોથી વિકેટ પડતા ઓસ્ટ્રેલિયા મુસીબતમાં મુકાયું હતું પણ ઈંગ્લિશ(૮૫*) અને કેરી(૫૧*)એ પાંચમી વિકેટની ભાગીદારીમાં નોટ આઈટ ૧૪૫ રન ઉમેરતા ઓસ્ટ્રેલિયા સરસાઈ મેળવવામાં સફળ થયું હતું. બંને ઈનિંગ કાલે આગળ ધપાવશે. સાઉથ આફ્રિકાના ફાસ્ટ બોલર જાન્સેને બે અને સ્પિનર હાર્મરે બે વિકેટ ઝડપી હતી.

---

## ભારતીય મહિલા પહેલવાન કાજલ અને નીલમ વર્લ્ડ ચેમ્પિયશિપમાં સિલ્વર જીતી



અસ્તાના : વર્લ્ડ કુસ્તી ચેમ્પિયનશિપના ઈતિહાસમાં પહેલીવખત ભારતની બે મહિલા પહેલવાનોએ અલગ-અલગ વજન વર્ગમાં સિલ્વર મેડલ જીત્યા હતા. ભારતની ૧૮ વર્ષની કાજલ ધોચાકે ૭૬ કિગ્રા વજન વર્ગની ફાઈનલમાં યુક્રેનની એલ્પાયયેવા સામે હારતાં તેને સિલ્વર મળ્યો હતો. જ્યારે ૨૬ વર્ષની નીલમ સિરોહીએ ૫૦ કિગ્રા વજન વર્ગમાં ગોલ્ડ મેડલ બાઉટમાં જાપાનની યુઈ સુસાકી સામે પરાજીત થી હતી. ભૂતકાળમાં વર્લ્ડ કુસ્તી ચેમ્પિયનશિપમાં ભારતને મહિલા વિભાગમાં એકમાત્ર સિલ્વર અંશુ મલિકે અપાવ્યો હતો.

---

## ગુજરાતની અંડર-૧૪ જુડોની ટીમ નેશનલ સ્કૂલ ગેમ્સમાં ઓવર ઓલ રનરઅપ

અમદાવાદ : ગુજરાતની અંડર-૧૪ જુડોની ટીમે દિલ્હીમાં યોજાયેલી નેશનલ સ્કૂલ ગેમ્સમાં શાનદાર દેખાવ કરતાં ત્રણ ગોલ્ડ, એક સિલ્વર અને બે બ્રોન્ઝ સાથે કુલ ૬ મેડલ જીતીને ઓવરઓલ રનરઅપ ટ્રોફી જીતી હતી. ગુજરાત બોઈઝ અને ગર્લ્સ કેટેગરીમાં પણ રનરઅપ બન્યું હતુ. વિરાલી મનકોલિયા, જય બાંભણિયા અને શાહનવાઝ મજગુલે ગોલ્ડ, મિત્તલ માવીએ સિલ્વર અને આયુષ કરાટા તેમજ વિજય બામણિયાએ બ્રોન્ઝ જીત્યો હતો.



---

## કોમનવેલ્થ કબડ્ડી : આજે ભારત-શ્રીલંકા વચ્ચે ટક્કર

અમદાવાદ, તા. ૨૮

ભારત અને શ્રીલંકાની પુરુષ ટીમ વચ્ચે આવતીકાલે રાત્રે ૮.૦૦ વાગ્યાથી અમદાવાદમાં ચાલી રહેલી કોમનવેલ્થ કબડ્ડી ચેમ્પિયનશિપનો ગ્રૂપ સ્ટેજનો મુકાબલો ખેલાશે. ભારત અને શ્રીલંકા બંને સેમિ ફાઈનલમાં ક્વોલિફાય થઈ ગયા હોવાથી આવતીકાલે જીતનારી ટીમ ગ્રૂપમાં ટોચનું સ્થાન મેળવશે.

---

## પ્રથમ ટેસ્ટ : વિન્ડિઝ સામે બાંગ્લાદેશના ૩ વિકેટે ૨૧૩

મિરપુર : ઓપનર શાદમાન ઈસ્લામે આજથી શરુ થયેલ વેસ્ટ ઈન્ડિઝ સામેની પ્રથમ ટેસ્ટના પ્રથમ દિવસની રમતના અંત સુધી નોટ આઉટ રહી ૨૧૯ બોલમાં ૯૯ રનની ધીરજ ભરી બેટિંગ કરતા બાંગ્લાદેશે રમતના અંતે ત્રણ વિકેટે ૨૧૩ રન કર્યા હતા. ઓપનર તાન્ઝીદ ૭, મોમીનુલ હક ૨૮, કેપ્ટન શાંતો ૧૯ રને આઉટ થયા હતા. રીદોય ૪૨ રન બનાવી ઈજા થવાથી નિવૃત્ત થયો હતો. લિન્ટોન દાસ ૧૦ રને રમતમાં છે. વારિકેન બે અને સિલ્સે એક વિકેટ ઝડપી છે.

## ન્યૂઝીલેન્ડ સરકારે સ્ટુડન્ટ વિઝાનાં નિયમોમાં ચાર ફેરફાર કર્યા

# અંગ્રેજી સારું નહીં હોય તો ન્યૂઝીલેન્ડના સ્ટુડન્ટ વિઝા મળવામાં તકલીફ પડી શકે

નવી દિલ્હી, તા. ૨૮

ન્યૂઝીલેન્ડમાં અભ્યાસ કરી રહેલ અથવા ત્યાં એડમિશન લેવાનું આયોજન કરી રહેલ વિદ્યાર્થીઓ માટે મહત્ત્વપૂર્ણ સમાચાર છે. ન્યૂઝીલેન્ડમાં હવે અંગ્રેજી સારુ હશે તો જ સ્ટુડન્ટ વિઝા મળશે. આ સાથે જ ભણવાની સાથે નોકરી કરવાનાં નિયમમાં પણ ફેરફાર થયો છે. ન્યૂઝીલેન્ડે સ્ટુડન્ટ વિઝાનાં નિયમોમાં ચાર ફેરફાર કર્યા છે.

## ફેરફારોની અસર કામ કરવાનાં અધિકારો, અંગ્રેજીનું મૂલ્યાંકન, વિઝા પ્રોસેસિંગ, કોર્સ પૂર્ણ કર્યા પછી મળનારા સમય પર થશે

આ ફેરફારોની અસર ભારતીયો સહિત વિદેશી વિદ્યાર્થીઓનાં કામ કરવાનાં અધિકારો, અંગ્રેજી ભાષાનું મૂલ્યાંકન, વિઝા પ્રોસેસિંગ અને કોર્સ પૂર્ણ કર્યા પછી તેમને મળનારા સમય પર પડશે.

ચાર ફેરફારોમાંથી ત્રણ ફેરફારનો ઉદ્દેશ સ્ટુડન્ટ વિઝાની વિશ્વસનીયતાને સુરક્ષિત કરવાનો છે. જ્યારે ચોથો ફેરફાર વિદ્યાર્થીઓને પોતાનો અભ્યાસ પૂર્ણ કર્યા પછી આગામી નિર્ણય લેવા માટે વધુ સમય આપે છે. રિસર્ચ આધારિત માસ્ટર્સ એટલે કે માસ્ટર્સ બાય રિસર્ચ સ્ટુડન્ટ્સની પાસે હવે અભ્યાસ દરમિયાન કામ કરવાનાં અમર્યાદિત અધિકાર રહેશે નહીં.

કોઈ વિદ્યાર્થીને સ્ટુડન્ટ વિઝા આપવો કે નહીં હવે તે અંગેનો નિર્ણય લેવા માટે અંગ્રેજીમાં તેનું જ્ઞાન ચકાસવામાં આવશે.

**માસ્ટર્સ બાય રિસર્ચ કરનારા સ્ટુડન્ટ સપ્તાહમાં ૨૫ કલાક કામ કરી શકશે અને રજાઓ દરમિયાન ફુલ ટાઈમ જોબ કરી શકશે**

જ્યારે કોઈ યુનિવર્સિટી દ્વારા નિયમોનું પાલન ન કરવામાં આવ્યાની તપાસ ચાલી રહી હોય ત્યારે સ્ટુડન્ટ વિઝા પ્રોસેસ સસ્પેન્ડ કરવામાં આવી શકે છે.

કેટલાક કેસોમાં કોર્સ પૂર્ણ થયા પછી સ્ટુડન્ટ વિઝાની એક્સપાયરીથી પહેલાનો સમય એક મહિનાથી વધારી બે મહિના કરવામાં આવશે.

ફેરફાર કરવામાં આવેલા નિયમ અનુસાર માસ્ટર્સ બાય રિસર્ચ કરનારા સ્ટુડન્ટ માટે કામ કરવાની શરતો અન્ય માસ્ટર્સ સ્ટુડન્ટ જેવી જ હશે. તે સપ્તાહમાં ૨૫ કલાક કામ કરી શકે છે અને રજાઓ દરમિયાન ફુલ ટાઈમ જોબ કરી શકે છે.

# સુદાની બજાર પર સેનાનો ડ્રોન હુમલો ૧૦૦નાં મોત અનેક લોકો ઘાયલ

(એપી) શેન્ડિ,તા.૨૮

નૈઋત્ય સુદાન સ્થિત સાઉથ ડાર્ફુર પ્રાંતના પાટનગર ન્યાલાના ચિક્કાર બજારમાં સુદાને કરેલા લશ્કરી ડ્રોન હુમલામાં ૧૦૦થી વધુ લોકોના મોત થયા છે. સોમવારે સાંજે કરાયેલા હુમલામાં અન્ય ૧૧૩ લોકો ઘાયલ થયા છે. હુમલાના મૃતકો અને ઘાયલોમાં અનેક મહિલાઓ અને બાળકો સમાવિષ્ટ છે, એમ સુદાનમાં હિંસાની નોંધ રાખતા અધિકાર-જૂથ ઈમરજન્સી લોયર્સે મંગળવારે નિવેદનમાં આમ જણાવીને બજાર-વિસ્તારમાં કરાયેલા હુમલા બદલ સુદાની લશ્કરની ટીકા કરીને હુમલાને વખોડી કાઢયો છે.

## આ હત્યાકાંડે જાહેર બજારને સામૂહિક હત્યાના સ્થળમાં બદલી નાંખ્યું : વિશ્વભરમાં હુમલાની ટીકા

''આ હત્યાકાંડે નાગરિકોના બજાર-સ્થળને સામૂહિક હત્યાકાંડ માટેનું સમરાંગણમાં બદલી નાખ્યું છે. આ હુમલાથી નાગરિકોના જીવન સામે જોખમ ઊભું થયું છે. આ હુમલાએ, ચાલી રહેલા યુધ્ધની વચ્ચે નાગરિકોની વિટંબણાઓ વધારી દીધી છે, એમ ઉપરોક્ત જૂથે એક નિવેદનમાં જણાવ્યું. એણે હુમલાના બનાવની નિષ્પક્ષ તપાસની માગણી કરી છે.

મેડિસિન્સ સાન્સ ફ્રન્ટિયર્સ અથવા એમએસએફ તરીકે પણ જાણીતા 'ડોકટર્સ વિધાઉટ બોર્ડર્સ'નામના જૂથે અગાઉ કહ્યું કે ન્યાલા સ્થિત હોસ્પિટલના ઈમરજન્સી વોર્ડમાં ૩૬ મૃતદેહો આવ્યા. ઉપરાંત, અન્ય ૧૫૦ ઘાયલ દાખલ થયા છે.

ન્યાલાની રાજધાની સાઉથ ડાર્ફુર પ્રાંત પર જેનું નિયંત્રણ છે એ રેપિડ સપોર્ટ ફોર્સિસ ૨૦૨૩ થી સુદાની લશ્કર સામે લડતા રહ્યા છે.

ડ્રોન સંબંધી શસ્ત્ર સામગ્રી આ યુધ્ધમાં મુખ્ય છે. જોકે તાજેતરના સપ્તાહોમાં આરએસએફ તથા સુદાની સૈન્ય એમ બંને દ્વારા ડ્રોન હુમલામાં થયેલા જંગી વધારાથી સેંકડો લોકોએ જીવ ગુમાવ્યા છે.

યુધ્ધે ચઢેલા બંને પક્ષોએ અનેક કેસોમાં સામા પક્ષના હોસ્પિટલો બંધો, શાળાઓ, બજારો અને સ્થળાંતરિતોની છાવણીઓ જેવા જાહેર સ્થળોને નિશાન બનાવતા વિસ્ફોટકોથી લદાયેલા ડ્રોનના હુમલા વધારી દીધા છે. આ સંઘર્ષમાં ડ્રોનના હુમલા નાગરિકો સામેનું જીવલેણ જોખમ બની રહ્યા છે, એમ સંયુક્ત રાષ્ટ્રસંઘે કહ્યું.

૩.૪ કરોડની વસ્તી ધરાવતા સુદાનના પ્રત્યેક ત્રણમાંથી બે નાગરિકોને સહાયની આવશ્યકતા ઊભી કરનાર આ યુધ્ધે વિશ્વની સૌથી મોટી માનવતાની કટોકટી સર્જી દીધી છે.

દેશના સૈન્ય અને આરએસએફ વચ્ચેની તંગદિલી પાટનગરમાં ખુલ્લી લડાઈ બની ગઈ એ પરિસ્થિતિમાં સુદાનનું યુધ્ધ એપ્રિલ, ૨૦૨૩ માં શરૂ થયું છે.

**જાહેર નોટીસ**

અમો સહી કરનાર વાળંદ ભાઈલાલ શીવાભાઈ, રહે. ૯૮, ભાગ્યશ્રી ટાઉનશીપ, વર્ષામેડી, અંજાર, કચ્છ. અમારી દીકરી વાળંદ સેજલબેન ભાઈલાલ જે ૨૦૨૨ થી અમારા કહ્યામાં નથી અમોએ તેની સાથે તમામ સંબંધો તોડી નાખેલ છે. અમારા નામથી કોઈએ કોઈપણ જાતનો વ્યવહાર કરવો કરાવવો નહી, કરશો તો અમારી કોઈ જવાબદારી રહેશે નહી.

લી. વાળંદ ભાઈલાલ શીવાભાઈ મો.૮૧૫૪૦૫૦૩૩૪

Re-Accredited 'B++' 2.86 CGPA by NAAC

**VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY**

University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.

**વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી**

યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.

Tel: +91-261-2227141 to 2227146, Toll Free: 1800 2333 011, Digital Helpline No.- 0261 2388888
E-mail: info@vnsgu.ac.in, Website: www.vnsgu.ac.in

**IMPORTANCE NOTICE FOR REGULAR ADMINISTRATIVE/NON-TEACHING POSTS**

This is to inform all applicants who applied for various Administrative (Non-Teaching) positions under Employment Notice No. GAD/NT/GIA/Emp.Notice /11522/2026 dated 03-07-2026 2026 issued by Veer Narmad South Gujarat University, Surat are hereby informed that the written examination has been scheduled on 31-10-2026 and 01-11-2026

Candidates are requested to download their Hall Ticket from the official portal: https://vnsgunt.samarth.edu.in. For further instructions and details regarding the examination, please visit the university website.

No.: GAD/NT/GIA/25318/2026
Date: 27-10-2026

Sd\-
Registrar

**ગુજરાત સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ કંપની લિમિટેડ (GSID)**

**સ્થળ : GSID, પ્રશાસનિક ભવન, સેક્ટર-૧૩/બી, ખ-૩ સર્કલ, વાવોલ રેલવે ક્રોસિંગ પાસે, EVM વેરહાઉસ ઓફિસની નજીક, ગાંધીનગર - ૩૮૨૦૧૬.**

ગુજરાત સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ કંપની લિમિટેડ (GSID) દ્વારા એસવીપી સ્પોર્ટ્સ એન્ક્લેવ – પેકેજ – 1 (EPC- 2 મોડ) માટે ડિઝાઈન, એન્જિનિયરિંગ, પ્રોક્યોરમેન્ટ, કન્સ્ટ્રક્શન તેમજ ઓપરેશન અને મેન્ટેનન્સ માટે કોન્ટ્રાક્ટરની નિમણૂક કરવા ટેન્ડર આમંત્રિત કરવામાં આવે છે. પ્રિ–બિડ પ્રશ્નો (Pre-bid Queries) રજૂ કરવાની છેલ્લી તારીખ 12.11.2026, સાંજે 18:00 વાગ્યા સુધી છે, જે office.gsid@gmail.com પર ઈમેઈલ દ્વારા મોકલી શકાય છે. ટેન્ડર ફી તથા ઈએમડી (EMD) સાથે બિડ રજૂ કરવાની છેલ્લી તારીખ 23.12.2026, બપોરે 16:00 વાગ્યા સુધી છે. ટેન્ડર દસ્તાવેજો 29.10.2026ના રોજ nProcure પોર્ટલ પર ઉપલબ્ધ રહેશે.

તારીખ ૨૯.૧૦.૨૦૨૬

જનરલ મેનેજર -
આયોજન અને સંકલન, GSID

**મહેરબાન સુરતના ફેમિલી કોર્ટના જજ સાહેબની કોર્ટમાં** એફ.એસ. નં. ૮૫૭/૨૦૨૪

અરજદાર : મુકેશ ભીમરાવ સામુદ્રે
રહે.: ૧૦૩, આરાધના ડ્રીમ, જોડવા, પલસાણા, સુરત. વિરૂદ્ધ
સામાવાળા : જ્યોતિ મુકેશ સામુદ્રે રહે.: ૩૮, જવાહરનગર-છાપરા, જુની રેલ્વે લાઇન, હરીઓમ એપાર્ટમેન્ટની સામે, નવા વાડજ, અમદાવાદ.

વિષય : હિન્દુ મેરેજ એક્ટની ક.૧૩(૧)(આઇ-એ) (આઇ-બી) મુજબ છુટાછેડા મેળવવા બાબતનું જાહેર સમન્સ

આથી સામાવાળાને (જ્યોતિ મુકેશ સામુદ્રે) જાહેર નોટીસ આપી જણાવવાનું કે, ઉપરોક્ત કામના અરજદારે આપની વિરુદ્ધ નામદાર કોર્ટમાં કાયદેસર રીતે લગ્ન સંબંધનો અંત લાવવા (છુટાછેડા મેળવવા) માટેની અરજી દાખલ કરેલ છે. આ કેસમાં આપના નિયમિત સરનામે કોર્ટ મારફતે સમન્સ મોકલવામાં આવેલ, પરંતુ આપ ત્યાં હાજર ના મળી આવતા અથવા સમન્સની બજવણી ના થતા માનનીય કોર્ટે સીવીલ પ્રોસિજર કોડના ઓ.૫, રૂલ-૨૦ મુજબ અખબારમાં આ જાહેર સમન્સ પ્રસિદ્ધ કરવાનો આદેશ આપેલ છે. આ નોટીસ પ્રસિદ્ધ થયેથી આપને જણાવવામાં આવે છે કે, આપ જાતે અથવા આપના અધિકૃત વકીલ મારફતે **તા. ૧૭-૧૧-૨૦૨૬ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે** આ માનનીય કોર્ટમાં હાજર રહી આપનો જવાબ રજુ કરો, જો આપ ઉપર જણાવેલ તારીખે અને સમયે કોર્ટ સમક્ષ હાજર નહી રહો તો, કોર્ટ આપની ગેરહાજરીમાં એકતરફી (Ex-Party) સુનાવણી આગળ ચલાવશે અને કાયદા મુજબ કેસનો નિકાલ કરશે જેની આપ ભવિષ્યમાં કોઈ તકરાર લઈ શકશો નહી.

આજરોજ તા. ૨૬ માહે ઓક્ટોબર સને ૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યા.

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | કોર્ટનો સિક્કો | હુકમથી |
|---|---|---|---|
| સહી/- | સહી/- | | સહી/- |
| આસીસ્ટન્ટ | સુપ્રિટેન્ડન્ટ | | રજીસ્ટ્રારશ્રી, |
| ફેમીલી કોર્ટ, સુરત | ફેમીલી કોર્ટ, સુરત | | ફેમીલી કોર્ટ, સુરત |

## અભિનેત્રીની તસવીરો વાયરલ

# ઉર્વશી રૌતેલાએ સિદ્ધબલી બાબાને ૨૪ કેરેટ સોનાનો હાર અર્પણ કર્યો

નવી દિલ્હી, તા.૨૮

બોલીવૂડ અભિનેત્રી ઉર્વશી રૌતેલાએ ઉત્તરાખંડના કોટદ્વારમાં આવેલા સિદ્ધબલી બાબા મંદિરમાં ૨૪ કેરેટ સોનાનો હાર અર્પણ કરીને પોતાની અતૂટ શ્રદ્ધા વ્યક્ત કરી હતી. તેણે મંદિરમાં પૂજા-અર્ચના કરી અને ભંડારાનું આયોજન પણ કરાવ્યું હતું. આ મુલાકાત દ્વારા તેણે પરિવારની વર્ષો જૂની આસ્થાનું જતન કરવાની સાથે ઉત્તરાખંડ સાથેનો પોતાનો ભાવનાત્મક સંબંધ પણ ઉજાગર કર્યો.

## તુર્કીમાં વિશેષ રૂપે તૈયાર કરાવેલા સોનાના હાર ઉપરાંત ભંડારાનું પણ આયોજન કર્યું

સિદ્ધબલી બાબાનું મંદિર કોટદ્વાર અને આસપાસના વિસ્તારના લોકો માટે ઊંડી આસ્થાનું કેન્દ્ર છે. ઉર્વશીનો પરિવાર પણ લાંબા સમયથી આ મંદિર સાથે જોડાયેલો છે. ઉર્વશીએ જણાવ્યું કે પરિવારની ઈચ્છા



હતી કે મંદિરમાં ભંડારાનું આયોજન કરવામાં આવે. મંગળવારે આ ઈચ્છા પૂર્ણ થતા પરિવારના સભ્યો, તેમના શાળાના શિક્ષકો અને અનેક પરિચિતો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગનું મુખ્ય આકર્ષણ સિદ્ધબલી બાબાને અર્પણ કરાયેલો ૨૪ કેરેટનો હાર રહ્યો હતો. ઉર્વશીએ આ હાર પોતાની પસંદગી અનુસાર તુર્કીમાં ખાસ તૈયાર કરાવ્યો હતો. ત્યાર પછી મંદિરમાં પહોંચીને તેણે હાર બાબાના ચરણોમાં અર્પણ કર્યો હતો. તેના માટે આ ભેટ માત્ર સોનાનું આભૂષણ નહોતી, પણ આરાધ્ય પ્રત્યેની ભક્તિ અને પરિવારની પરંપરાનું પ્રતીક પણ હતી.

બોલીવૂડમાં પોતાની આગવી ઓળખ બનાવનાર ઉર્વશીએ આ મુલાકાત દરમ્યાન પોતાના વતન અને સંસ્કૃતિ પ્રત્યેનો લગાવ દર્શાવ્યો હતો.

# PNB : ખાતાધારકો સાથે ૩૫ કરોડની ઠગાઈ, મેનેજર સસ્પેન્ડ

(પીટીઆઈ) નોઈડા(યુ.પી.),તા.૨૮

પંજાબ નેશનલ બેન્કની અત્રેની ગ્રેટર નોઈડા શાખાના ખાતાધારકોએ આક્ષેપ કર્યો છે કે એમના બચત ખાતા અને ફિક્સ્ડ ડિપોઝિટોમાંથી લગભગ ૩૫ કરોડ રૂપિયા ગુમ થઈ ગયા છે. કેટલાક ગ્રાહકોનો દાવો છે કે એમણે ના તો એમના પૈસાની તબદીલી માટે કોઈને અધિકૃત કર્યા છે કે ના તો પૈસાની લેવડ દેવડ અંગે એમને કોઈ 'એલર્ટ' મળી છે.

પોલીસે કહ્યું કે બેન્ક મેનેજમેન્ટે શાખા મેનેજર સહિતના કેટલાક કર્મચારીઓને સસ્પેન્ડ કર્યા છે અને પોલીસ કેસ કર્યો છે. બેન્ક મેનેજમેન્ટે સત્તાવાળાઓને ખાતાધારકોની ફરિયાદોનો નિવેડો લાવવાની ખાતરી આપી છે.

વિજેન્દ્રસિંઘ નામના અસરગ્રસ્ત એક ખાતાધારકે કહ્યું કે એના બચતખાતામાં ૮૭ થી ૮૮ લાખ રૂપિયા હતા, જે હવે ઘટીને ફકત ૧ લાખ રૂપિયાનું બેલેન્સ રહ્યું છે. પોતે ખેડૂત છે અને સત્તાવાળાઓ તરફથી પોતાને વળતર મળ્યું હોવાનું એમણે ઉમેર્યું.

હનીફખાન નામના અન્ય ખાતા ધારકના ખાતામાં ૩૯ લાખ રૂપિયા હતા, પરંતુ હવે એમાં કશું નથી ! મારી પર ના તો કોઈ સંદેશો આવ્યો છે કે ના તો ફંડની તબદીલી માટે કોઈને અધિકૃત કરતા કોઈ દસ્તાવેજ પર સહી-સિક્કા કરાયા છે, એમ એમણે કહ્યું.

## યુએસ ફેડરલ

(પહેલા પાનાનું ચાલુ)

**લીધે યુએસ ફેડ રિઝર્વનો ચાવીરુપ વ્યાજદર ૩.૭૫ ટકા જ રહેશે. જો કે યુએસ ફેડ રિઝર્વએ વ્યાજદરની ટાર્ગેટ રેન્જ ૩.૭૫ ટકાથી ૪ ટકાની વચ્ચે રાખી છે. આમ યુએસ ફેડ રિઝર્વના ગવર્નર કેવિન વાર્શે આ નિર્ણય લીધો ત્યારે અમેરિકન બજારમાં ડાઉ જોન્સ ૮૬ પોઈન્ટ વધીને ૫૨,૪૬૪ પર ટ્રેડ થતો હતો. આના પગલે હવે અમેરિકન ફેડ રિઝર્વની ડિસેમ્બરમાં યોજાનારી બેઠક પર બજારની નજર રહેશે.**

**યુએસ ફેડ રિઝર્વના વ્યાજદરને જાળવી રાખવાના નિર્ણય સામે ફેડરલ ઓપન માર્કેટ કમિટીના બે સભ્ય ગવર્નર લિસા કૂક અને ક્લીવલેન્ડના ફેડ પ્રમુખ બેથ હેમેકે વિરોધ વ્યક્ત કર્યો હતો. તેઓ વ્યાજદરમાં વધારો કરવાની તરફેણમાં હતા. ફેડ રિઝર્વના ચેરમેન કેવિન વોર્શ હવે આ નિર્ણય અંગે ટૂંક સમયમાં પત્રકાર પરિષદને સંબોધિત કરશે. ટ્રેડરોની નજર હવે ડિસેમ્બરમાં યોજાનારી ફેડની બેઠક પર રહેશે.**

## દોષિતોને હોસ્ટેલ છોડવા માટેનો આદેશ

# રેગિંગ મોંઘુ પડ્યુઃ ડોક્ટરનું ભણતી ૧૪૯ વિદ્યાર્થીની સસ્પેન્ડ કરાઈ

પટણા, તા. ૨૮

**નાલંદા મેડિકલ કોલેજ (એનએમસી)માં રેગિંગની ફરિયાદ પર વહીવટીતંત્રએ આકરી કાર્યવાહી કરતાં એમબીબીએસમાં વર્ષ ૨૦૨૫ની બધી જ વિદ્યાર્થીનીઓને ત્રણ મહિના માટે સસ્પેન્ડ કરી દીધી હતી. તેની સાથે ૨૦૨૩ અને ૨૦૨૪ની બેચના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓને નોટિસ જારી કરવામાં આવી છે.**

## ૨૦૨૩ અને ૨૦૨૪ની બેચના વિદ્યાર્થીઓને પણ નોટિસ જારી કરાઈ

રુલબુક ૨૦૨૬ અને રેગિંગની ફરિયાદો પછી નેશનલ મેડિકલ કમિશન (એનએમસી) અને બિહાર સરકારના જનફરિયાદ વિભાગે કોલેજ પાસે જવાબ માંગ્યો હતો. તેના પછી પ્રાચાર્ય ડો. ઉષાકુમારીના અધ્યક્ષ પદ હેઠળ એન્ટી રેગિંગ કમિટીની બેઠક થઈ. તેમા ૨૦૨૩થી ૨૦૨૬ની બેચના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓની લગભગ ત્રણ કલાક પૂછપરછ કરવામાં આવી.

આ તપાસ પછી ૨૦૨૫ની બેચના વિદ્યાર્થીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા. જ્યારે ૨૦૨૩ અને ૨૦૨૪ની બેચના અધિકારીઓને નોટિસ જારી કરવામાં આવી છે. સ્થાનિક રિપોર્ટ મુજબ અડધી રાત્રે છત પર લઈ જઈને જુનિયર વિદ્યાર્થીનીઓને રેગિંગ કરવાના આરોપમાં ૨૦૨૩ અને ૨૦૨૪ની બેચના વિદ્યાર્થીઓને હોસ્ટેલ ખાલી કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. તેમને આગામી આદેશ સુધી સસ્પેન્ડ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તેની સાથે ૨૪ કલાકની અંદર જ હોસ્ટેલ ખાલી કરી કોલેજ સંકુલ છોડવાનો આદેશ પણ આપવામાં આવ્યો છે.

કોલેજ વહીવટીતંત્રએ નવા સત્રથી વિદ્યાર્થીઓ પાસે રેગિંગ ન કરવાનું સ્વઘોષણાપત્ર લીધું છે. આ દરમિયાન હોસ્ટેલ વોર્ડનોને સાવધ રહેવાના આદેશ આપવામાં આવ્યા છે. પ્રિન્સિપાલે જણાવ્યું હતું કે જુનિયર વિદ્યાર્થીનીઓ સાથે સીનિયર દ્વારા રેગિંગ કરવામાં આવતું હોવાની વાત બહાર આવી હતી.

## વિપરીત આદેશ આવતાં જજ સામે પર્સ ફેંકવાનો મહિલાનો પ્રયાસ

મુંબઈ, તા. ૨૮

બોમ્બે હાઈકોર્ટ સમક્ષ સિવિલ કેસમાં એક અરજદારે પોતાની વિરુદ્ધ આદેશ પસાર થયા પછી પોતાનું પર્સ ન્યાયાધીશ તરફ ફેંકવાનો પ્રયાસ કર્યો હતો.

કેસની સુનાવણી કરી રહેલા જસ્ટિસ માધવ જામદારે હાઈકોર્ટ પોલીસને સમન્સ પાઠવ્યું અને મહિલાને કોર્ટરૂમમાંથી બહાર કાઢવાનો નિર્દેશ આપ્યો હતો. ન્યાયાધીશે તેના વર્તનની ટીકા કરતા મૌખિક ટિપ્પણી કરી હતી કે 'આ કેવા પ્રકારનું વર્તન હતું? શું અરજદારો વિચારે છે કે તેઓ કોર્ટ સાથે કંઈ પણ કરી શકે છે? ફક્ત એટલા માટે કે તમારી વિરુદ્ધ કોઈ આદેશ પસાર થાય છે તેનો અર્થ એ નથી કે તમે આ રીતે વર્તશો... તમારે કોર્ટની શિષ્ટાચાર જાળવવાની જરૂર છે.'

## બ્રિટિશ પીએમના ઘરે દિવાળીની ઉજવણી



બ્રિટનના પીએમ એન્ડી બર્નહમે તેમના ઘર ૧૦ ડાઉનિંગ સ્ટ્રીટ પર દિવાળીની ઉજવણી કરી હતી. તેમણે બ્રિટનના વિકાસમાં ભારતીયોના યોગદાનની પ્રશંસા કરી હતી. તેમણે જ્યારે, દીવો પ્રગટાવ્યો ત્યારે, હાજર ભારતીય મૂળના યુવાનોએ હનુમાન ચાલીસાનો પાઠ કર્યો હતો. બ્રિટનના એક મંદિરના પૂજારીએ ભગવત ગીતાનો પાઠ કર્યો હતો. જ્યારે, અન્ય મંદિરના પૂજારીએ વિશ્વશાંતિ માટે લખેલી કવિતા વાંચી સંભળાવી હતી.

## સુપ્રીમની સાફ વાત, આ મુદ્દો સમગ્ર ન્યાયતંત્રને સ્પર્શે છે

# ચીફ જસ્ટિસનાં અવમાન બદલ સંજય રાઉત અને વાગલેને સુપ્રીમનું સમન્સ

મુંબઈ, તા. ૨૮

**સુપ્રીમ કોર્ટે બુધવારે શિવસેના (યુબીટી)ના સાંસદ સંજય રાઉત અને પત્રકાર નિખિલ વાગલેને ભારતના મુખ્ય ન્યાયાધીશ (સીજેઆઈ) સૂર્યકાંત વિરુદ્ધ વાંધાજનક સોશિયલ મીડિયા પોસ્ટ કરવા બદલ દાખલ કરાયેલા અવમાનના કેસમાં સમન્સ પાઠવ્યું છે. રાઉતને સુપ્રીમ સમક્ષ તા. ૧૭મીએ રુબરુ હાજર થવા જણાવાયું છે. જ્યારે વાગલેને વર્ચ્યુઅલી ઉપસ્થિત રહેવા જણાવાયું છે.**

## બિનશરતી માફી છતાં ૧૭ નવેમ્બરે રાઉતને વ્યક્તિગત હજારી આપવા અને વાગલેને વર્ચ્યુઅલી હાજર રહેવા તાકીદ

સુપ્રીમ કોર્ટ બાર એસોસિએશન (એસસીબીએ) દ્વારા રાઉત અને પત્રકાર નિખિલ વાગલે દ્વારા સીજેઆઈ વિરુદ્ધ કરાયેલી ટિપ્પણી બદલ દાખલ કરાયેલી અવમાનના અરજીની સુનાવણી કરતા ન્યાયાધીશ અરવિંદ કુમાર અને વિપુલ એમ પંચોલીની બેન્ચે જણાવ્યું હતું કે આ મુદ્દો સમગ્ર ન્યાયતંત્રને સ્પર્શે છે.

૧૬ ઓક્ટોબરના રોજ સીજેઆઈ કાંતની આગેવાની હેઠળની બેન્ચે રાઉત અને વાગલે પાસેથી જવાબ માંગતી એસસીબીએ અરજી પર નોટિસ જારી કરી હતી અને તે સમયે તેમને વ્યક્તિગત હાજરીમાંથી મુક્તિ આપી હતી.

બુધવારે, કોર્ટને જાણ કરવામાં આવી હતી કે વાગલેએ બિનશરતી માફી માંગતી એફિડેવિટ દાખલ કરી છે. તેમના વતી વરિષ્ઠ વકીલ ઈન્દિરા જયસિંહે જણાવ્યું હતું કે વાગલે હંમેશા ન્યાયતંત્ર પ્રત્યે આદર દર્શાવવાનો ટ્રેક રેકોર્ડ જાળવી રાખ્યો છે અને તેમને તેમના પોસ્ટ પર પસ્તાવો છે, જેને તેમણે પોતાની ભૂલ સમજ્યા પછી તરત જ દૂર કરી દીધો હતો.

કોર્ટમાં રાઉતનું પ્રતિનિધિત્વ કોઈ વકીલ દ્વારા કરવામાં આવ્યું ન હતું. એસસીબીએનું પ્રતિનિધિત્વ તેના પ્રમુખ અને વરિષ્ઠ વકીલ પ્રદીપ કુમાર રાય દ્વારા કરવામાં આવ્યું હતું, તેમણે વરિષ્ઠ વકીલ રાહુલ કૌશિક સાથે મળીને જણાવ્યું હતું કે એડવોકેટ વિષ્ણુ શર્મા રાઉત વતી હાજર થયા હતા અને સોગંદનામું પણ દાખલ કર્યું હતું. જોકે, કોર્ટ સમક્ષ તે નહોતું.

કોર્ટે કહ્યું, સમસ્યાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને, અમારું માનવું છે કે પ્રતિવાદી એક (વાગલે) આગામી તારીખે વર્ચ્યુઅલી હાજર રહેશે. અમે પ્રતિવાદી બે (રાઉત)ને આગામી સુનાવણીની તારીખે આ કોર્ટ સમક્ષ વ્યક્તિગત રીતે હાજર રહેવાનો નિર્દેશ આપીએ છીએ. કોર્ટે આ કેસની સુનાવણી ૧૭ નવેમ્બરના રોજ બપોરે બે વાગ્યે મુલતવી રાખી છે.

અરજીમાં કહેવામાં આવ્યું છે કે વાગલેની આ ટિપ્પણી ૧૧ ઓક્ટોબરના રોજ સીજેઆઈ કાંતે લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી અને રાજ્યસભાના વિરોધ પક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેને મળવાનો ઈનકાર કર્યા પછી આવી હતી, જેમાં સત્તાઓનું વિભાજન અને ચૂંટણી પંચ અને દિલ્હીના વિરોધ પ્રદર્શનો સંબંધિત મુદ્દાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો, જે બંને સબ-જ્યુડિસ છે.

**ગુજરાત સમાચાર APPOINTMENTS**

**REQUIRE CIVIL ENGINEER**
10 years experience- 2 post
N Mistry Project Pvt Ltd
701,Arcus Hexa,Nr. Mercedes Showroom, Parimal Garden Char Rasta,Ambavadi,
Application on whatsApp
9727683368

**જોઈએ છે**
એકાઉન્ટસ મેનેજર -૨ થી ૫ વર્ષના અનુભવી
બેક ઓફિસ માર્કેટીંગ (લેડીઝ) -૪ થી ૫ વર્ષના અનુભવી
એડમીન (લેડીઝ/જેન્ટસ) -અનુભવી
NEPTUNE MARKETING ® જુની L ટાઇપ GIDC L/109, શાર્પેક્ષ એન્જિનિયરીંગ વર્ક પાસે ઓઢવ, અમદાવાદ
મળવાનો સમય-સોમવાર થી શનિવાર
Time : 10.30 AM to 5.30 PM
Mail : info@neptunemarketing.in

**WEST-COAST** Pharmaceutical
REQUIRED
Immediate Joiners Only
- ITI - Mechanical
- ITI - Electrical
- Diploma - Mechanical/Electrical
- Machine Operator - Fresher or 1 Year of Experience

hrd@westcoastin.com
Walk-in-Interview: 9am to 6pm
Meldi Estate, Near Prasang Party Plot, Opp, Sola Bhagwat, Sayona City Road, Gota, A'bad - 382481

JCR The Entertainment World | THE FERN Residency JAMNAGAR | series BY MARRIOTT
**WE'RE HIRING!**
**GRAPHIC DESIGNER**
QUALIFICATION: Any Graduate
EXPERIENCE: Minimum 1-2 years in Graphic Design, preferable with a Creative of Marketing Agency
KEY SKILLS
- Strong expertise in Adobe Creative Cloud- Illustrator, Photoshop, InDesign & Premiere Pro
- Strong Understanding of Typography, Color Theory, Layout Principles & Branding
- Creative mindset with a strong eye for detail

APPLY : career@jcrworld.com
+91 99041 50050
Interested candidates are required to share their CV along with a PDF Portfolio showcasing their previous design work.
405, 406 - Colonnade, Besides Privilon, Iscon-Ambli Road, Ambli, A'bad-380054.

**SHREE MARUTI NANDAN INDUSTRIES LIMITED**
JOB HIRING
BUSINESS DEVELOPMENT MANAGER
SALES EXECUTIVE
ACCOUNTANT TALLY & GST (MIN. 1+ YRS)
HR EXECUTIVE (MBA/MSW (HR))
Send Your CV- 63588 55268
B-901/902 Swati Trinity, Nr. Apple woods Township, Shantipura Circle, SP Ring Road, Ahmedabad- 54

**REQUIRED**
MANAGER FINANCE, ACCOUNTS & ADMIN
for a leading Interior Designs Company based in Ahmedabad
Qualification: Inter CA/M.com having 5-7 years' experience in Accounts Finalization, Finance & handling Direct & Indirect Taxation.
Sr. ACCOUNTANT
Qualification: B. Com / M.com having 3-5 years' experience in Accounts role.
interspacedesignpvtltd@gmail.com
Contact: Mr. Dixit
09723448470 / 9898832195

Comprehensive Cancer Care Hospital based at RAJKOT
**REQUIRES**
- Housekeeping Incharge
- Maintenance Head
- Medical Record incharge
- OT Incharge

Remuneration will not be a constraint for the right candidate.
Note: Experience in the Oncology hospital would be Preferred.
Mail your CV to :career.cancercare@gmail.com
Drsihty-26

**Walk-In Drive (HR Interview) || Ahmedabad, Gujarat**
BW Water India Private Limited, a De Nora company, is hiring experienced professionals for a wastewater treatment facility being executed as part of a major semiconductor manufacturing project at Dholera,Gujarat. Candidates should have the relevant educational qualification for the position, and experience in industrial water, wastewater, EPC, oil & gas, process, infrastructure or related industries.
Open onsite positions:

| SR. NO | JOB TITLE | FTE | Qualification | Exp. |
|---|---|---|---|---|
| 1 | LOGISTICS EXECUTIVE | 1 | Graduate | 5+ years |
| 2 | SR. PROJECT ENGINEER 1 | 2 | BE/B.Tech Mechanical | 10+ years |
| 3 | PROJECT ENGINEER | 2 | BE/B.Tech Mechanical | 5+ years |
| 4 | QAQC ENGINEER-MECH | 3 | BE/B.Tech Mechanical | 7+ years |
| 5 | QAQC ENGINEER-ELECTRICAL | 1 | BE/B.Tech Electrical | 7+ years |
| 6 | SITE SUPERVISOR-MECH & PIPING | 3 | Diploma/BE/B.Tech(Mechanical) | 5+ years |
| 7 | MATERIAL CONTROLLER | 1 | BE - Mechanical | 7+ years |
| 8 | STORE EXECUTIVE | 1 | Graduate | 4+years |
| 9 | PROJECT CONTROLLER | 1 | CA/CMA | 8+ years |
| 10 | SITE ENGINEER-MECH & PIPING | 2 | BE/B.Tech Mechanical | 8+ years |
| 11 | PROCESS + T&C ENGINEER | 2 | BE/B.Tech | 5+ years |

How To apply: Send your updated CV to HR.India@bw-water.com with the subject line: Application for [Position] || Dholera Project
Walk-in at : Date: 28th October - 06th November,2026 (Except Sunday)
Time: 10:00 AM – 4:00 PM,
Venue: A14, Ground Floor, BSquare Corporate House, Mango Garden City Road, near Croma, Thaltej, Ahmedabad, Gujarat 380059.
Disclaimer: This advertisement is for recruitment purposes only and does not constitute an offer of employment. BW Water India Private Ltd. reserves the right to modify, withdraw, or cancel any vacancy or recruitment process without prior notice.

**WANTED SALES EXECUTIVE (PLASTICIZERS)**
Ahmedabad-based reputed trading house requires a Sales Executive for Gujarat market.
EXPERIENCE
3 - 5 years in plasticizers, PVC, calcium carbonate, polymer additives or specialty chemicals.
Experience in wire & cable and artificial leather industries preferred. Existing customer network in Gujarat essential.
Send CV to plasticizers402@gmail.com

48 YEARS OF EXCELLENCE | SRAMAYEVA JAYATHE | **NARAYANA e-TECHNO SCHOOL**
**WALK-IN INTERVIEW**

| | |
|---|---|
| Pre-Primary Teachers (PRT) | Graduate with Diploma in ECE / ECCE / NTT / MTT / PPTT with min. 1 year of relevant experience |
| Primary Teachers (PRT) | Subjects: English, Maths Graduate / P.G. with B.Ed. / D.El.Ed. 2-3 years of relevant experience |
| High School Teachers (TGT) | Subjects: Physics, Maths, Computer Graduate / P.G. with B.Ed. 2-5 years of relevant experience |
| Mother Teachers | Subjects: English, Science, Maths Graduate with Diploma in ECE / ECCE / NTT / MTT / PPTT 1-2 years of relevant experience |
| Associate Teachers High School (Physics, Maths & Computer) | |
| Activity Teacher | Dance teacher with any degree and relevant experience required |
| Administrative Staff - A.G.M. | Any degree with 4-5 years of relevant marketing experience required |

■ Salary is not a constraint for the deserving candidate
Interview Process : Written test, Demo class
WALK-IN INTERVIEW ON 30 & 31 OCTOBER 2026, BETWEEN 9:00 AM TO 4:00 PM
Walk-in with original certificates to the branch
TRAGAD : Survey No.- 224, TP No - 233, Plot No. - 53, Near Spandan Heights Tragad, Ahmedabad – 382470
PH : 9063425679, 9247538210, 9344937466
MAIL : gujaratsupport@narayanagroup.com

# શનાયા કપૂરથી લઈને સોનમ બાજવાના સ્ટાઈલ સ્ટેટમેન્ટ ચર્ચામાં


સંજના સાંઘી


અવનીત કૌર


સોનમ બાજવા


ક્રિસ્ટલ ડીસુઝા


શનાયા કપૂર


વેદિકા પિંટો


આન્યા સિંહ


દિયા મિર્ઝા


અદિતી રાવ હૈદરી

મુંબઈમાં યોજાયેલા બ્યુટી એવોર્ડ્સમાં બોલિવૂડ અભિનેત્રીઓના એકથી ચઢિયાતા ફેશન લુક જોવા મળ્યા હતા. કોઈએ બ્લેક ગાઉનમાં ગ્લેમરસ અંદાજ રજૂ કર્યો તો કોઈએ કલરફૂલ ગાઉન, સિક્વિન અને આધુનિક સાડી-ગાઉનથી રેડ કાર્પેટ પર પોતાની આગવી સ્ટાઈલ દર્શાવી હતી. અદિતી રાવ હૈદરીએ કોરલ રેડ કલરના સ્ટ્રેપલેસ ગાઉનમાં ધ્યાન ખેંચ્યું હતું. ગાઉનના નીચેના ભાગની સ્કલ્પ્ચરલ ડિઝાઈન અને લાલ લિપસ્ટિકે તેના લુકને વધુ આકર્ષક બનાવ્યો હતો. અવનીત કૌરે ઘેરા લાલ ગુલાબની ડિઝાઈનવાળા ગાઉનમાં રોમેન્ટિક અંદાજ રજૂ કર્યો હતો. જ્યારે, સંજના સાંઘીએ બ્લુ કોર્સેટ અને સિક્વિનથી સજાવેલા લાંબા સ્કર્ટના કોમ્બિનેશનથી અલગ ઓળખ ઊભી કરી હતી. સોનમ બાજવાએ જાળીદાર લેસવાળા ગાઉનમાં ગ્લેમરસ અંદાજ અપનાવ્યો હતો. સમીક્ષા પેડણેકરે ગ્રે કલરના ગાઉનમાં મિનિમલ અને મોર્ડન સ્ટાઈલ રજૂ કરી હતી. વેદિકા પિન્ટોએ પેસ્ટલ બ્લુ કોર્સેટ અને લેસ સ્કર્ટ પસંદ કર્યા હતાં. જ્યારે, હેલી શાહ બ્લેક ગાઉનમાં ક્લાસિક અંદાજમાં જોવા મળી હતી. શનાયા કપૂરે બ્લેક એન્ડ વ્હાઈટ કો-ઓર્ડ સેટ પહેર્યો હતો. હાઈ-નેક હોલ્ટર ટોપ, ટેલર્ડ ટ્રાઉઝર અને શિયર મેશ પેનલ્સવાળા આ આઉટફિટને તેના સ્લીક બન અને નેચરલ મેકઅપે વધુ આકર્ષક બનાવ્યો હતો. દિયા મિર્ઝાએ ડીપ બર્ગંડી હોલ્ટર ગાઉન સાથે રોયલ લૂક પસંદ કર્યું હતું. રાશા થડાણીએ ટીલ બ્લુ સિક્વિન ગાઉનમાં ચમકદાર લુક રજૂ કર્યો હતો. ક્રિસ્ટલ ડિસોઝા બ્લેક ઓફ-શોલ્ડર ગાઉનમાં જોવા મળી હતી. ઈશા માલવિયાએ લવંન્ડર સાડી-ગાઉનમાં ક્રિસ્ટલ અને ફ્રિન્જ ડિટેલિંગ સાથે પરંપરાગત અંદાજને મોર્ડન ટચ આપ્યો હતો. અન્યા સિંહે બ્રાઉન ગાઉન સાથે ફેશન ટ્રેન્ડ્સમાં પોતાનું આગવું સ્થાન બનાવ્યું હતું.

---

### વિવેક અગ્નિહોત્રી- કાર્તિક પહેલી વખત સાથે

## વિવેક અગ્નિહોત્રી કાર્તિક આર્યન સાથે ઓપરેશન સિંદૂર ફિલ્મ બનાવશે

મુંબઈ, તા. ૨૮

વિવેક અગ્નિહોત્રીએ તેમની આગામી ફિલ્મ 'ઓપરેશન સિંદૂર' માટે હીરો તરીકે કાર્તિક આર્યનની પસંદગી કરી છે. કાર્તિક આર્યન અને વિવેક અગ્નિહોત્રીનું આ પહેલું કોલબરેશન હશે.



આ ફિલ્મ લેફ્ટનન્ટ જનરલ કેજેએસ ટાઈની ધિલ્લોનના પુસ્તક 'ઓપરેશન સિંદૂર: ધ અનટોલ્ડ સ્ટોરી ઓફ ઈન્ડિયાઝ ડીપ સ્ટ્રાઈકસ ઈનસાઈડ પાકિસ્તાન' પર આધારીત છે. અગ્નિહોત્રીએ જણાવ્યું હતું કે પહેલગામ પર થયેલા આતંકી હુમલા બાદ ભારતીય સશસ્ત્ર દળોએ કરેલાં જવાબી હુમલાની સ્ટોરી તેમના સહકારથી રજૂ કરવામાં આવશે.

'ભૂલભૂલૈયા ૩' અને કબીર ખાનની 'ચંદુ ચેમ્પિયન' જેવી મનોરંજક ફિલ્મો કરનાર કાર્તિક આર્યનની આગામી ફિલ્મ 'નાગઝિલ્લા' ફેબ્રુઆરીમાં રીલિઝ થવાની છે. અચાનક આ રાજકીય રંગ ધરાવતી મિલિટરી કાર્યવાહી પર આધારીત ફિલ્મમાં કાર્તિક આર્યનની એન્ટ્રી આશ્ચર્યજનક બની રહી છે.

**મનોરંજક ફિલ્મો કરતો કાર્તિક અચાનક દેશભક્તિના રંગમાં : એક પુસ્તકનો આધાર લેવાશે**

---

### માતૃત્વ પછી નારીને આ રીતે જજ ન કરી શકાય

## બોડી શેમિંગથી નારાજ કેટરીનાએ કહ્યું 'મારી રીતે ફિટનેસ પાછી મેળવીશ'

મુંબઈ, તા. ૨૮

કેટરીના કૈફ પોતાના બોડી શેમિંગથી ભારે નારાજ થઈ છે અને તેણે તેનો જવાબ આપતાં કહ્યું છે કે હું ફિટનેસ બાબતે સભાન છું. મારી રીતે અને મારી ગતિએ હું ફિટનેસ પાછી મેળવીશ. એ અંગે મેં કોઈ ડેડલાઈન નક્કી કરી નથી. લોકોની અપેક્ષા અનુસાર હું તે દિશામાં કામ નહીં કરું.

પુત્ર જન્મ બાદ થોડા સમય પહેલાં જાહેરમાં દેખાયેલી કરીનાએ ફિટનેસ ગુમાવી દીધી હોવાની વ્યાપક ટીકાઓ થઈ હતી. તે પછી કેટરિનાએ ટ્રોલર્સને વળતો



જવાબ આપ્યો છે.

કેટરીનાએ જણાવ્યું હતું કે આપણે આજે એવી દુનિયામાં જીવીએ છીએ જ્યાં આપણી ચોતરફ ફૂંકાતા સતત બદલાતાં અભિપ્રાયોના પવન આપણને ઉડાડી દેવા માંગે છે. બાળકના જન્મ બાદ સ્ત્રી શરીરમાં થતાં ફેરફારોથી લોકો વાકેફ છે પણ તેમ છતાં તેઓ નારીઓને આકરી રીતે જજ કરે છે. મારા મતે આ માહિતીનો અભાવ નહીં પણ અંગત પસંદગીની બાબત છે.

કેટરીનાએ જણાવ્યું હતું કે મારા માટે માત્તૃત્વ પ્રગતિનું સોપાન છે જેમાં પાછી પાની કરવાની મને કોઈ જરૂર જણાતી નથી.

**મને ફિટનેસનું ભાન છે તે પાછી મેળવવા માટે મેં કોઈ ડેડલાઈન નક્કી કરી નથી**

---

### બેટલ ઓફ ગંગાસાગર પર કેન્દ્રિત હશે

## ૧૯૭૧નાં યુદ્ધ પરની પરમવીરમાં વર્ધાન પુરી મુખ્ય ભૂમિકામાં

મુંબઈ, તા. ૨૮

અમરીશ પુરીના પૌત્ર વર્ધાન રાજીવ પુરીની પસંદગી 'પરમવીર' ફિલ્મના હીરો તરીકે કરવામાં આવી છે. ૨૦૧૯માં 'યેહ સાલી આશિકી' ફિલ્મથી વર્ધાન પુરીએ હિન્દી ફિલ્મ ઉદ્યોગમાં હીરો તરીકે પ્રવેશ કર્યો હતો. હવે સુમંત રાતુરીના નિર્દેશનમાં બની રહેલી ફિલ્મ પરમવીરમાં તે સૈનિકની મુખ્ય ભૂમિકામાં જોવા મળશે.



૧૯૭૧માં ભારત-પાકિસ્તાન વચ્ચે થયેલાં જંગ દરમ્યાન ખેલાયેલી બેટલ ઓફ ગંગાસાગરની કથાને કેન્દ્રમાં રાખી 'પરમવીર' ફિલ્મ બનાવવામાં આવી રહી છે. વર્ધાન પુરીએ જણાવ્યું હતું કે આ ફિલ્મ આપણાં ઈતિહાસનું એક પ્રકરણ જ નહીં પણ તેને અંજામ આપનારા બહાદુર જવાનોને આપવામાં આવેલી અંજલિ છે. દરેક જવાનના બલિદાનની કથાઓ આપણે યાદ રાખવી જોઈએ.

**અમરીશ પુરીના પૌત્રને મહત્ત્વની ફિલ્મ મળી : બાકીના કલાકારોની હવે પછી જાહેરાત**

---

### સ્ક્રિપ્ટ પણ એક ફ્રેન્ચ ફિલ્મ આધારિત

## શાહરૂખની કિંગના પોસ્ટરમાં ધુરંધર ધ રિવેન્જના પોસ્ટરની નકલ

મુંબઈ, તા. ૨૮

શાહરુખ ખાનની આગામી ફિલ્મ 'કિંગ'નું પોસ્ટર જારી થતાં જ તેના વિશે સોશ્યલ મિડિયામાં વિવાદ ફાટી નીકળ્યો છે. ઘણાંએ તેને 'ધુરંધર: ધ રિવેન્જ'ની કોપી ગણાવી રણવીરસિંહના સ્થાને શાહરુખ ખાનને ફીટ કરી દેવામાં આવ્યો હોવાની ટીકા કરી હતી.




પોસ્ટરમાં શાહરુખ હાથમાં ગન અને હોઠ વચ્ચે ગુલાબ દબાવીને આગની આગળ ઉભો છે અને નીચે કેપ્શનમાં ૧૯૯૯માં આવેલી 'બાદશાહ' ફિલ્મના ટાઈટલ ગીતનું મુખડું લખ્યું છે: આજ ફીર યાદ આયા..કાતિલ નહીં, આશિક હું.

નેટીઝન્સે 'ધુરંધર' અને 'કિંગ' બંને ફિલ્મોના પોસ્ટર ૨૦૨૧માં આવેલી ડોની યેનની ફિલ્મ 'રેજિંગ ફાયર ટુ' ફિલ્મના પોસ્ટરની નકલ હોવાનું જણાવી તે બનાવવામાં એઆઈનો ઉપયોગ કરાયો હોવાનું ઉમેર્યું હતું.

**જોકે, ધુરંધર અને કિંગ બંનેના પોસ્ટર હોલિવુડની જ એક ફિલ્મની ઉઠાંતરી હોવાનો પણ આરોપ**

---

### આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના કારણે માઈક્રોસોફ્ટ ૬૦,૦૦૦ કર્મચારીઓને પાણીચું પકડાવશે

# ઉચ્ચ ડિગ્રી ધરાવતા ટેક્નોક્રેટ પણ બેકારીના ખપ્પરમાં

**છેલ્લા પાંચ વર્ષો (૨૦૨૧ થી ૨૦૨૬)માં વૈશ્વિક ટેકનોલોજી અને આઈટી ક્ષેત્રમાં ૬,૫૦,૦૦૦ થી વધુ કુશળ કર્મચારીઓએ પોતાની નોકરીઓ ગુમાવી છે. વર્ષ ૨૦૨૨માં ૯૩,૦૦૦, વર્ષ ૨૦૨૩માં ૧,૯૧,૦૦૦, વર્ષ ૨૦૨૪માં ૯૫,૦૦૦ અને વર્ષ૨૦૨ માં ૧,૨૭,૦૦૦ થી વધુ લોકો બેરોજગાર બન્યા હતા. માત્ર ૨૦૨૬ના પ્રથમ દસ મહિનામાં જ ૧,૮૦,૦૦૦ થી વધુ વ્યાવસાયિકોની છટણી કરવામાં આવી છે : વર્લ્ડ ઈકોનોમિક ફોરમ ના 'ફ્યુચર ઓફ જોબ્સ' અહેવાલ મુજબ, આગામી પાંચ વર્ષો (૨૦૨૬ થી ૨૦૩૧)માં વિવિધ ટેકનોલોજીકલ અને એઆઈ ક્રાંતિના કારણે સમગ્ર વિશ્વમાં અંદાજે ૯.૨ કરોડ વર્તમાન નોકરીઓ સંપૂર્ણપણે નાબૂદ થઈ જશે. ત્યારપછીના આગળના અડધા દાયકામાં આઈટી અને હાઈ-ટેક સેક્ટરમાં વૈશ્વિક સ્તરે ૧.૫ કરોડથી વધુ વધારાની ટેકનોલોજીકલ નોકરીઓ સમાપ્ત થવાની શક્યતા છે : આ સંકટમાંથી બહાર નીકળવા માટે હવે સમગ્ર શૈક્ષણિક માળખાને મૂળમાંથી બદલવું અનિવાર્ય બની ગયું છે. કાગળની ડિગ્રીઓ, સૈદ્ધાંતિક ગોખણપટ્ટી અને પુસ્તકીય જ્ઞાન હવે કોઈ વ્યક્તિને રોજીરોટીની ગેરંટી આપી શકશે નહીં. ભવિષ્યમાં માત્ર એવા જ લોકો ટકી શકશે જેઓ સતત અનુકૂલન સાધીને પોતાની જાતને પુનઃકૌશલ્યવાન બનાવતા રહેશે**

સમગ્ર વિશ્વના કોર્પોરેટ અને ટેકનોલોજી ક્ષેત્રમાં અત્યારે એક એવો અભૂતપૂર્વ ધરતીકંપ આવ્યો છે જેણે રોજગારની સુરક્ષાના તમામ પરંપરાગત ખ્યાલોને ધ્વસ્ત કરી દીધા છે. તાજેતરમાં જ ટેક જગતની મોખરાની કંપની માઈક્રોસોફ્ટે તેના ઈતિહાસના સૌથી મોટા સ્વૈચ્છિક નિવૃત્તિ અથવા બાયઆઉટ પેકેજની જાહેરાત કરીને વૈશ્વિક સ્તરે આશરે ૬૦,૦૦૦ જેટલા કર્મચારીઓને કંપની છોડવાની ઓફર આપી છે. કંપનીના વૈશ્વિક કર્મચારીબળના ૨૫ ટકાથી વધુ હિસ્સાને આવરી લેતી આ ઓફર વિન્ડોઝ, એક્સબોક્સ, કોપાઈલટ, કોર એઆઈ અને ફાઈનાન્સ જેવા મહત્વપૂર્ણ વિભાગો સુધી વિસ્તરેલી છે. માઈક્રોસોફ્ટે આ પગલું કોઈ સામાન્ય આર્થિક સંકટના કારણે નહીં, પરંતુ એઆઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ડેટા સેન્ટર્સ અને સુપરઈન્ટેલિજન્સ સંશોધનમાં અબજો ડોલરની મૂડી વાળવા અને કર્મચારી ખર્ચમાં મોટો ઘટાડો કરવા માટે ભર્યું છે. કર્મચારીઓને ૩૯ અઠવાડિયા સુધીના પગાર અને અન્ય નાણાકીય લાભોની લાલચ આપીને કંપનીમાંથી વિદાય લેવા પ્રેરવામાં આવી રહ્યા છે, જે સ્પષ્ટ દર્શાવે છે કે ટેકનોલોજી ક્ષેત્ર હવે માનવબળના વિકલ્પ તરીકે એઆઈ એજન્ટ્સ અને ઓટોમેશન તરફ કાયમી વળાંક લઈ ચૂક્યું છે.

માઈક્રોસોફ્ટ એકમાત્ર એવી કંપની નથી જેણે આ પ્રકારનું આક્રમક વલણ અપનાવ્યું હોયત તેના જેવી ડઝનબંધ વૈશ્વિક દિગ્ગજ કંપનીઓ આજે આ જ માર્ગ પર દોડી રહી છે. ઓરેકલ કંપનીએ એઆઈ ઓટોમેશનને સીધું કારણ ગણાવીને પોતાના વૈશ્વિક કાર્યબળમાંથી ૧૩ ટકાનો ઘટાડો કરતાં ૨૧,૦૦૦ જેટલા કર્મચારીઓને ઘરભેગા કરી દીધા છે. મેટા કંપનીએ પણ કાર્યક્ષમતા વધારવા અને એઆઈ આધારિત વર્ક મોડેલ સ્થાપિત કરવા માટે તેના સ્ટાફમાં ૧૦ ટકા એટલે કે ૮,૦૦૦ થી વધુ કર્મચારીઓની છટણી કરી છે. ઈ-કોમર્સ ક્ષેત્રની જાયન્ટ કંપની એમેઝોને કોર્પોરેટ અને રિટેલ ડિવિઝનમાંથી આશરે ૩૦,૦૦૦થી વધુ નોકરીઓ ખતમ કરી દીધી છે, જેમાં વરિષ્ઠ અધિકારીઓએ સ્પષ્ટ સ્વીકાર કર્યો છે કે એઆઈ પ્રગતિને કારણે કંપની હવે ઓછા કર્મચારીઓ સાથે વધુ ઝડપથી કામ કરી શકે છે.

ઉલ્લેખનીય છે કે, સેમિકન્ડક્ટર ઉત્પાદક ઈન્ટેલે એક જ વર્ષમાં ૨૭,૧૫૯ થી વધુ પદો રદ કર્યા છે. આ ઉપરાંત સિસ્કોએ એઆઈ નેટવર્કિંગ પર ધ્યાન કેન્દ્રિત કરવા ૪,૦૦૦ થી વધુ અને બ્લોકે એઆઈ ટૂલ્સ દ્વારા કામગીરી સંભાળીને તેના ૪૦ ટકા સ્ટાફને છૂટો કરી દીધો છે. સેલ્સફોર્સ, સ્નેપચેટ, લાસ્ટમિનિટ અને ક્લાઉડફ્લેર જેવી કંપનીઓએ પણ ગ્રાહક સેવા, કોડિંગ અને ડેટા મેનેજમેન્ટમાં માનવ ભૂમિકાઓને રદ કરીને ૧૫ થી ૩૦ ટકા સ્ટાફનો સફાયો કર્યો છે. ભારતીય આઈટી સેવાઓની મહાકાય કંપનીઓ જેવી કે ટીસીએસ, ઈન્ફોસિસ અને વિપ્રોએ નવા એન્જિનિયરોની ભરતીમાં ૭૫ ટકાનો જંગી ઘટાડો કરીને મોટા પાયે આંતરિક રિસ્ટ્રક્ચરિંગ શરૂ કર્યું છે.

છેલ્લા પાંચ વર્ષો (૨૦૨૧ થી ૨૦૨૬) ના વૈશ્વિક આંકડાઓ તરફ નજર કરીએ તો આ સમયગાળો ટેકનોલોજી જગતના ઈતિહાસમાં સૌથી લોહિયાળ સાબિત થયો છે. જાણકારોના મતે આ પાંચ વર્ષમાં વૈશ્વિક ટેકનોલોજી અને આઈટી ક્ષેત્રમાં ૬,૫૦,૦૦૦ થી વધુ કુશળ કર્મચારીઓએ પોતાની નોકરીઓ ગુમાવી છે. વર્ષ ૨૦૨૨ માં ૯૩,૦૦૦, વર્ષ ૨૦૨૩ માં ૧,૯૧,૦૦૦, વર્ષ ૨૦૨૪ માં ૯૫,૦૦૦ અને વર્ષ ૨૦૨૫ માં ૧,૨૭,૦૦૦ થી વધુ લોકો બેરોજગાર બન્યા હતા. માત્ર ૨૦૨૬ ના પ્રથમ દસ મહિનામાં જ ૧,૮૦,૦૦૦ થી વધુ વ્યાવસાયિકોની છટણી કરવામાં આવી છે, જેમાંથી સીધા એઆઈ ઓટોમેશનને આભારી હોય તેવી નોકરીઓની સંખ્યા ૯૩,૦૦૦ થી વધુ નોંધાઈ છે. પાછલા પાંચ વર્ષોમાં કુલ ગુમાવાયેલી નોકરીઓમાંથી આશરે ૨,૨૫,૦૦૦ જેટલી ભૂમિકાઓ સીધી રીતે જનરેટિવ એઆઈ, ઓટોમેટેડ કોડિંગ બોટ્સ અને એલ્ગોરિધમિક સિસ્ટમ્સ દ્વારા ગળી જવામાં આવી છે. એન્ટ્રી-લેવલ સોફ્ટવેર ડેવલપમેન્ટ, બેકએન્ડ કોડ ટેસ્ટિંગ, ડેટા ક્લીનિંગ અને આઈટી સપોર્ટ જેવી પાયાની ભૂમિકાઓ બજારમાંથી લગભગ અદ્રશ્ય થઈ ગઈ છે.

ન્યુઝ ફોકસ

### વર્ષ ૨૦૨૬માં મોટા પાયે છટણી કરનારી પ્રમુખ કંપનીઓ

| કંપનીનું નામ | છટણી કરાયેલા કર્મચારીઓની સંખ્યા (આશરે) | મુખ્ય કારણ / વિગત |
|---|---|---|
| ઓરેકલ (Oracle) | ૨૧,૦૦૦ થી ૩૪,૫૦૦+ | AI ડેટા સેન્ટર્સ માટે પુનર્ગઠન અને ભારતમાં ૪૦% હેડકાઉન્ટ ઘટાડો. |
| એમેઝોન (Amazon) | ૧૭,૦૦૦ થી ૧૯,૮૦૦+ | સ્ટોર્સ ડિવિઝનના કર્મચારીઓ અને વેરહાઉસ સંબંધિત છટણી. |
| ડેલ (Dell) | ૧૧,૦૦૦ થી ૧૬,૦૦૦ | AI ઈન્ફ્રાસ્ટ્રક્ચર તરફ ધ્યાન કેન્દ્રિત કરવા માટે. |
| મેટા (Meta) | ૮,૦૦૦ થી ૧૦,૪૦૦+ | કંપનીના વર્કફોર્સમાં ૧૦% નો કાપ અને AI સ્પેન્ડિંગ વધારવા માટે. |
| બ્લોક (Block) & સિસ્કો (Cisco) | ૪,૦૦૦ થી ૫,૦૦૦+(દરેકમાં) | કોર્પોરેટ પુનર્ગઠન અને ખર્ચ નિયંત્રણ. |
| પેપાલ (PayPal) | ૪,૭૦૦ થી ૫,૩૦૦+ | વૈશ્વિક કામગીરી અને ભારત સ્થિત બેક-ઓફિસ રોલ્સમાં કાપ. |
| ઉબેર (Uber) | ૩,૩૦૦ (વર્કફોર્સના ૧૦%) | મેનેજમેન્ટ માળખું સરળ બનાવવા અને ખર્ચ ઘટાડવા. |
| ઈન્ટુઈટ (Intuit) | ૩,૦૦૦ | વર્કફોર્સના ૧૭% કર્મચારીઓ, સેવાઓમાં AI ઈન્ફ્યુઝ કરવા માટે. |
| કોગ્નિઝન્ટ (Cognizant) | ૧૫,૦૦૦ (અંદાજિત) | આઈટી સેક્ટરમાં અસ્થિરતા વચ્ચે નોકરીઓ જોખમમાં. |
| બીએમડબલ્યુ (BMW) & જીએમ (GM) | હજારો આઈટી અને કોર્પોરેટ રોલ્સ | ઓટોમોટિવ સેક્ટરમાં ટેક્નોલોજીકલ શિફ્ટ અને ખર્ચ ઘટાડો. |
| નેટફ્લિક્સ (Netflix) | ૧,૦૦૦ (વર્કફોર્સના ૬%) | આગામી સમયમાં કોર્પોરેટ પદો ઘટાડવાની યોજના. |
| ઈબે (eBay) | ૧,૦૦૦ થી ૧,૯૦૦ | ઓનલાઈન માર્કેટપ્લેસની કામગીરી સરળ બનાવવા માટે. |

ભવિષ્યમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના કારણે નોકરી ગુમાવવી એ ભૂતકાળની પરંપરાગત આર્થિક મંદી કરતાં લાખો ગણી વધુ મુશ્કેલ અને ભયાનક સાબિત થવાની છે. ભૂતકાળમાં જ્યારે આર્થિક મંદી કે ફુગાવો આવતો, ત્યારે કંપનીઓ કામચલાઉ ધોરણે કર્મચારીઓની સંખ્યા ઘટાડતી હતી, પરંતુ જેવો આર્થિક વિકાસ પાછો ફરતો કે તરત જ તે જ હોદ્દાઓ પર ફરીથી નવા માણસોની ભરતી શરૂ થતી હતી. એઆઈના યુગમાં આ પદ્ધતિ કાયમ માટે બદલાઈ ગઈ છે; એઆઈ દ્વારા છીનવાયેલી નોકરી ક્યારેય પાછી આવતી નથી કારણ કે તે ભૂમિકા કાયમ માટે 'ઓટોમેટેડ' થઈ જાય છે.

એકવાર જ્યારે કોઈ કંપની કોઈ પ્રક્રિયાને સ્વાયત્ત બનાવી દે, ત્યારે તે ફરી કોઈ માણસને તે કામ માટે પગાર ચૂકવવા તૈયાર થતી નથી. વધુમાં, જે માણસ નોકરી ગુમાવે છે તેના માટે નવી નોકરી મેળવવી અત્યંત અશક્ય બની જાય છે કારણ કે બજારમાં બાકી રહેલી નવી ભૂમિકાઓમાં એઆઈ આર્કિટેક્ચર, હાઈપર-સ્પેશિયલાઈઝેશન અને જટિલ અલ્ગોરિધમ્સના અસાધારણ કૌશલ્યની માંગ હોય છે. સામાન્ય આઈટી પ્રોફેશનલ માટે રાતોરાત પોતાના કૌશલ્યને આ સ્તરે લઈ જવું વ્યવહારિક રીતે અસંભવ બને છે, જેના કારણે લાંબા ગાળાની સ્થાયી બેરોજગારીનું નિર્માણ થાય છે.

આગામી પાંચ વર્ષો (૨૦૨૬ થી ૨૦૩૧) માટેના આંતરરાષ્ટ્રીય અંદાજો માનવજાત માટે અત્યંત ચેતવણીજનક છે. વર્લ્ડ ઈકોનોમિક ફોરમ ના 'ફ્યુચર ઓફ જોબ્સ' અહેવાલ મુજબ, વિવિધ ટેકનોલોજીકલ અને એઆઈ ક્રાંતિના કારણે સમગ્ર વિશ્વમાં અંદાજે ૯.૨ કરોડ વર્તમાન નોકરીઓ સંપૂર્ણપણે નાબૂદ થઈ જશે. આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ (IMF) ના અભ્યાસ મુજબ, વિકસિત દેશોમાં ૬૦ ટકા અને વૈશ્વિક સ્તરે ૪૦ ટકા નોકરીઓ એઆઈના સીધા સકંજામાં આવી ગઈ છે. આગળના અડધા દાયકામાં આઈટી અને હાઈ-ટેક સેક્ટરમાં વૈશ્વિક સ્તરે ૧.૫ કરોડથી વધુ વધારાની ટેકનોલોજીકલ નોકરીઓ સમાપ્ત થવાની શક્યતા છે. એઆઈ હવે માત્ર સામાન્ય કોડિંગ પૂરતું મર્યાદિત નથી રહ્યુંત તે ક્લાઉડ આર્કિટેક્ચર ડિઝાઈનિંગ, સાયબર સિક્યુરિટી મોનિટરિંગ, સિસ્ટમ એડમિનિસ્ટ્રેશન અને ડેટાબેઝ મેનેજમેન્ટ જેવા જટિલ કાર્યો પણ કોઈપણ માનવીય ભૂલ વગર અને અવિરત ગતિએ સંભાળી રહ્યું છે, જેના કારણે આગામી પાંચ વર્ષમાં વ્હાઈટ-કોલર જોબ્સનો મોટો હિસ્સો કાયમ માટે ભૂંસાઈ જશે.

સૌથી હૃદયદ્રાવક, દર્દનાક અને સામાજિક રીતે ખતરનાક પાસું એ છે કે શિક્ષણ અને કારકિર્દીની સલામતી વચ્ચેનો પાયાનો વિશ્વાસ તૂટીને વિખેરાઈ ગયો છે. એક સમય હતો જ્યારે માત્ર સામાન્ય આર્ટ્સ, કોમર્સ કે સાયન્સના સ્નાતકો જ બેરોજગારીની ચિંતા કરતા હતા અને એવું મક્કમ માનવામાં આવતું હતું કે જો વ્યક્તિ માસ્ટર્સ ડિગ્રી મેળવી લે, એન્જિનિયરિંગ પૂર્ણ કરે અથવા પીએચ.ડી. (Ph.D.) કરી લે તો તેની કારકિર્દી આજીવન સુરક્ષિત થઈ જાય છે. પરંતુ આજે સ્થિતિ એટલી હદે વણસી ગઈ છે કે પોસ્ટ ગ્રેજ્યુએટ્સ, પ્રતિષ્ઠિત સંસ્થાનોમાંથી પાસ થયેલા ટોપ-ક્લાસ એન્જિનિયરો અને વર્ષો સુધી રિસર્ચ લેબમાં પરસેવો પાડીને પીએચ.ડી. મેળવનારા ઉચ્ચ શિક્ષિત વિદ્વાનો પણ એઆઈની આંધી સામે લાચાર બની ગયા છે. મશીન લર્નિંગ મોડેલ્સ આજે થોડીક સેકન્ડોમાં એવા રિસર્ચ પેપર્સનું વિશ્લેષણ કરી નાખે છે અને એવા જટિલ સોફ્ટવેર બનાવી દે છે જે બનાવવામાં પીએચ.ડી. વિદ્વાન કે સિનિયર સોફ્ટવેર એન્જિનિયરને મહિનાઓનો સમય લાગતો હતો.



આ આર્થિક અનિશ્ચિતતા અને અચાનક આવેલી બેરોજગારીએ યુવા પેઢીના માનસિક સ્વાસ્થ્ય પર જીવલેણ હુમલો કર્યો છે. લાખો રૂપિયાની ભારેખમ એજ્યુકેશન લોન લઈને, દિવસ-રાત એક કરીને ડિગ્રીઓ હાંસલ કરનારા તેજસ્વી યુવાનો જ્યારે જુએ છે કે કંપનીઓ તેમને એક ઈમેલ મોકલીને ક્ષણભરમાં બહારનો રસ્તો બતાવી દે છે, ત્યારે તેમનો આત્મવિશ્વાસ સાવ તળિયે બેસી જાય છે. સિલિકોન વેલીથી લઈને બેંગલુરુ, હૈદરાબાદ અને પુણે જેવા આઈટી હબમાં સતત કામ ગુમાવવાનો ભય, ઈએમઆઈ ચૂકવવાની લાચારી અને શૂન્ય કારકિર્દીની ભયાનક વાસ્તવિકતા યુવાનોને ગંભીર ડિપ્રેશન અને હતાશા તરફ ધકેલી રહી છે. છેલ્લા કેટલાક સમયમાં અનેક આશાસ્પદ યુવાન એન્જિનિયરો અને ઉચ્ચ શિક્ષિત પ્રોફેશનલ્સે નોકરી છૂટી જવાના આઘાતમાં અને ભવિષ્યના અંધકારથી ડરીને પોતાના અમૂલ્ય જીવન ટૂંકાવી દીધા હોવાના બનાવો સામે આવ્યા છે, જે આ તકનીકી ક્રાંતિનો સૌથી કાળો અને કરુણ ચહેરો રજૂ કરે છે.

આ સંકટમાંથી બહાર નીકળવા માટે હવે સમગ્ર શૈક્ષણિક માળખાને મૂળમાંથી બદલવું અનિવાર્ય બની ગયું છે. કાગળની ડિગ્રીઓ, સૈદ્ધાંતિક ગોખણપટ્ટી અને પુસ્તકીય જ્ઞાન હવે કોઈ વ્યક્તિને રોજીરોટીની ગેરંટી આપી શકશે નહીં. ભવિષ્યમાં માત્ર એવા જ લોકો ટકી શકશે જેઓ સતત અનુકૂલન સાધીને પોતાની જાતને પુનઃકૌશલ્યવાન બનાવતા રહેશે.

## ચૂંટણીમાં નેતન્યાહુની લિકુડ પાર્ટી ૫૩, વિપક્ષ ૪૮ બેઠક પર આગળ

# ઈઝરાયેલમાં કોકડું ગૂંચવાયું : કોઈ પક્ષને બહુમતી નહીં

જેરુસલેમ,તા.૨૮

ઈઝરાયેલની સંસદીય ચૂંટણીમાં લિકુડ પાર્ટીના પીએમ નેતન્યાહુના નેજા હેઠળની સરકારે બહુમતી ગુમાવી હોવા છતાં તે ૫૩ બેઠક સાથે સૌથી મોટા પક્ષ તરીકે ઉભરી આવે તેવી પ્રબળ સંભાવના છે. જ્યારે તેમના મુખ્ય હરીફ ગડી આઈઝનકોટનું વિપક્ષી જોડાણ ૪૮ બેઠકો સુધી જસીમિત રહે તેમ મનાય છે. જ્યારે આરબ પાર્ટી ૧૯ બેઠકો સાથે ૧૨૦ બેઠકોની નેસેટમાં સરકાર બનાવવામાં ચાવીરુપ ભૂમિકા ભજવી શકે છે. લગભગ ૯૩ ટકા મતપત્રકોની ગણતરી થઈ ચૂકી છે ત્યારે હવે પરિણામમાં કોઈ ખાસ ફેર પડે તેવી સંભાવના નથી.

## ઈઝરાયેલની ૧૨૦ સભ્યોની સંસદ પર સત્તા મેળવવા માટે કુલ ૬૧ બેઠકો જીતવી પડે છે, ચૂંટણીમાં ૭૭.૧ ટકા મતદાન

આમ ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામીન નેતન્યાહુની સામે વિરોધનો વાવાવંટોળ હોવા છતાં પણ તેમની લિકુડ પાર્ટીએ સૌથી મોટા પક્ષ તરીકે ઉભરી આવવામાં સફળતા મેળવી છે, પરંતુ ઈઝરાયેલની સંસદમાં બહુમતી માટે ૬૧ બેઠક મળવી જરૂરી છે. આ વિજય માટે તેનો ૫નો ટૂંકો પડ્યો છે.

સ્થાનિક મીડિયા રિપોર્ટ્સે સેન્ટ્રલ ઈલેકશન્સ કમિટી (સીઈસી)ને ટાંકીને જણાવ્યું હતું કે ૯૩ ટકા સામાન્ય બેલોટની ગણતરી અને કુલ મતના ૮૫.૬ ટકાની ગણતરી થઈ ચૂકી છે. ઈઝરાયેલમાં સત્તા મેળવવા માટે ૧૨૦ સભ્યોની નેસેટમાં ૬૧ બેઠકની જરૂર પડે છે. હવે જો નેતન્યાહુ કોઈપણ રીતે તડજોડ કરીને ૬૧ બેઠક ન મેળવી શકે તો પછી બીજુ આમંત્રણ ૪૮ બેઠક મેળવનારા ગડી આઈઝનકોટની આગેવાની હેઠળના વિપક્ષને મળે. જો તેઓ આરબ પાર્ટી સાથે રાજકીય મતભેદો ભૂલાવે તો કુલ તેના ૧૭થી ૧૯ સભ્યોને ટેકો મેળવીને સરકાર બનાવી શકે. સીઈસીએ જણાવ્યું હતું કે હવે બાકીના સાત ટકા બેલોટની ગણતરી પૂરી થઈ જાય પછી સ્પષ્ટ ચિત્ર ઉભરીને આવી શકે. સ્થાનિક પ્રસારમાધ્યમોએ સીઈસીને ટાંકીને જણાવ્યું હતું કે લગભગ છ લાખ ડબલ એન્વેલપ બેલોટની ગણતરી બાકી છે. આ મતો સૈનિકોના અને પોતાના ઘરથી દૂર રહેતા પાત્ર મતદાતાઓના છે. આગામી કેટલાક દિવસોમાં તેની ટેલી ઉમેરાય તેવી સંભાવના છે. આ સિવાય ત્રણ રાજકીય પક્ષો ચૂંટણીની નિયત મર્યાદા ૩.૨૫ ટકાના અધિકૃત મતથી પણ દૂર રહ્યા હતા અને તેમના મત અનુક્રમે ૨.૬ ટકા, ૧.૬૦ ટકા અને ૦.૨ ટકા રહ્યા હતા. જો કે કાઉન્ટિંગ ચાલતું હોવાથી અંતિમ વોટશેર હજી પણ બદલાઈ શકે છે.

અમેરિકન પ્રમુખ ટ્રમ્પે પણ નેતન્યાહુનો પક્ષ સૌથી આગળ ચાલતો હોવાના લીધે તેમને અત્યારથી જ અભિનંદન આપી દીધા છે. તેની સાથે તેઓ જીતે તો તેનું શ્રેય પણ અત્યારથી પોતે લઈ લીધું છે. ટ્રમ્પે જણાવ્યું હતું કે નેતન્યાહુ તો હારી જ જવાના હતા, પરંતુ ૧૮મી ઓક્ટોબરે તેઓએ નેતન્યાહુને જાહેર સમર્થન કર્યુ અને તેમને ફરીથી ચૂંટવાની અપીલ કરી એને નેતન્યાહુ ન ચૂંટાયા તો ઈઝરાયેલનું ભવિષ્ય અંધકારમય થઈ જશે તેમ જણાવ્યું તેના પછી લોકો તેમના સમર્થનમાં બહાર

(અનુસંધાન ૧૧મે પાને)

### સરકાર ન રચાય તો આગામી વર્ષે ફરીથી ચૂંટણી યોજાઈ શકે પ્રમુખની નવેસરથી ચૂંટણી ટાળવા રાજકીય પક્ષોને અપીલ

### મારી અપીલથી લોકોએ નેતન્યાહુને મત આપ્યા, ટ્રમ્પે ઈઝરાયેલી પીએમને મળેલી સરસાઈનું શ્રેય પણ પોતે લીધુ

### ઈઝરાયેલમાં ૨૦૧૯થી ૨૦૨૧ વચ્ચે સંપૂર્ણ બહુમતીના અભાવે પાંચ વખત ચૂંટણી યોજાતા રાજકીય અસ્થિરતા હતી

## અર્નબના ત્રાટકવા પાછળ અલ નીનોનો ઈફેક્ટ


આંધ્ર પ્રદેશ


ઓડિશા


પુડુચેરી


તમિલનાડુ

ઉત્તર હિંદ મહાસાગરમાં વર્ષ ૨૦૨૬ના પ્રથમ ઉષ્ણકટિબંધીય વાવાઝોડા તરીકે ઉભરેલા અર્નબ ચક્રવાતે બુધવારે વહેલી સવારે આંધ્ર પ્રદેશ અને યનમ (પુડુચેરી)ના દરિયાકાંઠે લેન્ડફોલ કર્યું હતું. વેરી સિવિયર કેટેગરીના વાવાઝોડાએ ત્રાટક્યા બાદ અનેક વૃક્ષો અને વીજળીના થાંભલા ઉખડી નાખ્યા હતા. જેના કારણે અનેક વિસ્તારોમાં વીજળી ગુલ થઈ ગઈ છે. લેન્ડફોલ દરમિયાન પવનની ઝડપ ૧૨૫ થી ૧૩૫ કિમી અને ક્યારેક ઝાપટામાં ૧૪૦-૧૫૦ કિમી સુધી પહોંચી હતી. વાવાઝોડાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને અગાઉથી જ આંધ્ર પ્રદેશ અને ઓડિશામાંથી અંદાજે ૧.૮૦ લાખથી વધુ નાગરિકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. આંધ્ર પ્રદેશ અને ઓડિશાના દરિયાકાંઠાના વિસ્તારોમાં ધોધમાર વરસાદ પડ્યો હતો. વિશાખાપટ્ટનમમાં ૨૧૭ મિમી, કલિંગાપટનમમાં ૧૪૭ મિમી, ટૂનીમાં ૧૨૩ મિમી અને કાકીનાડામાં ૧૧૮ મિમી જેટલો ભારે વરસાદ નોંધાયો હતો. હવામાન નિષ્ણાતોના મતે, આ વાવાઝોડાના ઝડપથી તીવ્ર બનવા પાછળ અલ નીનોની મોટી ભૂમિકા રહી છે. સામાન્ય વર્ષોમાં બંગાળની ખાડીના વાવાઝોડાં ઓડિશા અને પશ્ચિમ બંગાળ તરફ વળે છે, પરંતુ અલ નીનોમાં તે વિષુવવૃત્તની વધુ નજીક બનીને સીધા આંધ્ર પ્રદેશ અને તમિલનાડુ તરફ આગળ વધે છે. જુલાઈથી સપ્ટેમ્બર દરમિયાન પેસિફિક મહાસાગરમાં તાપમાન સામાન્ય કરતાં ૨ થી ૨.૮ ડિગ્રી સેલ્સિયસ વધુ નોંધાયું હતું. સમુદ્રનું આ ગરમ પાણી વાવાઝોડા માટે ઈંધણનું કામ કરે છે, જેના કારણે અર્નબ માત્ર ૨૪ કલાકમાં જ લો-પ્રેશરમાંથી અત્યંત શક્તિશાળી વેરી સિવિયર વાવાઝોડામાં પરિવર્તિત થઈ ગયું.

## દવાઓના ભાવઘટાડાનો નિર્ણય ૯ નવેમ્બરથી અમલમાં આવશે

# એનપીપીએ કેન્સરની ૫૪૩ દવાના ભાવમાં ૯૦ ટકા સુધી ઘટાડો કર્યો

(પીટીઆઈ) નવી દિલ્હી,તા.૨૮

ડ્રગ પ્રાઈસ રેગ્યુલેટર એનપીપીએએ બુધવારે ૫૪૩ કેન્સર વિરોધી દવાના મહત્તમ રિટેલ ભાવમાં નોંધપાત્ર ઘટાડો કર્યો છે. આ નવા ભાવ પહેલી નવેમ્બરથી અમલમાં આવશે. સુપ્રીમ કોર્ટે કેન્સરની દવાઓના આંખો ફાડી નાખે તેવા ભાવ જોઈને કેન્દ્રની ઝાટકણી કાઢ્યા બાદ સરકારની સૂચનાના આધારે એનપીપીએએ આ પગલું લીધું છે. તેની સાથે કેન્દ્રએ પણ કેન્સરની દવાઓના માર્જિન ૩૦ ટકા સુધી મર્યાદિત કરવાનો નિર્ણય પણ લીધો છે.

## કેન્દ્ર સરકારે કેન્સરની ૧૩૭ દવાઓના માર્જિન ૩૦ ટકા સુધી મર્યાદિત રાખવાનો મહત્ત્વનો નિર્ણય લીધો

નેશનલ ફાર્માસ્યુટિકલ પ્રાઈસિંગ ઓથોરિટી (એનપીપીએ) સુધારેલી દવાઓની યાદીનું પ્રતિબિંબ ફાર્માસ્યુટિકલ કંપનીઓએ ૨૭ ઓક્ટોબર ૨૦૨૬થી અમલી બનાવવાનું શરુ કરવું પડશે. તેના પછી તેણે કેન્સરવિરોધી દવાઓના ભાવમાં સુધારો કરવો પડશે, એમ રસાયણ અને ખાતર મંત્રાલયના ફાર્માસ્યુટિકલ વિભાગની સત્તાવાર યાદીમાં જણાવાયું હતું. આમ એનપીપીએ કેન્સરની દવાઓના ભાવમાં ૮૦થી ૯૦ ટકા સુધીનો ઘટાડો કર્યો છે.

આ ભાવઘટાડો એનપીપીએ ૧૭ ઓક્ટોબરના રોજ ૧૩૭ કેન્સર વિરોધી દવાઓના ટ્રેડ માર્જિન નક્કી કર્યા પછીનું બીપું પગલું છે.

સત્તાવાર યાદી મુજબ કેટલીક કેન્સર વિરોધી દવાઓના ભાવમાં નોંધપાત્ર ઘટાડો થાય તેમ મનાય છે. આરપીજી લાઈફ સાયન્સ લિમિટેડની ફુલબ્રેકા (પાંચ એમએલ વાયલ)નો ભાવ રૂ.

(અનુસંધાન ૧૧મે પાને)

### એક દિવસ પહેલા વકીલોએ બહિષ્કારની ધમકી આપી હતી

## અલ્લાહાબાદ હાઈકોર્ટનાં જસ્ટિસ ભનોટની કોર્ટ રૂમમાં ખુરશીઓ ઉછળી

(પીટીઆઈ) પ્રયાગરાજ, તા. ૨૮

અલ્લાહાબાદ હાઈકોર્ટ બાર એસોસિએશન દ્વારા એક વકીલની સાથે દુર્વ્યવહાર અંગે જસ્ટિસ અજય ભનોટની કોર્ટનો બહિષ્કાર કરવાની ધમકી આપ્યાનાં એક દિવસ પછી જજનાં કોર્ટ રૂમમાં આજે વકીલોએ મોટા પાયે હોબાળો કર્યો હતો.

### જજે વકીલને ધમકી આપવાનો અને અન્ય વરિષ્ઠ વકીલની મજાક ઉડાવ્યાનો બાર એસોસિએશનનો આરોપ

થોડીક જ વારમાં આ વિરોધ પ્રદર્શને હિંસક સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આરોપ છે કે રોષે ભરાયેલા વકીલોએ દેખાવો દરમિયાન કોર્ટમાં જજનાં આસનની તરફ ખુરશીઓ અને અન્ય

(અનુસંધાન ૧૧મે પાને)

### હાર બાદ બોલ્સોનારોએ બ્રાઝિલ છોડી યુએસમાં આશ્રય લીધો

બ્રાઝિલના વિપક્ષી નેતા ફલેવિયો બોલ્સોનારો ચૂંટણી પરાજય પછી તુર્ત જ બ્રાઝિલ છોડી અહીં (વોશિંગ્ટન) પહોંચી ગયા છે. અમેરિકાનાં વિદેશ મંત્રાલયે તેઓને અને તેઓનાં કુટુમ્બીજનો સર્વેને વિસા પહેલેથી જ આપી દીધા હતા. વાસ્તવમાં બોલ્સોનારો ઉપર ભ્રષ્ટાચાર, મની લોન્ડરિંગ અને કરવેરા ચોરીના આક્ષેપો અંગે તપાસ ચાલી રહી છે.

### મતદારોના નામ હટાવવા મુદ્દે ચૂંટણી પંચને ટકોર

## હયાત મતદારનો મતદાનનો અધિકાર ના છીનવી શકાય : સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી, તા. ૨૮

દિલ્હીમાં મતદારોની યાદીમાંથી રદ કરાયેલા ૪૭ લાખ મતદારોનો સંપર્ક સાધવા સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને કહ્યું છે. સાથે જ કહ્યું છે કે મતદાનનો અધિકાર અત્યંત મહત્વપૂર્ણ છે, કોઈ હયાત નાગરિકની ગેરહાજરીમાં પણ તેનો આ અધિકાર છીનવી ના શકાય. સુપ્રીમે ચૂંટણી પંચને એવો પણ સવાલ

(અનુસંધાન ૧૧મે પાને)

### દિલ્હીમાં યાદીમાંથી રદ કરાયેલા ૪૭ લાખ મતદારોનો સંપર્ક કરો, તેમના પર બધો ભાર ના નાખો

### ખાનગી જિયોસ્ટેશનરી જાસૂસી કંપનીના દાવાના કારણે ખળભળાટ

## રશિયાના જાસૂસી સેટેલાઈટે હુથીઓને સાઉદી અરબ પર હુમલામાં મદદ કરી

દુબઈ,તા.૨૮

સાઉદી અરેબિયાના ઓઈલ એકમો અને લશ્કરી બેઝ પર થયેલા હુમલામાં હવે રશિયાની મદદ હોવાનો આરોપ લાગ્યો છે. આ ઘટસ્ફોટે આંતરરાષ્ટ્રીય રાજકીય અને કૂટનીતિક વર્તુળોમાં ધમાલ મચાવી દીધી છે. રશિયાના સરકારી અને લશ્કરી જાસૂસી ઉપગ્રહોએ ઈરાન સમર્થિત હુથીઓ અને ક્ષેત્રમાં સક્રિય અન્ય આતંકી સંગઠનોને સાઉદી અરેબિયાના મહત્ત્વના સ્થળો પર જાણકારી પૂરી પાડવામાં મદદ કરી.

### હુથીઓએ પાઈપલાઈન, સંરક્ષણ મંત્રાલય, ઓઈલ ડેપો, લક્ઝરી બેઝ પર ચોકસાઈપૂર્વક કરેલા હુમલાથી સાઉદી સ્તબ્ધ

એક ખાનગી જિયોસ્ટેશનરી જાસૂસી કંપનીએ વિશ્લેષણમાં દાવો કર્યો છે કે સાઉદી અરેબિયા પર થયેલા ૪૦ મિસાઈલ અને ડ્રોન હુમલા પહેલા અને પછી સંલગ્ન વિસ્તારો પર સેટેલાઈટની એક્ટિવિટી દેખાઈ હતી. ગયા મહિને ઈરાન સમર્થિત હુથી મિલિશિયાએ ચોકસાઈપૂર્વકનો હુમલો કર્યો. તેમા સાઉદી અરેબિયાની મહત્ત્વની ઓઈલ પાઈપલાઈનના પમ્પિંગ સ્ટેશનને નિશાન બનાવવામાં આવ્યું. તેના કેટલાક દિવસો પછી સાઉદી અરેબિયાના એક લશ્કરી એરબેઝ પર વધુ એક હુમલો થયો. તેમા હેન્ગરની અંદર ઉભેલું ઈટાલિયન લડાકુ વિમાન ક્ષતિગ્રસ્ત થઈ ગયું.

આ હુમલા એકદમ ચોકસાઈપૂર્વકના હતા અને સફળ પણ રહ્યા. આ હુમલાની

(અનુસંધાન ૧૧મે પાને)

### વિધાન પરિષદની ચૂંટણીમાં કોંગ્રેસ શૂન્યમાં ગરકાવ !

## ચાર રાજ્યોમાં એમએલસીની ૨૮ બેઠકોમાંથી ૧૬ પર ભાજપની જીત

નવી દિલ્હી, તા. ૨૮

ઉત્તર પ્રદેશ, કર્ણાટક, બિહાર અને મહારાષ્ટ્રમાં વિધાન પરિષદ એમએલસીની કુલ ૨૮ બેઠકો પર ચૂંટણી યોજાઈ હતી. જેના પરિણામો જાહેર કરવામાં આવ્યા છે. જે મુજબ કર્ણાટકમાં કોંગ્રેસને ભારે નુકસાન થયું છે, જ્યારે ઉત્તર પ્રદેશમાં ભાજપ છ અને સમાજવાદી પાર્ટી પાંચ બેઠકો પર જીત મેળવવામાં સફળ રહી છે. કુલ ૨૮માંથી ૧૬ બેઠકો પર ભાજપે ટેકો જાહેર કરેલા ઉમેદવારની જીત થઈ હતી.

### ભાજપને ઉ. પ્રદેશમાં ૧૧માંથી છ, કોંગ્રેસ શાસિત કર્ણાટકમાં તમામ ચાર, બિહારમાં ચાર બેઠકો પર જીત

ઉત્તર પ્રદેશની ૧૧, બિહારની ૮, મહારાષ્ટ્રની ૫ જ્યારે કર્ણાટકની ૪ એમએલસી બેઠકો પર મતદાન થયું હતું. જેની મતગણતરી મંગળવારે શરૂ કરવામાં આવી હતી. કોંગ્રેસ શાસિત કર્ણાટકમાં જ કોંગ્રેસને મોટો ફટકો પડ્યો છે અને એક પણ બેઠક પર જીત નથી થઈ. જ્યારે ભાજપ શાસિત ઉત્તર પ્રદેશમાં અખિલેશ યાદવની સમાજવાદી પાર્ટીએ પગપેસારો કરી લીધો છે. ઉત્તર પ્રદેશમાં ૧૧ બેઠકોમાંથી ભાજપને ૬, સમાજવાદી પાર્ટીને પાંચ બેઠકો મળી છે જ્યારે મેળવી શક્યું. તેવી જ રીતે મહારાષ્ટ્રમાં પાંચ બેઠકો પર ચૂંટણી થઈ હતી જેમાંથી કોંગ્રેસને એક પણ બેઠક નથી મળી. કર્ણાટકમાં ચારમાંથી ચાર બેઠક ભાજપ જીતી ગયું છે જ્યારે કોંગ્રેસ પોતાની સરકાર હોવા છતા એક પણ બેઠક નથી ભાજપે બે, એનસીપી (શરદ પવાર)એ બે, શિવસેનાએ એક બેઠક મેળવી છે. બિહારમાં આઠ બેઠકો પર મતદાન થયું

(અનુસંધાન ૧૧મે પાને)

### યુપીમાં સપાનો પગપેસારો વધ્યો, પીએમ મોદીના મત વિસ્તાર વારાણસીની બન્ને બેઠકો સહિત કુલ પાંચ પર જીત

### હાઈ સ્પીડ ટ્રેન ટ્રેક પર ઉભેલી બીજી ટ્રેન સાથે અથડાઈ

## સ્પેનમાં હાઈ સ્પીડ ટ્રેન અકસ્માતમાં ૬૮નાં મોત, ૮૦ લોકો ઘાયલ









(પીટીઆઈ) ઉર્ડા (સ્પેન), તા. ૨૮

મધ્ય સ્પેનમાં બુધવારે એક હાઈ સ્પીડ ટ્રેન ટ્રેક પર રોકાયેલી બીજી ટ્રેનનાં પાછળનાં ભાગ સાથે ટકરાઈ ગઈ હતી. આ ટક્કરને કારણે ટ્રેનનાં બે ડબ્બા પાટા પરથી ઉતરી ગયા હતાં અને ઓછામાં ઓછા ૬૮ લોકોનાં મોત થયા છે તેમ સત્તાવાળાઓએ એક નિવેદનમાં જણાવ્યું છે.

બુધવારે સ્પેનના દક્ષિણ ભાગમાં આવેલા એન્ડાલુસિયા વિસ્તારમાં બે ટ્રેનો અથડાતા ૮૦ લોકો ઘાયલ થયા છે તેમ એક અધિકારી એડીફે પત્રકારોને અહીં જણાવ્યું હતું.

છેલ્લા કેટલાક દાયકાઓમાં સ્પેને હાઈ સ્પીડ રેલવેમાં મોટા પાયે રોકાણ કર્યુ છે. સ્પેને છેલ્લા ત્રણ દાયકાથી વધુ સમયગાળામાં પોતાના ૪.૯ કરોડ નાગરિકો માટે ૩૯૦૦ કિલોમીટર

(અનુસંધાન ૧૧મે પાને)

### બે ડબ્બા પાટા પરથી ઉતરી ગયા હતાં : અકસ્માતને પગલે મેડ્રિડ અને એન્ડાલુસિયામાં ટ્રેન વ્યવહાર બંધ કરાયો

### સગીર વયના શંકાસ્પદ આતંકીએ ચાકુથી હુમલો કર્યો

## સર્બિયામાં ઈઝરાયેલની એમ્બેસી બહાર અલ્લાહુ અકબર કહી ગાર્ડ પર હુમલો

બેલગ્રેડ, તા. ૨૮

સર્બિયાની રાજધાની બેલગ્રેડમાં ઈઝરાયેલની એમ્બસી બહાર એક સુરક્ષાકર્મી પર ચાકુથી હુમલો કરવામાં આવ્યો હતો. જેમાં સુરક્ષાકર્મીને સામાન્ય ઈજા પહોંચી હતી, બાદમાં તેણે પોતાની પાસે રહેલી બંદુકથી હુમલાખોર પર ગોળીબાર કર્યો હતો જેમાં તેનું મોત નિપજ્યું હતું. હુમલાખોર સગીર વયનો હોવાના અહેવાલો છે. જ્યારે સર્બિયન મંત્રી ઈવિકા ડેસિકે કહ્યું હતું કે આતંકી હુમલો હતો કે કેમ તેની તપાસ થઈ રહી છે.

### હુમલાખોર ઈસ્લામિક સ્ટેટ સમર્થક, ઈન્સ્ટાગ્રામ પર આતંકીઓનો ઝંડો રાખતો, સ્વરક્ષણમાં ગોળીબારમાં ઠાર

સર્બિયન મંત્રીના જણાવ્યા મુજબ હુમલાખોર સગીર વયનો હતો અને તેની પાસે બે ચાકુ હતા, જેના દ્વારા તેણે ગાર્ડ પર હુમલો કરી દીધો હતો. એક રિપોર્ટ મુજબ હુમલાખોરે અલ્લાહુ અકબરના નારા લગાવ્યા હતા. મંત્રીના જણાવ્યા મુજબ સ્વસુરક્ષા માટે ગાર્ડ દ્વારા ગોળીબાર કરવામાં આવ્યો હતો જેમાં હુમલાખોર

(અનુસંધાન ૧૧મે પાને)

### બેધડક -મંજુલ




હા, હું તો વકીલ છું એટલે કાયદો હાથમાં લઈ શકું !

### દિલ્હીની વાત

**રાહુલ ગાંધીનો આક્ષેપ, ટાટા ગ્રુપને બરબાદ કરવામાં આવી રહ્યું છે**

નવીદિલ્હી, તા. ૨૮

કોંગ્રેસ સાસદ અને લોકસભામાં વિરોધપક્ષના નેતા રાહુલ ગાંધીએ ટાટા ગ્રુપ માટે એક મોટુ નિવેદન આપ્યું છે. એમનો આરોપ છે કે, ટાટા ગ્રુપને વ્યવસ્થિત રીતે બરબાદ કરવામાં આવી રહ્યું છે. દેશના કોઈપણ ઉદ્યોગપતિઓ આ બાબતે બોલવાની હિંમત કરતા નથી. આવા ગંભીર ગુનાના ગુનેગારોને સજા મળવી જોઈએ. રાહુલ ગાંધીની આ ટીપ્પણી એવા સમયે આવી છે કે જ્યારે ટાટા ગ્રુપની મુખ્ય હોલ્ડિંગ કંપની ટાટા સન્સના નેતૃત્વ માટે વિવાદ ચાલી રહ્યો છે. આ વિવાદને કારણે ટાટા ટ્રસ્ટના અધિકારીઓ વચ્ચેના મતભેદ બહાર આવ્યા છે. કેસ હવે ટાટા સન્સના

(અનુસંધાન ૧૧મે પાને)



દિવાળીના પ્રકાશના પર્વની ઉજવણી માટે અણદાવાદના સિમાડે આવેલા ગ્રામ્ય વિસ્તારોમાં ફટાકડાની અનેક ફેકટરીઓમાં કારીગરો રાત-દિવસ વિવિધ ફટાકડા બનાવવામાં વ્યસ્ત છે. પ્રકાશ પર્વની ઉજવણી માટે ફટાકડાની માંગને પહોંચી વળવા અનેક કારીગરો અવનવા ક્રેકર્સ બનાવી રહ્યાં છે. (તસ્વીર : સુરેશ મિસ્ત્રી)

### દુકાળ વચ્ચે ખેડૂતો પાયમાલ, સરકાર સ્વપ્રચારમાં મશગૂલ

# 'રાષ્ટ્રીય એકતા દિવસ'ની ઉજવણીનો ખર્ચ ટોચની સહકારી સંસ્થાઓના માથે

અમદાવાદ, બુધવાર

ગુજરાતનો જગતનો તાત આજે કુદરતી આફતો સામે ઝઝૂમી રહ્યો છે ત્યારે સત્તાધારી ભાજપ સરકાર સહકારી સંસ્થાઓના નાણાં રાજકીય પ્રચાર પાછળ વેડફી રહી છે. રાજ્યના ૧૫ જિલ્લાઓના ૪૫થી વધુ તાલુકાઓ દુષ્કાળની ગંભીર અસરોનો સામનો કરી રહ્યા છે, ત્યારે સંવેદનશીલતા બતાવવાને બદલે રાજ્ય સરકાર લાખો કરોડોનો ધુમાડો કરી સ્વપ્રસિદ્ધિના તાયફા કરવામાં વ્યસ્ત છે. રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીનો ખર્ચ ટોચની સહકારી સંસ્થાઓના માથે થોપી દેવાયો છે.

## સરકાર - પક્ષની છબી ચમકાવવા સહકારી સંસ્થાઓને ૩-૩ હજારથી વધુ ગામડામાં ભાષણ-રેલીના ખર્ચની જવાબદારી

ગુજરાતમાં કૃષિ ક્ષેત્રની સ્થિતિ અત્યંત દયનીય બની ચૂકી છે. ૧૫ જિલ્લાઓમાં દુષ્કાળની વરવી વાસ્તવિકતા હોવા છતાં સરકારે માત્ર ૪ જિલ્લાઓને જ અછતગ્રસ્ત જાહેર કરીને બાકીના અસરગ્રસ્ત ખેડૂતોને તેમના નસીબ પર છોડી દીધા છે. આજે ગુજરાતનો ખેડૂત અંદાજે રૂ. ૧ લાખ કરોડના તોતિંગ દેવાના બોજા હેઠળ દબાયેલો છે. તેમાં પણ મોંઘવારી, ઉત્પાદન ખર્ચમાં વધારો, ખાતરમાં થેલીદીઠ રૂ. ૫૦૦નો આકરો ઝીંકાયેલો ભાવવધારો અને ખેતીના ઓજારો પર લાદવામાં આવેલા જીએસટીએ ખેડૂતોની કમર તોડી નાખી છે.

આ આર્થિક કટોકટી વચ્ચે પણ ગુજરાત સરકારે ગામડાથી માંડીને શહેરોમાં રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી કરવા આયોજન કર્યુ છે તેમાં ૧૮ હજાર ગામડાઓમાં ભાષણ કાર્યક્રમ સહિત રેલી,ભોજન સમારોહ કરવા નક્કી કરાયુ છે.વિપક્ષ કોંગ્રેસનો આક્ષેપ છેકે, આ કાર્યક્રમો પાછળ થનાર કરોડો રૂપિયાનો ખર્ચ સરકારી તિજોરીને બદલે પશુપાલકો અને ખેડૂતોની લોહી-પરસેવાની કમાણીથી બનેલી સહકારી

(અનુસંધાન ૪થે પાને)

## ખેડૂતોના આંસુ લૂછવાં સરકાર પાસે પૈસા નથી, પણ ગુણગાન ગાવા માટે સહકારી સંસ્થાઓની તિજોરીઓ ખુલ્લી મુકાઈ

### ભ્રષ્ટાચારના આરોપ સાબિત થતાં કાર્યવાહી

# 'ઓપરેશન ગંગાજળ' : વધુ બે ભ્રષ્ટ ટીડીઓને ઘરભેગાં કરાયાં

અમદાવાદ,સોમવાર

હજુ તો ગઈકાલે જ બે અધિકારીઓને ફરજિયાત નિવૃત કરાયા હતાં ત્યાં આજે વધુ બે ભ્રષ્ટ તાલુકા વિકાસ અધિકારીઓને સરકારે ઘરભેગાં કર્યા છે. ભ્રષ્ટાચારના આરોપ સાબિત થતાં સરકારે રાણપુર અને શિહોરના તાલુકા વિકાસ અધિકારી વિરુધ્ધ કાર્યવાહી કરી હતી.

## રાણપુરના ટીડીઓ એચ.એફ. ભુવાત્રા, શિહોરના ટીડીઓ એમ.બી. રાવને ફરજિયાત નિવૃત કરાયાં

બે ભ્રષ્ટ અધિકારીઓ સામે ગાજ ગરજી છે તેમાં બોટાદ જિલ્લાના રાણપુરના તાલુકા વિકાસ અધિકારી એચ.એફ. ભૂવાતરા અને ભાવનગર જિલ્લાના સિહોરના તાલુકા વિકાસ અધિકારી એમ.પી. રાવનો સમાવેશ થાય છે. આ બંને અધિકારીઓ સામે વહીવટી અનિયમિતતાઓ અને ભ્રષ્ટાચારના ગંભીર આક્ષેપો સાબિત થતાં તેમને તાત્કાલિક અસરથી નિવૃત્ત કરી દેવામાં આવ્યા છે.સિહોર તાલુકા પંચાયતમાં ફરજ બજાવતા ટીડીઓસામે

(અનુસંધાન ૪થે પાને)

### જમ્મુ અને રાજસ્થાનની બે સિસ્ટમની અસર

# ગુજરાતમાં આજથી ત્રણ દિવસ હળવો વરસાદ, તાપમાન બે ડિગ્રી સુધી ઘટ્યું

અમદાવાદ, બુધવાર

બપોરે ગરમી અને રાત્રે ઠંડીની બેવડી ૠતુ વચ્ચે હવે ગુજરાતમાં ગુરુવારથી ત્રણ દિવસ સુધી હળવા વરસાદની આગાહી પણ હવામાન વિભાગે કરી છે. જમ્મુ અને રાજસ્થાન પર સક્રીય થયેલી વાતાવરણની બે સિસ્ટમની અસર તળે ગુજરાતના દક્ષિણ અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં વરસાદ વરસશે.

## અમદાવાદ સહિતના મહાનગરોમાં ઠંડીનો ચમકારો, ૨૪ કલાક પછી ઠંડી વધારે તીવ્ર બનશે

બીજી તરફ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં એક જ દિવસમાં મહત્તમ તાપમાન બે ડિગ્રી સુધી ઘટી જતા વાતાવરણમાં ઠંડી તીવ્ર બની છે.

ગુજરાતના અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ સહિતના શહેરોમાં મહત્તમ તાપમાનમાં ઘટાડો નોંધાયો છે. હવામાન વિભાગની આગાહી અનુસાર આગામી ૨૪ કલાક પછી હજી ૨થી ૩ ડિગ્રી તાપમાનમાં ઘટાડો થશે. એટલે કે ઠંડી વધારે તીવ્ર બનશે. બીજી તરફ હવામાન વિભાગ દ્વારા તા.૨૯થી ૩૧ ઓક્ટોબર દરમિયાન દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ઠંડા પવનો સાથે હળવા

(અનુસંધાન ૪થે પાને)

### ગુજરાતના મુખ્ય શહેરોમાં મહત્તમ તાપમાનમાં ઘટાડો

| શહેર | તા.૨૭ | તા.૨૮ | ઘટાડો |
|---|---|---|---|
| અમદાવાદ | ૩૬.૧ | ૩૪.૯ | ૧.૨ |
| ગાંધીનગર | ૩૬.૫ | ૩૫.૬ | ૦.૯ |
| વડોદરા | ૩૬.૨ | ૩૫.૪ | ૦.૮ |
| સુરત | ૩૭.૫ | ૩૫.૮ | ૧.૭ |
| રાજકોટ | ૩૯.૩ | ૩૭.૩ | ૨.૦ |
| નલિયા | ૩૮.૦ | ૩૭.૮ | ૦.૨ |
| કંડલા | ૩૭.૫ | ૩૫.૨ | ૨.૩ |
| ભાવનગર | ૩૫.૮ | ૩૩.૯ | ૧.૯ |

દુઃખદ અવસાન તથા બેસણાંની જાહેરાત માટે જુઓ પાના નં.૬

ELEMENT®
FURNISHINGS STUDIO
SALE... SALE... SALE...
CURTAINS
SOFA CLOTH
MATTRESS I BED SHEETS
204 - STELLAR, SINDHU BHAVAN ROAD, AHMEDABAD-59

### રખડતા શ્વાન અંગેની સુઓમોટોમાં હાઈકોર્ટ સમક્ષ ખુલાસો

# રાજ્યના ૩૪ માંથી ૧૩ જિલ્લાઓમાં એનિમલ બર્થ કંટ્રોલ સેન્ટર જ નથી

અમદાવાદ,બુધવાર

રખડતા શ્વાનોના મામલે ગુજરાત હાઈકોર્ટે સુપ્રીમકોર્ટના નિર્દેશાનુસાર દાખલ કરેલી સુઓમોટો રિટ અરજીની સુનાવણી દરમ્યાન આજે કોર્ટ સહાયક તરફથી અદાલતને વાકેફ કરાઈ હતી કે, રાજયના ૩૪ જિલ્લાઓમાંથી ૧૩ જિલ્લામાં એનીમલ બર્થ કંટ્રોલ સેન્ટર જ આવેલા નથી. જો કે, સરકાર તરફથી રજૂ કરાયેલા સોગંદનામાંમાં આ મુદ્દે સ્પષ્ટતા કરાઈ હતી કે, સરકાર દ્વારા રાજયમાં નવા ૨૯ એનીમલ બર્થ કંર્ટોલ સેન્ટર બનાવવાનો પ્રસ્તાવ છે, જેમાં જે જિલ્લાઓમાં હાલ આ વ્યવસ્થા નથી ત્યાં અને ૧૨ જેટલા જિલ્લામાં એક કરતાં વધુ એનીમલ બર્થ કંટ્રોલ સેન્ટર હશે. કેસની વધુ સુનાવણી આવતા મહિને મુકરર કરાઈ હતી.

## સરકાર દ્વારા બચાવ કરાયો કે, રાજ્યમાં નવા ૨૯ એનિમલ બર્થ કંટ્રોલ સેન્ટર બનાવાશે : ૬૪૭૮ નોડલ ઓફિસરોની નિમણૂક

આજની સુનાવણી દરમ્યાન કોર્ટ સહાયકે અદાલતનું એ મુદ્દે પણ ધ્યાન દોર્યું કે, આ ક્ષેત્રે કામ કરતી સંસ્થાઓની પાસે રખડતા શ્વાનોને નાથવાનું યોગ્ય મીકેનીઝમ હોવું જોઈએ. સત્તાવાળાઓ માત્ર ઈન્સ્પેક્શન કરે તેટલું પૂરતું નથી. જેથી સરકારપક્ષ તરફથી જણાવાયું હતું કે, રાજ્યમાં ૭૯,૧૫૦ સંસ્થાઓ કે સત્તામંડળ-સ્થળને ઓળખી કઢાયા છે, જ્યાં રખડતા કૂતરાઓ હોય. આવી ૭૭૪૮ અર્બન લોકલ બોડીની સંસ્થાઓ છે. જ્યારે ૭૧,૪૦૨ રાજ્ય વિભાગોની સંસ્થાઓ છે, જેમાં એજ્યુકેશન, સરકારી કચેરીઓ, હોસ્પિટલ, બસ ડેપો વગેરે સંસ્થાઓનો સમાવેશ થાય છે. આવી સંસ્થાઓ, સત્તામંડળો કે, સ્થળો પર ૬,૪૭૮ નોડલ ઓફિસરની નિમણૂક સુપરવિઝન અને સુપ્રીમના નિર્દેશોના અમલ માટે કરવામાં આવી છે.

### રેબિઝ રસીના જથ્થા અંગે પણ હાઈકોર્ટમાં સ્પષ્ટતા

કોર્ટ સહાયકે માંગ કરી હતી કે, રાજ્યમાં રેબિઝ વેક્સિન કેટલી છે ? કેટલી વપરાય છે ? કેટલી જરૂર છે ? તેની માહિતી પણ આપવી જોઈએ. જેથી સરકારપક્ષ તરફથઈ જણાવાયું કે, અમદાવાદ જેવા શહેરમાં કૂતરા પકડવાની મજબૂત સિસ્ટમ કાર્યરત છે. અહીં રસીની પણ ઓછી જરૂર પડે છે. અસારવા અને સોલા સિવિલ હોસ્પિટલમાં ૧૦૦ જેટલા યુનિટ પૂરતા છે. રાજ્યના દરેક હેલ્થ સેન્ટરમાં પણ રસીના ૨થી ૩ યુનિટ હોય જ છે. હડકવાની રસી એસેન્શિયલ ડ્રગ લિસ્ટમાં આવે છે.

### અમદાવાદમાં ૧૧૫૦ સંસ્થાઓ પૈકી ૧૧૪૦ સિક્યોર જાહેર

સત્તાવાળાઓ દ્વારા તાજતેરમાં જ રાજયની વિવિધ સંસ્થાઓમાં કે સ્થળોએથી થી ૭૫૪ વખત રખડતા શ્વાનો દૂર કરવાની કામગીરી કરાઈ છે. ૭૧૩૦ સંસ્થાઓ-સત્તામંડળોમાં એક પણ રખડતા શ્વાન નથી. અમદાવાદ જિલ્લામાં ૧૧૫૦ સંસ્થાઓ આવેલી છે. જેમાં ૨૧૪ આરોગ્ય સંસ્થાઓ, ૭૯૨ એજ્યુકેશન સંસ્થાઓ, ૧૩ સંસ્થાઓ જેમાં બસસ્ટેન્ડ, રેલવે, એરપોર્ટનો સમાવેશ થાય છે. જ્યારે ૧ કોર્ટ, ૪૩ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ, ૮૭ જાહેર જગ્યાઓ આવેલી છે. કુલ ૧૦૫ બનાવોમાં સંસ્થામાંથી શ્વાનોને દૂર કરાયા છે. ૧૧૪૦ સિક્યોર સંસ્થાઓ જાહેર કરાઈ છે, ૧૧૫૦ નોડલ ઓફિસર મુકવામા આવ્યા છે. આ નોડલ ઓફિસર લોકલ શ્વાનના ત્રાસ અંગે ઓથોરિટીને ફરિયાદ કરશે.

### ૩૦ વર્ષ સુધી ટકી રહે તેવા એનિમલ બર્થ કંટ્રોલ સેન્ટર બનાવવાનો પ્રસ્તાવ

રાજય સરકાર તરફથી જણાવાયું હતું કે, સરકાર દ્વારા ૩૦ વર્ષ સુધી ટકી રહે તેવા એનિમલ બર્થ કંટ્રોલ સેન્ટર બનાવવા સરકાર કામ કરી રહી છે. અમુક જિલ્લામાં એનિમલ બર્થ કંટ્રોલ સેન્ટર નથી, પરંતુ ત્યાં નજીકના જિલ્લામાં પ્રાણીઓને સ્ટરિલાઈઝેશન માટે લઈ જવાય છે. જેમ કે ખેડા અને આણંદના પશુઓને વડોદરા ખાતે લઈ જવાય તે રીતે.

પાંચમી વાર્ષિક પૂણ્યતિથિએ
શ્રદ્ધાંજલિ



સ્વ. શાંતિભાઇ રતિલાલ પટેલ
સ્વ. તા. ૨૯-૧૦-૨૦૨૧
જીવન એવું જીવી ગયા કે સૌના હૃદયમાં રહ્યા, કાર્ય એવા કરતા ગયા કે સૌના સ્મરણમાં રહ્યા, પરમકૃપાળુ પરમાત્મા તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...
પ્રવિણાબેન શાંતિભાઇ પટેલ
જીગર શાંતિભાઇ પટેલ
અર્પિતા જીગર પટેલ ● રૂદ્ર જીગર પટેલ
ભાર્ગવ શાંતિભાઇ પટેલ (ઓસ્ટ્રેલિયા)
પ્રાચી ભાર્ગવ પટેલ ● હિયાન ભાર્ગવ પટેલ
ફર્મ : જય ક્રિષ્ના જ્વેલર્સ
સી.જી. રોડ, અમદાવાદ.

URGENTLY REQUIRED ON RENT
20000 Sq. Ft. Ware House
Preferred Areas: Bavla, Bhayla, Aslali, Sanand
Height minimum 27 / 28 Feet
More parking space needed
Contact: 8980046471

